卐 તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિવરાય નમઃ 卐

સ...મા...ધિ...સ્થ...સ્વ...ર્ગ...ત

પૂ. સા. શ્રી અંજનાશ્રીજી સ્મારક

ગ્રંથમાળા નં. ૯ મો

—: શ્રી :—

# રાસમાળા સંગ્રહ

ભાગ ૯ મો

[ શ્રી વિક્રમચરિત્ર ]

૧. શ્રી વેતાલ પચ્ચીશી કથા રાસ

૨. શ્રી સિંહાસન બત્રીશી રાસ

—: સં...પા...દિ...કા :—


પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત-સંયમમૂર્તિ-

પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મ. ના શિષ્યરત્ના

પૂ. વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ



—: પ્રકાશક :—

પૂ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિર

જી. ભાવનગર, વાયા: તળાજા મુ. ઠળીયા ૩૬૪૧૪૫

卐 તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિવરાય નમઃ 卐

સ...મા..ધિ...સ્થ...સ્વ...ર્ગ...ત

પૂ. સા. શ્રી અંજનાશ્રીજી સ્મારક

ગ્રંથમાળા નં. ૯ મો

—: શ્રી :—

# રાસમાળા સંગ્રહ

ભાગ ૯ મો

[ શ્રી વિક્રમચરિત્ર ]

૧. શ્રી વેતાલ પચ્ચીશી કથા રાસ

૨. શ્રી સિંહાસન બત્રીશી રાસ

—: સં...પા...દિ...કા :—

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત-સંયમમૂર્તિ-

પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મ. ના શિષ્યરત્ના

પૂ. વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ

—: પ્રકાશક :—

પૂ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિર

જી. ભાવનગર, વાયા: તળાજા મુ. ઠળીયા ૩૬૪૧૪૫

—પૂ૦—

# સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાલા સંયોજીત

# શ્રી રાસમાલા સંગ્રહના નવ ભાગોના સેટનું

પ્રા...પ્તિ...સ્થા...ન

શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિજી જૈન જ્ઞાનશાળા
વ્યવસ્થાપક:—શા. લહેરચંદ મોતીચંદ
જૈન જ્ઞાનશાળા, ગિરિરાજ સોસાયટી
મુ. પાલીતાણા=૩૬૪૨૭૦

卐

વીર સં. ૨૫૧૭ વિ. સં. ૨૦૪૭

卐 卐 卐 卐 卐 卐

[કિં. રૂા. ૨૦-૦૦] [કોપી-૩૦૦]

મુ...દ્ર...ક
શ્રી પ્રવીણચંદ્ર બી. શેઠ શ્રી વિશાલ પ્રિન્ટરી
ઠે. ટેલીફોન એક્ષચેંજ સામે મુ. સોનગઢ ૩૬૪૨૫૦

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત સંયમ મૂર્તિ-

પૂર્ણ સમાધિસ્થ સ્વર્ગત-સ્થવિર

# પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ



જન્મ :- વિ. સં. ૧૯૬૩ના પો. શુ. ૧૩ (ત્રાપજ)

દીક્ષા :- વિ. સં ૧૯૯૧ના ફા. વ. ૧૩ સોમ (ઢળીયા)

વડીદીક્ષા :- વિ સં ૧૯૯૧ના વૈ શુ. ૬ (પાલીતાણા)

સ્વર્ગવાસ :- વિ. સં. ૨૦૪૧ના અ. શુ. ૫ રવિ (તળાજા)

# દીર્ઘચારિત્રી-શાંતમૂર્ત્તિ-સ્થાવિર પૂ. સુસાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજની જીવન-સુવાસ

ભાવનગર જીલ્લાના **ત્રાપજ** નામના ગામના વારૈયા કુટુંબમાં વિક્રમ સં. ૧૯૬૩ના પોષ શુદિ ૧૩ના શુભદિને ચરિત્રનાયિકાનો જન્મ થયેલ. તેમના પિતાશ્રીનું શુભ નામ **વારૈયા કલ્યાણજી દયાળજીભાઇ** અને માતુશ્રીનું શુભ નામ **હેમીબહેન** હતું. ચરિત્રનાયિકાનું નામ **અનોપમા** ( અનોપ ) રાખવામાં આવેલ. બાલ્યાવસ્થામાં પાંચ ચોપડીનો અભ્યાસ કરેલ. પરંતુ માતા-પિતાના ધર્મસંસ્કારો તો ગળથુથીમાંથી જ સારા મળવા પામેલ હતા. તેમજ શાંત સ્વભાવ-સુશીલતા-કુલીનતા આદિ ગુણે કરીને સાર્થકનામ તેઓ હતા.

ક્રમે યૌવનાવસ્થાને પામેલી પોતાની લાડકવાયી પુત્રીની સગાઇ, ધર્મનિષ્ઠ પિતાએ ધર્મીષ્ઠ કુટુંબ તરીકે પ્રખ્યાત થયેલા એવા **ઠળીયા** નિવાસી **દીપચંદ જેરાજભાઇ**ના સુપુત્ર શા. **હઠીચંદભાઇ**ની સાથે કરી બોલ બોલેલ. આ વાતની મુંબઈ-સ્થિત ધર્મનિષ્ઠ શ્રીયુત હઠીચંદભાઈને ખબર પડતાં ભાવિ સસરાને જણાવી દીધેલ કે-'મારી સંયમ લેવાની ભાવના હોવાથી હું રાજીખુશીથી કહું છું કે-આ સગાઈ ફોક કરશો.'

જેના જવાબમાં ધર્મરંગે રંગાએલા કલ્યાણભાઈ વારૈયાએ પણ જણાવી દીધું કે-' દીકરી એકવાર દેવાય. અને મારી દીકરી

અનુપમાના બોલ તમારી સાથે બોલાઈ ગયા છે તે ફોક નહિ થાય! માટે એકવાર દીકરીનો હાથ ઝાલી લ્યો પછી તમારે જ્યારે ચારિત્ર લેવું હોય ત્યારે ખુશીથી લેશો.'

આમ પરિસ્થિતિ ઉભી થતાં સં. ૧૯૭૮માં તેઓના લગ્ન થયાં. અને સં. ૧૯૮૪ સુધીના ગૃહવાસમાં પરમાનંદ તથા મનસુખ નામે બે પુત્ર અને વિમલા નામે એક પુત્રીની પ્રાપ્તિ થયેલ. તેમાં નાના ચાલાક પુત્રનું અચાનક અવસાન થતાં હઠીચંદભાઇનો વૈરાગ્ય વધુ તીવ્ર બન્યો અને તેથી સહધર્મચારિણીનું સ્નેહબંધન ઢીલું પાડવા માટે હંમેશાં સંસારની અસારતા તથા ત્યાગ-વૈરાગ્યની વાતો સમજાવવા લાગ્યા! પરિણામે છ વરસના ટુંકા લગ્નજીવનમાં દંપતિએ ચતુર્થવ્રત પણ ઉચ્ચારી લીધેલ. તેમજ સગા-સંબંધીઓનાં પણ પ્રેમબંધનને ઢીલું પાડવા અને ભવિષ્યમાં ચારિત્રમાર્ગમાં પોતાના આત્માની વધુ સ્થિરતા થાય તે માટે બધી ઇન્દ્રિયોમાં બળવાન એવી રસનેન્દ્રિય ઉપર કાબુ મેળવવા 'છ' એ વિગયોનો પોતે ત્યાગ કર્યો!

પોતાના સ્વામીને રંગ-રાગ અને મોજ શોખને બદલે ત્યાગ વૈરાગ્યમાં ઝુલતા જોઈને અનુપમાએ પણ ઉગતી યૌવનાવસ્થામાંય પોતાની વાસનાઓ અને મોજશોખ ઉપર નિયંત્રણ મૂકી દીધું! એટલું જ નહિ; પરંતુ પોતાનાં બાલ બચ્ચાંઓ સાથે પોતે પણ વૈરાગ્યભાવમાં આવી ગયા! તે એટલે સુધી કે— પોતાના સ્વામી, સં. ૧૯૮૭ના કારતક વદી ત્રીજના શુભ દિને મુંબઈમાં દીક્ષા ગ્રહણ કરવા ઘરેથી પ્રયાણ કરે છે ત્યારે આ આદર્શનારી અનુપમાએ વ્હાલસોઈ દીકરી વિમળાના હાથે સ્વામીના ભાલે કુમકુમનું તિલક કરાવીને પોતાના જ હાથથી રૂા. ૧૦૧ અને શ્રીફળ સ્વામીના હાથમાં મૂકી સંયમમાર્ગની અનુમતિ આપી!!

ત્યારબાદ કુમળી વયની એટલે ૧૧ વર્ષની પુત્રી વિમલા અને ૮ વર્ષની વયના પુત્ર પરમાણંદની સાથે સં. ૧૯૯૧ના ફાગણ વદ ૧૧ને સોમવારના રોજ પોતાના સાસરીયા 'ઠળીયા'

ગામમાં પોતાના જ ભૂતપૂર્વ સ્વામીના હાથે પ્રવજ્યા અંગીકાર કરીને **સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી**, સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી તથા મુનિશ્રી નરેન્દ્રસાગરજી નામે જગવિખ્યાત બન્યા.

ચારિત્ર સ્વીકાર્યા બાદ તેઓએ જેમ બને તેમ વધુ આત્મનિર્મળતા થાય તેમ શકત્યનુસાર તપ-ત્યાગ—સ્વાધ્યાય—સાધ્વાચારોનું દત્તચિત્તે પાલન તથા વિષય—કષાયથી અલિપ્ત રહેવાનું રાખેલ. તેમના પરિચયમાં આવેલા કોઇ પણને પૂછો તો એક જ અવાજ સાંભળવા મળશે કે-'જયારે જાઓ અને જુઓ ત્યારે સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી મહારાજ પ્રસન્નચિત્ત અને પોતાની આત્મસાધનામાં જ મગ્ન હોય છે!'

આવા સંયમીજીવનમાં માસખમણ, ૧૬–૧૫–૧૧–૮ ઉપવાસની તપસ્યા, વીશસ્થાનકની આરાધના, નવપદજીની ઓળી, ૫૨ અજવાળા, પર્વતિથિ આરાધના, રત્નપાવડીના છઠ્ઠ-અટ્ઠમ આદિ વિવિધ તપશ્ચર્યાઓ કરેલ. છેલ્લા ચાર–પાંચ વર્ષથી પગનાં બબ્બે વખતનાં ફ્રેકચરનાં કારણે સંથારાવશ હોવા છતાંય જયારે જુઓ ત્યારે પ્રસન્ન મુખમુદ્રા! તેઓશ્રીને શાતા પૂછવા આવનારા પૂ. આચાર્યવર્યો, સાધુઓ કે સાધ્વીજીઓને પણ છેવટની ઘડી સુધી ભયંકર વેદનાવાળું કેન્સર હોવા છતાં કેન્સર રોગની જાણ પણ થવા પામી ન હતી! આવી તેમની સહનશક્તિ અને સમતા ભાવ હતો!!!

આવા પુણ્યશાળી તે ચરિત્રનાયિકા સાધ્વીજીને છેલ્લાં ૧ાા માસમાં તો તે કેન્સરના રોગે જોર પકડયું! ક્ષણ પણ બેસી ન શકાય તેવી સ્થિતિ હોવા છતાંય તલાજા શ્રીસંઘની વિનંતિથી પોતાના વિશાળ સાધ્વીસમુદાયને લઈને સં. ૨૦૪૧ના જેઠ વદિ ૧૦ના રોજ પૂ. ગુરૂદેવો સાથે વાજતે ગાજતે ચાતુર્માસ માટેના પ્રવેશમાં લગભગ કલાક ડોળીમાં બેસીને શહેરમાં ફર્યા! પ્રવેશ બાદ ડોકટરોની સતત ટ્રીટમેન્ટ ચાલુ હોવા છતાંય દર્દ જરાપણ શાંત ન થતા પ્રતિદિન ગંભીર રૂપ પકડતું ગયું. તેની અસહ્ય

વેદનામાંય તલાજા શ્રીસંઘે તેઓશ્રીની ગજબની સહનશીલતા અને સમતાભાવ નજરે નીહાળેલ છે.

જીવનયાત્રાના અંતિમ દિવસે એટલે કે–અષાડ શુદિ પાંચમ રવિવારે સવારે ૧૦ા વાગે તો પોતાની લાડકવાયી પુત્રી–સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજીનો હાથ પકડીને '**વિદ્યા! હવે હું જાઉં છું, તને અને સાધ્વીઓને મારો મિચ્છામિદુક્કડં**' એમ સ્પષ્ટ જણાવેલ અને ત્યારબાદ ચરિત્રનાયિકા પૂ. બા મહારાજના ભત્રીજા અને પુત્રમુનિ આવતાં બંનેને ઓળખીને પુત્રમુનિને કહે છે કે–'મને ધારણા પચ્ચકખાણ કરાવ.' આથી સમય પીછાણીને પુત્રે સંથારો–દવા અને પ્રવાહી સિવાયના સર્વના પચ્ચકખાણ કરાવી આરાધના ચાલુ કરાવી હતી.

આરાધના, પ્રસન્નચિત્તે સાંભળતા હતા અને ખમાવવાના સ્થાનોને શારીરિકશક્તિ ન હોવા છતાંય આત્મબળે હાથ ભેગા કરી માથે અડાડવા પૂર્વક 'મિચ્છામિદુક્કડં' દઇ ખમાવતા! તેમજ પાપસ્થાનકોને, આલોચના સ્થાનકોને વોસરાવતા–આલોચતા જતા હતા! આ અવસરે આરાધના કારક શિષ્યાઓનું ગળું, સ્નેહ તથા પ્રેમવશે રૂંધાતું તો તુરત જ અંતિમ અવસ્થાની ઘડીઓ ગણાઈ રહી હોવા છતાંય સજાગ એવા તેઓશ્રી, મક્કમ થઇને '**કેમ બોલતાં અટકી ગયા? ચાલુ રાખો**' એમ પ્રેરણા આપી આપીને ૨ા કલાકની સતત આરાધનામાં ચતુર્વિધ શ્રીસંઘે આપેલા વ્રત–તપ–જપ–ત્યાગ–યાત્રા–સ્વાધ્યાયાદિની અનુમોદના કરતાં કરતાં અપૂર્વ સમાધિમયદશામાં દીર્ઘ ચારિત્રપર્યાય પાળીને સ્થવિર અને "**પૂજ્ય બા મહારાજ**"ના લાડીલા નામે પ્રખ્યાતિ પામેલા સુસાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મ.શ્રીનો નિર્મળ આત્મા, બપોરે ૧–૫૫ મીનીટે નશ્વરદેહનો ત્યાગ કરી સ્વર્ગે સીધાવ્યો.

દશ જ દિવસની સ્થિરતાકાળમાં તલાજા શ્રીસંઘે તથા તીર્થકમીટીએ ખડે પગે સેવાનો લાભ ઉઠાવ્યો. એટલું જ નહિ પણ એક મહાન આચાર્ય મ.ની પાલખી નીકળતી હોય તે રીતે ભવ્ય

પાલખી સાથેની સ્મશાનયાત્રામાં ૧૫૦૦ થી ૧૭૦૦ ભાઈબહેનો ઠેઠ સુધી જોડાયેલ. ચરિત્રનાયિકા પૂ. ગુરૂણીજીના સ્વર્ગવાસના સમાચાર મળતાં ભાવનગર, પાલીતાણા, ઠળીયા, ત્રાપજ, તણસા, દેવળીયા, સોનગઢ, દાઠા, મહુવા, પીપરલા, પાવઠી, કામરોળ આદિ ગામોનાં ભાઈ બહેનો પણ સ્મશાન યાત્રામાં જોડાવા પામેલ.

૫૦ વર્ષના દીર્ઘ સંયમપર્યાયવાળા પ્રાતઃ સ્મરણીયા એવા પૂ. બા મહારાજના સ્વર્ગવાસ પછી તલાજા સંઘે પદ્માવતીપૂજન તથા શાંતિસ્નાત્ર સહિતનો અઠાઈ મહોત્સવ કરેલ અને તે અવસરે છૂટામને થયેલ જીવદયાની ટીપમાંથી પૂ. બા મહારાજની કાયમી સ્વર્ગતિથિ નિમિત્તે રૂા. ૧૦૦૧ છાપરીઆળી, ૫૦૧ સમઢીયાળા, ૫૦૧ પાલીતાણા પાંજરાપોળમાં અને ૧૦૦૧ તલાજા સંઘમાં તેમજ રૂા. ૧૦૦૧ પૂ. આ. દેવશ્રી હંસસાગર સૂરીશ્વરજીમ.ની સ્વર્ગારોહણતિથિની કાયમી તિથિ તરીકે છાપરીઆળી પાંજરાપોળમાં ભરાવેલ. તેવીજ રીતે જોરાવરનગરના શ્રીસંઘે પણ લખતર પાંજરાપોળમાં પૂ. બા મહારાજની કાયમી તિથિ નોંધાવીને બા મહારાજ પ્રતિના અંતરંગ ભક્તિભાવનાનું ચિત્ર ખડું કરેલ.

આવા દીર્ઘસંયમી-શાંતમૂર્તિ–ચારિત્રપરાયણા-પ્રાતઃસ્મરણીયા પૂ. ગુરૂણીજીમ.નું નામ અમર રાખવાના ઉદ્દેશથી 'પૂ. સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા' ચાલુ કરીને તેના મણકારૂપે પૂર્વમહર્ષીઓનાં રચેલા અને હાલ અપ્રાપ્ય બનેલા એવા મુદ્રિત તેમજ અમુદ્રિત પ્રાચીન રાસાઓનું પ્રકાશન કરવાનું અમારા ઉપદેશથી સંસ્થાએ નિર્ધારેલ છે જે અનુમોદનીય છે. આવા અમારા ભવોદધિતારક અને સંયમરક્ષા માટે અજોડ ધગશ ધરાવનારા પૂ. ગુરુણીજીશ્રી અંજનાશ્રીજી મહારાજશ્રીને અમારા કોટિ કોટિ વંદના.

લી. આપના વિરહથી તરફડતી
આપની બાલ શિષ્યાઓ.

શ્રીરાસમાલા સંગ્રહ : ભાગ ૯ મો

# સહાયકોની શુભ નામાવલી

સ્વ. સ્થવિર પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મ. ના શિષ્યા પૂ. વિદુષી-સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ. ના સદુપદેશથી

| રકમ | સહાયક | ગામ |
|---|---|---|
| રૂા. ૨૫૦૦ | શ્રી પરમ આનંદ જૈન શ્વે. મૂ. પૂ. સંઘના આરાધના ભુવનની બ્હેનો [ વીતરાગ સોસાયટી ] તરફથી | અમદાવાદ |
| રૂા. ૨૦૦૧ | શ્રી અંજનાશ્રીજી આરાધના ભુવનની આરાધક બ્હેનો [ ગિરિરાજ સોસાયટી ] તરફથી | પાલીતાણા |
| રૂા. ૧૦૦૧ | શ્રી તાલધ્વજ જૈન તીર્થ કમિટી તરફથી | તળાજા |
| રૂા. ૧૦૦૧ | શ્રી જૈન સંઘના શ્રાવિકા બ્હેનો તરફથી | જોરાવરનગર |
| રૂા. ૭૩૧ | શ્રી શ્રાવિકા સંઘના જ્ઞાન ખાતેથી | ઢળીયા |
| રૂા. ૫૦૧ | પૂ. પં. શ્રી અશોકસાગરજી મ.ના ઉપદેશથી શેઠશ્રી ભીમરાજજી જસરાજજી વીશાવાળા | સાબરમતી |
| રૂા. ૫૦૧ | પૂ. સાધ્વીજી શ્રી વરધર્માશ્રીજી મ. ના ઉપદેશથી શ્રાવિકાબ્હેનો તરફથી | ભાવનગર |

# રાસ અને રાસકાર અંગે બે બોલ

જે રાજવીએ પોતાના પુણ્યબળે આગીઆવીર વેતાલને વશ કરી દાસ બનાવ્યો! સાત-સાતવાર પૃથ્વીને ઋણમુક્ત કરી! પૂજ્ય આચાર્યશ્રી સિદ્ધસેનદિવાકરથી જૈન ધર્મ પામીને સાતેય ક્ષેત્રોને ઉદ્ધર્યા! શત્રુંજયગિરિરાજનો સંઘ કાઢીને તીર્થોદ્ધાર પણ કર્યો! ૭૦૦ સત્રાગારો બંધાવ્યા! અને જે પુણ્યવંતને ત્રણ સુવર્ણપુરુષની અનાયાસે પ્રાપ્તિ થઇ! તે ૯૨ લાખ માળવાના ધણી અને સંવત્સર પ્રવર્ત્તક એવા પરાક્રમી-દાની-સાહસી-ઉદાર તથા બત્રીશલક્ષણા વિક્રમ મહારાજના નામથી ભારતમાં કોઈ અપરિચિત નથી જ.

આવા પરોપકાર પ્રવીણ વિક્રમરાજને હણી સુવર્ણપુરુષ બનાવવાની બદદાનતવાળા દુષ્ટ યોગીએ પ્રતિદિન કિંમતી ફૂલભેટણાંથી આવર્જીને કાલી ચૌદશના દિવસે ઉજ્જયિનીના ગંધર્વસ્મશાનમાં વિક્રમરાજાને લઈ જઈને વડની ડાળે બાંધેલ મૃતકને લાવવા રાજાને આજ્ઞા કરી! મૃતકમાં વીરવેતાલે પ્રવેશ કરીને રાજાને જે ૨૫ કથાઓ કહીને ચેતવેલ. આ પચ્ચીશ કથાઓ તે વેતાલપચ્ચીશી, મડાપચ્ચીશી આદિ નામે પ્રસિદ્ધ છે.

આ વેતાલપચ્ચીશી અંગે સં. ૧૫૯૩ માં જ્ઞાનચંદ્રસૂરિજીએ, સં. ૧૬૧૯ માં દેવશીલજીએ, ૧૬૪૧ માં હેમાણંદજીએ એમ પૂર્વના મહર્ષીઓએ જુદી જુદી કૃતિઓ રચી છે. તેવીજ રીતે તપગચ્છ નાયક સોમવિમલસૂરિ શિષ્ય શ્રી ઉદયચરણપ્રમોદ-કુશલ-

પ્રમોદ વિવેકપ્રમોદના શિષ્ય પં. શ્રી સિંહપ્રમોદે સં. ૧૬૦૨ માં આ **વૈતાલપચ્ચીશી રાસની** રચના કરી હતી.


આ રચનાની પ્રત પૂ. શાસનકંટકોદ્ધારક ગુરુદેવ **શ્રી** હંસ-સાગરસૂરિજી મ૦ના હસ્તલિખિત ભંડારમાંથી **લભ્ય થતાં** તે પ્રત ઉપરથી આ રાસ મુદ્રિત કરવામાં આવેલ છે. ૫૨૮ નંબરની તે પ્રતના ૨૫ મા પાને છેલ્લે આ પ્રમાણે પુષ્પિકા લખેલ છે. **"इति श्री विक्रमचरित्र वेतालपंचविंश कथा संपूर्णा। लिखिता पं. सिंहप्रमोदगणिशिष्यविशालप्रमोदमुनिभिर्लिषिता ॥ यादृशं पुस्तके दृष्टं, तादृशं लिख्यते मया। यदि शुद्धमशुद्धं वा. मम दोषो न दीयते ॥१॥ संवत् १६१८ तरावर्षे कार्त्तिक शुदि ६ बुधवारे मांधाताग्रामे। श्री अजितनाथ तष्टतीः स्यंति (?) ॥ श्रीरस्तु। छ। छ। छ॥"**

શ્રીયુત્ મોહનલાલ દીપચંદ દેશાઈએ છપાવેલ **'જૈનગૂર્જર-કવિઓ'** ભા. ૧ ના પૃ. ૨૨૨ ઉપર આદિ અને અંતભાગના જુદાજ દૂહા અને ઢાળો આપેલ છે તેમાં સં. ૧૬૧૯ ના બીજા શ્રાવણ વદિ ૯ રવિવારની રચના જણાવી છે! તેથી, **વૈતાલ-**પચ્ચીશીરાસ'ની ફરીવાર રચના પણ રાસકારે કરી હોય તેમ અનુમાન થાય છે.

**'સિંહાસન બત્રીશી'**નો બીજો રાસ જે છે તે—વિક્રમરાજાના પુણ્ય પ્રભાવથી આકર્ષાયેલા ઈન્દ્રે બત્રીશ પુતલીઓથી સુશોભિત અને દેવતાધિષ્ઠિત એવું સ્ફટિકરત્નનું સિંહાસન વિક્રમરાજાને મોકલેલ. વિક્રમના પંચત્વ બાદ કોઈપણ તે સિંહાસન ઉપર બેસવા પામતું ન હોઈ મહામાત્ય ભટ્ટમાત્રે તેને પૃથ્વીમાં ભંડારી દીધેલ. આ સિંહાસનને ભોજરાજા જમીનમાંથી કાઢી પોતાની નગરીએ લાવે છે અને યોગ્ય મુહૂર્તે બેસવા જાય છે ત્યારે એકેક પુતલી ભોજરાજાને—વિક્રમ મહારાજના દાન-શૌર્ય-સત્વાદિની વાર્ત્તા જણાવી દરવખતે અટકાવે છે.

આ બત્રીશ પુતળીની વાર્ત્તાઓને–સોરઠીયા જ્ઞાનચંદ્રસૂરિજીએ સં. ૧૫૯૯ માં, પૂનમીયા મલયચંદ્રજીએ સં. ૧૫૧૯ માં, બિવંદણીકગચ્છીય શ્રી સિદ્ધિસૂરિએ ૧૧૧૬ માં, ખરતરગચ્છીય હીર કલશે ૧૬૨૪ માં અને વિનયલાભે સં. ૧૭૪૮ માં રાસાઓ બનાવી અમર કરી છે.

તેવીજ રીતે લોંકાગચ્છનો ત્યાગ કરવા પૂર્વક ઋષિ મેઘજી આદિ ૨૮ સાધુઓએ તપાગચ્છાધિપતિ આ. શ્રી વિજયહીર-સૂરિજી મ. શ્રીએ દીક્ષા આપી ઋષિ મેઘજીનું નામ ઉદ્યોતવિજયજી સ્થાપેલ. આ ઉદ્યોતવિજયજીના ગુણવિજય અને તેમના શિષ્યશ્રી સિંહવિજયજીએ સં. ૧૭૭૮ માં આ સિંહાસન બત્રીશી રાસની રચના કરી. તેઓશ્રીએ બીજા પણ અનેક રાસોની રચના કરી હતી. આ રાસની પ્રતિ સુરેન્દ્રનગર સંઘના હસ્તલિખિત જ્ઞાન ભંડારની પોથી નં. ૨૬ પ્રત નં. ૬૮૭ પાના ૬૦ વાળી પ્રત ઉપરથી કોપી કરી છપાવી છે તે બદ્દલ સુરેન્દ્રનગર સંઘનો આભાર માનવામાં આવે છે.



—: શ્રી સિંહપ્રમોદગણિ કૃત :—

# વેતાલ પચ્ચીશી કથા રાસ

॥ દોહા ॥

આદિપુરુષ આદિ નમું, આદીશ્વર અરિહંત;
ગુરૂ ગોયમ ગણધર નિત, આરાધું ભગવંત. ॥૧॥

હૃદય કમલે અહનિશ વસે, બ્રહ્મસુતા સરસતી;
સુકવિ મનોરથ પૂરઈ, આપે નિરમલ મતિ. ॥૨॥

સદ્‌ગુરુ પાય પસાઉલે, શાસ્ત્રતણે પરમાણ;
કૌતિક કારણું સાંભલું, વિક્રમચરિત્ર સુજાણ. ॥૩॥

ચર વિગતિંઈ વેતાલની, કથા સુણું પચવીસ;
અધિકું ઓછું જે કહું, કોઈ મ આણો રીસ. ॥૪॥

કુંણ તે કયા ને કિંહા હુઈ? સુણજ્યો તે સવિ વાત;
અવનીતલે અતિ દીપતો, માલવદેશ વિખ્યાત. ॥૫॥

નિરૂપમ નગરી છે ભલી, ઉજ્જેણી અભિરામ;
નિરમલ ક્ષિપ્રા નદી વહે, અમરતણાં તિહાં ઠામ. ॥૬॥

સાહસીક રાજા વિક્રમહ, રાજ્ય કરે અનિવાર;
પુણ્યપ્રસાદે ભોગવે, મનવંછિત સુખ સાર. ॥૭॥

સાહસીઆં લચ્છી હવે, નહુ કાયર પુરૂષાંહ;
કાનહીં કુંડલ રણઝણે, કજ્જલ હુએ નયણાંહ. ॥૮॥
સાહસીઆ વ્યવસાયીઆ, ધીરા એકમનાહ;
દૈવ પડઉ છઈ ચિંતડી, અરલ ફલે સિતાહ. ॥૯॥
વીર વિચક્ષણ આગીઆ, સારે અહનિશ સેવ;
સાહસ પરમાણઈ, વલી કીધા કિંકર દેવ. ॥૧૦॥
એક દિવસે ભૂપતિ સભા, પૂરી બેઠો રાય;
બીજોરૂં ભેટિં કરી, યોગી અહનિશ જાય. ॥૧૧॥
વરસ દિવસ નિતુ ફલ સહિત, સેવિઓ વિક્રમ ભૂપ;
તે ફલની ગતિ જે હુઈ, સુણજ્યો તેહ સ્વરૂપ. ॥૧૨॥
ક્રીડાવાનરે એક દિન, ફલ કીધો આહાર;
રતન અમૂલિક માંહિથી, નીકલીયું તેણીવાર. ॥૧૩॥
ત્રણસ્યેં સાઠિ બીજોરડાં, આણ્યાં તિહાં તેણીવાર;
રતનભરિત સવિ દેખી કરી, મનિ હરખ્યો ભૂપાલ. ॥૧૪॥
તૂઠયો નૃપ યોગિં પ્રતિં, પૂછે તેહનું કાજ;
કહે યોગી મુઝ મંત્રનું, સાધન છે મહારાજ. ॥૧૫॥
'માગિઉં આપો મુઝને', ઉત્તર સાધક દેવ!;
તિણિં કારણ મેં વરસદિન, કીધી તાહરી સેવ. ॥૧૬॥
રાજા ભણે એ કાજ મેં, લીધું માહરી ખાંધીં;
એકમનિં નિશિ જઈ કરી, પૂરી વિદ્યા સાધી. ॥૧૭॥
કાલી ચઉદશીની નિશા, રાજા યોગી દોય;
નગરી બાહિર નીકળ્યાં, પ્રેતવનંતરી સોય. ॥૧૮॥
અગનિ કુંડ યોગી કરી, બેઠો ધ્યાન સભાવિ;
ખડ્ગસખા ભૂપ તવ, ઉભો આગલ આવી. ॥૧૯॥
જોગીસર આજસ લહી, ગંધવહિ સમશાને;
સિદ્ધિ થાનકેં સિદ્ધવડ–ડાલેં શબ તિણ ઠાણે. ॥૨૦॥

મારગે તે કહે વાતડી, તબ હુંકાર મ દેસી;
શીખ દેઈ નૃપ મોકલ્યો, તવ વડે ચડિઓ નરેસ. ॥૨૧॥
શબ છોડી ધરણીઇં ઠવ્યું, ઉતરીઓ નૃપ જામ;
વડડાલે શબ તેહ તવ, પાછું ચડીઉં તામ. ॥૨૨॥
તવ ભૂપતિ વલી તિહાં ચડી, ખડ્ગે કાપ્યાં બંધ;
મારગે વહિઓ ઉતાવલો, શબ લઈ ઘાલિઉં ખંધ. ॥૨૩॥
વાટે શબ ઈમ વિનવે, સાંભલ રાજન ! ધીર !;
કૌતિક કારણ કહું કથા, પૂછઉં તેહનું હીર. ॥૨૪॥

## ॥ ઢાળ ૧ લી ॥

તવ શબ બોલિયું તતકાલ રે, મુખે અવતરીઓ વેતાલ રે; તે નિસુણે વિક્રમવીર રે, મને ન ચલે સાહસ ધીર રે. ॥૧॥ વાણારસીનયર નિવેશ રે, પ્રતાપમુગટ તિહાં ઈશ રે; તસ મુગટશેખર સુત જાણું રે, સેનાબલે અતિ સપરાણુ રે. ॥૨॥ મંત્રીશ્વર છે મતિસાર રે, બહુ બુદ્ધિતણો ભંડાર રે; એક દિવસે કુમર મંત્રીશ્યું રે, કહે વને જે ક્રીડા કરશ્યું રે. ॥૩॥ રમતાં સરોવર એક નીરખીઉં રે, વલી માનસ સરોવર સરીખું રે; તસ પાલિં દેઉલ સાર રે. જિશ્યું ઇન્દ્રભુવન અવતાર રે. ॥૪॥ તિહાં સ્વામી ઋષભજિણંદ રે, મુખ ઓપે પૂનિમચંદ રે; વિદ્યાધરીઅ વિશાલ રે, જિન પૂજે ભગતિ રસાલ રે. ॥૫॥ રૂપે કરી ત્રિભુવન મોહી રે, કામી કુંઅર તિહાં જોઇ રે; મુખે મધુરી વાણી બોલે રે, તવ અમરતણાં મન ડોલે રે. ॥૬॥ ભક્તિએ સ્તુતિ કુમરી ભાખે રે, ખેચરી જબ કુંવર અરદાસે રે; પ્રમદામનેં પ્રેમ

અપાર રે, દેખાડે નિજ મતિસાર રે ાા૭ાા કરે કમલ મનોહર લીધું રે, કાને ધૂંમરૂકિ દીધું રે; હીયડે આણે ખેચરડી રે, લેઈ પાય ઠવઇ તન મરડી રે. ાા૮ાા અહિનાણ કરી અતિદંભ રે, જાઈ ચડી વિમાનેં રંભ રે; આકાશમારગે તે જાઇ રે, રાય મનેં અંદોહ ન માઈ રે. ાા૯ાા તિહાં અનંગ કરે અતિ ઝાલ રે, ઉંચું જોવે ભૂપાલ રે; મંત્રીસર કહે સુણ સ્વામી રે, જે કન્યા તેં વને પામી રે. ાા૧૦ાા તે કન્યા તુજ પરણાવું રે, પરતક્ષ ઘરે લઇ આવું રે; તસ ઠામ નગર મેં જાણ્યું રે, અહિનાણી વીશેષેં આણું રે. ાા૧૧ાા કહિઉં કરણ કુબ્જ તે દેશ રેં, મસ્તકિં તે નજર નિવેશ રે; હીઅડે તુજ ગુણ અભિરામ રે, પાયે પદ્માવતી તસ નામ રે. ાા૧૨ાા નૃપમંત્રી કરે વિચાર રે, હવે માંડું સત્રૂકાર રે; તિહાં પરદેશી સવિ આવે રે, દેશાઉરની વાતો લાવે રે. ાા૧૩ાા તિહાં મૂકયાં જણ સઈસાત રે, પૂછે દેશાઉર વાત રે; એક દિન જોગી એક આવ્યો રે, સંતોષી જણે બોલાવીઓ રે. ાા૧૪ાા કહો કાંઇ વિદેશ સરૂપરે, પૂછે છે અમ્હારા ભૂપ રે; તેણે કહીઓ સયલ વિચાર રે, હરખીઓ મંત્રી મતિસાર રે. ાા૧૫ાા તે જોગી લીધો સાથે રે, રથે છે પુહવીનાથ રે; દિન કેતે તે પુર પામ્યા રે, રાયે યોગીસર બોલાવ્યા રે. ાા૧૬ાા ઉતરીયા વનમાંહિ આવી રે, માલણ એક ચુસર લાવી રે; તસ દીધા લાખ દીનાર રે, વલી પૂછઇ સરલ વિચાર રે. ાા૧૭ાા પૂછે ઉતારા ઠામ રે, બાઇ! કહોને તમ્હારૂં નામ રે; ઘર અછઇ તુમ્હારાં ભાઇ રે, તિહાં

લાવું સયલ સજાઇ રે. ॥૧૮॥ તેહને ઘરે જઇ ઉતરીઆ રે, ફૂલના [1]બિજુંડૂ કરીયા રે; તે [2]રામિણી હાથે રૂડાં રે, મોકલીઆ બી જીંડૂડા રે. ॥૧૯॥ કુમરી કરે તે જબ દીધા રે, હવે સફલ મનોરથ સિદ્ધ્યાં રે; રાંમિણી કહે સાંભલ બાઇ રે, અમ્હ ઘરે પરહૂણા ભાઈ રે. ॥૨૦॥ મુહિ માન્યા તે મન સુદ્ધે રે, તેણે આપ્યા મુજ કરે બુદ્ધિઈ રે; તે નિસુણી રચીઉ સંચ રે, તબ કુમરી કરે પ્રપંચ રે. ॥૨૧॥ તસ ગાલે ચપેટા મ્હેલી રે, ઘરે આવી વેગે વહેલી રે; દોહિલું દેખાડે સોઇ રે, મંત્રીસર આંગુલડી જોઇ રે. ॥૨૨॥ દિન ત્રણ્ય પછી કાચલડી રે, ગુંથી આપી માલણિડી રે; કુમરીને ઘરે તે જાઈ રે, નામાંકિત કેણી ગુંથાઈ રે ? ॥૨૩॥ રામિણી કહે બુદ્ધિ નિધાન રે, નર હોય કરે વિજ્ઞાન રે; કુંવરી કહે એહને રાખું રે, માંચીએ ઘાલી નાખું રે. ॥૨૪॥ તવ ગોખે થઇ ઉતારી રે, વેગે આવી ઘરે નારી રે; માલિણી કહે સયલ સરૂપ રે, મંત્રી કહે નિસુણો ભૂપ રે. ॥૨૫॥ માંચીઈ બેસી તુમ્હે જાઓ રે, તવ તિહાં જઈ બેઠો રાઉ રે; માંચી ઉંચી જબ લીધી રે, તવ બુદ્ધિ પરીક્ષા કીધી રે. ॥૨૬॥ તિહાં કાચતણાં જે ઘોલ રે, નૃપ જાણે જલ-કલ્લોલ રે; તે દેખી પાછો આવ્યો રે, મંત્રી કહે સહી ભોલાવ્યો રે. ॥૨૭॥ સ્વામી ! તિહાં વેગે પધારો રે, કરની મુદ્રડી ઉતારો રે; તિહાં નાખીને તુમ્હે જોવો રે, બૂડે તો વહેલા વળજો રે. ॥૨૮॥ તે દેખી નૃપ ગહગહતો રે, તવ વેગે સેજે પહોતો રે; તિહાં રંગે

---

૧ બેરખાં. ૨ માલણ.

રમે રસાલ રે, મનવંછિત ભોગ વિશાલ રે. ॥૨૯॥ પદ્માવતી કહે મન શુદ્ધે રે, સ્વામી! એ કેહની બુદ્ધિ રે?; નૃપ કહે મંત્રી મમ સાર રે, બહુ બુદ્ધિ-તણો ભંડાર રે. ॥૩૦॥ પ્રમદા કહે પ્રેમવચને રે, તસ મહિલા મઇલું મન રે; તુમ્હ બંધવ ચિત્તેં ધરશું રે, અમ્હે ભક્તિ ભલી પરે કરશું રે. ॥૩૧॥ નૃપ મંત્રી કહ્યું વિચાર રે, તુમ્હ ભગતિ કરેસી સાર રે; મોદક રૂડાં રે, પણ દુર્જનની પરેં કૂડાં રે ॥૩૨॥ તે દાસી સાથેં સુજાણ રે, મંત્રી નિરખે વિષવિન્નાણુ રે; તે દેખી રાય સ્વરૂપ રે, તવ મંત્રી પ્રતિં કહે ભૂપ રે. ॥૩૩॥ એ નિર્દય નારી અપાર રે, અમ્હે કરશ્યું સહી પરિહાર રે; મંત્રી કહે બુદ્ધિ અમ્હારી રે, નૃપ! દાસી કરૂં તુમ્હારી રે. ॥૩૪॥ મતિસાગર કહે તુમ્હે જાઓ રે, નિશિ રંગે રમુ [1]સિનરાઓ રે; પાછિમ રજણી જબ આવો રે, તબ પગનું નેઉર લાવો રે. ॥૩૫॥ જાંઘે નખ ત્રણુ જ દેજ્યો રે, તિંહાનું લોહી તુમ્હે લેજ્યો રે; મુખ ખરડી વિરૂઇ વેશે રે, કરે કાતી વિરલા કેશ રે. ॥૩૬॥ એ માનો વચન અમ્હારૂં રે, હવે સાધું કાજ તમ્હારૂં રે; તે વાત સુણી ગહગહતો રે, નૃપ કુંવરી મંદિરે પહોતો રે. ॥૩૭॥ રંગેસીઉં રજની લીધી રે, કહી વાત સયલ તવ કીધી રે; પ્રહ ઉગતેં પાછો આવ્યો રે, મંત્રી-સરને મનેં ભાવ્યો રે. ॥૩૮॥ દોઇ યોગી વેશે મસાણેં રે, પહોતા મઢિ તે તેણેં ઠાણે રે; નૃપ નગરીમાંહિ પહોતો રે, ચોરાસી ચહુટા જોતો રે.

૧ ગભરાઓ નહિં.

॥૩૯॥ નેઉરનું મૂલ કરાવે રે, એક સોની તસ બોલાવે રે; રાઉલ એ નેઉર કહિનું રે?, તુમ્હે ઠામ કહો વલી તેહનું રે. ॥૪૦॥ ઓલખીઉં અમ્હે સુજાણ રે, રાજકુમરી તણું અહિનાણ રે; રાય આગલ વાત જણાવી રે, નેઉરની વાત સુણાવી રે. ॥૪૧॥ યોગીને પૂછે ભૂપ રે, નેઉરનું કહો સરૂપ રે; હું કાંઇ ન જાણું રાય રે, અમ્હ ગુરુ જાણે એહ ઠાય રે. ॥૪૨॥ નૃપ લેઇ સવિ સમુદાય રે, યોગીસર પાસેં જાય રે; અતિ આદર કરી અપાર રે, સવિ પૂછે વાત વિચાર રે. ॥૪૩॥ યોગી કહે રજની મઝાર રે, શૂલી પાસે એક નારી રે; આવીને ઉંચું જોઇ રે, સરલઇ સાદેં સિઉં રોઇ રે. ॥૪૪॥ મેં પૂછયું તુમ્હે કાંઈ કરણું રે, એણે ઠામે ઠવ્યો મુજ પરણ્યો રે; તસ ભૂખેં પ્રાણ ન જાઈ રે, ઉંચું મઇ નવિ પહોંચાઇ રે. ॥૪૫॥ મમ ખંધિ આહાર રે, દેઉ માઇ સરસ સવિ સાર રે; મુજ પૂંઠિં ચડી તે માઈ રે, આમિષ કાપી તે ખાઈ રે. ॥૪૬॥ મમ આગલ પડીઓ ખંડ રે, મેં પગે ઝાલી તે રંડ રે; રોષેં વલી હણી ત્રિસૂલે રે, નેઉર કરે ધરીઉં અમૂલ રે. ॥૪૭॥ નાસતા નેઉર પડીઉં રે, તે હાથેં અમ્હારે ચડીઉં રે; તે વાત સુણી નરરાય રે, તસ બંધવ જોવા જાય રે. ॥૪૮॥ તે જોઇ સયલ સ્વરૂપ રે, આવી વીનવીઓ ભૂપ રે; તવ રાય દીએ આદેશ રે, એ કાઢો પહરી! વિદેશ રે ॥૪૯॥ મુજ કુલે આણી એણે લાજ રે, તે બેટીનું શું કાજ રે?; રાયેં જોધ સવિ બોલાવ્યા રે, પહોરી સવે તિહાં

આવ્યા રે. ॥૫૦॥ જઇ કુંવરીને બોલાવો રે, આંખે પાટા બંધાવો રે; છંડાવો નગર નિવેશ રે, પાલી ચાલી પરદેશીં રે. ॥૫૧॥ જે પાછું વાળી જોશે રે, તેહને ડાકિણી નડશે રે; બીતાં જણ પાછા નાઠાં રે, ધૂરત તે ગાઢા ધીઠા રે. ॥૫૨॥ વિલપંતી વનહ મજારિ રે, પડતી આખડતી નારી રે; રથ જોતરી ઉતરાવે રે, મંત્રી [1]સર પાલુ જાઈ રે. ॥૫૩॥ ભાભી કહી કરે જુહાર રે, રથે બેસારી તેણિવાર રે; સુખ વિલસે ભૂપતિ ભાવે રે, તસુ પૂઠેં ઇસ્યો પ્રસ્તાવ રે. ॥૫૪॥ બેટી વીતક તે જોઈ રે, તસ માતા દુઃખે મૂઈ રે; તવ તાત વિજોગે વહિતો રે, વલી તે પરલોકે પહુતો રે. ॥૫૫॥ વેતાલ કહે વિક્રમને રે, પૂછું છું રાજન! તુમ્હનેં રે; નૃપ મંત્રી નારી [2]વ્યાપ રે, તે કેહનેં લાગ્યું પાપ રે.? ॥૫૬॥ જો જાણો તો દીઓ જાપ રે, નહીં તો તુમ્હને સંતાપ રે; નૃપ ચિંતે એ તો કૂડું રે, દીજે ઉત્તર રૂડું રે. ॥૫૭॥ ઇમ ચિંતી કહીઓ વિચાર રે, અવિચારી નૃપને ભાર રે; તે ઉત્તર આપ્યો રાય રે, શબ ડાલેં જઇ બંધાય રે. ॥૫૮॥ સર્વગાથા ૮૨.

॥ દોહા ॥

કથા પ્રથમ પૂરી હુઈ, સંક્ષેપે અવદાત;
વળી વિગતેં વેતાલની, સુણજ્યો બીજી વાત. ॥૧॥
વળી તિહાંથી પાછો વળ્યો, જઈ ચઢયો વડડાળ;
શબ લેઈ વાટે વહ્યો, વને વિરૂઈ વિકરાળ. ॥૨॥
કથા કહી શબમુખે રહી, હિતૂઆ દેવ દયાલ;
સાંભલ રાજન વાતડી, ઈમ બોલ્યો વેતાલ. ॥૩॥

૧ સરોવર પાળે ૨ વિનાશ.

## ॥ ઢાળ ૨ જી ॥

ચોપાઈની દેશી.

ધર્મસ્થલ વર નયર સુઠામ, રાજા ગુણ શેખર તસ નામ; વિપ્ર વસે કેશવ તસ વાસ, વિદ્યા સકલ કરે અભ્યાસ. ॥૧॥ મંદારવતી તસ બેટી સાર, જાણે રંભતણો અવતાર; યૌવનવય પહુતી તેટલે, પિતા મને ચિંતઇ તેતલે. ॥૨॥ બ્રાહ્મણ ચ્યાર ચતુર સમકાલ, આવ્યા પરદેશી વરબાલ; વાદ કરે કન્યાને કાજ, લોકમાંહિ તેણે મૂંકી લાજ. ॥૩॥ ઇણ અવસર તે કન્યા બાલ, નીદ્રામાં વિરૂઓ વિકરાલ; કર્મયોગે તે સર્પે ડસી, વિષધારી પડી સીવ જિસી (વિષ ઘેરી પડી શબ જેસી). ॥૪॥ પિતા કરે ઓષધ ઉપચાર, મંત તંત્ર ગારૂડ નહિં પાર; તેણે કરી નવિ જાગી સોય, તેણે દુઃખે દુઃખીયું સહુ કોય. ॥૫॥ મૃત જાણી કીધું સંચકાર (સંસ્કાર), વર ચ્યારે આવ્યાં તેણિ ઠાર; મનમાં ચિંતે સહી ધાઠા સાથ, 'પુહુંક[1] છંડાણું' [2]દાધા હાથ ॥૬॥ તે કન્યાને મોહીનાર, એકે સાથે ખાધાં કાઠ; મોહતણો મહિમા ઇસિઉં, બીજો તિહાં જઈ વાસે વસીઉ ॥૭॥ વિપ્ર તેહતણે થાનકે ઠર્યો, તેણે તિહાં [3]ઉડવલુ કર્યો; પિંડદાન ને તર્પણ કરે, રાતદિવસ તસ સેવા કરે. ॥૮॥ ત્રીજો અસ્થિ લઈ સંચરે, તીરથ અડસઠ તે વળી કરે; ચોથો ભસ્મ લઇ તિણ વાર,

૧ પોંક. ૨ દાઝયાં. ૩ ઝુંપડું:

પહોતો પરદેશ મઝાર ॥૯॥ લાગી ક્ષુધા ને મારગ વહિઓ, એક વિપ્રને ઘરે જઇ રહિઓ; તસ ઘરિં નારી અતિ સુવિચાર, અતિથિવ્રત સાચવઈ અપાર. ॥૧૦॥ આદર આસન ભોજન ભણી, કીધી તિહાં સાચવણી ઘણી; ભોજન કરવા બેઠો બાલ, તતખિણે આડે નડીઓ બાલ. ॥૧૧॥ રીસવશે લઇ ચૂલ્હામાંહ, ઘાલી બાલક દીધો દાહ; તિણે અવસરે ભોજન વિષપ્રાય, ધિગ ધિગ કરતો વાડવ જાય. ॥૧૨॥ નિરદય નીલંજ નીઠુર નાર, વ્રત તાહરાનઇ પડયો છાર; દયા મયા નહિ તાહરે અંગ, ભોજન કેમ કીજે મનરંગ ?. ॥૧૩॥ વેદ પુરાણ શાસ્ત્ર અભ્યાસ, જીવદયા વિણ નહિં વિલાસ; દયા વિના નવિ સોહે ધર્મશાસ્ત્ર, સવિહુંના એહિજ મર્મ. ॥૧૪॥ કરતાં એહવું કર્મ કઠોર, હત્યા પાતક હોઇ ઘોર; બાલક હણીઓ તેં મુજ કાજ, મારી પણ નવિ આણી લાજ. ॥૧૫॥ કુંપો દેખી વાડવસતી, પાય લાગીને કરે વિનતિ; સ્વામી કોપ મ કરો અવધાર, બાલક છે જીવતો વિચાર. ॥૧૬॥ વિદ્યા અછે અમ્હારે તેહ, અસ્થિભસ્મ જીવાડું દેહ; સંજીવની વિદ્યા બલે કરી, બાલક જીવાડીઓ એણીપરે. ॥૧૭॥ પ્રીસે ભોજન ભગતિ સાર, તે બ્રાહ્મણ બોલ્યો તેણિ ઠાર; જો અમ્હ ઔષધ આપો ખરૂં, નિશ્ચેં ભોજન તો હું કરૂં. ॥૧૮॥ ઔષધ વિદ્યા આપી સાર, ભોજન ભાવે કર્યું તેણી ઠાર; વલીઓ વાડવ મન ઉલ્હાસ, આવીઓ ઉડવલાની (ઝુંપડીની) પાસ. ॥૧૯॥ તવ ત્રીજો તીરથ સવિ કરી, તે આવીઓ તેણી પુરી;

ચ્યારે મલ્યા કરે મંત્રણું, કન્યા અરથે વિમાસે ઘણું. ॥૨૦॥ વિદ્યાવંતે રચિઓ ઉપાય, અસ્થિભસ્મ આણ્યાં તેણે ઠાય; ઔષધ અમૃતછટા જબ હુઈ, દ્વિજસિઉં (દ્વિજસાથે) કન્યા બેઠી થઈ ॥૨૧॥ વદે વાદ ચ્યાર તે મલી, તે કન્યા કેહની કહો વલી ?; જાણ હુઈ તે કરે વિચાર, તે કન્યાનો કુણ ભરત્તાર ?, ॥૨૨॥ વાત વિચારી બોલો રાય, નહિ તો તુમ્હને દેશું ઘાય; નિસુણી વિક્રમ વાત સુજાણ, એ ઉત્તર આપ્યો તેણે ઠાણ. ॥૨૩ વિદ્યાવંત્ત વિપ્ર તે પિતા, જનમત્તણી પરિ નહી કાંઇ બ્યતા; સાથે મરણ જનમ પુણ જેણ, બીજો બંધવ કહિએ તેણ. ॥૨૪॥ બાંધવ બહેનતણો સનેહ, અગનિમાંહિ તેણે આલિઉં દેહ; ત્રીજો અસ્થિ તીરથ લેઇ ગયો, તેહ ભણી તે બેટો કહિઓ. ॥૨૫॥ ઉડવલું કરી રહિઓ અખંડ, નિત્ય આહાર દીએ તે પંડ; સુખ દુઃખભાવહિ જે ભોગવે, પતિ વિણ જુવતિ કુણ જોગવે ? ॥૨૬॥ તેહભણી પતિ હુઓ તેહ, ઓડવલે નિતુ રહિઓ જેહ; નિરત્તી વાત સુણી ચેતાલ, પાછું વળી ગયું વડડાલ. ॥૨૭॥ બીજી વાત સંપૂરણ કહી, હવે ત્રીજી સાંભલજ્યો સહી; કહે કથા વળી કૌતિગ ભણી, ત્રીજી કથા વેતાલહ તણી. ॥૨૮॥ સર્વગાથા. ૧૧૩

॥ દોહા ॥

વળી વિક્રમ વિલખો થયો, જાઈ શબ લીધું હાથ;
વાટે આવે વેગિસિઉં, શબ કહે સુણો નરનાથ. ॥૧॥
વિગતે વિસ્મયકારિણી, ત્રીજી વાત વિશેષ;
કથા કહે શબમુખે રહી, વીર વેતાલ વિવેક. ॥૨॥

## ॥ ઢાળ ૩ જી ॥

ચોપાઇની દેશી.

ભોગવતી નગરી અતિભલી, ઉગ્રસેન રાજા તિહાં વલી; વિદ્યાવંત અછે શુકરાજ, સારે નિત ભૂપતિનાં કાજ. ॥૧॥ એક દિવસે રાજા મનરંગે, શુક લેઇ બેઠો ઉછરંગે; પૂછે વાત વિવેકી પછે, અમ્હનઈ યોગ સુંદરી કિહા અછે ?. ॥૨॥ શુક કહે મગધદેશે તુમે જાઓ, રાજ કરે મગધેશ્વર રાઓ; બેટી સુરસુંદરી તેહતણે, હુસીઈ માંનિ મંદિરે તુમતણે. ॥૩॥ કન્યા સોઇ વિચક્ષણ બહુ, નિજ સારિકાને પૂછયું સહુ; કુણ ભરતાર હોસ્યે ગુણ જાણ ?, [1]સારિકા ભણઇ તેણિ ઠાણ. ॥૪॥ તુમ્હ પતિ ભોગવતીનો નાથ, ઉગ્રસેનનો લહિશ્યો સાથ; સેના સહિત આવીઓ સાંચરી, ઉગ્રસેને તે કન્યા વરી. ॥૫॥ અતિ ઓચ્છવે તે પરણી નારી, લેઇ આવ્યા તે નિજ ઘરબારી; શુકપંજરે ઘાલી [2]સાલહી, કામબાણે શુક વેધિઓ સહી. ॥૬॥ શુક પ્રાર્થના કીધી જામ, સાલહી બોલી તામ; નિશ્ચે નર નવિ વાંછું જાણ, પાપી નર મઇલિયા નિવાણ. ॥૭॥ પુરૂષતણાં અવગુણ છે ઘણાં, નિર્દય નીઠુર નિર્લજતણાં; સંગ ન કીજઇ તેહનું મર્મ, વલી વાત મ કહિજ્યો તુમ્હે. ॥૮॥ ॥ દુહા ॥ તવ તે શુક એણીપરે ભણે, નારી નિઠુર જાત; પશ્ચિમ બુદ્ધિ કામિની, કરે પીયારી તાત. ॥૯॥ કૂડ કપાટ વંચન તણાં, જાણે મહિલા મર્મ; નરની

1 સૂવટી—સૂડી. ૨ પોપટી.

સતને નિત નડે, વિરતિ કરે વિકર્મ. ॥૧૦॥ માયા માંડે માનિની, જાણે કપટ અનેક; નારી મ રાચો નર નિપુણ, તો સુખ લહેશો વિવેક. ॥૧૧॥ રાતી તો [1]સર્વસ હરે, વિરતી તો વિષવેલ; રાતી વિરતી છાંડીએ, તો લહીએ સુખરેલ. ॥૧૨॥ મહિલા મુખેં અમૃત ઠવ્યું, હીયડઈ કરવતધાર; ભામિણી ભોલી જે કહે, તે નર સહી ગમાર. ॥૧૩॥ જિમ પંખી પંજર પડયો, ઝૂરે દિન ને રાત; નિરગુણ નારી નર-રયણ, કિમ પામે સુખજાત?. ॥૧૪॥ પ્રમદા પરિ પરિ પરભવિ, તુ નર માંડે મોહ; કલહગારી કામિની, નિતુ આણઈ અંદોહ. ॥૧૫॥ વાદ કરંતા સાંભલી, રાજા સુંદરી સાથ; આવ્યો અતિ ઇચ્છુક થઇ, સાલહી લીધી હાથ. ॥૧૬॥ પૂછે અવગુણ નરતણા, કહે સાલહી સુજાણ; એલાપુરી નગરી તણો, રાજા સુધન વખાણ. ॥૧૭॥ ચોપાઇ:—શ્રીપતિ શેઠ વસે તિણે ઠામ, બેટો એક ધનક્ષય નામ; પરણાવ્યો કન્યા ગુણવતી, ઋષભદત્ત બેટી શુભમતિ. ॥૧૮॥ કાલેં પિતા ગયો પરલોક, દિન કેતલે ટલીઓ તસ શોક; બેટાતણી સુણો સવિ વાત, [2]જૂં રમતાં હારી ઘરવાત. ॥૧૯॥ એક દિવસ તે ગયો સાસરે, જઈ નારીનું [illegible] કરે; [illegible] ભારીયાં [illegible], કૂઆમાં નાખી તેણે રમણી. ॥૨૦॥ કેડેં મારગેં આવ્યા લોક, તેણે કાઢી મ્હેલી બોક; પીયરેં આવી ઉત્તર દીધાં, પતિ મારી ચોરેં સવિ લીધાં. ॥૨૧॥ દિન કેતલે હારી સમુદાય, વળી ગયો સાસરડામાં-

૧ સર્વસ્વ. ૨ જુગાર.

હિ; હર્ષે સુજન વર્ગ સહુ મલ્યું, હવે મનવંછિત સઘલું ફલ્યું. ॥૨૨॥ નર નિર્ગુણ પોઢયો સુખસેજ, આવી પ્રમદા પિયુની હેજ; નિદ્રામાંહિ નારીને હણી, લઇ આભરણ ગયો ઘરભણી. ॥૨૩॥ નર નિષ્ઠુર નિર્દય નહિં નેહ, નારીપ્રતેં ક્ષણમાં આપે છેહ; આવી અલજુ કરે અતિઘણું, કૂડો પ્રેમ સહી નરતણો. ॥૨૪॥ પુરૂષ તણી મેં જાણી પ્રીતિ, નર નારીની નાણે ચિંત; તેહભણી હું ન કરૂં રંગ, નિશ્ચં નરનો છાંડયો સંગ. ॥૨૫॥ રાજા પૂછે પોપટ પાસ, સ્ત્રીનાં અવગુણ કહો ઉલ્હાસ; શુક કહે સ્વામી સાંભલો સહુ, સ્ત્રીનાં અવગુણ કેતાં કહું? ॥૨૬॥ પાપ કરે પાપિણી અપાર, મરણ લગેં નવિ મ્હેલે ખાર; પ્રાયેં નીટ્ઠુર નહિં વિચાર, તે નારીનો કિશ્યો સત્કાર ?. ॥૨૭॥ લોભણી લંપટી લુંટણી જુંસી, સાપિણી સુખિણી ઇસી, પાપ કરે અહનિસ એક સસા, ઇસી નારી લહી વીસઇ વિસા. ॥૨૮॥ પૂરવભવે જે કરીયાં વિચિત્ર, આણઈ પરગટ થયાં અખત્ર; તે નર નારી નિરંતર કલિઉ, અતિ આરંભ કરે ઝલફલિઉ. ॥૨૯॥ એક કહે નરનારી જોડ, સરજ્યાં છે કીરતારેં કોડ; તોહિ નવિ કરે વીસાસ, નર પોઢાડી જોવે સાસ. નરનારીનું અંતર ઘણું, સુણો સ્વામી કારણ તેહનું; નગર કાંચનપુર અરવિંદ રાય, સાગરદત્ત સેઠ તિણિં ઠાય ॥૩૧॥ સુત શ્રીદત્ત સુંદર સુવિચાર, અલવેસર ઉત્તમ આચાર; શ્રીપુરીનગરે સમુદ્રદત્ત શાહ, તસ બેટીસીઉં મિલિઓ વીવાહ. ॥૩૨॥ રૂપવતી પરણી ઉલ્હાસ, આવીયા સહુ આપણ આવાસ; ઘરેં મૂકી સુંદરી

નવવેસિ, પ્રિય પ્રવહણ ચાલ્યો પરદેશી. ॥૩૩॥ અનુક્રમેં પ્રમદા પીયર ગઇ, દિનકેતે કામાતુર થઈ; બેઠી જોખે એક દિન સોય, દીઠો બ્રાહ્મણ કરમી કોય. ॥૩૪॥ તેહશું પ્રીતિ કરે કામિની, નિત આવે જાઇ યામિની; અનુક્રમેં પ્રીય પ્રવહણે જલ તરી, આવ્યો નીજ ઘરેં ઉચ્છવ ધરી. ॥૩૫॥ યુવતીમોહ ધરી મનમાંહિ, આણું કરવા તે તિહાં જાઈ; હરખે સુજન વર્ગ સહુ મલીઆ, પૂરવ પુણ્ય અચિંતિત ફલીઆ. ॥૩૬॥ બોલો ભદ્રિક ભામિની ભોગી, પોઢયો નિશિં નિદ્રાયોગી; રમણી પુહતી પૂરવરીતિ, બ્રાહ્મણસિઉં તેણે બાંધીઉં ચિત. ॥૩૭॥ સહુટક રીતે બ્રાહ્મણ સાથિં, ભોગસજાઇ લીધી હાથિં; ચોર ચરિત્ર જોવા અલજ્યું, પૂંઠે છાનો થઈ તે ગયો. ॥૩૮॥ કર્મતણો મહિમા ઇસ્યો, બ્રાહ્મણ સૂનુ સર્પે ડસીઆ; આવી સોઇ જગાવે સાદ, મૃત જાણી ભાગ્યો ઉન્માદ. ॥૩૯॥ વિલપે સોઇ વિરહવ્યાકુલી, વલ્લભ વિણ થાય આકુલી; ત્રોડઇ નાક વિલૂરઇ અંગ, રાતી કામિની કરે વિરંગ. ॥૪૦॥ પાછી આવી થઇ નિરાશ, વલી પાપિણી માંડે પાસ; પતિપાસે આવી કલકલે, સ્વજન વર્ગ સહુ જોવા મલે. ॥૪૧॥ વિરતી સ્ત્રી બોલે બહુ બોલ, નર નિઠુર નિર્ગુણહ નિટોલ; ત્રોડયું નાક મુઝ આણી ખોડ, તો બોલ્યાં કૂડાં તિણિં કોડ. ॥૪૨॥ રાય આગલે તે રાવે જાય, તવ જામાતા તેડીયો રાય; રાય ભણે અન્યાય ભણી, ચોર કહે સાલિપુર ધણી. ॥૪૩॥ સ્વામી! હું નિત ચોરી કરૂં, લોકતણાં ધનને અપહરૂં; સ્ત્રીચરિત્ર મેં જોયા

આજ, નર નિષ્કલંક અછે મહારાજ! ॥૪૪॥ દુહા ॥ યુવતી જનમન મોહિની, રૂપે રંજે લોક; પ્રગટ પાસ એ નરકતણું, શાસ્ત્રતણો સુણી શ્લોક. ॥૪૫॥ દરિસણે હોય દયામણી, સિંહ પરાક્રમ નારી; સાહસી-સૂરા સુંદરી, અબલા સબલી સંસાર. ॥૪૬॥ ઘરથી ઇતરથી નાહસિઉ, મ્હોંઘા માંડઇ વેઢી; નરને નારી નિરાકરે, ઓછાકુલની ઢેઢી. ॥૪૭॥ રામારૂપે રાક્ષસી, આગતણી પરે એહ; અહનિશ અભ્યંતર દહે, ઝટકે આપે છેહ. ॥૪૮॥ માયા મુખી મલી મલી કરે, હીયડે કરવતધાર; છેહ દીએ નર છયલની, અંગિં ન ક્રીસ્યો વિચાર. ॥૪૯॥ મનની મેલી એ માનની, માંડી કહ્યો વિચાર; સભા સહિત ભૂપતિ સુણે, ચરિત ન લાભે પાર. ॥૫૦॥ ચોપાઇ ॥ ચોર પ્રત્યેં નૃપ કરે પ્રસાદ, સંતોષી આપ્યો પરિ-જાઇ; ખરે આરોપી કાઢી નાર, પહોંચાડી તે વનહ મોઝાર. ॥૫૧॥ નર નિકલંક ગયો નિજ ઠામ, પરણી સુંદરી તેણે અભિરામ; કહે વેતાલ સુણો નરરાય, અધિક પાપ કહેને કહેવાય?. ॥૫૨॥ તવ ભૂપતિ એણી પરે ભણે, અધિક પાપ તે નારી તણો; પતિ ઉપરેં પ્રમદા છલ કરેં, તે પાપિણી દુર્ગતિ સંચરે. ॥૫૩॥ પુરુષ હણઈ નારીને રોષે, કોઇ ન દેઇ નરને દોષ; વાત સુણીને વલીઓ કરંક, વડડાલે બેઠું નિશ્શંક. ॥૫૪॥ સર્વગાથા. ૧૬૯

॥ દોહા ॥

કથા ત્રણેય કૌતુક તણી, પૂરી ચડી પ્રમાણ;
ચોથી વાત વિશેષથી, સૂણજો સહુ સુજાણ. ॥૧॥
તવ વિક્રમ પાછો વળ્યો, જઈ ચડીયો વડડાળ;
શબ લઈને સંચર્યો, તવ બોલે વેતાળ. ॥૨॥
સુણ ભૂપતિ મુજ વચણડાં, તું મનમાં નાણે રોસ;
કથા કહું નિત નવનવી, કોઈ મ દેશો દોષ. ॥૩॥

## ॥ ઢાળ ૪ થી ॥

ચોપાઇની દેશી.

વર્ધમાનપુર નિરૂપમ નામ, દૂર્ગદેવ રાજા તણે ઠામ; પરદેસી નર ઓલગ કાજ, વીર નામે આવ્યો તેણે રાજ ॥૧॥ પૂછે કહો તુમે વીર !, ગ્રાસ કેટલું માગો ધીર ?; દિને દિને સહસ એક દીનાર, રાઉ ભણે કેતુ પરિવાર ?. ॥૨॥ તવ કહે વીર નિસુણો નરનાથ !, સ્ત્રી બેટુ બેટી અમ્હ સાથ; ચિહું જણ અમ્હ ઘરે એતુ વરૂ, અમ્હને ગ્રાસ એતલું કરૂં. ॥૩॥ સભાલોક તવ બોલે હસી, ગ્રાસવૃત્તિ માગી એણે કિસી ?; નૃપ ચિંતે એ મોટે કામે, કરી ગ્રાસ રખિઉ તિણ ઠામે ॥૪॥ દાન પુણ્ય તે ધન વાવરે, રાતદિવસ નિત્ય સેવા કરે; એક દિવસે પોઢયે રાય, વીરસુભટ ઉભો તિણ ઠાય. ॥૫॥ રોદન શબ્દ સુણીને ભૂપ, જાગ્યો પૂછે તેહ સરૂપ; મધ્ય રાત્રે મહિલા કુણ રોઇ, વીર તું જોને જાઇ. ॥૫॥ નૃપ આદેશ હૂઓ તવ હસી, ખડ્ગ સખા ય તત્થ ગયો

ધરતી; શબ્દતણે અનુસારે જે, નગરી બાહિર પુહતો સોય. ॥૭॥ નારી એક દીઠી તિણ ઠાય, વીર વીર પ્રણમે તસ પાય; કહે બાઇ! તું કરણ્ઇ કહિં, કેસું અસુખ અછે તાહરે માય?. ॥૮॥ કહે કામિની હું નૃપ કુલદેવી, દુઃખકારણ તુઝ કહું છું હેવિ; આજ પછી વળી દિન સાતમે, નૃપને અરિષ્ટ યોગ ઇણ સમેં ॥૯॥ વિણ સંતાન રાયનો ભાર, કુણ ધરશે તિણ અસુખ અપાર; તે કારણે હું રોઉં છું ધીર!, તો વળતું બોલીઓ તિહાં વીર. ॥૧૦॥ સંકટ ટલવા કિશ્યો ઉપાય?, કહો નિઃશંક થઇ મુજ માય!; તો વળતું દેવતા કહે આજ, માય તાય જો લોપી લાજ. ॥૧૧॥ કાલી ભુવનેં જઈ નિઃશંક, માય લેઇ બેટાને અંગે; પિતા હણઇ કાઢી કરવાલ, બલી આપે યોગીને બાલ. ॥૧૨॥ તો રાજાનું સંકટ ટલે, સુધી વાત સુણીને વળે; ઘરે જઇ તેડી ઘરનારી, આવીઓ સઘલો પરિવાર. ॥૧૩॥ કાજ કહીયું સઘલું તિણે સહી, તો બેટો આવ્યો તિહાં વહી; મુઝ મરતા જો જીવે રાય, જનમ સફલ તો સહી મુજ થાય. ॥૧૪॥ દેવતાભુવને ગયા સકુટુંબ, પુત્ર ઉછંગ લીએ તિહાં અંબ; છેક થઇને આવે તાય, કાઢી ખડ્ગ ને કીધો ઘાત. ॥૧૫॥ બાંધવ બહેનનેં અછે અતિમોહ, દીઠો બાંધવતણો વિછોહ; આપઘાત કીધો તિણે જિસે, તો માડી મનેં ચિંતવે તિસે. ॥૧૬॥ કિશું કરશું જીવી નેટિ?, છરી લેઇ તેણે ફાડીયું પેટ; દેખી કુટુંબ તણો સંહાર, વીર મનેં ચિંતઈ તિસઈ વાર. ॥૧૭॥ સાહસ આણી લઈ કરવાલ,

આતમ કંઠે ઠવ્યો તતકાલ; નષ્ટ ચર્યાઈ જોઈ ભૂપ, તવ તે દીઠું સયલ સરૂપ. ॥૧૮॥ સહુડ પણે મુજ કારણ ઇમ, સાધીઉં કરજ સકુટુંબેં ધીર; તો રાજા વૈરાગી પૂરીઓ, સીસછેદ તું કરિયલ ધરીઉ. ॥૧૯॥ સાહસ પ્રમાણે પરતક્ષ થઈ, માગ વર જે જોઈઈ સહી; તો વલતો બોલે મહારાજ, માત! માહચા (મયા) કીધી આજ. ॥૨૦॥ તો નર નારી જીવે સહુ, માત! અવર ન માંગુ બહુ: તે ચ્યારેય ઉઠયાં તતકાલ, દેવશક્તિ ન હોએ વિસરાલ. ॥૨૧॥ હરખેં અર્ધરાજ દેઇ રાય, સંતોષી સહુ નિજઘરિં જાય; કહે વેતાલ સુણો નરનાથ!, સત્વવંત તે સઘલા સાથ. ॥૨૨॥ સત્વાધિક કુણ કહીએ જેણ, તવ બોલ્યો વિક્રમ મહિરાણ; સ્વામિ કાજેં સેવક મરે, સ્વામી પ્રતિં પ્રતિહિત કરે. ॥૨૩॥ નૃપ સાહસિક નિસુણો દેવ!, સુણી વડે પહોત્તો હેવ; વેગેં પાછો વલીઓ ભૂપાલ, જાઇ વિક્રમ ચડીઓ ડાલ. ॥૨૪॥ સર્વગાથા. ૧૯૬

॥ દોહા ॥

કથા ચ્યારેય પૂરી હુઈ, સરસતી તણે પ્રમાણ;
હવે વલી સુણજ્યો પાંચમી, કહે વેતાલ સુજાણ. ॥૧॥

શબ લેઈ વાટે વહ્યો, વેગે વિક્રમ વીર;
મારગેં શબ ઈમ વિનવે, સાંભલ રાજન ધીર!. ॥૨॥

નગરી ઉજેણી નિર્મલી, વસે છયલ નરનાર;
રાજા મહાબલી રાજીઓ, ન્યાયવંત સુવિચાર. ॥૩॥

# ॥ ઢાળ ૫ મી ॥

ચોપાઇની દેશી.

તેણી નગરિં વાસે છે વ્યાસ, પુરોહિત રાજતણો હરદાસ; તસ ઘરેં બેટી છે સુવિચાર, મહાદેવી અમરી અવતાર. ॥૧॥ યૌવનવેશે પહોતી તામ, પિતા પ્રતિં કહે બેટી તામ; ગુણસંપૂરણ વિદ્યાવંત, વર જોજ્યો સુકુલીન સંત. ॥૨॥ પિતા ગયો પરદેશ મઝાર, વર અનુરૂપ દીઠો તિણેં ઠાર; મેલી વિવાહ ને પાછો વળ્યો, ચિંતે મનહ મનોરથ ફલ્યો. ॥૩॥ ભાઇ ગયો વળી પરદેશ, જ્ઞાની નર દીઠો નવે વેસ; તેણે તેહશું વિવાહ આદરી, પહોતો મંદિર ઓછવ ધરી. ॥૪॥ માઈ જોયો ઘરેં વર એક, સાહસીક ને સુંદર છેક; શૂરવીર દીઠો નર ધીર, માયેં પરઠીઉ તે વર વીર. ॥૫॥ તે ત્રણયહિ આવ્યા સમકાલ, માય તાય ચિંતે તતકાલ; વાદ કરંતા રયણ (ણી) મઝાર, રાક્ષસ એક આવ્યો તેણેં ઠાય. ॥૬॥ દેખી રૂપ કુંવરીનું સાર, તેણેં કીધો કન્યા અપહાર; સુપ્રભાતેં ત્રિણયહિ તે મળ્યાં, આપાપણી દેખાડી કલા. ॥૭॥ જ્ઞાની કહે કન્યા છે જિહાં, બીજો કહે જાઈશું તિહાં; યોધ સબલ શૂરાતને ભર્યો, ધાઈ 'ધુંબડ જટાએ ધર્યો. ॥૮॥ રાક્ષસ હણ્યો કરી પ્રહાર, યુવતી લઇ આવ્યા ઘરબાર; ત્રણ્યેહિ મલી તે કરે વિવાદ, રાજા નગરેં પડાવે સાદ. ॥૯॥ વાદ કરંતા વારે જેહ, અ[illegible] રાજ હું આપું તેહ; કહે વેતાલ

૧ રાક્ષસ.

સુણો નરરયણ!, તે કન્યા વર કહે કવણ? ॥૧૦॥ તો વળતું વિક્રમ ઇમ ભણે, તે કન્યા નરયોધ્ર તેહ-તણી; સાહસ પ્રમાણવાળા જેણ, તે કન્યા વર કહઇ તેણ ॥૧૧॥ તે નિસુણી પાછો વળીઓ દેવ, વડડાલે જઇ બેઠો હેવ, વલીઓ વિક્રમ ગયો તરૂડાલે, છોડી [1]કરંક લઇ કરવાલે. ॥૧૨॥ સર્વગાથા ૨૧૧.

॥ દોહા ॥

કથા સરસ વેતાલની, પૂરી પંચમ જાણ;
સરસ વચન દીઓ માડલી, જિમ કહું સુધી વાણ. ॥૧॥
વાટે શબ એણીપરે ભણે, સાંભલ ભૂપતિ! વાત;
ધર્મપુરિં નગરી વસે, ધર્મસેન નરનાથ. ॥૨॥
નૃપ સંતાન વિના ઘણું, ઝૂરે અહનિશ મન્ન;
આરાધી કુલ દેવતા, પુત્રકાજે એક દિન્ન. ॥૩॥
તો તૂઠી કુલદેવતા, આપે પુત્ર ઉદાર;
[2]પોઢું પુણ્ય વિશેષથી, રમતો રાજદુવાર. ॥૪॥
મંત્રીસુ તશું એક દિન, પહોતો દેવતા ઠામ;
રાજા કુંવરી એક સખી સીઉં, દીઠી તેણું આરામ. ॥૫॥
રૂપ કલા તસ દેખી કરી, કુંવર મનિં અંદોહ;
દેવતા આગલે વિનવે, એ નારીશું મોહ. ॥૬॥
જો કિમહી એ નારીશું, નિશ્ચે હુએ વિવાહ;
તો મઇં નિજ મસ્તકિં સહી, પૂજા કરવી માય. ॥૭॥
દૈવશક્તિ એ તેણ તિહાં, પરણી મન ઉત્સાહ;
મિત્ર સહિત આણું કરી, તેણઈ મારગિં જાઈ. ॥૮॥

૧ શબ. ૨ પ્રૌઢ

રથ રાખી દેઉલ ગયો, કુંવર સાહસ ધીર;
દેવત પાય સરી નીમ કરી, છેદે સીસ તિહાં વીર. ॥૯॥

વાટ જોઈ તે કુંવરની, મિત્ર જાઈ તવ જોય;
ઈશું ચરિત્ર દેખી કરી, મનિં વિમાસઈ સોય. ॥૧૦॥

પુરલોક સહુ જાણશે, સીલંપટ થયો મિત્ર;
તેહ ભણી સ્યું જીવીએ ?, દેવે કરિઉં અખત્ર. ॥૧૧॥

ઈશ્યું વિમાસી તેણ, તબ સાહસ આણી સીસ;
છેદી મૂકે પાયકમલે, દેવીતણે મંત્રીસ. ॥૧૨॥

તો પ્રમદા પ્રેમે કરી, જોવે પ્રિય ઉભી વાટ;
રથ મ્હેલી ઉતાવલી, આવી જોવા માટ. ॥૧૩॥

અસમંજસ દેખી કરી, હવે શું કીજે ઈમ ?;
પીયરે જાતાં સુખ ન રહે, સાસરડા માંહિ લાજ. ॥૧૪॥

પતિ વિણ પ્રમદાને વળી, સુખ નહિં સંસાર;
ઈશું વિમાસી માનિની, કરે કીધી તરૂઆર. ॥૧૫॥

સાહસ આણી સુંદરી, સીસ ઠવે કરવાલ;
તવ દેવી પ્રગટ થઈ, બોલે વયણ વિશાલ. ॥૧૬॥

માગ માગ વરદાન તું, તું કહે કામિની માય !;
જો તૂઠી મુજ સાહસથી, તો જીવે નર રાય. ॥૧૭॥

ધડસીઉં મસ્તક દોયના, જોડી નિરતાં નારી;
ઈશ્યું કહ્યું દેવતે વળી, ચુકઈ તે તેણિ ઠાહારી. ॥૧૮॥

અણજાણે ઉતાવલાં, પાલટીયાં ધડ સીસ;
મંત્રીધડ તે રાયનું, રાયતણું મંત્રીશ. ॥૧૯॥

વાદ કરે બેહુ મળી, યુવતિ કારણ સોય;
કહે વેતાલ વિક્રમ પ્રતે, તે સ્ત્રી કેહની હોય ?. ॥૨૦॥

જેહને શિર મસ્તક ઠવ્યું, તે સ્ત્રી તેહની જાણ;
કાયા સવિ શેખર ભલું, ઉત્તમાંગ તિણે ઠામ. ॥૨૧॥

## ॥ ઢાળ ૬ ઠ્ઠી ॥

ચોપાઈ

સુણી વાત ને વલીઓ વેતાલ, જઈ બેઠો વડની ડાલ; પાછો વળી વિક્રમ તિહાં જાય, છોડી શબ ને વાટે થાય. ॥૧॥ કહે વેતાલ નિસુણ તું ભૂપ?, કહું હું કૌતુક રૂપ; ચંપાનયરી અહિવિશાલ, ચંપેશ્વર રાજા ભૂપાલ. ॥૨॥ સુલોચના રાણી ગુણવતી, બેટી ત્રિભુવન સુંદરી સતી; યૌવનવેશે પૂછે તાત, સાંભલ બેટી કહું તુજ વાત. ॥૩॥ વર મનગમતો માગો વચ્છે!, મનહરખે જિમ ખરચું લચ્છી; કહે કુંવરી તવ મનની વાત, મનવંછિત આપે તાત. ॥૪॥ તો વર રૂપવંત ગુણવંત, લક્ષ્મીલક્ષણ શ્રુત બલવંત; સુણી વાત દેસાઉરતણાં, તેડાવ્યાં વર દહ દિસિ ઘણાં. ॥૫॥ વર સઘલા ચિહું વર્ણ જૂઆ, દેખી નૃપ ચિંતાતુર હુઆ; સહુ વિચારે માંહો માંહિ, તે બેટી કહનઇ દેવાય? ॥૬॥ પૂછીયું વિક્રમને વેતાલે, નૃપ કહે ક્ષત્રીને તે બાલ; જાતિ જોઈને દીજીએ તેહ, રાયે ઉત્તર આપીઓ એહ. ॥૭॥ વાત સુણીને વળીઓ ભૂત, વળી ભૂપ તસ પૂઠેં પહુત; કાપી બંધ લેઈ ઉતરે, વાટેં શબવાણી ઉચ્ચરે. ॥૮॥ સર્વ ગાથા. ૨૪૦

### ॥ દોહા ॥

કથા સાતમી વેતાલની, પૂરી કહી પ્રસિદ્ધ;<br>
સરસતી માય પસાઉલે, કહું આઠમી સુસિદ્ધ. ॥૧॥

મારગિં જાતા શબ કહે, સાંભલ વાત મહેશ,
વાત કરંતા સ્વામી તું, કિમ ઈમ આણે રીસ ?. ॥૨॥
મલયવતી નામે ભલી, નગરી છે સુવિશાલ;
ગુણાધિપતિ નામે વળી, સોહઈ તિહાં ભૂપાલ. ॥૩॥

## ॥ ઢાળ ૭ મી ॥

ચોપાઇ

તસૂ પરદેશી સેવક સાર, આવ્યો લેઇ બહુ પરિવાર; ઘણાં દિવસ તેણે સેવા કીધી, રાયેં ગ્રાસ મ કાંઈ દીધ. ॥૧॥ દિનકેતે વળીઓ પરિવાર, રહ્યો એકલો સોઇ કુમાર; એક દિન રાય રયવાડીએં ચડયો, વનમાંહિ એકલડો પડયો. ॥૨॥ સ્વામી સેવક વનહ મઝાર, લાગી તૃષા ને ઘટીઉં વારિ; રાજા કહે સુણ સેવક જાણ, તરસેં કરશ્યેં પ્રાણ પ્રયાણ. ॥૩॥ સૂણી વાત ક્ષીરામલક એક, આપે સેવક અતિ સુવિવેક; એણી સેવકે કીધું ઉપગાર, રાજા મનમાં ચિંતે સુવિચાર. ॥૪॥ સેવકનેં પંચાંગ પસાય, આપે રાજા બહુ સમુદાય; સાયરતટે એક દિન ગયો, દેખી દેવભુવન તિહાં રહ્યો. ॥૫॥ પૂજી દેવલેં એક નાર, તેહને કેડે ગયો કુમાર; પૂછે કન્યા કહો તુમ્હે રાય, કેણે કારણેં આવો અમ્હ સાથ? ॥૬॥ તુમ્હ સાથે ભોગવિલાસ, વાંછિઉં પૂરો અમ્હારી આસ; કહે નારી સાંભલ નરરયણ, દેવાંગના ભોગ કવણ ?. ॥૭॥ માનવકાયા છે મલમૂત્ર, અગનિસ્નાનેં થાય પવિત્ર; અગનિકુંડ પેસી નિસરૂં, તો સહી નિશ્ચંઇ અમ્હનેં વરૂં ॥૮॥ સુણી વયણ જબ ઝંપા દેઈ,

નગર આપણું તો પેખેઇ; રાય આગલે કરે બિનતિ, પૂરવ વાત સયલ જે હતી. ॥૯॥ કૌત્તિક વાત સુણી જબ રાય, સેવક સરિસું જોવા જાય; દેવીમંદિરે જઇ જબ રહિયાં, સુંદરી દેખી અતિ ગહગહીયાં. ॥૧૦॥ દેખી રૂપ રાયનું સોઈ, સા સુંદરી કામાતુર હોઇ; કામબાણે પીડી કહે સ્વામીની, તૂઠી તુમ્હને કહો કાંઈ કામ. ॥૧૧॥ વચન તમારૂં લોપું નહી, સ્વામીવચણ નવિ વીલુ નહી; તો વલતું નૃપ ઇણીપરે ભણે, પહોચો મંદિરે સેવકતણે. ॥૧૨॥ માની વાત વરીઓ તેણે કાય. પરણી ઘરે આપણપે જાય; પૂછે વર વેતાલ પ્રધાન, આપો ઉત્તર બુદ્ધિ નિધાન. ॥૧૩॥ સત્ત્વવંત સજ્જન બેહુમાંહિ, સત્ત્વાધિક કહો કુણ કહેવાય?; વળતું વિક્રમ એણીપરે ભણે, સત્ત્વવંત સજ્જન સેવક તેહ તણે. ॥૧૪॥ કેણે કારણે પૂછે વેતાલ, નર પ્રતિ આપી કન્યા બાલ; ભૂપતિ સત્ત્વવંત નવિ કહીઓ, સેવક સત્ત્વાધિક કિમ લહીઓ? ॥૧૫॥ કહે વિક્રમ સાંભલ તું સોય, ઉપગારી તે પહિલો જોય; તે સંકેત પહોતો જિસે, વડડાલિ જઇ રહીઓ તિસે. ॥૧૬॥ વળીઓ વિક્રમ વિલખો થયો, વડડાલે શબ લેવા ગયો; લેઇ કરંક હેઠો ઉતરે, વાટે શબ વાણી ઉચ્ચરે. ॥૧૭॥ સર્વગાથા. ૨૬૦

## ॥ ઢાળ ૮ મી ॥

ચોપાઈની દેશી.

સાંભલ વીર વિક્રમ સુજાણ, કથા આઠ પૂરી પ્રમાણ; નવમી વાત વિનોદે કહું, કૌતુક કથાને સુણજો સહુ. ॥૧॥ નયર મદનપુર નિરૂપમ ઠામ, મદનવીર નામે તિહાં રાય; હિરણ્યદત્ત શેઠ અભિરામ, બેટી મદનસેના તસ નામ. ॥૨॥ યૌવનવેષ સહી-અરશું મલી, પહોતી વનમાંહિ રમવા વળી; સોમ-દત્તસુત જિનદત્ત શાહ, તેહ વન આવીયો તેણે ઠાય. ॥૩॥ કુમરી રૂપ દેખી મોહીઓ, અવસર દેખી કર તેણે ગ્રહ્યો; કહે કુંવરી સાંભલ સુરંગ, નવિ કીજઈ કન્યાવ્રત ભંગ. ॥૪॥ આગે મિલ્યો અછે વીવાહ, વીરદત્ત આદરીઓ નાહ; લગન અછે દિન થોડા-માંહિ, પરણ્યા પૂંઠે લેજો લાહ. ॥૫॥ પરણ્યા પતિશું હું રમું, જુ સહી ચલણ તુમારા નમું; વચન અમારૂં હીયડે ધરો, માનો બોલ કહું તે કરો. ॥૬॥ બોલ દઈ નિજ ઘર ગઇ, પરણી લગન દિવસ તે સહી; તે ભર્ત્તારિ સુખસેજે લઇ, પૂરવ વાત તે કહી. ॥૭॥ કહે ભરતાર નિસુણી તે નારી, જા વેગે વહેલી તેણે ઠારી; વાચા ઓસિંકલ તેહતણી, કરી આવી વહેલી ઘરભણી. ॥૮॥ ચાલી મારગે વેગે કરી, મીલ્યાં ચોર તિહાં તેણે ધરી; પૂરવ વાત કહી તિહાં, સહુ (નેં વચન આપ્યું તિહાં.) ॥૯॥ મનાવી ચાલઇ સા નારી, રાક્ષસ દૃષ્ટિ પડી તતકાલી; ભૂખીયો દિવસ સાતનો છઉં, વાત સયલ પૂરવ કહી તોઇ.

॥૧૦॥ રંજીઓ રાક્ષસ બોલે રહો, વચન નારીસિઉં સાચું કહો; જાર પાસે પહુંતી કામિની, વચનબદ્ધ આવી નવરંગ ॥૧૧॥

॥ દોહા ॥

વચન છલે બલી રાજીઓ, કૌરવ કુળનો અંત;
વચને નારી નિરાકરે, રઘુપતિ દશરથ ભૂત. ॥૧॥
વચને હરિચંદ ડૂંબઘરે, નીર વહીયું શિરધાર;
વચનબદ્ધ સહુ જાણજો, વેચી ઘરની નાર. ॥૨॥
કરણ દધીચ કરિ ઉપરે, વચને શ્રી ગોવિંદ;
ઉત્તમ જનને બોલડે, મોહ્યાં ઈન્દ નરિંદ. ॥૩॥
વિશ્વમાંહિ વાચા બડી, સૂધી સહિ સંસાર;
સુર નર કિંનર વચનબલે, બાંધ્યા આવીઈ બાર. ॥૪॥

## ॥ ઢાળ ૯ મી ॥

ચોપાઈ

તો મનમાં ચિંતવે સોય કુમાર, એ મુઝ કુલનો નહિ આચાર; લાજ લખી ઉત્તમકુલે ઘણી, કિમ લોપું કુલવટ આપણી ?. ॥૧॥ માય તાય ગુરૂ ગુરૂણી સહુ, લાજે માને સાસૂ વહૂ; દેશ ગયાં લહીએ માન, તે તો સઘલેં લાજ પ્રધાન. ॥૨॥ લાજ બડી બોલે નરવડા, લાજ વિના હીંડે રડવડિયાં; લાજે અવગુણ મૂકે તજી, સહુ ઈ મારગે હીંડે હજી. ॥૩॥ બહેની ભણીને તેણે માની તામ, સાસરવાસ કરીજે ઠામ; વોલાવીને પાછો વળ્યો, રાક્ષસ આવીને મળ્યો. ॥૪॥ તેણઇ બોલ ભણી તે નારી, આપી

વસ્તુ અમૂલક સાર; દેઈ અર્થ માની ભાણેજ, ચોર ભણી આવી તિહાં જેહ. ॥૫॥ ચોરે તિહાં પરખી બાલિકા, માંહોમાંહિં દેઇ તાલિકા; બેટી ભણી આણી મનમોહ, દેઈ આભરણ ચડાવી સોહ. ॥૬॥ આવી પ્રિયુ આગળ મલપતી, વ્રત અખંડિત વિલસે સતી; કહે વેતાલ સુણો નરરાય, તે ચિહું માંહિ ભલો કુણ થાય?. ॥૭॥ રાય ભણે ભલપણ ચોરનું, પૂછે શબ કારણ તેહનું; ઉત્તર આપે નૃપ તેહને ઠાહાર, પતિએ મૂકી ચલચિત્ત વિચાર. ॥૮॥ બાલક દેખી નવયૌવની, રાક્ષસે દયા કીધી તેહની; રાજદંડ ભય જાણી કુમાર, રાજ કન્યાનો કીધો પરિહાર. ॥૯॥ કારણવિણ ચોરે જે ત્યજી, ભલા ચોર તેણે કારણે કહી; સુણી વાતને રંજીઓ દેવ, થાનકે જઇને બેઠો હેવ. ॥૧૦॥ પૂરવરીતે રાજા ધસીઓ, છોડી શબ મારગેં ઉલ્લસીઓ; વાટે મડું કથા ઇમ કહે, તેહ ભેદ ભૂપતિ તું લહે. ॥૧૧॥ સર્વ ગાથા. ૨૮૬

॥ દોહા ॥

નવમી કથા વેતાલની, સંક્ષેપે સુપ્રસિદ્ધ;
દશમી કથાને કારણે, શારદા આપો નાયબુદ્ધ. ॥૧॥
નગર નિરૂપમ જાણીએ, પુણ્યવર્ધનપુર સાર;
ગુણશેખર નામે વળી, રાજા અતિ સુવિચાર. ॥૨॥

## ॥ ઢાળ ૧૦ મી ॥

ચોપાઈ

મંત્રીશ્વર અભિચંદ્ર ઉદાર, બુદ્ધિવંત જિન-

ધર્માધાર; ધર્મતણાં દેઇ ઉપદેશ, ધર્મવંત ધુરિ કરે નરેશ. ॥૧॥ પદમણી ત્રણ પનોતી સાર, રાજઘરિણી સુંદરી સુવિચાર; સુકુલીની વિશુદ્ધી બાલ, નૃપશું વિલસે ભોગ રસાલ. ॥૨॥ માંહોમાંહિ પ્રેમે ભરી, હંસગમની અપછર અવતરી; હાંસાહોડી કરે મનરંગે, સુખ અવિચલ આપે અંગે. ॥૩॥ તે ત્રણ્યે મનરંગે રમે, વાંછિત ભોગ ભૂપ મનેં ગમે; સોહે અંગે સોઇ સુકુમાલ, અમૃતવચણ બોલે સા બાલ. ॥૪॥ કોમલ અંગ અનોપમ સાર, સુણજો વાત હૂઈ જે પછી; એકતણે પગે લાગો ઘાય, કમલનાલે તસ ભાંગ્યો પાય. ॥૫॥ બીજી નારી અગાસી ગઇ, ચંદ્રકિરણ તસુ લાગે સહી; તેહ સરીરે કોઢ થયો અતિઘણો, સુણો પ્રસ્તાવ હવે ત્રીજી તણો. ॥૬॥ પરઘરે નારી કોઇ વેગલી, ખાંડે કણ ધુબક સાંભલી; હાથે વેદન હૂઇ ઘણી, કહે વેતાલ સુણો નરધણી. ॥૭॥ તે ત્રણમાંહિ કોણ સુકુમાલ, તો બોલ્યો વિક્રમ ભૂપાલ; હાથે વેદન હૂઈ જેહ, તે ત્રણ્યમાંહિ સુંઆલી તેહ. ॥૮॥ વાત સુણીને વળીઉં મડું, ક્ષણમાંહિ વડડાલે ચડયું; વિક્રમ લઈ વલીઓ જામ, વાટે શબ બોલે તામ. ॥૯॥ સર્વ ગાથા. ૨૯૭.

॥ દોહા ॥

દસમી કથા કહી નવી, સુણી વિક્રમ ભૂપાલ;
હવઈ વાત અગ્યારમી, બોલે વીર વેતાલ. ॥૧॥
શુભંકર નામે નયર, ગુણવલ્લભ તિહાં ભૂપ;
રાણી લક્ષ્મીવતી તસ, સોહે અપચ્છર રૂપ. ॥૨॥

પ્રજ્ઞાશોક નામે વલી, મંત્રી અછઈ ગુણવંત;
રાજતણી ચિંતા કરે, આણે અરિયણ અંત. ॥૩॥
એક દિન યાત્રા કારણે, સેતુ બંધ રામેશ;
પહોતો મંત્રી સમુદ્રતટે, પ્રવહણસિઉં પરદેશ. ॥૪॥
યાત્રા કરીને ઘરભણી, વળીઓ મંત્રી જામ;
કલ્પવૃક્ષડાલે ચઢી, દીઠી કન્યા તામ. ॥૫॥
રૂપે રંભા રોહિણી, અમરતણી એ નારી;
ત્રણઈ શ્લોક મુખ ઉચ્ચરે, અરથ ન પાડે પાર. ॥૬॥

श्लोकाः—

येन यद्वापितं बीजं, कर्मभूमौ शुभाशुभम् ।
प्राप्यते तेन तत्रैव, नीयते विधिना सदा. ॥७॥

दैवायत्तं जगत्सर्वं, सदेवासुरमानुषं ।
तस्मात्सर्वप्रयत्नेन, तमेवाराधय तद्वशं ॥८॥

पूर्वजन्मार्जितं कर्म, यत्र पुंसा शुभाशुभं ।
तदेव सर्वजंतूनां, सृष्टिसंहारकारणम् ॥९॥

પૂર્વભવિં જે શુભ અશુભ, કર્મબીજ વાવંતી;
ફલઈ કર્મ તે તેહતઈ, વિધિવશિં તસ્ય હવંતી. ॥૧૦॥

દૈવાયત્તિ જગ સયલ, દેવ અસુર નર એહ;
દૈવ સબલ કવિઅણ ભણે, નિત આરાધું એહ. ॥૧૧॥

કર્મ ભવાંતરે પ્રાણીઇં, સુખ દુઃખદાયક રેષ;
સરજઈ સંહારી સદા, પ્રાણી પ્રતિં ન મેષ. ॥૧૨॥
દેખી કૌતુક અભિનવું, મંત્રી ગયો નિજદેશ;
રાજા આગલ વિનવે, કૌતિગ સોઈ અસેસ. ॥૧૩॥

# ॥ ઢાળ ૧૧ મી ॥

ચોપાઈ

જે નર અરથ એહનો કરે,.......; દેઇ બોલ નર મનિં ધરૂ, પાણિગ્રહણ હું તેહનું કરૂં. ॥૧॥ રાયને વિદ્યાબલ બહુ, કહે અરથ જે મનનું સહુ; કહે કન્યા સ્વામી સાંભલો, અછઇ એ વાતનો આમલો. ॥૨॥ બોલે કન્યા સાંભળે ભૂપ, કાલી ચૌદશે કાલસ્વરૂપ; સાહસીક સાચવણ કરે, સ્વામી તે નર મુજને વરે. ॥૩॥ તિણે દિન માહરી શગતિ નહિ, સાવધાન થયા રહીયો સહી; પાણિગ્રહણ કરી તસુ ઠાઇ, નગર આપણે પહોતો રાય. ॥૪॥ સુખ વિલસે સુરલોક સમાન, ઝીલે ભૂપતિ રંગનિધાન; રૂપેં રાયતણું મન હરે, રાતદિવસ રખવાલું કરે. ॥૫॥ કાલી કાલી ચૌદશી નિશી તે રહિઓ, ખડ્ગ સખાયત સંચલ હુઓ; મધ્યરયણી પહોતી જેતલેં, રાક્ષસ એક આવીઓ તેતલે. ॥૬॥ કન્યા ઉપરિ વાહીઓ હાથ, ગલી નારી દેખે નરનાથ; હાંકી રાયેં હણ્યો પ્રહારેં, રાક્ષસનું તિહાં ફેડીઉં ઠાર ॥૭॥ કાઢી નારી રાક્ષસ મુખ ચડી, રાજા મનેં વિમાસણ પડી; પૂછે રાજા તસુ વૃત્તાંત, કોણ પલાદ ? મુજ ભાંજો ભીત. ॥૮॥ કહે નારી સાંભલ ભરતાર, મુજ પિતા વિદ્યાધર સાર; ભોજન મુઝવિણ ન કરે તાત, એક-દિન રમતા થઈ મઝરાત. ॥૯॥ માહરે મોહે નવ જમ્યો, રોષેં ભર્યો મુજ દીધો શાપ; પાય લાગી અનુગ્રહ માંગીઓ, વળતો ઉત્તર એ મુજ દીઓ.

॥૧૦॥ ભૂચર કોઇ આવી તુજ કરે, તેહને હાથે રાક્ષસ મરે; ત્યારે તે છૂટઇ તું પાપ, ત્યાં લગે તુજને સહી સંતાપ. ॥૧૧॥ શાપ તણો તેં કર્યો નિસ્તાર, મુજ હીયડે એ હરખ અપાર; તું સ્વામી ઉપગારી ઇશ્યો, તેણે વયણે રાજા ઉલ્લસીઓ. ॥૧૨॥ હરખે સ્વજન વર્ગને મળી, માય તાય મન આશા ફલી; રાયેં મહોચ્છવ કીધો ઘણો, તિવારેં વાત હુઇ તે સુણો. ॥૧૩॥ દેખી રૂપ નારીનું ઘણું, પલટાયું મન પ્રધાનહ તણું; કહે વેતાલ પૂછું તુમ્હને રાત, કેણીકારે તસ હુઇ ઘાત. ॥૧૪॥ સર્વ ગાથા. ૩૨૪

॥ દોહા ॥

કહે રાજા સાંભલ સુજાણ, મંત્રી મનમાં અંદોહ;
જાશે રાજ એ રાયનું, રાણીશું અતિ મોહ. ॥૧॥

જસ ઘરિં મહિલા મંત્રણી, પિશુનકેરી શીખ;
અહિનસિ (અહનિશ) કલિશું રૂસણું,
તેહ ઘરેં પડશે ભીખ. ॥૨॥

જેહ ઘરેં દેવ ન માનીઈ, સદગુરુની નહિ આણ;
દાન માન નિશ્ચય નહિં, તેહ ઘરિં સમું મસાણ. ॥૩॥

વડ લુહાઈ નવિ ગણે, દાંત કલે અનુદિન્ન;
વિનય વિવેક વિચાર વિણ, લચ્છી નહિ ઘરમન્ન. ॥૪॥

અહનિશ નારી-નર પુણ, મોહિત ન કરે કાજ;
શાસ્ત્રમાંહે પુણ જોઈજયો, વિણસે તેહનું રાજ. ॥૫॥

શ્લોકઃ—अत्यासन्ना विनाशाय, दूरस्था न फलप्रदा ।
सेव्या मध्यमभावेन, राजा वह्निर्गुरुः स्त्रियः ॥६॥

તેણે દુખેં મંત્રીસરજ, પ્રાણે કરીઉં પ્રયાણ;
કથા કહી અગ્યારમી, જહોવું શબ નિજઠાણ. ॥૭॥
હવ વળી વિક્રમ તિહાં ગયો, વડડાલિ વૃક્ષાત;
છોડી શબને ઉતર્યો, વાટે સોઈ કહે વાત. ॥૮॥

## ॥ ઢાળ ૧૨ મી ॥

ચોપાઈ

ચૂડપુર નામેં વર ગામ, રાજા ચૂડામણિ તેણે ઠામ; દેવસ્વામી પુરોહિત સાર, તાસ પુત્ર હરિ સ્વામી ઉદાર. ॥૧॥ પરણાવ્યો કન્યા ગુણવતી. તાસ નામ છે લીલાવતી; માંહોમાંહિ ઘણી છે પ્રીત, કન્યાની છે રૂડી રીત. ॥૨॥ એક દિન દેખી રૂપ અપાર, લીધો વિદ્યાધરે અપાર; તેણે દુઃખે દુઃખીઆ સહુ કોઈ, વાડી વન દહદિસી તે જોય. ॥૩॥ જોતાં કિમહી ન દીઠી લીહ, તો ભરતાર વિમાસી નેહ; દુઃખે ઝુરંતો થયો તે યતિ, તાપસ વ્રત પાલે તે વ્રતી. ॥૪॥ એકદિન બ્રાહ્મણને બારણેં, ગયો સંન્યાસી તપપારણે; તેહ ઘરે ખીર ખાંડ ઘૃત લહી, વાડીમાંહિ આવીઓ સહી. ॥૫॥ વૃક્ષમૂલે તેણે મેલ્યું ધાન, સરોવરમાંહે કરે સનાન; ક્ષીર તણી ગંધે નીકળ્યો, બોટી અન્ન ભૂજંગમ વળ્યો. ॥૬॥ સ્નાન કરીને આવીઓ જામ, ક્ષીર ખાંડ ઘૃત જમ્યો તામ; જિમ એવ (?) વિષધારિત થયું, ગામમાંહિ બ્રાહ્મન ઘરે ગયો. ॥૭॥ કહે બ્રાહ્મણને તાપસ મર્મ, તુઝ ઘરે નારીએ કર્યું અકર્મ; વિષમિશ્રિત દીધો આહાર,

ઇશું કહીનેં પુહતો પાર. ॥૮॥ તો બ્રાહ્મણે કાઢી ઘરનાર, પહોંચાડી તે પીયર બાર; કહે વેતાલ યતીશ્વર તણી. ××××. ॥૯॥ ×××× હત્યા પાતક લાગે તેહ. ॥૧૦॥ એહવો ઉત્તર દીધો રાય, મડું જઈ પાછું બંધાય; કથા બારનો અવસર કહ્યો, તો રાજા શબ લેવા ગયો. ॥૧૧॥ શબ લઇને વળીઓ નરિંદ, તો બોલે વેતાલ સુરીંદ: સાંભલો સ્વામી કથા પ્રસ્તાવ, પૂછું તુમ્હને તેહનો ભાવ. ॥૧૨॥ સર્વ ગાથા. ૩૪૪

॥ દોહા ॥

નગર નિરૂપમ અંક હિત, ધરણીધર તિહાં રાય;
શેઠ શિરોમણી જાણીએ, ધર્મધ્વજ તિણે ઠાય. ॥૧॥
બેટી જસુ ઘરિં ક્ષોભિણી, રૂપેં જગમોહિની;
યૌવન વેશે નારી તે, સહીઅર સાથે રમે તે. ॥૨॥
ચોર એક ચોરી કરે, રાતે નયર મઝાર;
લોકે રાજા વીનવીઓ, મૂકીઓ રાયે તલાર. ॥૩॥
જોઈ દશ દિશેં પાહરી, ચોર ન લાગે હાથ;
બૂંબે બુંબ સદા પડે, તો ચિંતવઈ નરનાથ. ॥૪॥

# ॥ ઢાળ ૧૩ મી ॥

ચોપાઈ

રાજા નિશિં નિદ્રા પરિહરી, ચોરવેશ લઇ નગરી ફરે; નગરમધ્ય એકાકી રહ્યો, દેખી ચોર અતિ ગહગહ્યો. ॥૧॥ પૂછે રાજ તુમ્હે કુણ લોલક, સાથી છું મનિ આણું દ્રોક; રાજા ચોર થયા એકમતી,

ચોરી કરી આયઘરિં છતી. ॥૨॥ બાંધી મોટી વળીયા બે જામ, નગર બાહિર પહોતા જામ; વાડી માંહિ કૂપ છે ઝરણુ, પડત ખેવ પામીજે મરણુ. ॥૩॥ તેહમાંહિ જઈ પડીઆ દોઇ, ઘરની બારિં પુહુતા તોઇ; ચોર ગયો નિજ મંદિર માંહિ, ભૂપતિ દ્વારિં રહિઓ તિણે ઠાય. ॥૪॥ ક્ષણ અંતરે દાસી મોકલી, જાઓ સ્વામી તુમ્હે નીચ ઘરિં વલી; વાટ ઘાટ દેખાડી સોય, તો રાજા નિશ્ચિંત જ્યું હોય. ॥૫॥ દિવસ ઉદય તે વીંટી કૂપ, તિહાં પ્રગટીઓ ચોર સરૂપ; ચોર અંગે શૂરાતન પુર, રાયકટક સવિ કીધું દૂર. ॥૬॥ હાકે કરી તસુ ફાટે આભ, મયમત્તા ગજ ગલઇ ગાભ; પગ પ્રહારે ધરણી ધડહડે, કટક સાથ એકલડો ભડે. ॥૭॥ સૈનમાંહિ જિહાં વાહિ હાથ, તેહ ભાગ્યો જાઇ નરનાથ; પ્રગટ પ્રહાર કરે જસ અંગિ, તેહના પ્રાણુ હરે સપતંગિ. ॥૮॥ કાળા કોપે ભરીઓ તે ક્રૂર, ભૃકુટી ભીષણુ ભાંજે સૂર; રાયકટક કીધું રેવણી, ચિંતાતુર ચિંતે પુરધણી. ॥૯॥ અલગા રહી કરૂં આકલું, હવે આવવા મ દેશું મલિઉં; ચિહું પાંતે વીંટયો તે ચોર, ધાય વિધુર બાંધીઓ જિમ મોર. ॥૧૦॥ નૃપ આદેશે નગરતલાર, ચોરે પ્રતેં તે કરે પ્રહાર; ચોરાશી ચહુંટે તે ફેરવે, ચોરતણી કરણી કેલવી. ॥૧૧॥ એણી અવસરે ધર્મધ્વજસુતા, આવીને વિનવે પિતા; ચોર સાથે મુજ કરો વીવાહ, એણી ભવેં હરઈ એ નાથ. ॥૧૨॥ રાય આગલ તુમ્હે જાઓ તાત, ચોર મૂંકાવો દઈ ઘરવાત; સેઠેં રાજ સુણાવિઓ સહુ, ભણે ભૂપ મમ કહિશું બહૂ.

॥૧૩॥ ચોર પ્રતે મુકાવે જેહ, અપરાધી અમ્હારો તેહ; કુંવરી વાત સુણાવે શેઠ, તો તેણે ચેહ સંચાવી નેઠ. ॥૧૪॥ દેખી ચોર શૂલીએ ઠવ્યો, ચિંતે સોઈ એહ પતિ હવઉ; વિલપે વિરહણી કર તસુ ગ્રહી, નિરખઈ નગરલોક તિહાં રહી. ॥૧૫॥ દેખે ચોર શૂલે વસ્યો, પહિલાં રોયું પછી હસ્યો; અપછર અંગે કરી સણગાર, માય તાય મનેં અસુખ અપાર. ॥૧૬॥ કુમરી આવી વનમોઝાર, તૂઠી વનદેવતા તિણિં ઠાહારં, સાહસ પ્રમાણે તૂઠી વચ્છે, માગ વર આપું લચ્છી. ॥૧૭॥ કુમરી કહે જો તૂઠી માત, આપે જો પંચાંગ પસાય; તો જીવાડો મુઝ ભરતાર, આપું અખંડ અહિવાતણ સાર. ॥૧૮॥ દૈવ શક્તીએ તે જીવ્યો સહી, સુખ વિલસે પાતાલે જઈ; કહે વેતાલ સુણ નર જાણ, કહે તે રહેશે પરમાણ. ॥૧૯॥ રોયો ચોર હસીઓ તે કીસે, રાજા વિક્રમ બોલે તીસે; કારણ વિણ તે કન્યા સાર, એહને કિમ કરશું ઉપગાર ?. ॥૨૦॥ નિષ્કારણ મુજ સરસી રહી, વિણ ઉપગારેં અંગ કિમ દહી ?; ઇશું વિમાસી રોયો ઘણું, હસ્યો ચરિત્ર દેખી સ્રી તણું. ॥૨૧॥ અસ્રી અર્થિં હણ્યો જિમ બલી, રામે રાવણ કીઓ વિસરાલ; કીચક ખીચક કીધા ભીમ, નારીં અનેક દમ્યા નર ઇમ. ॥૨૨॥ ઈંદ્ર વિગોપ્યો અહલ્યાસંગિં, સહસ્રયોનિ હુઇ તસુ અંગિ; ચંદ્ર કલંકી વિગોયું નારિં, સૂરતણેં શરીરેં કોઢ અપાર. ॥૨૩॥ દીસે દેવદાનવ વશ્ય, ચોપદ ચતુર ચંગ નર ગરયા; જો મન માને તો નર રમે, નહિ તો રાતદિવસ સ્રી દમે.

॥૨૪॥ સુકુલીણી સુંદરી ગુણભરી, વિષયવતી પ્રિયસું પરિવરી; ઘરિં આવ્યાને દે બહુમાન, બોલે વચન અમૃત સમાન. ॥૨૫॥ દરશને નરના સવિ દુઃખ જાય, પ્રેમપનોતી પ્રિય મનિં થાય; પૂરવપુણ્ય પ્રગટ હૂઈ જામ, ઇસી નારી પામઇ ઘરવાસ. ॥૨૬॥ ચોર ઉપર રાતું ચિત્ત, રાયપ્રતિં માનુ ઘરવિત્ત; રાતી રામા રંગે રમે, કુષ્ટી કામદેવ કરી ગમે. ॥૨૭॥ જો મનમાંહિ નવિ આવે વાત, તો નરને દમે દિવસ ને રાત; રૂપે જિશો અશ્વિનીકુમાર, મન વિણ ન ગમે વાતે ભર્ત્તાર. ॥૨૮॥ અબલા અંગે સબલ પણું ઘણું ઇસ્યું, નરને નારી ન માને કિશ્યું; જ્યું પતિ જૂઠં થાઇ જામ, તો જૂવતીનિં મન્નાવી આણ. ॥૨૯॥ જિમ જલ નીચું જાઇ ધસી, નીચ કરમ કરાવે અસતરી; સુકુલીની સુંદરી શશિમુખી, પતિના દુઃખે દુઃખણી સુખે સુખણી. ॥૩૦॥ પ્રમદા પ્રેમ ઇશ્યો મન વસ્યો, તિણ કારણેં એ રોયો હસ્યો; એહવો ઉત્તર દીધો રાયેં, મડું જઇ ડાલેં બંધાયે. ॥૩૧॥

॥ દોહા ॥

છોડી રાય જઈ તિણ સમે, વાટે વાત કહે તે સુણો;
શબમુખે રહ્યો દેવ દયાલ, કથા ચૌદમી કહે વેતાલ. ॥૧॥
મહીમંડલે નગરી અછે, કૌશાંબી સુવિચાર;
પાલે પૃથિવી પુણ્ય બલે, નૃપ સુવિચાર ઉદાર. ॥૨॥
ચંદ્રયશા ઘરેં તેહતણું, રાણી રંગે રમંતી;
પુણ્ય તણાં ફલ ભોગવે, એણીપરે કાલ ગમંતી. ॥૩॥

તસ બેટી ચંદ્ર પ્રભા, સહીઅર સરસી જોડ;
વનમાંહિ ક્રીડા કરી, પૂરે વંછિત કોડ. ॥૪॥

ઇણ અવસરે ચતુરનર, રૂપવંત સુવિચાર;
પેખી કુમરી મન મોહિયું, બ્રાહ્મણશું તિણિ વાર. ॥૫॥

માંહોમાંહિ પ્રેમ ઘણો, ઉપન્નો અતિ સનેહ;
પણ કિમ હોય મેલાવડો, દૈવ વિચાલી જેહ. ॥૬॥

હું તુમ્હ પૂછું ભમરલા, કાલો કવણ ગુણેણ ?;
બાહિર દાજ્યું લૂંઅડા, અભ્યંતર વિરહેણ. ॥૭॥

વિરહ વિલૂધાં માણસાં, કાં સરજ્યાં કિરતાર ?;
નીસાસે દિન નીગમે, ઓલંભે વરહાર. ॥૮॥

કામ સસલ્લી રયણી નિંસિ, વિરહાં દાઝઈ દેહ;
નયણે નીઝરણી વહે, મયણ જગાવે નેહ. ॥૯॥

વિલપંતા મંદિરે ગયાં, દિવસ વિયોગે જાય;
મૂલદેવધૂર્ત્ત ધરી, આવીઓ તેણે ઠાય. ॥૧૦॥

વિપ્ર તણે ઘરે ઉતર્યો, નિશિભરી નિદ્રા મોઝાર;
સોઈ વિપ્ર વિલવે ઘણું, સહુ નર દીઠી નાર. ॥૧૧॥

જાગ્યો તવ નીસાસ સુણી, મૂલદેવ જંપે ઈમ;
મુજ આગલ કહો વાત સવિ, કાંઈ તું મન કંપેઈ ?. ॥૧૨॥

પૂરવ વાત સવિ કહી, કન્યા દહે દિન ને રાત;
ઉપન્યો મનિં નેહલો, પુણ દૈવ વિચાલિં. ॥૧૩॥

## ॥ ઢાળ ૧૪ મી ॥

ચોપાઈ

મૂલદેવ કહે સુણ મુજ વયણ, કન્યાવાત કહી તે વયણ; ત્રિભુવનને હું પાડું પાસિં, તે કન્યાને

કરૂં તાહરી દાસી. ॥૧॥ બ્રાહ્મણ કહે સાંભલ સુજાણ, તો શિર વહું તુમ્હારી આણ; તો બ્રાહ્મણ મુખે ગુટિકા દીધ, કન્યા કરીને સાથે લીધ. ॥૨॥ મૂલદેવ અસ્થાની થયો, કન્યાસરિસુ રાઉલે ગયો; જુ પૂછે રાય દેઈ બહુમાન. એ કન્યા કોણ રૂપનિધાન ?. ॥૩॥ કિણિં થાનકે તુમ્હારો વાસ, કિસી કાજે આવ્યા અમ્હ પાસ ?; તો કહે મૂલદેવ મન રંગ, ગંગાતટે નિવસું અતિ ચંગ. ॥૪॥ દેશાઉરેંથી માગી નારી, બેટુ છે જીવન આધાર; તેહને પરણાવીશ વહૂ, સાંભલો ભૂપ તુમ્હને કહું. ॥૫॥ જેતલઈ લઇ પહોતો ગામ, તેતલેં ચોરે ભાંગીઉં ઠામ; કુટુંબ સહુ દસદિસી ખલભલું, થયું સૂધ તવ આવી મળ્યું. ॥૬॥ નાસી પુત્ર ગયો પરદેશ, તેહની શુદ્ધિ નહિ લવલેશ; દસ દિસિં પુત્ર જોયંતો ફિરૂં, કન્યા તુમ્હ ભલામણ કરૂં. ॥૭॥ રાયેં નિજપુત્રી વલ્લહી, દેઈ સીખને આપી સહી; ભોજન વસ્ત્ર કરે સંઘાત, એક દિન કપટી પૂછે વાત. ॥૮॥ સખી કાંઈ આમણ દૂમણી ?, કુમરી કહે વાત મનતણી; વિપ્ર વિયોગ અછે મનમાંહિ, તો કપટી બોલ્યો તેણે ઠાઈ. ॥૯॥ તુઝ વલ્લભ દેખાડું દેવી, તો મુજને શું આપશો હેવ; રાજકુમરી બોલી તિણ ઠાહારી, તુજ દાસી થાઉં નિરધાર. ॥૧૦॥ મુખથી ગુટિકા કાઢી બાલ, વિપ્રરૂપ પ્રગટીયું તતકાલ; ચ્યાર થંભે ચોરી કરી, સૂરજ સાખેં તે કન્યા વરી. ॥૧૧॥ રાતે પુરુષ થઇને રમે, દીહે કન્યા થઇને ભમે; દિવસ કેતલે વાધિઓ વાન, કન્યા ઉદરેં રહિઉં આધાન ॥૧૨॥

એક દિવસે મંત્રિ ઘરેં રાય, ભોજન કરવા સહુકો જાય; બ્રાહ્મણ કન્યા થઈ તિહાં ગઇ, મંત્રી સુતના મનમાં અછઈ. ॥૧૩॥ મંત્રીશ્વરે વીનવીઓ ભૂપ, બેટાનું સવિ કહિઉં સરૂપ; કહે બ્રાહ્મણકન્યા સૂત વરે, નહીં તો પુત્ર અખૂટ મરે. ॥૧૪॥ રાયે કન્યા પૂછી સોઈ, વલતું કપટી બોલે તોઇ; મુજને વરીજે છમાસ, યાત્રા કરી આવે આવાસ. ॥૧૫॥ ઉત્તર દીઓ બ્રાહ્મણને તુમ્હે, તો સહી તે વર વરશું અમે; માની વાત વરી તિણે સમે, મંત્રીસુત યાત્રાએ ભમે. ॥૧૬॥ દિન કેતા ગાલી આવીઓ, મૂલદેવ સસી બેટ્ઠ કીઓ; રાજસભાએ બેહુ જાય, કન્યા થાપણ આપો રાય. ॥૧૭॥ તો રાજા કહે વરી કુમારી, મંત્રીશ્વર બેટા મતિસારિં; કોપ્યો મૂલદેવ કહે વાણી, રાજકન્યા આપો તિણે ઠાણીં. ॥૧૮॥ થાપણ લોપ્યાનું તુમ્હ પાપ, નહીં તો અમ્હે દેશ્યું શરાપ; પાપભીરૂ નૃપ દીએ દીકરી, ચાલ્યો સહસ દેવ તે વરી. ॥૧૯॥ આવીઓ વિપ્ર રૂપ પાલટી, કન્યા કારણે બેઠો હઠી; પહેલા પરણ્યો બ્રાહ્મણ તેહ, પછે મૂલદેવ તસુ લેઇ. ॥૨૦॥ વિવાદ નિસુણે તિહાં સહુ, કહો રાજન ! તે કહેની વહૂ ?, સુણ વેતાલ લોકની સાખ, વરીઓ સહસદેવ વર દાખ. ॥૨૧॥ રાયે ઉત્તર દીધો ઇસ્યો; વડડાલેં શબ વાસે વસ્યો; છોડી વિક્રમ કરે પ્રયાણ, વાટેં શબ ઇમ બોલે વાણ. ॥૨૨॥ કથા ચૌદમી એ પરમાણ, પંનરમી સાંભલજો સુજાણ; હેમાચલ પર્વત અભિરામ, અમરતણું રમવાનું ઠામ. ॥૨૩॥ સર્વગાથા. ૪૧૫

॥ દોહા ॥

વિદ્યાધરભૂપતિ સબલ, જીમૂત કેતુ પવિત્ર;
અરિઅણ સવિ આજ્ઞા વહે, પાલે મહી એકછત્ર. ॥૧॥
અંગજાત તેહને નિપુણ, જીમૂતવાહન સાર;
દુઃખ ભાંજે દુઃખીયાં તણાં, પીડિતનો આધાર. ॥૨॥
રાજ દઇ બેટા પ્રતિ, મૂકી ઘરની આથ;
વને જઈને તપ આદરે, વૈરાગેં નરનાથ. ॥૩॥

## ॥ ઢાળ ૧૫ મી ॥

ચોપાઈની દેશી.

જીમૂતવાહન પાલે મહી, પૃથ્વી ઓરણ કરી તેણેં સહી; પિતાતણાં આશ્રમે નિત્ય જાય, મધુર નામે તાપસ તેણી ઠાય. ॥૧॥ તે સાથે મૈત્રી આદરી, દસ દિશિં પર્વત જોઇ ફરી; ગૌરી તણા ગયા પ્રાસાદ, દીઠી સુંદરી વીણાવાદ. ॥૨॥ અભિનવ સરસતી કે ઉર્વશી, × × × ×; વિશ્વાવસુરાજા કુંવરી, જીમૂતવાહન રાયેં વરી. ॥૩॥ મલયવતી પરણી ઉત્સાહ, રાજા ઋદ્ધિ ઉડવલેં જાય; મૂંકી સ્ત્રી ઉદ-વલિં તાત, સાથેં સુકુમાલિકા સ્ત્રી ભર્ત્તાર. ॥૪॥ ગિરિંકદર જોઇ તિહાં રમે, પાસ પાસ શીખર તે ભમે; કૌતિગ નવ નવ પેખે બહુ, વાડી વન નયર નિરખે સહુ. ॥૫॥ દીઠું શીખર એક અભિરામ, પૂછે નૃપ એ કેહનું ઠામ ?; સર્પ અસ્થિ દીસે ઉજલા, ડુંગર શીખર સરિસાં મીલ્યાં. ॥૬॥ આવે નાગકુંવર અતિ ઘણાં, ગરૂડે એણી થાનકિં સવિ

હણ્યા; રાયેં વાલીઓ સોય કુમાર, આપણે પે બેઠો તેણે ઠાહારિ. ॥૭॥ રોતી નિસુણી દિસિં એક, પૂછે રાજા કરી વિવેક; કિશ્યું દુઃખ માડી તુમ્હ તણે ?, તો વળતું ડોકરી ઇમ ભણે. ॥૮॥ શંચ ચૂડ છે માહરે પુત્ર, એકહિ રાખે છે ઘર સૂત્ર; તેહનો ભક્ષ કરીશ્યઇ ગરૂડ, નાગતણું તેણે ભાંજિઉં મરડ. ॥૯॥ તેણે દુઃખે રોઉં છું ભાય, તો વલતું બોલિઓ તિહાં તે રાય; માન અસમાધિ મ કરશો તુમ્હે, બેટા થાનકિ જાશ્યું અમ્હે. ॥૧૦॥ શંખચૂડ ઇમ બોલ્યો વચણ, તું ઉપગારી નરરયણ; અમ્હ કારણિં તું મ કર સંતાપ, અમ્હે તમારૂં ન લીએ પાપ. ॥૧૧॥ ઇશ્યું કહીને ગયો સુરરાજ, ગોકર્ણદેવ પૂજવા કાજ; ગરૂડદેવ આવ્યો તિણ ઠાય, વધ્યશિલાએ જઈ બેઠો રાય. ॥૧૨॥ ગરુડે લીધો પાંખ મઝાર, ચાંચે ઝાલી કરે પ્રહાર; શંખચૂડ તિહાં આવ્યો વહી, ગરૂડ! એ ભક્ષ તાહરૂં નહિ. ॥૧૩॥ ભક્ષ તુમારે જેહસિઉં લાગ, તે હું શંખચૂડ છું નાગ; ગરૂડ વિમાસી પૂછે વાત, ચાંચથી તો મૂકયો નરનાથ. ॥૧૪॥ કુણ તું કિણ કારણે ઇહાં રહ્યો, વલતો ઉત્તર રાયે કહ્યો; કરિ ભક્ષ તું મ કરીશ જેડિ, કાજ કીશું તાહરે નીમેડી. ॥૧૫॥ ગરૂડ ભણે સાંભલ નર જાણ, પર કારણે કાં તીજે પરાણ; આપ રાખંતા કીજે ધર્મ, તો રાજા બોલીઓ એ મર્મ. ॥૧૬॥ પરના અર્થિં જીવિત જેહનું, ઉપકારી જીવિયું તેહનું; આપ ઉગારી પરને હણે, એણીપરે જીવે સુગતિ કુણ ભણે ?. ॥૧૭॥ તૂઠો ગરૂડ દીએ બહુમાન, શંખચૂડને જીવિત-

દાન; આગે નાગ વિણાસ્યક બહુ', તૂઠયા સ્વામી જીવાડો તેસહુ. ॥૧૮॥ રાયવચણે ગરૂડે ઉદ્ધરીયાં, સંજીવની વિદ્યાએ પરિવર્યા; અમીઅ છટા નાંખી તે યક્ષ, પુંડરીક કુલ થયું પરતક્ષ. ॥૧૯॥ શ્લોકઃ। परप्राणैर्निजप्राणान्, सर्वे रक्षंति जंतवः। निजप्राणैः परप्राणान्, एको जीमूतवाहनः ॥૨૦॥ દૂહા ॥ ઉવયાર સહ ઉવયારડું, સવ્વુ લોઅ કરેઇ; અવગુણે કીધે ગુણ કરે, વિરલા જણણી જોઇ. ॥૨૧॥ એક સોનું ને સુપુરિસહ, તાવ્યા વાધે વાન; પર ઉપકારે અગર દહીઓ, પ્રગટે ગંધનિધાન. ॥૨૨॥ ચંદન હોઇ સીઅલું, ઘસીઉં ઘન ઘનસાર; પરિમલ બહુલ પરતક્ષ જૂઓ, ગિરૂઆ એહ ઉપગાર. ॥૨૩॥ ગુણ કીધે સહુ ગુણ કરે, એ તો લોકવ્યવહાર; અવગુણ કીધે ગુણ કરે, તે તો ઉત્તમ આચાર. ॥૨૪॥ તૂઠયા નાગકુમાર, તસ પર ઉપગારી વીર; પ્રતિ ઉવયારહ કારણે, આપે માંગ્યું તસ ધીર. ॥૨૫॥ અપપણિં થાનકે સહુ જાયઃ કહે વેતાલ સુણો વિક્રમ રાય; શંખચૂડ ને રાજામાંહિ, સત્ત્વવંત કહો કુણ કહેવાય? ॥૨૬॥ વળતું વિક્રમ ઇમ બોલીઓ, શંખચૂડ સત્ત્વાધિક કીઓ; રાજા સત્ત્વાધિક સીઇ નહિ, શંખચૂડ જો આવીઓ સહી. ॥૨૭॥ તેહ ભણી સત્ત્વાધિક બોલીઓ, સુણી વયણ વેતાલ જ વળ્યો; તો વિક્રમ ચડીઓ વૃક્ષ, છોડી શબ ને વળીઓ દક્ષ. ॥૨૮॥ સર્વગાથા ૪૪૬,

॥ દોહા ॥

કથા પન્નર પરમાણ થઈ, રાયજી સુણા સુજાણ;
સાંભલતાં સુખ ઉપજે, સોલસમી એ વાણ. ॥૧॥
વિજયપુર નામે નયર, ધર્મસેન તિહાં રાય;
નગરશેઠ છે તિહાં નિપુણ, રત્નાદિત્ય તિણ ઠાય. ॥૨॥
બેટી તાસ વિચક્ષણી, ઉન્માદિની તસુ નામ;
સુરજન મુનિજન મોહિની, તાત વિમાસે તામ. ॥૩॥
રાય પ્રતિં જઈ વીનવે, ભૂપતિ! તું અવધાર;
તુઝ અંતેઉરી નહીં તિસિં, મુઝ ઘર બેટી સાર. ॥૪॥
રાયે કન્યા નિરખવા, મોકલીઆ પ્રધાન;
કન્યા જોઈ તે વળ્યાં, ચિંતવે બુદ્ધિ નિધાન. ॥૫॥
એ કન્યા નૃપ જો વરે, તો સહી જાયે રાજ;
યુવતી રૂપેં મોહીઓ, વિણસેં સઘલાં કાજ. ॥૬॥
ઈશ્યું વિમાહી રાયને, ઉત્તર દીધો એહ;
સ્વામી! કુલક્ષયકારિણી, નવિ પરણીજે એહ. ॥૭॥
"રૂપઇં રૂડું હોય, રાયણિ પાહિરી રીંગણું;
હાથ ન વાહિ કોય, એક અવગુણ કડુઆ તણું. ॥૮॥
રૂપ મ રાચો નર નિપુણ, ગુણ રાચઈ સહુ કોઈ;
આઉલિ કરે ફુલડે, હાથ ન લેવે કોઈ. ॥૯॥
રૂપેં રાણી મન વિચડે, રૂપેં ન હોઈ સોહ;
રૂપેં માન ન પામીએ, ગુણેં ગિરૂઆ સહુ કોઈ. ॥૧૦॥
ગુણવલ્લભ કવિઅણ ભણે, ગુણ મોહન સંસાર;
ગુણ જોઇને નર નિપુણ, તે વરીજેં ઘરનાર. ॥૧૧॥
આગે જનમ યુવતિ તણો, કાંજી કુથિત સમાન;
ગુણ વિણ ગર્વ કરે ઘણું, તે કિમ પામે માન?." ॥૧૨॥

માની વાત નૃપ નારી તેહ, સેનાપતિને દીધ;
રાયપસાયે તેહને, મનના મનોરથ સીધ. ॥૧૩॥
એક દિન ભોજન કારણે, તેડયો ભૂપ તેવાર;
સોવન કરવી કરે ધરી, અભોષણ દીએ નાર. ॥૧૪॥
દેખી રૂપ તે નારીનું, કામ બાણુ પીડન્તી;
ચલ્યું ચિત્ત જાણી કરી, સેનાની બોલન્તી. ॥૧૫॥
સ્વામી લીજે નારી એહ, કીજે ભોગ વિલાસ;
અંતેઉર લઈ પાઠવું, પૂરૂં મનની આશ. ॥૧૬॥
રાય ભણે સેવક સુણો, પરનારી મુજ નીમ;
તુજ દીધી કિમ આદરૂં ?, કુલવટ લોપું કેમ ?. ॥૧૭॥
કામજ્વરે પીડયો તિહાં, રાજા નીડે પ્રાણ;
સેનાનીના નારિસીઉં, ખાધાં કાઠ સુજાણ. ॥૧૮॥
સુણ રાઉ જીવન માહરા, સાહસીક કોણ દેવ ?;
કહે વેતાલ વિચારજો, ચતુર હોયે તે હેવ. ॥૧૯॥
સત્ત્વાધિક રાજા સુણો, તે બીહુમાંહિ પ્રધાન;
મરણ લગિં વ્રત જેણે ધર્યું, તે તું બુદ્ધિ નિધાન. ॥૨૦॥
કથા કહી તે સોલમી, વલીઓ જબ વેતાલ;
કેડે વિક્રમ આવીયો, જઈ ચડીઓ વડડાલ. ॥૨૧॥
શબ લેઈને ચાલીઓ, મારગિં શબ બોલંતી;
હવે સત્તરમી વાત સુણ, રજની અહિલે જંતી. ॥૨૨॥

## ॥ ઢાળ ૧૬ મી ॥

ચોપાઈ

ઉજ્જેણી નગરી અભિરામ, મહાસેન રાજા તેણે ઠામ; દેવશર્મા બ્રાહ્મણ તિહાં વસે, ચ્યારે વેદ સદા

અભ્યેસે. ॥૧॥ બેટો એક ગુણાકર સાર, ઘૂર્તવ્યસન તણો અભ્યાસ, જૂ રમતાં તેણે હાર્યું સહુ; માય બાપ શિક્ષા દીએ બહુ. ॥૨॥ શીખ દીયંતા રોષ ધરે, રીસાવીઓ વનમાં સંચરે; ક્ષુધા ક્રાંત દિન-રયણી સોય, લાંઘણ ત્રણ એણી પરે હોય. ॥૩॥ ભમતાં ત્યાં દીઠું દેવલ એક, તિહાં જઈને બેઠો સુવિવેક; યોગી એક આવ્યો તિણે સમે, ઉઠી દ્વિજ તેહના પાયે નમે. ॥૪॥ પૂછે યોગી તું કુણ દેવ, કેણી કારણે ઇહાં બેઠો હેવ; વિનય કરી વાડવ બોલંતી, પૂરવ વાત કહિઓ વૃત્તાંત. ॥૫॥ ક્ષુધા-ક્ષામ ને દૂબર્લ દેહ, દેખી યોગી બોલ્યો તેહ; નરક-પાલિં છે ભોજન સાર, ઉઠ વિપ્ર તું કર આહાર. ॥૬॥ તો બ્રાહ્મણ કહે નવિ આચરૂં, નરકપાલે ભોજન નવિ કરૂં; યોગી ધ્યાન સ્વાભાવિક ધરી, વટયક્ષિણી પ્રણતિં કરી. ॥૭॥ કહે યોગીસર સાંભલ દેવ!, અભ્યાગત સાચવજો હેવ; યોગીવચન લહી તે સુરી, ભોજન ભક્તિ સજાઈ કરી. ॥૮॥ દીવસે ભોજન ભક્તિ કરેવી, રાતેં ભોગ સયલ વિલસેવિ; સુપ્રભાતેં પહોતો નિજ ઠામ, જાગ્યો વિપ્ર વિમાસે તામ. ॥૯॥ દેખી દ્વિજ આમણદૂમણો, પૂછે યોગી કારણ તેહતણું; વટયક્ષિણી વિયોગ વિચાર, તેણે કારણે મુઝ અસુખ અપાર. ॥૧૦॥ તૂઠો યોગી વિદ્યાધણી, વટયક્ષિણી સાધવાતણી; વિદ્યા આપી આણી દયા, મર્મભેદ સઘલાં તસ કહ્યા. ॥૧૧॥ વિપ્ર વિમાસે હૃદય મઝાર, માય તાય મીલી એકવાર; ઇશું વિમાસી નિજઘર જઈ, માય તાય સંભલાવીઉં

સહિ. ॥૧૨॥ અછે વિદ્યા સાધે સોય; વટયક્ષિણી પ્રગટ નાવિ હોય; કહે વેતાલ સુણો ભૂપતિ ભેદ, ઉત્તર આપો વડિ વિચ્છેદ. ॥૧૩॥ વિદ્યા નવિ સીધીસિં તેહ, વિક્રમ બોલ્યો તિહાં એહ; વિદ્યા લહી બે ચિત થયો, માય તાયને મળવા ગયો. ॥૧૪॥ કુટુંબ મેળાવો અધિકો અણી, નવિ સીદ્ધી વિદ્યા તેહ ભણી; સુણી વચણ વળી ગયો વેતાલ, જે ચડીઓ વડ કેરી ડાલ. ॥૧૫॥ તિહાં શબ છોડી વળી નરેશ. કથા અઢારમી કહે નરેશ; સાંભળ પૃથ્વીપતિ પ્રસ્તાવ, કથા તણો હું પુછું ભાવ. ॥૧૬॥ નગરી છે વંકોલા નામ, રાજા સુંદર છે તસ ઠામ; નગરશેઠ યક્ષેશ્વર શાહ, દાન પુણ્ય લક્ષ્મી લીલાહ. ॥૧૭॥ બેટી ધનાવલી તેહ તણે, અલકાવાસી વણિક એક ભણે; ગૌરીદત્ત અમ્હારૂં નામ, અછે અમ્હારે તુમશું કામ. ॥૧૮॥ કન્યા તણો કરો વીવાહ, તો મનવંછિત સીઝે શાહ; મિલિતાવસ જવ જોઇ તાત, જનમયોગિં જોતાં સવિ વાત. ॥૧૯॥ સુજન સહુકો ઇમ ઉચરે, એ કન્યાને એ વર વરે; લગન મુહૂરત જોયાં બહુ, પરણાવીને આવ્યા ઘરે સહુ. ॥૨૦॥ સર્વગાથા ૪૮૮.

॥ દોહા ॥

પુણ્યે નર પરાસદ્ધિ લહે, પુણ્યહિં અર્થ ભંડાર;
પુણ્યે પ્રભુ માને માનીની, પુણ્યે સુખ સંસાર. ॥૧॥
જે નર પુણ્યે આગલાં, તે ઘરિં પુરીસા સદ્ધિ;
પુણ્ય વિના કિમ પામીએ, પ્રીયઘરે પરિગલ ઋદ્ધિ?. ॥૨॥
રાનિં વેલાઉલ જે લહે, નવ નવ ભોગ વિલાસ;
પુણ્ય કરો રે પ્રાણીઆં, જિમ પહોંચે સવિ આશ. ॥૩॥

પંચ વિષય સુખ વિલસતાં, બેટી જાઇ જામ;
સૂલતણે શેગે કરી, પિતા ગયો યમ ઠામ. ॥૪॥

## ॥ ઢાળ ૧૭ મી ॥

ચોપાઇ

ધનાવલી તવ રોઇ ઘણું, દત્ત સમરે પુરવભવ તણું; દૈવ ઓલંભા દે તે વળી, પ્રીયવિરહાનલે પરિ-જલી. ॥૧॥ ફૂટે પેટ ને હણે નીયઅંગિં, વિરહણી વિલપે વિરંગી; લાગ્યું કર્મ પૂરવભવતણું, પ્રીય-વિયોગે ઝૂરે અતિઘણું. ॥૨॥ અપુત્રીયાંની લક્ષ્મી ઘણી, રાયતણાં જન લેવા ભણી; આવ્યા સોહી જિસ્યાં યમદૂત, લિઇ લૂસે લગડે જિમ દૂત. ॥૩॥ ઝડપે તડકે સોધે ખણણઇ, વલગે ઝૂંબે હાંકે હણે; મૂકી સહુ બેટી કડે કરી, ધનાવલી નાઠી શિરવરી. ॥૪॥ રાત અંધારી દુખ પ્રીયતણું, કડે કીકલી વિટંબે ઘણું; પડતી આખડતી વનમાંય, શૂલી ઠવ્યો ચોર તિણ ઠાંય. ॥૫॥ અંધારે તિહાં જઇ આફલી, ચોરે નારી નિરૂપમ કલી; ચોર વચન બોલ્યો તિણ સમે, દુખે પ્રાણ ન જાએ કિમ્હે. ॥૬॥ ધનાવલી કહે દુઃખ તુજ કિશું, વળતું ચોર કહે તે ઇશું; ધન બહુલ છે મારે જાણ, અણુરણિંઇ (અધીરપથી) નવિ જાએ પ્રાણ. ॥૭॥ જો તું મુઝ પરણાવે નાર, તો તુજ ધન આપું સાર; ધનાવલી ધનલોભે કરી, ચોર પ્રત્યે દીધી દીકરી. ॥૮॥ યૌવનવયે ધન દેઇ સોઇ, કર્મી પુરુષ પનોતો કોઇ; ધન આપી દેજ્યો રૂતુદાન, સીખ દેઇ આપ્યો નિધાન. ॥૯॥ વરી

નારી મનેં થયો સંતોષ, હરખી ચોર ગયો પરલોક; ધનાવલી પીપરમાં જઈ, ઉછેરે બેટી તિહાં રહી. ॥૧૦॥ યૌવનવયે નર નિપુણ નિધાન, બ્રાહ્મણ તેડી દીયે રૂતુદાન; ધન સંતોષીઓ તેહ, કુમરી ઉપર ઘણો સનેહ. ॥૧૧॥ બેટી ઉદરે હુઆ નવ માસ, પુત્ર જનમ્યે સવિ પહોતી આસ; છઠ્ઠીનેં દિનેં સુહુણું લહે, કુલદેવતા આવી ઇમ કહે. ॥૧૨॥ રાજ સભાએ રયણ મઝાર, ધન સાથે મૂક સુતસાર; રાજ ધુરંધર હોઇ સહી, કુલદેવતે વાણી ઈમ કહી. ॥૧૩॥ તેણેં વચનેં સુત સુંદર સોઈ, મૂકયો તિમ જિમ ન લહે કોઇ; સહુણું રાઇ દીઠ પરતક્ષ, દેખઇ નૃપ મન ઉલ્લસીયું. ॥૧૪॥ પુત્ર તણી પરેં પાલે ભૂપ, ××××; કલાનિપુણ ઉત્તમ આચાર; લહુઅ લગે ગુણ ભંડાર. ॥૧૫॥ વિશૂચિકાના રોગે કરી, રાજા પુહુતો અમરાપુરી; રાજયે ઠવિઓ લેઈ સુત સોય, ન્યાયનીતિ નરપતિ મનેં હોય. ॥૧૬॥ એક દિન ગયો ગંગા તટે, પિંડ દાન દે પેસી નીર; પિતા ધરી જબ મૂકિઓ પિંડ, ત્રણ હાથ નીકલીયાં અખંડ. ॥૧૭॥ ચોર વિપ્ર ને રાજા તણો, કહે વેતાલ સ્વામિ તુમે સુણો; પિંડદાન કેહને દેવાય, તવ તિહાં બોલ્યો વિક્રમરાય. ॥૧૮॥ ચોર હાથેં દીજે પિંડદાન, ધન લઈ બ્રાહ્મણ રૂતુદાન; રાયેં દ્રવ્યેં પાળીઓ સોય, ચોર પિતા તેણે કહેવાય. ॥૧૯॥ ચોરેં દ્રવ્ય દઇને વરી, ધણી ચોર તેણે કારણે કરી; ઉત્તર દીધો સૂધો સમો, વ્યંતરને મનિં ગાઢો ગમ્યો.

॥૨૦॥ તવ વેતાલ ગયો વડ ભણી, કથા અઢારમી રાયે સુણી; શબ છોડીને મનિં ગહગહી, ઓગણીસમી વાત ઈમ કહી. ॥૨૧॥ સર્વગાથા ૫૧૪.

॥ દોહા ॥

ચિત્ર કૂટ નામે નયર, રૂપસેન ભૂમીશ;
મિથ્યામતી ભૂલો ભમે, આહેડે નિશદીસ. ॥૧॥
એક દિન ગયો વન એકલો, મૃગ પૂંઠે અતિદૂર;
કન્યા રૂપેં અનોપમી, દીઠી ભૂપતિ ભૂરિ. ॥૨॥
મોહનમૂરતિ માનીની, પેખી પ્રેમ ધરંતી;
ક્ષણ અંતરે દીઠી નહિ, નૃપ દશદિશિં ફરંતી. ॥૩॥
જોતાં જંગલ તે વડે, આશ્રમ ઋષિના ચાહિ;
ઋષિ ઉડવલિં પેખી કરી, પ્રણમે ભૂપતિ પાય. ॥૪॥
તાપસ પૂછે રાયને, તું કોણ કહીઇં જાણ;
ચિત્રકૂટ પરવત તણો, રાજા હું ઈણ ઠાણ. ॥૫॥
મૃગયા વ્યસને વિડંબીઓ, જોઉં જંગલે જીવ;
બાણ પ્રાણી પૂરીઇં સયલ, નાસે કરતા રીવ. ॥૬॥
તો મુનિજન ઈમ ઉચ્ચરે, હિંસા મ કર ગમાર;
જીવજતન વિણ બાલૂડાં, તો કુણ કરશે સાર. ॥૭॥
નિરપરાધી વને તૃણ ચરે, પીવઈ નિઝરણ જલાઈ;
કાંઈ ન વિણાસે કોઈ તણું, તો તસુ હણઈ કાંઈ ?. ॥૮॥
હિંસાએ નર નવિ લહે, કુલે કરમી સંતાન;
રાણિમ રૂપ ન સંપડે, મહીઅલે ન હોઈ માન. ॥૯॥
જે નર ટૂંટા પાંગલા, અંગે અધૂરા આજ;
તે હિંસા ફૂલ જાણજો, સુખ ન લહે મહારાજ. ॥૧૦॥

જીવદયા વિણુ જીવને, જોડ જુગતિ હોઈ;
ધણ કણ કંચન કામિની, જુગતિ સુગતિફલ જોઈ. ॥૧૧॥
જયણ કરંતા જીવ જસ, પામે સુખ સૌભાગ;
વસુધા વરધિ હુઈ ઘણી, લહીએ લક્ષ્મી લાગ. ॥૧૨॥
ત્રાસ મ કર પરજીવને, નરકનિબંધન એહ;
નરભવ ચિંતામણિ સમ, [1]આલિ મ હારો તેહ. ॥૧૩॥
તેણે વચને રાય રંજીઓ, ઉપશમરસ ભંડાર;
મન વૈરાગે પૂરીયું, ધિગ ધિગ એ સંસાર. ॥૧૪॥
કીધાં કર્મ કઠોર ઘણાં, પશુ વિછોહીયાં બાલ;
પ્રાણિ પ્રાણ ઘણાં હણ્યાં, દુખે ઝૂરે ભૂપાલ. ॥૧૫॥
તાપસ પાય લાગી રહ્યો, સ્વામી! છોડાવો પાપ;
માય બાપ ગુરુરાજ તું, તુઝ સમો પ આપ(?). ॥ ૬॥
કહે મુનિ રાજન! આજથી, હિંસા દૂર નિવાર;
સુખ સંપતિ જે પામીએ, તે જીવદયા આધાર. ॥૧૭॥
પ્રતિબોધીને આખડી, દીધી સૂધી સોઈ;
મને વચને નિશ્ચય ધરે, મુનિવર તૂઠા તોઈ. ॥૧૮॥
કુલવંતી કન્યારયણ, પરણાવી નીવધૂય;
રાજા રંગે સાંચરે, મારગે રયણી હૂઅ. ॥૧૯॥
વૃક્ષમૂલે નિશિ તિહાં રહે, રાજા સરસી નારી:
બ્રહ્મરાક્ષસ બીહામણો, આવ્યો તીણે ઠાહારી. ॥૨૦॥
નારી ભક્ષ એ માહરું, ભૂખ્યો હું દિન સાત;
નૃપ કહે માગે એક વિના, ભક્ષ અનેરું રાત. ॥૨૧॥
રાક્ષસ કહે નરરાજ તું, સાત વરસનું બાલ;
આપે બલિ દિનસાતમે, બ્રાહ્મણનું તતકાલ. ॥૨૨॥

૧ ફોગટ.

માની વાત સવિ તેહતણી, સંતોષીઓ તે રક્ષ;
આજ થકી દિન સાતમે, આપીશ તાહરૂં ભક્ષ. ॥૨૩॥

દિવસ ઉદયે નીય નયરિ, તેડયાં સયલ પ્રધાન;
રયણી વાત સઘલી કહી, ચિતવે બુદ્ધિ નિધાન. ॥૨૪॥

સાદ પડાવ્યો નયરમાં, બ્રાહ્મણ પુત્ર પવિત્ર;
સાત વરસનું કોડિં ધને, માય તાય દીએ પુત્ર. ॥૨૫॥

સાદ પડંતો આવીઓ, રૌદ્રદત્ત ઘરબારિં;
ઘરેં અનાથી સુત છે ઘણાં, પૂછે ઘરની નારી. ॥૨૬॥

ધન લેઈ સૂત આપીઓ, રાક્ષસ આવીઓ જેહ;
બલિ દેવા રાજા ગયો, કુંવર હસીઓ તેહ. ॥૨૭॥

કહે વેતાલ રાજા સુણો, ભય નવિ આણે બાલ;
મરણ સમાણું ભય નહી, તો બોલ્યો ભૂપાલ. ॥૨૮॥

બાલક મને ઈમ ચિંતવે, લોભ લગે સહુ કોઈ;
માય તાય બાંધવ બહેન, નાત્રે નહી નિજ સોઈ. ॥૨૯॥

આપ સવારથે પ્રાણીઆં, પ્રેમપૂર માડંતી;
વિણુ અરથિં જોજે જગત્, ભજ્જા સુત વિહડંતી. ॥૩૦॥

વૃક્ષ ક્ષીણફલ પંખી જિમ, સારસ શુષ્ક તલાવ;
ભમરા જિમ રાજીવન, સેવક ભૂપતિ ભાવ. ॥૩૧॥

બાલિઉં વન મૃગ જિમ ત્યજે, નિર્ધન ગણિકા નારી;
આપ સવારથિં સહુ મિલ્યું, સગપણ સહુ સંસારિં. ॥૩૨॥

માયે દીયે વિષ સુંત પ્રતેં, અને વળી વેચેં તાત;
રાજા જયું સર્વ સંહરે, તો દુઃખની શી વાત?. ॥૩૩॥

श्लोकः-माता यदि विषं दद्यात्, पिता विक्रीयते सुतं;
राजा हरति सर्वस्वं, का तत्र परिदेवना?. ॥३४॥

રોયે રાજ ન [1]સંપેડઈ, રોતાં નહી સુખ આસ;
કહે કવિજન સંચય કરો, પુણ્યતણો નર વાસ. ॥૩૫॥
હસીઉં બાલક તેહ ભણી, હવે કુણ દેશી થોભ;
કહે વિક્રમ વેતાલ સુણ, તેહને કહિનુ લોભ. ॥૩૬॥
ઉત્તર એહના સાંભલી, વળીયું શબ નિજ ઠાણ;
વાત સુણી ઓગણીસમી, વિક્રમસેન સુજાણ. ॥૩૭॥

## ॥ ઢાળ ૧૮ મી ॥

ચોપાઈ

શબ લઈ નૃપ આવીઓ જિસે, મારગેં શબ બોલે તિસે; સુણિં ભૂપ તું મુજ વયણ વિન્નાણ, કથા વીસમી કહું એણી ઠાણ. ॥૧॥ શંખપુરી નગરી વિસ્તાર, વસે નગર નવ જોયણ બાર; શંખ નામે રાજા બલવંત, અરિઅણ જણનો આણે અંત. ॥૨॥ વિશ્વકર્મા નામે તિહાં વસે, ગજ ધર સકલ કલા અભ્યસે; મિત્ર ત્રણ્ય તેહને અતિ નિપુણ, દોસી સોની બ્રાહ્મણ સુજાણ. ॥૩॥ તે ચ્યારેં દેસાઉર ભણી, એક ચિત્ત ચાલ્યા તે ગુણી; વનમાંહિ નિશિ વાસો રહે, માંહોમાંહિ વાત ઈમ કહે. ॥૪॥ નિદ્રા છે અનરથનું મૂલ, નિદ્રા નવાં ઉપાવે શૂલ; નિદ્રામાં અવગુણ હુવે બહુ, વારા સોરી જાગો સહુ. ॥૫॥ જાગ્રત નરને ભય શ્યું કરે, નિદ્રા પડયો અખૂટે મરે; વાઘ સીંહ વાનર કેકાર, પ્રથમ પ્રહરેં જાગે સૂત્રધાર. ॥૬॥ તેણેં રયણી ગમાવા ભણી, ઘડી પૂતલી કાઠહ તણી; સોલ વરસની યુવતિ જીસી, રૂપ અનોપમ અપછર ઇસી. ॥૭॥ વનિતા વિભ્રમ વિકટ કટાક્ષ,

૧ મળે.

ચંચલી ચારૂચિત્ત નરલક્ષ; અંગ અવયવ કામ કરે ચડી, પહિલે પહુરે તિણે તે ઘડી. ॥૮॥ બીજે પહુરી દોસી સુત સોઇ, જાગિઓ યુવતી દીઠી તોઇ; નવ નવ પહિરાવે અંગે, વસ્ત્ર વિના ન દીસે રંગ. ॥૯॥ ત્રીજે પહુરે જાગ્યો સોનાર, લેઈ આભરણ કરે શણગાર; ઘડે ઘાટ પહેરાવે ઘણું, ત્રીજો પહોર ગયો તેહ તણો. ॥૧૦॥ ચોથે વાડવ જાગ્યો સતી, કન્યા સોઈ કરી જીવતી; મંત્રશક્તિ તેહને છે બહુ, સુપ્રભાતે જાગ્યાં તે સહુ. ॥૧૧॥ માંહો માંહિ વદે તે મિત્ર, યુવતી કાજે થયાં તે શત્રુ; વિક્રમને પૂછે શબ્દ સોય, કન્યાનો વર કહો કુણ હોય? ॥૧૨॥ કહે રાજા ગજધર તે પિતા, મ્હેલી કાઠ નીપાઇ સુતા; દોસી તે વસ્ત્ર પહેરાવણ હાર, થયો માતુલ સોય કુમાર. ॥૧૩॥ જીવીત દાયક દ્વિજ ગુરૂ તેહ, માય તાય સમ કહીએ જેહ; સોવન ઘાટ ઘટિત આભરણ, પતિ વિણ નવિ સોહે અતિરમણ. ॥૧૪॥ ..............., ... ...........; તે નારી પરણી સોનાર, લઇ પહોતો નિજ ઘરબાર. ॥૧૫॥ ..................., ઉત્તર આપ્યો રાયે ઇસ્યો, શબ વડિં જઇને વાસો વસ્યો. ॥૧૬॥ વળ્યો તતખિણ વિક્રમ વીર, શબ છોડી ઉતર્યો ધીર; વીશ કથા સંપૂરણ હૂઈ, એકવીસમી સાંભલજ્યો સહી. ॥૧૭॥ ઉજ્જેણી નગરી અતિ ભલી, રાજા વિપુલ શેખર તિહાં વળી; અર્થદાન મંત્રીસર ઉદાર, અનંગમંજરી તસ બેટી સાર. ॥૧૮॥ વ્યવહારી મણિ શેખર સાર, તે સરસું મીલી વિવાહ; અતિ ઉચ્છવિં તે કન્યા વરી, અનંગમંજરી પહોતી

સાસરી. ॥૧૯॥ દિનકેતે પ્રવહણ પૂરણી, પહોતો પ્રિય પરદેશહ ભણી; પ્રમદા પીહરમાંહિં ગઈ, કામ તણે વશે પહોતી સહી. ॥૨૦॥ જોયો શાસ્ત્ર તણો એ સંચ, સ્ત્રી નવ નવ ઉપાઈ પ્રપંચ; પુરૂષ પાહિ બિમણો આહાર, લાજ ચઉગુણી હોએ નિરધાર. ॥૨૧॥ આઠગુણો તે હોયે કામ, સોલગુણો તે રાખે મામ; જો મન માને તો રંગરોલ, નહીં તો સ્ત્રી ઘાલે દ્રહ બોલ. ॥૨૨॥ કમલાકર નામે દ્વિજ એક, ગોખે રહ્યાં દીઠો સુવિવેક; સખી પ્રતેં કહે આણો એહ; વિરહાનલેં દાઝે મુજ દેહ. ॥૨૩॥ ભેદ વિના નવિ હોયે રંગ, ભેદ વિના ન હોઇ ગઢ ભંગ; દૂતી વિના નવિ સીઝે કામ, વિણ માલી ન હોઈ આરામ. ॥૨૪॥ સખી જઇને પૂછે ભેદ, સુણ દ્વિજ તું મનિં માણીશ ખેદ; અમ્હ સહીઅર છે વિરહવ્યાકુલી, તુજ વિણ સોઈ અતિ આકૂલી. ॥૨૫॥ વિપ્ર વિરહ જાગીઓ તે સુણી, સખી સહિત આવ્યો તેહ ભણી; કમલાકર આવે જેતલે, વિરહેં નારી મૂઇ તેતલે. ॥૨૬॥ તે મનિં ધરવા લાગ્યો શોક, કંઠે લાગીને ગયો પરલોક; જોજો દૈવતણી હવે કથા, આગમચિંત્યુ થાઈ વૃથા. ॥૨૭॥ જુઓ કર્મતણી ગતિ એહ, પ્રવહણ થકી પતિ આવ્યો તેહ; ઘરેં ઘરણીને મલવા ભણી, દીઠી ગતિ સવિ ઘરણી તણી. ॥૨૮॥ પણ યુવતીશું ઘણું સનેહ, તે બિહું સરિસું બાલીઉં દેહ; પૂછે વર વેતાલ સુરંગે, અધિકો કામી કહો કુણ અંગે? ॥૨૯॥ પૂછ્યા તણું જબ ઉત્તર હુઓ, તબ વેતાલ માગિં હુઓ; કૌતુકી આલસૂ ન થાય,

તો રાજા તસ લેવા જાય. ॥૩૦॥ તો વિક્રમે તસ કહ્યો વિચાર, કામી નર તેહનો ભરતાર; નારી તણો અવગુણ નવિ ધરે, વિશ્વાનર ઘાટે આહુતિ કરે. ॥૩૧॥ વારે વાત કહી તે સાર, કથા એકવીસનો પામી પાર; બાવીસમી વાત વિખ્યાત, એહનો ઉત્તર આપો રાય. ॥૩૨॥ ચંદ્રસ્થલપુર સોહે નવું, વીરમર્દન નૃપ તિહાં વર્ણવું; વિબુધ સ્વામી વિપ્ર તિહાં વસે, તે ષટકર્મ સદા અભ્યસે. ॥૩૩॥ બેટા-ચ્યાર અછે તેહ તણે, વ્યસનિં વિલુદ્ધા તે નવિ ભણે; તાતે શિક્ષા દીધી બહુ, મૂરખ ભણી વિગોવે સહૂ. ॥૩૪॥ તે ચ્યારે મનિં કરે વિચાર, વિદ્યા વિણ નવિ લહીએ આચાર, વિદ્યા વિણ નવિ આવે જ્ઞાન, વિણ-વિદ્યા નહિ કેહને માન. ॥૩૫॥ વિદ્યાવિણ ન હોય ઘરેં આથ, વિદ્યાશંબલ છે ન તો સાથ; વિદ્યા કુલિં આપણેં પ્રધાન, વિદ્યા છે ચાલતું નિધાન. ॥૩૬॥ ચિહુંય મલી કરે મંત્રણું, ચિહું દિશિ જઇને વિદ્યા ભણું; વિદ્યા વેગે ભણી અતિ ભલી, પાછા થાનકેં આવ્યા વળી. ॥૩૭॥ બુદ્ધિ રહિત તે ચ્યારે મળ્યાં, આપાપણી દેખાડે કલા; વિદ્યા એકતણી એ હોય, અસ્થિસંચ બેસારે સોઇ. ॥૩૮॥ મંત્ર સાધવા કર્યો પ્રપંચ, બીજેં સપ્ત ધાતુનો સંચ; ત્રીજે રૂધિર માંસ ચામડી, રોમ રૂપ નીપાયું ઘડી. ॥૩૯॥ ચોથે સિંહ જીવતો કર્યો, ઘણા દિવસનો ભૂખેં ભર્યો; તે ચિહું તણો કરે સંહાર, બુદ્ધિ વિના વિદ્યા નહિ સાર. ॥૪૦॥ શ્લોક ॥ वरं बुद्धिर्न सा विद्या, विद्यातो बुद्धिरुत्तमा । बुद्धि-हीना विनश्यंति, यथा ते सिंहकारकाः ॥४१॥ કહે વેતાલ

નિસુણો નરનાહ, કુણ મૂરખ કહો તેહમાંહ; સીંહ જીવતો કીધો જેણ, તે ચિહુમાંહિ મૂરખ તેણ. ૫૪૨૫ સુણી વાતને વલીઉં મડું, વેગે જઈ વડડાલે ચડયું; વિક્રમસેન્ને લઈ કરવાલ, તિહાં જઈ શબ છોડીયું તતકાલ. ૫૪૩૫ મારગિં શબ સંક્રમીઓ વીર, સુણ વિક્રમ તું સાહસધીર; કલ્પી કથા કહે કેલવી, બાવીશમી વાત એહવી. ૫૪૪૫ સર્વ ગાથા. ૫૯૫

॥ દોહા ॥

નગરી વિદશી નિર્મથી, રાજા તિહાં સુજાણ;
અરિઅણ સવિ આજ્ઞા વહે, કોઈ ન માંડે પ્રાણ. ॥૧॥
નારાયણ નામે નિપુણ, વિપ્ર વસે તિણ ઠાય;
એક દિવસ મનિં ચિંતવે, વિઘાતણો ઉપાય. ॥૨॥
પર કાયા પ્રવેશિનો, વિદ્યા સાધે તેહ;
વિદ્યા બલેં તેણે તિહાં, પાલટીઓ નિયદેહ. ॥૩॥
ચર્પટ વચન કહે નવા, બોલી તે યોગી વાણ;
એ સંસાર અસારડો, બૂઝો રે કોઈ સુજાણ. ॥૪॥

सचार्य—कोऽहं कस्त्वं कोऽयं लोकः, केनचिदर्थं क्रियते शोकः ॥
आयत्ते को गतवत्येकः, सर्वो जीवस्तु खलितविवेकः ॥५॥

पुनरपि रजनी पुनरपि दिवसः,
पुनरपि वर्षं पुनरपि मासः ॥
पुनरपि वृद्धः पुनरपि बालः,
पुनरपि याति समेति च कालः ॥६॥

તરુણ દેહ પામી કરી, પહિલા રોયું તેહ;
ક્ષણ અંતર હસીઆ વળી, તે મુજ ભાંજો સેય. ॥૭॥

કહે રાજા વેતાલ સુણો, કિમે જાણ્યું એહ;
ઘણો કાળ લીલા કરી, તો હું કિમ મૂકું તેહ. ॥૮॥

ઈસું વિમાસી તેહનું દુઃખે, રોયો બાડવ સોય;
ઝુરિઓ અપાર રૂપવડી, તરૂણી દેખી મોહ. ॥૯॥

દુર્ભગે હસીઓ ઘણું, સુણ વેતાલ સુજાણ;
વાત કહી ત્રેવીસમી, રાજા બેઠો નિજ ઠાણ. ॥૧૦॥

તબ વિક્રમ વેગે જઈ, લીધું શબ નિજ હાથ;
શબ માંહેથી વળી વિનવે, કથા સુણો નરનાથ. ॥૧૧॥

## ॥ ઢાળ ૧૯ મી ॥

ચોપાઈ

ધર્મસ્થલ નામે પુર સાર, રાજા ધર્મરાજા દાતાર; વિપ્રવસે ગોવિંદ તેણે ઠાણ, ચાર પુત્ર તેહને સુજાણ. ॥૧॥ પહિલો પુત્ર નામે હરિદત્ત, બીજો સોમદત્ત ગુણજુત્ત; બ્રહ્મદત્ત ત્રીજો જાણીએ, ચોથો હરિદત્ત વખાણીએ. ॥૨॥ ડાહ્યા નિપુણ સર્વે સુવિચાર, વેદશાસ્ત્ર અભ્યાસ અપાર; પાલે બ્રાહ્મણનો આચાર, કાલિવડા ગયા ભવપાર. ॥૩॥ તેહને આહુતિ દેવા તાતે, મોકલ્યા સાગરતટે ભ્રાત; યજ્ઞ કાજે કચ્છબ જલતણાં, આણજ્યો વહેલા અતિ ઘણાં ॥૪॥ તિહાંથી પહોત્યા સાયરતીરે, ધીવર પાસે કઢાવ્યા ફીરે; અતિ દુરગંધ ભણી ઓસરીયાં, એકે હાથિં ન લઇ ધર્યાં. ॥૫॥ વાદ કરતાં રાઉલે ગયા, ...............; કહે રાજા શી શંકા ઘણી, કિસી ગંધ એ કચ્છબ તણી. ॥૬॥ તો બોલીયા વિજ્ઞાન, ભોજન ચંગ તણું મુજ જ્ઞાન; બીજો નારી ચંગ

સુજાણ, ત્રીજો તૂલી ચંગ વિજ્ઞાન. ॥૭॥ રાજા મનિ કૌતુક થયું ઘણું, કરે પારખું તે ત્રીહુ તણું; ભોજનચંગ સોવનમયી થાલીં, કૂર દાલિ ઘૃત પીરસે આલી. ॥૮॥ કૂર ગંધિ લાગી જેતલે, મુહ મચકોડી વળીઓ તેતલે; ણીએ ગંધિ લાગી ચટપટી, ઘૈબર સાસુ ફીટી ઘટી (?). ॥૯॥ પૂછે નૃપ તે કારણ તિશું, ભોજન માંહિ અણુરૂં કિશું ?; મૂઆ કલેવર પાસે શાલિ, વાળી હુંતી તીણઈ આલિ. ॥૧૦॥ અન્યો અન્ય પૂછાવે રાય, તો સાચું માન્યું તેણે ઠાય; નારી ચંગ સખિકા ઘરે જાય, ગંધિ લહીને અલગો થાય. ॥૧૧॥ આંધી નાક રહ્યો તે રાત, રાયે તેડાવ્યો પરભાત; પૂછે રાય એ નારી કિસી, ચિતઈ તુમ્હારઈ એ નવિ વસી. ॥૧૨॥ કહે વિપ્ર યુવતી જે કહી, અજાદુગ્ધે વાધી તે સહી; અક્કા તેડી પૂછે રાય, તાત પણે તસુ મૂઈ માઈ. ॥૧૩॥ અજા દુગ્ધેં ઉછેરી એહ, નર કહે ગંધિ તસુ દેહ; સાત તૂલિકા ઢાલી ઢોલીઓ, ઉછાડી ઉસી સા ઉલી. ॥૧૪॥ તિહાં પોઢાડીઓ સપ્પાચંગ, નીંદ્ર ન આવી તેહને અંગ; વિહાણાં માંહિ પૂછે રાય, નીદ્ર ન આવી કિસ્યો ઉપાય. ॥૧૫॥ પ્રથમ તલાઈ વચ્ચે છે કેશ, તે ખુંચે મુજને લવલેશ; તિણે નીંદ ન આવી સ્વામી, જોવરાવી માન્યું તેણી ઠામિ. ॥૧૬॥ ત્રિહુંને રાયે કર્યો પસાય, સંતોષ્યા તે નિજ ઘરે જાય; કહે વેતાલ તે ત્રિહું માંય, લીલા અધિક કુણ કહેવાય. ॥૧૭॥ તો વિક્રમ બોલે ભૂપાલ, તલી ચંગ કહ્યો સુકુમાલ; નીમાલ તૂલી વચ્ચે રહ્યો તે કહે તેણે કીસી પરિ

ચાહીઉં. ॥૨૯॥ સુણી ઉત્તર સાચો એહ, વડડાલેં શાખ જાઈ તેહ; વિક્રમ જઈ છોડી તસ બંધ, શાખ લઇ ઘાલે નીજ ખંધ. ॥૩૦॥ સર્વ ગાથા ફેરા.

॥ દોહરા ॥

કથા કહી ચોવીસમી, સરસતી! તુમ્હ પસાય;
વર માંગું વાણીતણું, તૂંહી દીયે મુજ માય. ॥૧॥
કૌતિગ કથા વેતાલની, સુણતાં સવિ દુઃખ જાય;
તે સૂધી સહુ સાંભળો, પચવીસમી નરરાય. ॥૨॥
ભોગવતી નામે ભલી, નગરી છે નવ બાર;
રાજ કરે રાઉ વિજયબલ, પીડયાનો આધાર. ॥૩॥
પટરાણી રૂપે ભલી, ચંદ્રપ્રભા તસ નામ;
બેટી લાવણ્યવતી તસુ, સોહે અતિ અભિરામ. ॥૪॥

## ॥ ઢાળ ૨૦ મી ॥

ચોપાઈ

રાજ કરે એણીપરે રાય, સુખ ભોગવતા દીહ જાય; ઇણ અવસરેં ગોત્રી એક હઠી, આવ્યો ધાડ કરી એકઠી. ॥૧॥ અણ ચિંત્યા આવીને મલ્યા, નગરલોક સહુ ખલભલ્યા; રાજ ભુવનેં આવી અડી, તો રાજા મનમાં ચિંતા પડી. ॥૨॥ રાયેં રાણી બેટી બેહ, વોલાવ્યાં નગરીયાં તેહ; આપણ ઝૂઝ કરે તેહશું, સુભટ પણે શૂરાતન વરયું. ॥૩॥ ઝૂઝ કરતાં આવ્યા ઘાય, તો પરલોકે પહોત્યો રાય; રાણી બેટી બેહુ જણાં, હવે વીતક સુણજો તેહતણાં. ॥૪॥ વનમાંહિ જાઇ એકલા, રાજ કરંતા તેઇ મલ્યાં;

દીસે વિસમો કર્મવિપાક, ભોગવતાં નવિ આવે ધાક. ॥૫॥ વાટે સરોવર દીઠું સાર, તૃષા ક્રાંત પહોતા તિણ ઠાહાર; જલ વાવરી ધોએ કરપાય, તિહાં એક આવ્યો રાય. ॥૬॥ કુસુમપુરી નગરીનો સ્વામ, હિરણ્યદત્ત રાજાનું નામ; બેટો સાથે અછે વરદત્ત, આહેડે તિણ સરોવરિં પત્ત. ॥૭॥ જલ આરોગી વળીયાં હોય, નારી પગલાં પાળે દીઠા સોય; પિતા-પુત્ર મનમાં ચિંતે તામ, કુણ સુંદરી એણિ આરામ. ॥૮॥ તાજાં પગલાં દીઠાં બેય, હમણાં જાઇ યુવતી તેહ; નાન્હા પાયતણી જે નારી, ભણે રાય તે તુજ ઘરબારી. ॥૯॥ મોટા પાયે તોરણી જેહ, ભૂપતિ ભણે અમ્હારે તેહ; જોજો કર્મતણો સંયોગ, અણ ચિંતવ્યા લહીયા તેણે ભોગ. ॥૧૦॥ વેગે જઇ ધાઇ ધસી, દેખી પ્રમદારૂપ હીયડે વસી, વદ્યું હતું તિમ કીધું અછે, કર્મકહાણી સુણજો પછે. ॥૧૧॥ કર્મે રામ રહ્યા વનમાંહિ, કર્મે રાવણ લંકા દાહી; કર્મે નલદવદંતી વિયોગ, કુબેરદત્ત જનનીનો ભોગ. ॥૧૨॥ કર્મઈ કૌરવ ગયા નિકંદ, ડૂંબઘરે જલ વહે હરિચંદ; જરાકુમરે બાણે હરિ હણ્યા, કર્મે અતુલી બલ નવિ ગણ્યા. ॥૧૩॥ વાર એકેકું વિગોયું સહુ, હરિહર બ્રહ્માદિક તે બહુ; કર્મે ઈંદ ચંદ નાગિંદ, ભૂચર ખેચર દેવ દિણંદ. ॥૧૪॥ દાનવ માનવ મોટા જાણ, કર્મ આગલિં ન કરે પાણ; નાન્હે પાયે રાણી હતા, મોટા પગની તેહની સુતા. ॥૧૫॥ કર્મ-સંયોગ મિલિઉં એ ઇશું, પિતા પુત્ર આદરીયું તિશું; વચનબદ્ધ તે તેણે વરી, કર્મ તણી હવે

જોજો પરી. ॥૧૬॥ સુખ વિલસંતા સુત સંક્રમીઓ, રાય તણે મને ગાઢો ગમ્યો; બેટાઘરે બેટી અવતાર, કર્મતણી ગતિ જોઇ વિચાર. ॥૧૭॥ કહે વેતાલ સુણો એ ઇશું, બિહું બાલક સગપણ હોએ કિશું?; નાતરૂં કિસીઉં ન જાણે રાય, મૌન કરીને મારગે જાય. ॥૧૮॥ તો વેતાલ કહે સુણો સ્વામી!, તુમ્હે જાઓ છો જેણીં ઠામિં; સંકટ તુમ્હને તિહાં છે ઘણું, મન મેલું છે યોગી તણું. ॥૧૯॥ કલ્પિત વાત કહી પંચવિંશતિ, રાયજી! મનમાં માણો રીસ; હું છું દેવ! તુમ્હારો દાસ, અહનિશ અંગે તુમ્હારે વાસ. ॥૨૦॥ પણ યોગી કહે તે મત કરે, સાવધાન રહી ત્યાં સાંચરે; યોગી હીયે કપટ છે ઘણું, ચિત્ત જાલવે તું તેહતણું. ॥૨૧॥ તુજને ફેરા ખાવા ભણી, અનુમતિ જબ હુઇ યોગી તણી; તવ તું કહીં ન જાણે ફિરી, તુમ્હે દેઈ દેખાડુ ફરી. ॥૨૨॥ યોગી ફેરા દેઇ જેતલે, ખડ્ગે હણી નાખે તેતલે; અગ્નિ-કુંડે પુરુષ તે થશે, આઠ સિદ્ધિ તુઝને આપશે. ॥૨૩॥ શીખ દઈને વળીઓ વેતાલ, મડું લઈ આવીયો ભૂપાલ; યોગી [1]જમલુ પહોતો વીર, કહે યોગી સુણ સાહસધીર. ॥૨૪॥ તુમ્હ સાંનિધ્યે અમ્હ સીધું કાજ, પર ઉપગારી તું મહારાજ; પાખલિ કુંડ ફેરી ત્રીણ્યવાર, કુંડજમલિ જે કરો જુહાર. ॥૨૫॥ કરી પ્રણામ તુમ્હે ઘરે જાઓ, સીધ્યું કાજ અમ્હારૂં રાય; કહે રાજા નવિ જાણું અમ્હે, પહિલા યુક્તિ દેખાડો તમ્હે. ॥૨૬॥ તવ યોગી વેગેં ઉઠીઓ,

૧ પાસે

ખણ પાખલિ ફરવાને ગયો; પાખલિ ફેરા દીધા સાત, ખડ્ગ કોઇલે કીધો ઘાત. ॥૨૭॥ તવ યોગી ણિજઈ જઈ જપંતી, દેવતણાં આસન કંપતી; પુષ્પ-વૃષ્ટિ કરતા સુરગયણિં, આઠ સિદ્ધ આવી નૃપ ભુવણી. ॥૨૮॥ લક્ષ્મી તૂઠી કરે પસાય, નવ નિધાન પ્રગટીયાં ઘરમાંહિ; મંગલ તૂર હૂવા સુવિહાણ, સુવર્ણ-પુરુષસિઉં પહુતા નિજઠાણ. ॥૧૯॥ નગરમાંહિ અતિ-ઓચ્છવ હોય, લોક અટાલે બેઠા જોઇ; તલીઆં તોરણ બાંધ્યા બાર, અમરી કુમરી નાચે નાર. ॥૩૦॥ અખ્યાણાં ઘર ઘરેં આવે ઘણાં, મણિ માણેક પૂરિયાં ભેટણાં; આવી સહુ દીએ આસીસ, જીવો ભૂપ તે કોડિ વરિસ. ॥૩૧॥ ધર્મપસાયે કરજો રાજ, ધર્મ-પસાયેં સીધાં કાજ; ધર્મેં રાન વેલાઉલ હોય, ધર્મેં પ્રાણ ન માંડે કોઇ ॥૩૨॥ ધર્મેં આપદ ભાંજે કોડ, ધર્મેં બાંધવની ઘરે જોડ; ધર્મેં ઠાકુર દે બહુમાન, ધર્મ વિના નહિ નિર્મલ જ્ઞાન. ॥૩૩॥ ધર્મેં લહીએ સવિ સંયોગ, ધર્મેં લહીએ ઉત્તમ ભોગ; નવ નિધિ ચૌદ રયણ સવિ સાર, લહીએ ધર્મ તણે આધાર. ॥૩૪॥ ધર્મેં સયલ સિદ્ધિ ઘરે હોય, ધર્મ સાર ત્રિભૂવને સહુ કહે; ધર્મેં દેવ દાનવ વશ હોય, ધર્મસમો સાથી નહિ કોય. ॥૩૫॥ ધર્મતણાં છે ચ્યાર પ્રકાર, દાન શીલ તપ ભાવ વિચાર; દાતા પુરૂષ હૂવા છે કોડ, વિક્રમરાય સમ નહિ જોડ. ॥૩૬॥ દાતા બલિ કૌરવમાં કર્ણ, સવાભાર દેતો સુવર્ણ; મુંજ ભોજ મહીયલ શણગાર, વિક્રમ સમો કો નહિ દાતાર. ॥૩૭॥ દાન-બલેં સંવત્સર સુણો, વિક્રમરાય કરે આપણો; પર-

નારીનો કહીએ વીર, પરદુઃખ ભંજન સાહસધીર. ॥૩૮॥ કલિયુગમાંહિ કરણી કરીઆં, છંદરસિ ન સમવડિં સમ ધરીઆં(?); સેત્રુંજય તીરથનો ઉદ્ધાર, કીધો મહીમંડલ જયકાર. ॥૩૯॥ તે વિક્રમનું લીજે નામ, સુપ્રભાત દાતા ગુણ ગ્રામ; એ વેતાલ કથા પચવીસ, સુણતાં લહીએ સયલ જગીશ. ॥૪૦॥ મંગલિક જિણવર ચોવીસ, મંગલિક ગણધર તસ-સીસ; મંગલિક મુનિવર મહાસતી, મંગલિક શ્રાવક અણુવ્રતી. ॥૪૧॥ મંગલિક શ્રાવિકા ગુણખાણ, જે જિનવરની માને આણ; મંગલિક જિનશાસન સાર, મંગલિક શ્રી જિનધર્માધાર. ॥૪૨॥ મંગલિક ગુરૂ-નામ પવિત્ર, જાસ પસાયેં કવિત્ત વિચિત્ર; સરસ્વતી માત હોજયો મંગલિંક, જસુ નામે કવિ ન હોય અલીક. ॥૪૩॥ જે ભણશે ગુણશે નર જાણ, તિહ ઘરિં વિલસે નવે નિહાણ; જાં લગે મેરૂ મહી રવિ ચંદ, તાં પામો કવિજન આણંદ. ॥૪૪॥ સર્વ ગાથા. ૬૭૩

॥ દોહા ॥

સંવત સોલ બિડોતરે, પોસમાસ શુદિ બીજ;
રવિદિને રાસ રચ્યો નવો, મુજ મતેં પામી રીઝ. ॥૧॥

તપગચ્છે ગુરુ ગોયમ સમ, સોમ વિમલ સૂરિ રાય;
નામે નવ નિધિ પામીએ, પ્રણમે ભૂપતિ પાય. ॥૨॥

ચરણ કમલ જસ સેવતાં, લહીએ પરમાનંદ;
ઉદયો ચરણ પ્રમોદ, પ્રહિ જેહવો પૂનમચંદ. ॥૩॥

તાસ શિષ્ય પંડિતપ્રવર, કુશલ પ્રમોદ મુનીશ;
સકલ કલાસંપુન્ન સસિ, પૂરવે સ[illegible]લ જગીશ. ॥૪॥

ચર વિવેક પ્રમોદ પદ, સેવંતા સુખ હોય;
લચ્છી પ્રમોદ સદા લહે, મન વંછિત સુખ હોય. ॥૫॥

ગુરૂ બંધવ સુપસાઉલે, શાસ્ત્ર તણે આધાર;
સિંહપ્રમોદ પંડિત ભણે, કૌતુક કથા વિચાર. ॥૬॥

મેં મન હરખે ગાઈઓ, કથા તણો પ્રસ્તાવ;
વિક્રમ રાય પ્રતેં સયલ, પૂછ્યું તેહનો ભાવ. ॥૭॥

## ॥ અથ કલશ ॥

ભાવ ભગતિ ઉચ્છાહ અનુપમ–જ્ઞાનરૂપમ જે નરા, જિમ કાન્હો માત્ર–અક્ષર સુધારિ ઠવજ્યો સુંદરા; એ કવિત ભણતાં અને સુણતા. સુજન ચતુરાઇ લહે, વિક્રમ તણી ઋદ્ધિ વૃદ્ધિ સિદ્ધિ તેહને ઘરેં થિર રહે. ॥૧॥

॥ इति श्री विक्रमचरित्र
वेताल पंचविश कथा रास संपूर्णः ॥

—ઃમુનિશ્રી સિંહવિજયજી કૃતઃ—

# સિંહાસન બત્રીશી રાસ

श्री गुरुभ्यो नमः । श्री शारदायै नमः

॥ દોહા ॥

સકલ મંગલ ધર્મ ધૂરિં, દાન દયા સત્યમેવ;
નમો નિરંતર જગગુરુ, અનંત ચોવીશી દેવ. ॥૧॥
સિદ્ધ સવિ નિત્ય પ્રણમીએ, લહીએ સયલ જગીશ;
ત્રિભુવન શિર મુગટ મણી, ભયભંજન જગદીશ. ॥૨॥
પરમાતમ પરમેશ્વરા, અમલ જ્ઞાન અનંત;
નાથ નિરંતર સાંઈ સચ, અકલ જેહ ભગવંત. ॥૩॥
એક અનેક અનંત તે, નિરાકાર ને નિરંગ;
આદિ પુરૂષ પુરુષોત્તમા, જે ભગવાન નિસ્સંગ. ॥૪॥
અશરણ શરણ સમત્થ જે, દીનાનાથ દયાલ;
ચૌદભુવન ભૂપાલ જે, ભગતજન પ્રતિપાલ. ॥૫॥
અપરમ અવગતિ અલખ જે, ચજય અપર બ્રહ્મરૂપ;
તેજપુંજ પ્રભુતા બહુ, ન કળ્યો કેણે સ્વરૂપ. ॥૬॥
અખય અગોચર અમર જે, નિરામય નિકલંક;
પરમાનંદ જિણે લહ્યો, સો ધ્યાઉં નિઃશંક. ॥૭॥

## ॥ अथ गुरुवर्णनम्

ગુરૂપદ પંકજ વલી નમું, સદગુરૂ ગુણ અનેક;
ગુરૂપ્રસાદેં કરી પામીએ, વિદ્યા વિનય વિવેક. ॥૮॥
જંગમ તીરથ ગુરૂ કહ્યો, સાચો જસ ઉપદેશ;
પરઉપગારી ગુરૂ કહ્યો, જિમ જગ દિનકર મેહ. ॥૯॥
ગુરૂ માતા ને ગુરૂ પિતા, ગુરૂમુખેં સાચી વાત;
ધર્મતત્ત્વ ગુરૂ પ્રરૂપે, ભેદે સાતે ધાત. ॥૧૦॥
સુમતિ લહે ગુરૂસેવથી, ગુરૂ દેખાડે વાટ;
પંડિત શિરોમણિ ગુરૂ કરે, જો હોય ગાઢો જાટ. ॥૧૧॥
જ્ઞાનપખેં કિરિયા કીસી, ગુરૂવિણ કીશ્યો સોભાગ;
ગુરૂ વિણ જાણપણું કિશ્યું, ઉપશમ વિણ વૈરાગ. ॥૧૨॥
ગુરૂલોપી પાપી કહ્યો, ગુરૂગુણ ન લહે જેહ;
વિદ્યા તસ નિષ્ફલ હુઈ, જસ નવિ પામે તેહ. ॥૧૩॥
તિણે કારણ હું નિત નમું, ગુણવંત ગુરૂ સમરત્થ;
ત્રિણ્યે કાલ ત્રિવિધે કરી, મસ્તક જોડી હત્થ. ॥૧૪॥

## ॥ अथ सरस्वतीवर्णनम् ॥

વાણી સમરૂં સુરી શારદા, સિદ્ધિ બુદ્ધિ દે માય;
સકલ શાસ્ત્રે હુરિ વર્ણવે, જે મ્હોટા કવિરાય. ॥૧૫॥
બ્રહ્મસુત હંસવાહિની, વીણા પુસ્તક પાણી;
કવિજનમાતા પાયે નમું, આપે અવિરલ વાણી. ॥૧૬॥
કાશ્મીર મુખ મંડની, તું હરસિદ્ધિ માત;
જવાલામુખી જાણે સહુ, ભગવતી તું વિખ્યાત. ॥૧૭॥
ભરૂઅચિં તું દીપતી, આરાસણિં અભિરામ;
અબ્બુઆરિ તું અર્બુદા, નામ બહુ તુજ ઠામ. ॥૧૮॥

આઈ આણંદ કારિણી, ત્રિભુવને તાહરો વાસ;
હું સેવક છું તાહરો, અહનિશ કરૂં તુઝ આસ. ॥૧૯॥

આશા પૂરે તું ઈશ્વરી, વાગેશ્વરી સરસ્વતી;
ગીર્વાણી ગુણ અગ્ગલી, તુજ પય નમું બહુભક્તી. ॥૨૦॥

તું તુઠી કવિ કોડને, કીધા બહુ ઉપગાર;
હુઆ નવખંડ રાજીઆ, દોલતદાર ઉદાર. ॥૨૧॥

આદિ બ્રહ્માણી અંબિકા, તાહરૂં તેજ અનંત;
હરિ હર બ્રહ્મા સુરપતિ, તે તુજ નામ જપંત. ॥૨૨॥

વપુ ઘનસારહ વર્ણ જે, ઉર મુક્તાફલ હાર;
શ્વેતવસ્ત્ર શુચિ પહિરણું, સોહે સકલ શૃંગાર. ॥૨૩॥

ભગતજન હિત કારિણી, તું તારણી ત્રિભુવન્ન;
તું દાતા અહનિશ દીઈ, અનુપમ વિદ્યારતન્ન. ॥૨૪॥

તિણે કારણ માય તું સદા, સેવકજન પ્રતિપાલ;
સરસ વાણી દીઓ સ્વામિની, સુલલિત વચન રસાલ. ॥૨૫॥

વિનોદ કથા વિક્રમ તણી, વર્ણવતાં હોય રંગ;
કર જોડી માય વિનવું, આપો વચન અભંગ. ॥૨૬॥

ભરહ ભેદ નાટક કલા, ગીત શાસ્ત્ર સુવિચાર;
નવિ જાણું પિંગલ ભણી, એક તાહરો આધાર. ॥૨૭॥

ઔદારિજ ગુણ ઉપરે, વિક્રમ નૃપ અવદાત;
સરસ કથા બત્રીશ તે, શ્રોતા સુણો વિખ્યાત. ॥૨૮॥

સરસ કથા રસ વર્ણવી, શ્રોતા સુણે એકધ્યાન;
સરસ વચન વિણુ નવિ રૂચે, જેમ અલૂણું ધાન. ॥૨૯॥

કવિયણ વયણ સબ સરસ અતિ, પ્રીયદગ સબહિ અનૂપ;
જા થૈં રૂજે ચતુરનર. વૈ ન્યારી છબી રૂપ. ॥૩૦॥

અક્ખર ગૂંથન હુંતિ કવિ, અનિં મૂઢન ઘોર થણાંહ (?);
આર હિ મોરમ ટૂકડે, બયલ છલી જૈં જાહ (?). ॥૩૧॥

ચતુરતણાં ચિત્ત રંજવે, વિક્રમ કથા પ્રસિદ્ધ;
રસિક જન આગ્રહે કરી, એ મેં ઉદ્યમ કીદ્ધ. ॥૩૨॥

એક એક પેં અગ્ગલે, વિક્રમ કથા કલ્લોલ;
સુણતાં શ્રવણે સુખ હુવે, રસિક કથા અૈંસોલ. ॥૩૩॥

વિક્રમ ભૂપ સમોવડો, હુઓ ન હોશે કોય;
સાહસિક પરદુઃખ હરે, પરસ્ત્રી બંધવ જોય. ॥૩૪॥

સબલ સખાયત જેહનો, અહનિશ રહે નૃપ પાસ;
વિચક્ષણ વીર આગીઓ, પૂરે વંછિત આશ. ॥૩૫॥

પુહવીતલ વિક્રમ વડો, ભૂજ બલેં અતિ પ્રચંડ;
અનેક જેણેં રાય વશ કીઆ, લીધાં દુર્જન દંડ. ॥૩૬॥

દંડ પંચ જેણેં વશ કીયા, ધરીયું મસ્તકે છત્ર;
સિંહાસણ ઇંદ્રે મોકલ્યું, બત્રીસ પૂત્તલી ચુત્ત. ॥૩૭॥

સાત વાર [1]ઓરણ કરી, પૃથ્વી જેણેં ભૂપાલ;
સોવન પુરીસા ત્રણ ઘરેં, દીન દુઃખિત પ્રતિપાલ. ॥૩૮॥

દાનશાલા ઘરે અતિ ઘણી, સત સય [2]શત્રૂકાર;
પરમાર વંશ શિરોમણી, ઈશ્યો ન કો દાતાર. ॥૩૯॥

ગોધૂમ ધાન્યેં લિહડી, તિમ એ દાનમાં રેહ;
વિક્રમ બારે માસ નિત્ય, વરસેં સોવનમેહ. ॥૪૦॥

સિદ્ધસેન ગુરૂ જબ મીલ્યાં, તવ પામ્યા સમકિત;
જૈન ધર્મ અંગીકર્યો, દેવ ધર્મ ગુરુ તત્વ. ॥૪૧॥

સપ્ત ક્ષેત્ર જિણેં ઉદ્ધર્યા, શેત્રુંજે કર્યો ઉદ્ધાર;
ધર્મ કર્મ બેહુ સાધીયાં, ભર્યો સુકૃત ભન્ડાર. ॥૪૨॥

૧ ઋણ મુક્ત ૨ સત્રાગાર.

## ॥ અથ ચોપાઈ ॥

મહીયલ વિક્રમનો વડત્યાગ, કાંઈ કમલાનો ન લહું થાગ; સોંપે સહસ એક નિરખંત, દીએ સહસ વાત કરંતા ॥૩॥ આપે લાખ હસાવે જેહ, તૂઠે છેદે દારિદ્ર તેહ; દાન એહ રાય વિક્રમ તણું, કીરતિ જેહની ષટ ખંડ સૂણું. ॥૪૪॥ સુણજો વિક્રમની વડવાત, અવનીતલેં જેહના અવદાત; ઋદ્ધિ તણો નવિ લાભે પાર, હાકમની વ્યાવડ ઝૂંઝાર (?). ॥૪૫॥ હવે વિક્રમનો સુણજ્યો ઠામ, માલવદેશ પ્રસિદ્ધો નામ; ધણ કણ કંચણ અતિ સુવિશાલ, સુણીએ નહિં જિણે દેશ દુકાલ. ॥૪૬॥ પગલેં પગલેં પરીગલ નીર, સરોવર જલ ભર્યાં ગુહીર ગંભીર; નદી તણાં નવિ લાભે છેહ, જિહાં વણમાંગ્યા વરસે મેહ. ॥૪૭॥ ગુલ ગોધૂમતણી નહિં મણા, ચોખા રાય ભોગ તિહાં ઘણાં; વારૂ વાગ તણા નહી પાર, દીસે જિહાં અહિ-ફેન અંબાર. ॥૪૮॥ અઢાર ભાર વનસ્પતિ મીલે, સાકર દેખી દાઢ દોય ગલે; પ્રૌઢાં પીઠ અનેરેં ઠાણ, ઘર ઘર વાજે સોઝાં સાહાણ. ॥૪૯॥ લાખ એક બાણું વિસ્તાર, ગુણ માલવનો ન લહું પાર; અમર-પુરી સરિખી ઉજ્જેણી, વાસ કીધો 'હરિરામા[1] તેણી'. ॥૫૦॥ જિહાં જિન શિવના બહુ પ્રાસાદ, ઉંચા મેરૂશું માંડે વાદ; પૌષધશાલાનો નહિ પાર, સંયમ પાલે બહુ અણગાર. ॥૫૧॥ બ્રહ્મપુરી તાપસ મઠ ઘણાં, કુલાચાર પાલે આપણાં; તે પુરી ષડ દર્શન

૧ લક્ષ્મી.

સાચરે, નિજ નિજ ધર્મ સદા સહુ કરે. ।।૫૨।। વહે સિપ્રા જિહાં નિરમલ નીર, વડ મસાણ ગેંદુ તિહાં તીર; સિદ્ધવડ કામિક હરસિદ્ધિ, તૂઠી દે સેવક નવ નિદ્ધિ. ।।૫૩।। ગંધર્વસેન તણાં પુત્ર દોય, દેવકુમાર સરિખા પણ સોય; કુમર વડો ભતૃંહરનામ, લહુડો વિક્રમ બહુ ગુણ ગ્રામ. ।।૫૪।। રાજ્યે બેસાર્યો જેઠો જામ, વિક્રમ લઘુ રીસાવ્યો તામ; તેહ આણીનેં તજીઓ દેશ, પલ્યો પંથ ચતુર અનિવેશ. ।।૫૫।। વજડાવ્યાં ગિરૂઆં નિસાણ, વરતાવી ભૂ ભરતરીં આણ; પાલે પરજા જિમ શ્રીરામ, ન્યાય મારગ રાખ્યો નિજ નામ. ।।૫૬।। વસે વાસ તિહાં [1]વાડવ એક, અભિનવમૂરતિ છે વિવેક; વેદ ચ્યાર જ્યોતિષ લહે જેહ, કરમે વસે પણ નિર્ધન તેહ. ।।૫૭।। એક દિન કામિની કહે સુણ કંત!, વારૂ એક વાત વિરતંત; ખલ્યું ન પહેર્યું બળ્યું ન ખાધ, તું ઘરવાસ તણાં ફળ લાધ. ।।૫૮।। ઘરકું છિદ્ર બારજ ગિરીં પડે, ઉંદર ખણેં ઉકેરાં ચઢે; બેસણ નહિં પોતી પાટલો, સૂવાનેં ખોડો ખાટલો. ।।૫૯।। પાનિપઘરણી વાકહિવાણી, ખાંડી હાંડી ભાગું ભાણ; સારૂં ભાત ન કાંઈ ભોજન્ન, નહિ બંભણ ઘરે પર હૂણા પરિજન્ન. ।।૬૦।। સુદિપખેં દીવો શશિહર જાણ, અંધારે અંગીઠ વખાણ; આમંત્રણેં ચોપડ પામીએ, કંત! કેણીપરેં દુઃખ વામીએ ?. ।।૬૧।। નાણું ભાણું ક્રીયાણું નહી, નહી ઘરમાં દૂજાણું સહી; ઘરે આપણડેં આવે અનાથ, તે દુઃખ જાણે ત્રિભુવન નાથ. ।।૬૨।। શ્લોકઃ

[1] બ્રાહ્મણ.

॥ अपुत्रस्य गृहं शून्यं, दिशिशून्यं च बांधवाः । मूर्खस्य हृदयं शून्यं, सर्वशून्या दरिद्रता. ॥६३॥ दग्धः पंचशरः पिनाकपतिना लोकत्रयीवल्लभो, दग्धा रावणपालिता हनुमता दिव्या च लंकापुरी । दग्धं पांडव अर्जुनेन बलिना दिव्यद्रुमैर्मंडितं, दारिद्रं जनदुःखदायिनि (न) पुनर्दग्धं किमेभिः कृं. ॥६४॥ ચોપાઈ ॥ વનિતા તણાં વચન સાંભલી, તો મનિ વિપ્ર વિમાસે વલી; એણી વાતેં મુજ લાગે લાજ, લક્ષ્મીવિણ કિમ સીઝે કાજ ?. ॥૬૫॥ પાઇ દેવી પૌઢી હરસિદ્ધિ, સાચા પરતાં બહુ પરસિદ્ધિ; કીજે ભગતિ ભાવ તેહની, સા તૂસેં તો સંતોષું ગેહિની. ॥૬૬॥ ઇમ કહી વાડવ ઉત્સુક થયો, મહામાયાના મંદિરે ગયો; લીધા અક્ષમાલા રૂદ્રાક્ષ, દશ દિવસે પૂરો થયો લક્ષ. ॥૬૭॥ દશમો અંશ તર્પણ તેણેં કીધી, હવે ઉપહાર હોમનો લીધ; પંચામૃતનો કરે પખાલ, આલોચીં કાપડ સુકુમાલ. ॥૬૮॥ આણે ખીર ખાંડ ઘૃત ઘણાં, ફલ ફુલ તણી નહિ મણા; ગૂગલગોલી કણયરકલી, શ્રીફલ પત્ર સમિધમાંહિ મીલી. ॥૬૯॥ માલા કુસુમતણી કરે લઇ, હંસમુદ્રાએ આહૂતિ દીએ; પૂર્ણાહૂતિ જબ પૂરી કરી, જપ જપવા અક્ષમાલા ધરે. ॥૭૦॥ ધ્યાનમાનેં જપ પૂરો થયો, જગદંબાને દંડવત્ કીયો; ઢોયાં ફોફલ-પાન, નૈવેદ્યાં પંચામૃત ધાન. ॥૭૧॥ આરંભ્યો હવેં પૂજાનાદ, તે વાડવનો સરલો સાદ; નવ નવ ભાંતિં ભવાની સ્તવેં, ગીત કરી રંગે રીઝવે. ॥૭૨॥ તવ તૂઠી હરસિદ્ધિમાય, વાડવ ઉપર સુપ્રસન્ન થાય; પરતક્ષ થઈ હું તારે ભાગ્ય, જે વર જોઈએ તે મુહ માંગ. ॥૭૩॥ જાઇપે લાડલહિં લિખીઉં નિલાડેં,

કર્મ સબલ નહી કેહને પાડે; લખ્યું હોય તે નિશ્ચયે ફળે, વિપ્રમુખે એહવું નીકળે. ॥૭૪॥ વર માંગે સો દેવી કન્હે, અજરામર કર તું મને; અજરામર ફલ આપ્યું તાસ, ઘરે ઘરણીને દેઈ ઉલ્હાસ. ॥૭૫॥ વળતુ કામિની કહે સુણ સ્વામ !, આપણે દ્રવ્યતણું છે કામ; ધન આવે દારિદ્ર સવિ જાય, ધનથકી મનવંછિત થાય. ॥૭૬॥ એ ફલ રાજાને ભેટ કરો, ફલ દેખી રાય રીઝશે ખરો; પાડોશીનો માંગી થાલ, ફલ ધર્યું તેહમાંહિ વિશાલ. ॥૭૭॥ વસ્ત્રે ઢાંકી જતને કરી, લાગ્યો નૃપકને ઉલ્લટ ધરી; રાજસભા પૂરાણી જિહાં, ભર્તૃહરિ નૃપ બેઠો તિહાં. ॥૭૮॥ આશીર્વાદ દેઈ બ્રહ્મપુત્ર, શ્લોક દૂહા કહે અર્થ વિચિત્ર; ચિરંજીવો ચિરનંદો ઘણું, પર્વત આયુ હોજો પ્રભુતણું. ॥૭૯॥

શ્લોકઃ मुरारी रिपुभृत्यश्च, पिता तस्यैव वाहनः ॥ अंत्याक्षरविहीनस्य, तस्य कांता स्थिरा भव ॥८०॥ અર્થઃ- मुरारि=રાવણ તેનો रिपु-શત્રુ રામચંદ્ર, તેનો भृत्यः- હનુમાન, તેનો पिता-પવનંજય, તેનું वाहन-હરિણ તેનો અંત્ય અક્ષર છોડતાં હરિ, તેની कांता-લક્ષ્મી તે તમારે ત્યાં સ્થિર થાઓ. ॥૮૦॥ સુરતેત્રીસે વલ્લહો, તસુ સુતરિપુ રિપુજાણ; તસ સ્વામિની વલ્લભા. તે ઘરે રહો પ્રભુપાણ. ॥૮૧॥ અર્થઃ- તે ત્રીસ કોડદેવને વાલ્હા ગણપતિ, તેના પુત્ર કાર્તિકેય, તેના શત્રુ સર્પ, તેનો શત્રુ ગરુડ, તેનો સ્વામી કૃષ્ણ, [illegible]ની વલ્લભા લક્ષ્મી તે તમારા ઘરે રહો. ॥૮૦॥ [illegible]લી નાલી બાલકી પશુપાલો ગોવાલ;

એતાં તુમ રક્ષા કરો, માંકડ બટુઅ બિડાલ. ॥૯૧॥ અર્થઃ-હાલી-બલીદ્ધિ, નાલી-બ્રહ્મા, બાલદી-ચંદ્રમા, પશુપાલ-કૃષ્ણ, ગોવાલ-ઈશ્વર, માંકડ-હનુમાન, બટુઅ-નારદ, બિડાલ-વિનાયક=એ બધા તમારી રક્ષા કરો. ॥૯૧॥ કાણો કાચો કુબડો, પાંગુલો પ્રતિહાર; એતા તુમ રક્ષા કરો, ભાંડ અને ભરવાડ. ॥૯૨॥ અર્થઃ-કાણો-શુક્ર, કાચો-ચંદ્ર, કુબડો-વામનાવતાર, પાંગુલો-શનીશ્વર, પ્રતિહાર-ગણેશ, ભાંડ-નારદ, ભરવાડ -કૃષ્ણઃ આ બધા તમારી રક્ષા કરો. ॥૯૨॥ ગાહાઃ- સહિસલ્લો દોસલ્લો, અદ્રુહ ચઉદ્દહ બારિલ્લો; ઈલ્લો બિલ્લો તિલ્લો, રક્ષા કરો તુમ સાવલ્લો. ॥૯૩॥ અર્થઃ- સહિસલ્લો-ઇંદ્ર, દોસલ્લો-શેષનાગ, અદ્રુહ-બ્રહ્મા, ચઉદ્દહ-સૂર્ય-બારિલ્લો-કાર્તિકેય, ઇલ્લો શેક, બિલ્લો -કૃષ્ણ, તિલ્લો-ઈશ્વર, સાવલ્લો-સર્વજ્ઞઃ એ તમારી રક્ષા કરો. ॥૯૩॥

## ॥ ચોપાઈ ॥

ગૂઢા અરથ ભાવ નવનાવા, વદે વિપ્ર મુખે અમૃતલવા; રાજાપ્રમુખ સભાજન સહુ, ચમત્કાર પામી અતિબહુ ॥૯૪॥ વાર વાર નૃપની સ્તુતિ કરે, અજરામર ફલ આગલ ધરે; ઉપરથી વસ્ત્ર કીધું દૂર, ફલ પરિમલ વિસ્તરીઓ ભૂર. ॥૯૫॥ રાજા પામ્યો બહુ આશ્ચર્ય, એ ફલ તે કિહાં લાધ્યું વર્ય; વળતું વિપ્ર વદે સુણ ભૂપ ! ફલતણું કહું સકલ સ્વરૂપ. ॥૯૬॥ મહાદેવી પૌઢિ હરસિદ્ધ, પરતક્ષ માહિમા જાસ પ્રસિદ્ધ; મેં આરાધી બહુ વિધિ કરી, મુજ ઉપર

સા તુઠી ખરી. ॥૯૭॥ તેણે ફલ આપ્યું તે મેં ગ્રહ્યું; અજરામર ફલ મુજને કહ્યું; અમૂલિક ફલ એ મેં જાણીયું, હર્ષ ધરી નિજ ઘરે આણીયું. ॥૯૮॥ જન્મથકો દારિદ્રી અછું, ધન નવિ પામ્યું આજ દિન પછું; ઘરે સ્ત્રી કહે ફલ રખું કીજઈ, એ ફલ ભૂપ પ્રતિ દીજઈ. ॥૯૯॥ રાજા આપે લખમી ઘણી, સફલ ફળે આશા મનતણી; રાજા કરેશે દારિદ્રછેહ, તીણે કારણ ફલ આણ્યું એહ. ॥૯૦॥ તું પૃથ્વીપતિ વિશ્વ આધાર, તું જીવે તો કરે ઉપકાર; દીન દુઃખિતજનને ઉદ્ધરો, એ ફલ સ્વામી! તુમે વાપરો. ॥૯૧॥ વિપ્રવચને પામ્યો ઉલ્લાસ, ફલ અપૂર્વ ધર્યું નિજ પાસ; વિપ્ર પ્રતે નૃપ દે બહુ દાન, દાન દીધું તસ ગુણજે માન. ॥૯૨॥ રંજ્યો રાજા કરે પ્રસાદ, પહેલાં આપે કોડી સવાય; ગ્રામ સહસ વસંતા દીધ, જનમારો અયાચી કીધ. ॥૯૩॥ દારિદ્ર દળ્યું ટળ્યું સવિ દુઃખ, બાંભણની ભાંજી ભટભૂખ; ચાલ્યો વિપ્ર દઈ સત્કાર, બ્રાહ્મણઘર વરત્યો જયકાર. ॥૯૪॥ રાજા ચિંતે હૃદય મઝાર, ફલ અમૂલક એ નિરધાર; એ મુજ પટરાણી વાપરે, તો તવ નિશ્ચે મુજ મન ઠરે. ॥૯૫॥ અંતઃપુરમાં પહોંચી મહારાય, મનશું અતિ રલીઆયત થાય; ત્રણસેં સાઠ રાણી નૃપતણી, અનંગસેના પટરાણી ભણી. ॥૯૬॥ તે ઉપર મયા મહારાયની ઘણી, બીજી સહુ રાણી અવગણી; રૂપે રતિ રંભા ઉર્વશી, રાયને મનેં પ્રીતિ ગાઢી વશી. ॥૯૭॥ નયણ વયણ ઈંગિત આકાર, કામિની કળા કરે કોડિપ્રકાર; ભાવ હાવ દેખાડે ઘણું, ચોરી લીધું

ચિત્ત નૃપતણું, ॥૯૮॥ ફલ તસ આપે આદર ઘણે, ભૂપતિ રાણી પ્રતેં ઇમ ભણે; ફલ મહિમાવંત તું વાપરે, બોલ અમારો ઉપરિ કરે. ॥૯૯॥ વળતું રાણી કહે સુણો સ્વામ !, તુમે આરોગો ફલ અભિરામ; પીયુજી છો મુજ આતમરામ, પ્રાણનાથ ! તન મન વિશ્રામ. ॥૧૦૦॥ મુખેં માયા દેખાડી ઘણી, સહજ જાતિ અછેં સ્ત્રીતણી; વડા અવગુણ રાણીને અંગ, અન્ય પુરુષસ્યું રમે મનરંગ. ॥૧૦૧॥ નૃપ સમજાવ્યો માયા કરી. તસ અભ્યંતર તલ-હિંચરી; વલી રાજા રાણી પ્રતેં ભણે, પ્રાણથકી તું વાલ્હી ઘણી. ॥૧૦૨॥ આગ્રહ પૂર્વક રાણી પ્રતેં, ફલ આપે આદર કરીને તે; રાણી ફલ ગ્રહી કરે વિચાર, એ ફલ હું કિમ વાપરૂં સાર ?. ॥૧૦૩॥ [1]પાંડવ ઉપર છે મુજને નેહ, આપું ફલ રાયેં દીધું જેહ; વિરૂઓ પાંડવ છે નૃપતણો, તેહશું પ્રેમ રાણીને ઘણો. ॥૧૦૪॥ પાંડવને તેડે સા નાર, ન લહે વિરૂદ્ધ વસ્તુ ગમાર; અસતીમાંહિ આડો આંક, નૃપ છાંનિ વિણસે નિશ્શંક. ॥૧૦૫॥ ઘૂક ન દેખે રવિ ઉગંત, કાક ન દેખે રયણી પડંત; અહનિશ નવિ પેખે પુંશ્ચલી, ફલ તેહને દીધું મનરૂલી. ॥૧૦૬॥ અના-ચારપણું મનિં રમ્યું, કાચ સાટે ચિંતામણિ ગમ્યું; અહો ! સંસારતણું એહ નાટ, અસંતોષી પાંડવ જાટ. ॥૧૦૭॥ પાંડવ વ્યસની કિમપિ ન લજ્જે, રાણી તજી વળી ગણિકા ભજે; તે પાંડવ વેશ્યાઘરે ગયો, વિષયતણે વશ પ્રાણી થયો. ॥૧૦૮॥ શૃંગાર-

૧. મહાવત.

મંજરી ગણિકા વડી, તે વિણ જુદો ન રહે ઘડી; ફલ મહિમા ગણિકાપ્રતિ કહે, ખુશી થઈ સા ફલ સંગ્રહે. ॥૧૦૯॥ શૃંગારમંજરી કરે વિચાર, જગમાં ભૂંડો વેશ્યા અવતાર; ઘણું જીવી બહુ કરવું પાપ, એવડો કુણ કરે સંતાપ ?. ॥૧૧૦॥ એ ફલ રાજા જો વાવરે, તો ઉપગાર ઘણેરો કરે; રાજા જીવ્યે જીવે લોક, વિચારતાં એમ આવ્યો ઢોક. ॥૧૧૧॥ વાત વિચારી સુધી ખરી, તો ગણિકા મને ઉલટ ધરી; તે ફલ ધર્યું સોવનથાલ, ઉપર ઢાંક્યું વસ્ત્ર વિશાલ. ॥૧૧૨॥ સાથે તેડયો સવિ પરિવાર, ધવલમંગલ ગાવે નાર; વાજીંત્ર વાજે ગૂહિર ગંભીર, સહુ ગણિકા આવી નૃપતીર. ॥૧૧૩॥ તેહ ફલ રાજા આગળ ધરે, ઓછાડયું વસ્ત્ર આઘું કરે; રાજાએ ફલ ઓલખ્યું તિસે, એહ કરે આવ્યું કારણ કિસે ?. ॥૧૧૪॥ એહનો કાંઇ વાત વિરામ, નૃપ પૂછે વેશ્યા પ્રતિં તામ; કહે રે! એહ ફલ કિંહાથી લહ્યું, વેશ્યાએ સાચું નવિ કહ્યું. ॥૧૧૫॥ સ્વામી! અમ્હો દુષ્કૃત કીજીઇં, કેનું નામ નિજમુખે લીજીઇ.?; વર્ણાવર્ણ આવે અમ બાર, કુલવટનો એહ આચાર. ॥૧૧૬॥ તવ તાજણેશ્યું દેઇ પ્રહાર, બોલે ગણિકા સ્વામિ ! મ માર; જસ મારે તસ બીહે સોય, એહ ઉખાણો સાચો હોય. ॥૧૧૭॥ રાજા કહે તું બોલ સાચ, નહીં તો મારૂં એ મુજ વાચ; વાત વેશ્યા તવ સુધી કહે, પાંડવ વિરૂઓ તુમ્હ ઘરે રહે. ॥૧૧૮॥ તેણે ફલ દીધું મુજ હાથ, આઘી વાત ન લહું નરનાથ !; વેશ્યા તણી છાંડી કનવાર, તેડાવ્યો પાંડવ રાણીજાર.

॥૧૧૯॥ નૃપ પાંડવ પ્રતિં પૂછે વાત, કિહાંથી ફલ પામ્યું કહે અવદાત; પાંડવ તો મુખે બોલે નહી, નૃપ જાણે એહ કૂડો સહી. ॥૧૨૦॥ તવ ગાઢો કૂટે તાજણેં, દુઃખ લહે જીવ પરવશપણે; નહી બીહેં કરતો અન્યાય, પછી આપડો પડે અપાય. ॥૧૨૧॥

॥ દોહા ॥

વસ્તુ અવસ્તુ વિચારણા, નવિ જાણે જાત્યંધ;
અનરથ ઉપજતો કિશ્યો, નવિ દેખે કામંધ. ॥૧૨૨॥

## ॥ ચોપાઈ ॥

ઉપાય કરી પાંડવ પૂછીયો, વ્યતિકર તેહનો સવિ પ્રીછીયો; રાજા મનેં વિમાસે ઇશું, એ રાણીની કરણી કિશું. ॥૧૨૩॥ પટ અંતર ફલ રાખી ભૂપ, રાણીપ્રતેં જઇ કહે સરૂપ; ફલ વાવર્યું મુખે કુડું વદે, નિસુણી રાય દુહવાણો હદેં. ॥૧૨૪॥ કપટ કોથળી કૂડી નાર, વિધિએ નીપાઇ એણિં સંસાર; શી માયા એહ ઉપર ધરૂં ?, પાપકર્મ ઇણેં આચર્યું ॥૧૨૫॥ નજરે ફલ દેખાડયું જામ, અતિ ઝાંખી થઇ રાણી તામ; ભર્તૃહરિ પામ્યો વૈરાગ્ય, કામ ભોગનો કરે મન ત્યાગ. ॥૧૨૬॥

## ॥ अथ काव्यानि ॥

यां चिंतयामि सततं मयि सा विरक्ता ।
साप्यन्यमिच्छति जनं स जनोऽन्यसक्तः ॥
अस्मत्कृते च परितप्यति काचिदन्या ।
धिक् तां च तं च मदनं च इमां च मां च ॥१२७॥

संमोहयंति मदयंति विडंबयंति ।
निर्भत्सयंति रमयंति विषादयंति ॥
एताः प्रविश्य सदयं हृदयं नराणां ।
किं नाम वामनयना न समाचरंति ? ॥१२८॥

अश्वप्लूतं माधवगर्जितं च ।
स्त्रीणां चरित्रं भवितव्यता च ॥
अवर्षणं चापि च वर्षणं च ।
देवा न जानंति कुतो मनुष्याः ? ॥१२९॥

## ॥ અથ ષટ્પદ કવિત ॥

ઉદક રહે જો મૂઠિં, મુંઠિ કેસરી પલ્હાણે,
છાયા ગ્રહીઈ પાણિં, વાણી ચિંહુ ભેદ ભણાઈ ॥
કુંજર ધરીઈં કન્ન, મન્નકો માપ ભરાઇં,
સુરગુરૂ લહીઇં બુદ્ધિ, ઉંદધિજલ બાંહિં તરાઈ ॥
તારા વ્યોમ જોઈ કલિ, રસારેણુ જો કોઈ ગણી,
કવિ કહે જ્ઞાની નર સાંભલો,
તો અબલા હુંઈ આપણી. ॥૧૩૦॥

હીર ચીર શૃંગાર, નારીને નવલા દીજે,
પંચામૃત પોખલીં, મૂખિં તે મીઠાં કીજઇં ॥
જી જી જપતાં વયણ, રયણી દિવસ સ્યું થપ્પે,
જે જે માગે મુખિં, તેહ તેહને અપ્પે ॥
ઈમ કરતાં જો ઉંચટે, તો પુરૂષ પ્રેમ ક્ષણમાં ટલે,
કિસી વિસસઈ સા સુંદરી, જે જારસ્યું જાઈ મીલે ? ॥૧૩૧॥
મહિલા કૂડચરિત્ત, બંભ પુણ પાર ન જોડિં,
દિને ડરપે દોરડે, રયણી વિસહર ફણ મોડે ॥

ઉદ્દિર દિસે કેઉ ઉદ્ધસે, કાન કરી સાવજ ઝાલે,
ઉંબર ચઢતી અડવડે, ચઢે ડુંગર અણિયાલે ॥
સાત સમુદ્ર લીલાઇ તરે, સુકિ સરોવર ડૂબી મરે,
ભર્તૃહરિનૃપ આપ કહે, સ્ત્રીવિશ્વાસ મન કો કરે ॥૧૩૨॥

॥ દોહા ॥

રાવણ સરીખા રોલવ્યા, રવિતલિ રૂડા રાય;
તે કામિની કિમ ધીરીઇ, વિહુડી ફેરે ઠાય. ॥૧૩૩॥
નીપટ નીચનારી સહજ, ચિર નવિ રાખે નેહ;
વિહુડી તો વંચે તુરત, કૂડ કપટકો ગેહ. ॥૧૩૪॥
સ્ત્રીયાહિ અતિ વંકડી, મત કો કરો વિસાસ;
માથે ઘેર ચઢાવી કરી, પછી દીએ ગલે પાસ. ॥૧૩૫॥

## ॥ ચોપાઇ ॥

કાવ્ય કવિત દૂહા મનિં ધરી, સંસાર માયાથી ઓસરી; ભર્તૃહર થયો સૂધો યતિ, મનિં માયા નહિ એકે રતી. ॥૧૩૬॥ છાંડી રાજ્ય વનમાં તપ કરે, એક પરબ્રહ્મ ધ્યાન મનેં ધરે; ઉજ્જેણી નયરીનું રાજ, ભૂપતિ વિણ તે વિણઠું કાજ. ॥૧૩૭॥ સૂનું જાણી વિણ રખવાલ, તદા ગ્રહ્યું આગીયા વેતાલ; જે વારેં થાપે પરધાન, વીર કરે તે નૃપનું ઘાત. ॥૧૩૮॥ શ્લોકઃ ॥ राज्यं भोज्यं च शय्या च, परवेश्मवरांगना । धनं चैत्यं च शून्यश्चेदधिष्ठीयंते ध्रुवं परैः ॥१३९॥ ચોપાઈ ॥ વાત સુણો જે હુઈ હવે, વિક્રમનૃપ આવ્યો માલવેં; ઉજેણી નયરીને તીર, વહે સિપ્રાનદી નિર્મલનીર ॥૧૪૦॥ તાસ ઉપકંઠે ભૂમિ પવિત્ત, પોઠી લાખ

બહુ સાથ સંયુક્ત; ઉતર્યો તિહાં મહેતો ભટમાત્ર, સાથે અનંત વસ્તુ ગુણપાત્ર. ॥૧૪૧॥ વિક્રમ ચોરી કરવા રાત્રિ, પેઠા નિજ સંકોચી ગાત્ર; મહેતો [1]સાથી પાસે રમ. નિજમિત્ર સાથે તેહવે સમે. ॥૧૪૨॥ સિપ્રાપૂર વહે અસરાલ, [2]મહા સિદ્ધિ બોલી સુવિસાલ; મિત્ર ભણે મહેતા પ્રતિ તામ, [3]શિવા શબ્દ કર્યો શ્યેં કામ ?. ॥૧૪૩॥ મહેતો શુકનતણો લહે હેત, મિત્ર પ્રતિં કહે શિવાસંકેત; મહેતો હૃદય વિચારી ભણે, છાનો વિક્રમ તે પણ સુણે. ॥૧૪૪॥ શિવા કહે છે એહવી વાણી, સાહસિક જે હોઇ સુજાણ; શિપ્રામધ્યે સ્ત્રીનું શબ જાય, જે કાઢે તસ બહુ ફલ થાય. ॥૧૪૫॥ તેહ પાસે ધન છે તે લીઓ, કલેવર મુજને ભક્ષણ દીઓ; સાહસિક કો નહિ જગમાંહિ, સબલ પુરુષ તરે નિજબાંહિ. ॥૧૪૬॥ એહવા જે કરે ઉપાય, તેહવા નર જણે વિરલી માય; વિક્રમે વાત સુણી જેટલે, અતુલબલી ધાયો તેતલે. ॥૧૪૭॥ દૂરે થકી તે દીઠી રાય; તરુણી નદીપૂરે જાય; અંગે પહેર્યાં જે શણગાર, દીપક પરે તસ તેજ અપાર. ॥૧૪૮॥ ભુજબલે તરી સ્ત્રી કાઢી તેહ, અલંકાર ધન લીધું જેહ; પ્રચ્છન્નગતિ વળી આવ્યો તિહાં, ભટમાત્ર બેઠો છે જિહાં. ॥૧૪૯॥ ક્ષણ અંતરે વળી બોલી શિવા, [4]ઃના અરથ વિચારે નવા; મહેતા પ્રતિં વળી [5] મિત્ર, શ્યેં કારણ શિવા બોલી તત્ર. ॥૧૫૦ મહેતા અર્થ વિચારી કરે, સુણે વિક્રમ રહી

---

૧ સે ... ૭ ૨-૩ શિયાલણી

અંતરે; મુજ ભક્ષણ જેણે દીધું આજ, તે ઉજ્જેણી કરશે રાજ. ॥૧૫૧॥ રાજા સહિ હોશ્યે પરભાત, તે ભૂપતિની હોશ્યે ખ્યાત, તેહ વળી આવી બોલી બીજીવાર, મહાસિદ્ધનો એહ વિચાર. ॥૧૫૨॥

॥ દોહા ॥

પ્રગટ થઈ વિક્રમ ભણે, સુણ મહેતા મતિવંત;
તે હું મે શબ કાઢીયું, શિવા કહ્યો વિરતંત. ॥૧૫૩॥
મહેતો ઉઠયો ધસમસી, અંગોઅંગ મીલંત;
પરસ્પરેં બહુ પ્રેમશું, કુશલ ક્ષેમ પૂછંત. ॥૧૫૪॥
બુદ્ધિવંત મહિતો તદા, વારંવાર ઈમ ભણંત;
અહો! સાહસિક શિરોમણી!,
અબીહ! મહાબલવંત. ॥૧૫૫॥
વિક્રમ કહે મહેતા પ્રતિં, પૂરવ સવિ અવદાત;
નૃપવ્યતિકર શ્રવણે સુણ્યો, હરખ્યો બહુ ભટમાત્ર. ॥૧૫૬॥
કહે નૃપ તું મંત્રીસરૂં, તું થા બુદ્ધિ નિધાન!;
રાજકાજ સ્થિર તો રહે, જો હોય વણિક પ્રધાન. ॥૧૫૭॥

## ॥ ચોપાઈ ॥

રાજા મંત્રી કરેય વિચાર, શુભ શકુને પહોંચે નયર મઝાર; અશ્વ ગજ રથ સન્મુખ હોય, આશીષ ભણતાં વિપ્ર મીલે દોય. ॥૧૫૮॥ દૂર્વા ગણપતિ નીલ ચાસ, દાહિણ શબ્દ કરે ઉલ્લાસ; કન્યા ગો દધિ ભેરી ફૂલ, નૃપને શકુન હોય અનુકૂલ. ॥૧૫૯॥ યોગિણી પૂર્યું પત્ર વિશાલ, સન્મુખ થઈ વદે મંગલ માલ; શકૂન નીહાલે મારગ સોય, પ્રજાપતિ ઘરે

પહોતા દોય. ॥૧૬૦॥ તસ ઘરે રાઉલા જણ આવીઆ, વારાની ચીઠી લાવીઆ; ડોકર ડોકરી વિલપે ઘણું, સદય હૃદય છે રાજા તણું. ॥૧૬૧॥ વિક્રમ પૂછે ડોસા ભણી, દુઃખની વાત કહો તુમ-તણી; ડોકરી કહે આતમ અવદાત, મહાપુરુષ! તું સાંભલ વાત. ॥૧૬૨॥ અમ્હો વૃદ્ધ મુખે ચઢે સાસ, એક બેટો અમ્હ ઉપરિ આશ; તે સુતને જણ લેઇ જાય, જોતાં નજરે માય તાય. ॥૧૬૩॥ કુણ તેહનો [1]પ્રાણુન થાય?, તસ હણતાં કોઈ કેડે ન થાય; રાત્રે વીરને બલિ આપશે, તસ શિર બહુ વિચક વેશશે. ॥૧૬૪॥ ભૂપ ભણે મ મ કરો વિલાપ, તુમ સુત-સ્થાનક જાશું આપ; નંદન સુંપેડો કરી હાથ, વિક્રમ પહોચે સેવક સાથ. ॥૧૬૫॥ સિંહાસને બેઠો સજ્જ થઇ, નગરલોકની [2]ભાવઠ ગઇ; લક્ષણ બત્રીશ મહાબલ વંત, રૂપ ગુણે મન મન્થ જીપંત. ॥૧૬૬॥ સબલ સાહસવંત સુજાણ, જાણે ઉદયો અભિનવ ભાણ; મંત્રી મહામંત્રી સામંત. શેઠ સેનાપતિ આવી મીલંત. ॥૧૬૭॥ રાજ કુલ છત્રીશે મલી, સર્વ કોની પૂગી મન રૂલી; ભૂપપ્રતિં સહુ કરે પ્રણામ, સ્વામી દ્યો અમ સરિખું કામ. ॥૧૬૮॥ વિક્રમભૂપ વિચારે બુદ્ધિ, મેં પામી એ બહુલી ઋદ્ધિ; જો થિર રાખું તો રહે લાજ, બુદ્ધિ પ્રમાણે કીજે કાજ. ॥૧૬૯॥

यतः—यस्य बुद्धिर्बलं तस्य, निर्बुद्धेश्च कुतो बलं? । वने सिंहो मदोन्मत्तः, शशकेन निपातितः ॥१७०॥

---

૧ રક્ષણહ , ૨ ચિંતા.

॥ દોહા ॥

બલવે બુદ્ધિ જ આગલી, જો ઉપજે તત્કાલ;
વાનર ગ્રાહ વિગોવીઓ, એકલડે શીયાલ. ॥૧૭૧॥

## ॥ ચોપાઈ ॥

નૃપ સેવકપ્રતિ દે આદેશ, કાજ કરો મુજ આજ વિશેષ; કંદોઈ જે નગર મોઝાર, તેડી આવો મ લાવો વાર. ॥૧૭૨॥ કંદોઈ આવ્યા ધસમસી, નૃપ કામે સહુ બહુ ઉલ્લસી; ઘૃત પડસૂંદી આણ્યા ઘણા. નૃપ આદેશે લાવે ઘણાં. ॥૧૭૩॥ ખાંડ ગોળ બહુ તિલવટ તેલ, કરે કંદોઈ થઈ આકલા; પૂડા રૂડાં માંડા કર્યાં, તિણે કરી બહુ ઓડલાં ભર્યાં. ॥૧૭૪॥ વિવિધ જાતિનાં રાંધ્યા ધાન, અણાવ્યાં બહુ ફોફલ પાન; મંદિરમાં બહુ કીધી પૂજ, ઠામ ઠામ ઠવે વસ્તુગંજ. ॥૧૭૫॥ દૂધ ચોખા-શું રાંધી ખીર, તે ભોગ લેશે આગીઓ વીર; અતિ સુગંધી અણાવ્યાં ફુલ, દો વિધિ કણયર ને જાસૂલ. ॥૧૭૬॥ ચૂઆ ચંદન મૃગમદ સાર, અંબર કેસર ને ઘનસાર; કનક કચોલા મૂકયાં ભરી, વીર સાધવાની વિધિ કરી. ॥૧૭૭॥ મંદિર મધ્યે બહુ દીપક કરે, ધૂપઘટી પરિમલ વિસ્તરે; જગમાં વિક્રમ મોટો ગુણી, વીર વશ કરવા કરે વિધિ ઘણી. ॥૧૭૮॥ દિનકર જબ અસ્તંગત થાય, પરિધો સર્વ નિજ મંદિર જાય; બીહકે કો ન રહે નૃપતીર, રહે તેહને હણે આગીઓ વીર. ॥૧૭૯॥ એકાકી વિક્રમ તિહાં રહ્યો, વીર તણો ભય મોટો લહ્યો; સિંહાસનથી ઉઠી કરી, આવે સાહસ સત્વ આદરી ॥૧૮૦॥ યતઃ—उद्यमं साहसं धैर्यं,

बल-बुद्धी पराक्रमं। षडेते यस्य विद्यंते, तत्र दैवोपि शंकते ॥१८१॥ મંદિર વિચેં ઢાળ્યાં પલ્યંક, સીરખ પાથરે ભૂપ નિરશંક; કાઠ ઢાલીં ઉપરે એક, અનોપમ વસ્ત્ર ઓઢાડે છેક ॥૧૮૨॥ અનુક્રમેં મધ્યરાત્રિ જબ ગઈ, વિક્રમ છાનો રહ્યો સજ્જ થઈ; દીપક છાયા ઓલવી રહે, ખડગ ઉઘાડું હાથે ગ્રહે ॥૧૮૩॥ ઝબ ઝબ ઝબૂકિં જિઉં વીજલી, દેખી કાયર જાએ ગલી; સાહસીક વડો જૂજાર, વિક્રમ નાણેં બ્હીક લગાર. ॥૧૮૪॥ ઇણ અવસરેં આવ્યો વેતાલ, કાયરજન બીવેં તસ ફાલ; મુખેં હુંકારા મૂકે વિકરાલ, હાથે ડમરૂ કંઠ રંડ માલ. ॥૧૮૫॥ ચરણે ધમકે ઘૂઘરમાલ, રગત-લોચન કરે કરવાલ; ધરતી કંપે ચરણ પ્રહાર, મદ્ય માંસ તણો કરે આહાર. ॥૧૮૬॥ પડઘા ન ખમે કો તસતણો, વીરતણી કરણી હવે સુણો; શય્યા ઉપરિ દીધ પ્રહાર, વિકટ વીરતણો હથીઆર. ॥૧૮૭॥ કાઠ તણા ખંડ હુઆ દોય, માનવ તત્ર ન દીઠો કોય; ચિહું દિશિ ઘર નીહાલી જોય, કિહાં ગયો વીર ચિંતે સોય. ॥૧૮૮॥ ઓલવાથી શિઘ્ર આવે તામ, વીર પ્રતિં રાય કરે પ્રણામ; આ સવિ નીપનું કેહને કાજ?, ઉત્તર વળતો આપે રાજ. ॥૧૮૯॥ તુમ્હ અરથે નીપાયું એહ, ભોગ લીઓ મ મ ધરો સંદેહ; લીઓ ભોગ નેં ટાલો રોગ, એ સાચો મલીઓ સંજોગ. ॥૧૯૦॥ કીધું નૃપે તો આગીઓ વીર, નારી કૂંજર પહિરણ ચીર; ચૂઆ ચંદન ચરચૈં વીરઅંગે, ચંપક માલ ચઢાવે રંગે. ॥૧૯૧॥ ઘણો સંતાષ્યો આગીઓ વીર, તૂઠો નૃપપ્રતિં જાણી ધીર;

અહો ! સાહસિક શિરોમણી ! સંત !, દીધું રાજ્ય મેં કર નિશ્ચિંત. ॥૧૯૨॥ બલિ દેજે દિન મુજ પ્રતિ, કરે રાજ્ય તું મનને ત્રતિં; દેઇ વાચા વળીઓ વેતાલ, થઈ નિશ્ચિત પોઢયો ભૂપાલ. ॥૧૯૩॥ હવે પ્રભાત જબ ઉગ્યો ભાણ, સેવકે સઘલે કીધો જાણ; હુઓ ભૂપતિ ક્ષેમ કલ્યાણ, વજડાવ્યાં બહુ ઢોલ નિસાંણ. ॥૧૯૪॥ વિઘન વિલય ગયું રાજા તણું, એહનું પુણ્ય દીસે છે ઘણું; ભૂપ તણાં સહુ કરે વખાણ, પુરી શણગારી કરે મંડાણ. ॥૧૯૫॥ શય્યાથી ઉઠયો રાજાન, અનેક બહુવિધ દીધાં દાન; રાજા પ્રતિ સહુ દીએ આશીસ, એ નૃપ જીવો કોડી વરિસ. ॥૧૯૬॥ પુરજન આવ્યા નવેં અવતાર, તલીઆં તોરણ ઘર ઘર બાર; ધ્વજા પતાકા તણો નહિં પાર, મંગલિક વરત્યો જય જયકાર. ॥૧૯૭॥ થાનકે થાનકે મલીઆ લોક, વધામણાં બહુ લાવે રોક; આપે તાસ [1]અંમોરી કરી, ભૂપતિની કીરતિ વિસ્તરી. ॥૧૯૮॥ બેઠો રાજ્યે વિક્રમ રાજાન, મહિતાને તેડી દીએ માન; કીધો ભટમાતર પરધાન, મંત્રીસર બહુ બુદ્ધિ નિધાન. ॥૧૯૯॥ રાજકાજ કરે સાવધાન, તુરત લે પરમનનું ધ્યાન; દિન દિન પ્રતિં બલિ આપે ભૂપ, એક દિન પૂછે જ્ઞાન સ્વરૂપ. ॥૨૦૦॥ વીર કહે સવિ જ્ઞાનેં લહું, પૂછી વાત કહો તે કહું; વળતું પભણે વિક્રમરાય, કહો કેતલું અછે મુઝ આય. ॥૨૦૧॥ વીર કહે તું જીવીશ ઘણું, શતવરસનું આયુ તુમ્હતણું; વિક્રમ કહે તુમે સચું

૧ ઉમેરો.

કહ્યું, તુમ વચન સહી મેં સદહ્યું. ॥૨૦૨॥ શૂન્ય આંક પડયો છે જેહ, અધિક ન્યૂન કરીજે તેહ; વીર કહે નિસુણો મહારાય, અધિકું ઓછું આય ન થાય. ॥૨૦૩॥ જો કીજેં નૃપ કોડિ ઉપાય, ત્રૂટું આય તે નવિ સંધાય; લહીયું નિશ્ચલ નૃપ નિજ આય, કેણેં મુજસ્યું પ્રાણન થાય, ॥૨૦૪॥ મરણતણો ભય હવિ મુજ નહિં, સુનર કુણનું ન ચાલે સહી; બલિબાકલા તસ કરૂં નિષિદ્ધ, જિહાં સાહસ તિહાં લહીએ સિદ્ધ. ॥૨૦૫॥ એક દિવસ વીર આવ્યો યદા, બલિબાકલા નવિ દીધા તદા; વીર કોપ્યો નૃપ ઉપર ઘણું, ભૂપ કહે બલ દાખો આપણું. ॥૨૦૬॥ જો વીર બલવંતો હોય, આપણ યુદ્ધ કરશું દોય; હડ હડ હસી વદે વેતાલ, તું સાહસીક વડો ભૂપાલ. ॥૨૦૭॥ સુભટ સવે માનું શિરતાજ, હું તુજ તુઠો નિશ્ચેં આજ; જે જોઈએ તે તું વર માગ, મેં પરખ્યું તુઝ મોટું ભાગ્ય. ॥૨૦૮॥ વિક્રમ કહે નિસુણો વેતાલ, અહનિશ કરવી મુજ સંભાલ; સમર્યાં અણસમર્યાં આવજો, જે મુઝ જોઇઈ તે આપજો. ॥૨૦૯॥ નૃપને વીરની સાંનિધિ વડી, નૃપથી જુદો ન રહે ઘડી; પાલે રાજ્ય નિકંષ્ટ-કપણે, કોઇનો ભય મનેમાં નવ ગણે. ॥૨૧૦॥ ઇણે અવસરે સુણજો અધિકાર, નિવસે પુરિ ઉજ્જેણીમઝાર; દૈત્યદમની દેવદમની નારી, જાતિં ઘાંચણ પણ વિદ્યા-ભંડાર. ॥૨૧૧॥ ઘાંચીએ આદેશ પંચ દીધ, નૃપ ઉપાય બુદ્ધિ બહુ કીધ; પંચદંડ વિક્રમે સાધીયાં, સોહમપતિ ઇંદ્રે જાણીઆં. ॥૨૧૨॥ સોહમ ઇંદ્ર વડો સુરધણી, તેહશું મૈત્રી ભૂપને ઘણી; જગમાં જેહનો

યશવિસ્તાર, પુણ્યવંત વડો દાતાર. ॥૨૧૩॥ એહવાં ગુણ અંગે વિક્રમ વસે, સુરપતિ ગુણ જાણી ઉલ્લસે; નિજ બેસણું સિંહાસન જેહ, ઇંદ્રસભામધ્યે શોભતું તેહ. ॥૨૧૪॥ મનમોહન અતિ દીસે ભલું. બેસવા ભૂપ પ્રતિં મોકલ્યું; ઊંચું કર બત્રીશ વિશાલ. આઠ કર પહોળું સુકુમાલ. ॥૨૧૫॥ ચંદ્રકાંતરતનનું ઘડ્યું, સિંહાસન બહુરયણે જડ્યું; બત્રીસ પૂતલી તાસ સંયૂત, ચીતરીયાં ચિત્રાંમણ પ્રભૂત. ॥૨૧૬॥ સિંહાસણે પંચદંડનું છત્ર, વિક્રમનરપતિ બેસે તત્ર; રાયારાય શ્રી વિક્રમાદિત્ય, તપતેજેં જેહવો આદિત્ય. ॥૨૧૭॥ જેહને સોવન પુરિસા ત્રણ, સાતવાર કરી પુહવી [1]ઓરણ; જિમ જિમ નૃપ બહુ ઉપગાર કરે, તિમ જગિં કીરતિ વિસ્તરે. ॥૨૧૮॥ એક દિન નૃપ કટકાઈ કરે, પુર પયઠાંણભણી સંચરે; સાલિવાહનનૃપ સન્મુખ હુવો, નમી ન માને કર આપવો. ॥૨૧૯॥ માંહોમાંહિ હૂઓ સંગ્રામ, વિક્રમ નૃપનું ન સર્યું કામ; શતવરસનું પાળી આય, સુરપતિ પહોંતા વિક્રમરાય. ॥૨૨૦॥ ગર્ભવતી પટરાણી જેહ, સાત માસ વોલ્યા છે તેહ; ઉદર છેદી તેણે કાઢયો પુત્ર, રાખવા વિક્રમ ઘર સૂત્ર. ॥૨૨૧॥ અગ્નિ પ્રવેશ કરે દંપતી, નિજ પતિ વિરહે હુઇ સતી; વિક્રમસેન નામ સુત નામ, તાત તણી વધારે મામ. ॥૨૨૨॥ ત્રીસ સામંત સહુ મલી, રાજતિલક દીધું મન [illegible] તણી [illegible] વિલસે સંપદા, ન્યાય પંથે ચાલે [illegible] ॥ સિંહાસનનું અચરિજ જોય, [illegible]ક્રમ [illegible] વે

1 અનૃ[illegible]— કરરહિત.

દેય; તવ આકાશે વાણી હચી, વિક્રમ સરીખો જે રાજવી. ॥૨૨૪॥ એહ ઉપર સહી બેસે તેહ, ઓદારિજ ગુણ આવે જેહ; ઇમ સુણી વાણી સુરતણી, ભટમાત્ર મહેતો બહુગુણી. ॥૨૨૫॥ સાચી બુદ્ધિ વિચારી ખરી, વાર મુહૂર્ત્ત શુભ જોઈ કરી; ઉજ્જેણી બાહિર શુભ ઠામ, પવિત્ર ભૂમિ ભંડારે તામ. ॥૨૨૬॥ કેતો કાલ ઉપર વહી ગયો, રાજા ભોજ ધારાપુર ભયો; સિંહાસન ભંડાર્યું જિહાં, ક્ષેત્ર વાવ્યું છે વિપ્રે તિહાં. ॥૨૨૭॥ સિંહાસણિ તિહાં [1]માલો કરે, ચઢે વિપ્ર માલા ઉપરે, માલા ઉપરે બેસે યદા, ઉદારીજ ગુણ આવે તદા. ॥૨૨૮॥ ચિંતે પૃથવી ઓરણ કરૂં, દીન દુઃખિતજનને ઉધ્ધરૂં; માલાથી હેઠો ઉતરે, તદા બહુ કૃપણાઈ કરે. ॥૨૨૯॥ [2]ગરથ ઘણો છે બ્રાહ્મણ ઘરે, પાઇ કો પુણ્યે નવિ વાવરે; રાજા ભોજ ધારાપુરધણી, એક દિન આવ્યો ઉજ્જેણી ભણી. ॥૨૩૦॥ હય ગય રથ પાયક પરવર્યો, તાસ ક્ષેત્ર આગલ ઉતર્યો; રાયપ્રતિ દેખે ક્ષેત્ર ધણી, વાત પ્રકાશે સવિ આપણી. ॥૨૩૧॥ માલા વાત સકલ જબ કહે, નિસુણી ભોજ હર્ષ બહુ ધરે; વાત અપૂરવ વિપ્રમુખે સુણી, કૌતુક જોવા [3]ખાંતિ હુઇ ઘણી. ॥૨૩૨॥ રાજા ઇમ વિચારી હીયે, ખેત્રે ધન ઉપજે તસ દીએ; ધન દેઇ ખેત્ર [4]પોતિં કરે, રાજા માલા ભણી સાંચરે. ॥૨૩૩॥ માલા ઉપરી જબ ચઢે રાય, મહિમા દેખી અચરિજ થાય; નરપતિ

૧ માંચડો. ૨ પૈસો. ૩ ઇચ્છા. ૪ માલીકીનું.

ભણે સેવક સુણો, માલા હેઠલી ધરતી ખણો. ॥૨૩૪॥ ખણતાં પ્રગટયું તેજ અપાર, જાણે ઉગ્યાં સૂરજ બાર; પેખે સિંહાસન ઉદાર, પહોળું ઉંચું અતિહિ સફાર. ॥૨૩૫॥ બત્રીસ પૂતલી નવનવાં રૂપ, જોતાં આશ્ચર્યો બહુ ભૂપ; સિંહાસણ તિહાંથી નવિ ખસે, રાજા હૃદય વિમાસે તિસે. ॥૨૩૬॥ કોઇક વ્યંતર આડો ફરે, ભૂવાદિક તેડી વિધિ કરે; ભૂઆ કહે સ્વામી! અવધાર, બીજે સવિ ઉપાય નીવાર. ॥૨૩૭॥ ઉજ્જેણી નગરી રખવાલ, હર સિદ્ધિનો આગીઓ વેતાલ; આડ ખીલ કરે છે સોય, ભૂપતિ હૃદય વિમાસી જોય. ॥૨૩૮॥ બલિ બાકલાં તેહપ્રતિં દીજીએ, જાપ હોમ તસ બહુ કીજીએ; આગીઓ વીર હરસિદ્ધિ દેવી, મનવંછિત ફલ આપે સેવી. ॥૨૩૯॥ જોસેં જે વિધિ કહી તે કરી, રાજા ભોજે મન ઉલટ ભરી; પ્રગટ થયું સિંહાસન જેહ, ધારાપુરિં આણ્યું તેહ. ॥૨૪૦॥ રાજા જોવરાવી શુભ શકુન, પંડિત તેડી પૂછે લગન; માગશર શુદિ તેરશ ગુરૂવાર, પુષ્ય [1]રીક્ષતણું બલ સાર. ॥૨૪૧॥ વિજય મુહૂર્ત્ત વડું સંસાર, દોષ નહિં જેહમાં લગાર; રાજ પર્ષદ અનોપમ જિહાં, સિંહાસન પધરાવો તિહાં. ॥૨૪૨॥ થંભ સહસ બહુવિધ ચિત્રાંમ, ખંત ધરી નિપાયું કામ; જાણ જાણે એ સોહમ સભા, તેજપૂંજ અતિ રવિસમ પ્રભા. ॥૨૪૩॥ પંડિત બહુ સિંહાસણ સ્તવે, સિંહાસન ઉપરિં વસ્ત્ર ઠવે; અષ્ટોત્તર શત જેહ ઔષધિ, અક્ષત દૂર્વા સરસવ દધી. ॥૨૪૪॥

૧ નક્ષત્ર.

ચંદન ગોરોચંદન અભિરામ, ખીર વૃષ્ય સદાફલ નામ; દ્રવ્ય સૌભાગ્ય વિશેષ શ્રીકાર, વિવિધ તીર્થતણાં જલ સાર. ॥૨૪૫॥ રાજ અભિષેક સામ શ્રીકરી, દીસેં સકલ સજાઇ ખરી; મંત્રી મહામંત્રીશ તલાર, શેઠ સેનાપતિ બહુ પરિવાર. ॥૨૪૬॥ રાજસભા પૂરાણી બહુ, કૌતુક જોવા મીલીઉં સહુ; દાન પુણ્ય મંગલ આચાર, કરે ભૂપતિ બહુ વિસ્તાર. ॥૨૪૭॥ અંગે પહેર્યા સાર શૃંગાર, ભૂપતિનેં મન હર્ષ અપાર; નૃપ સિંહાસન બેસે યદા, પ્રથમ પૂતલી હસી બોલી તદા ॥૨૪૮॥ વિક્રમ સરીખો હોઇ જેહ, એણી સિંહાસન બેસે તેહ; માણીશ મનમાં કાંઇ સંદેહ, યુગતી વાત કહું છું એહ. ॥૨૪૯॥

## ॥ अथ भोजराजा प्रति प्रथम पूतली एवं कथयति ॥

॥ દોહા ॥

ભૂપતિ વિસ્મય પામીયો, જંપે પાથરરૂપ;
અચરિજ પામે અતિ ઘણું, અદ્દભૂત એહ સ્વરૂપ. ॥૨૫૦॥
રૂપે પાથર પૂતલી, મુખે તો માણસ વાણિ;
વિક્રમ વારૂ કિમ હુઓ, કહે તે કથા વખાણી. ॥૨૫૧॥

## ॥ ચોપાઇ ॥

વખાણે વારૂ ગુણ ઘણાં, પ્રથમ પૂતલી વિક્રમતણાં; સભા સહિત ભોજ નૃપ સાંભળે, આશ્ચર્ય જોવાને સહુ મીલે. ॥૨૫૨॥ અમૃતવાણી મુખ બોલી બોલ, ગુણ વિક્રમનાં જે સુવિશાલ; ભોજ ભણે સાંભલ તુજ ભણું, આપ વખાણ ન કીજે ઘણું. ॥૨૫૩॥ મુજ સરિખો નહિ કોઇ રાજાન, ઉચિત સવિ લખ દેઉં દાન; વળતું પંચાલી કહે વત્ત, નિજ ગુણ ઉપરિ આપે દત્ત. ॥૨૫૪॥ નવિ કીજે તેહતણાં વખાણ, નિસુણો રાજા ભોજ સુજાણ; વિક્રમ જોડે નહિં કો ભૂપ, જગમાં જેહની કરણી અનૂપ. ॥૨૫૫॥ ભોજ ભણે કહો વિક્રમ વિખ્યાત, પૂતલી વળતી કહે શુદ્ધ વાત; વિક્રમ ભૂપ તણો અવદાત, સુણતાં બહુ ઉપજે સુખ શાત. ॥૨૫૬॥ શ્રી ભાગવત પુરાણમાં કહી, પંચમ સ્કંધે વાત ઇમ લહી; શ્રી યુગાદિ આદિ મહાદેવ, જેહની સુર નર સારે સેવ. ॥૨૫૭॥ તાસ પુત્ર અયવંતીકુમાર, અયવંતી વાસી તેણે ઉદાર; અનેક ભૂપ હુઆ ઉજ્જેણી, રાજઋદ્ધિ બહુ પામી તેણી. ॥૨૫૮॥ અનુક્રમે વિક્રમનૃપ હુઓ, દાંત ઉદારપણું તસ જુઓ; 'શત્રુકાર સતસેં' જસ દ્વાર, ઓરણ પુહવી કરી સાત વાર. ॥૨૫૯॥ સિંહાસન એ વિક્રમ તણું, બેસવા ઇંદ્રે ઠવ્યું આપણું, મહીયલ વિક્રમ તો ભડવાય, પાલે પ્રજા ન કરે અન્યાય. ॥૨૬૦॥ પુરી સભા બેઠો એક દિન્ન, દીન દુઃખી કો

૧ સત્રાગાર.

નર નિરધન્ન; આયો નૃપ પરષદ મઝાર, ભૂપ પ્રતિં કલા દાખે અપાર. ॥૨૬૧॥ તસ મુખેં વાણી અમૃત શ્રવે, કાવ્ય કવિત્ત કથા રસ બહુ કેલવે; કથા એક અપૂરવ ભણે, વિક્રમ એકમનો થઇ સુણે. ॥૨૬૨॥ નયરી નામ વિશાલા પૂરી, દ્વિ ચઉપદ ધન ધાન્યે ભરી; કરે રાજ્ય તિહાં રાજા નંદ, નિત્ય ઉત્સવ તિહાં નિત આનંદ. ॥૨૬૩॥ તસ અનોપમ સુત વિજયપાલ, કલા બહુત્તર જાણ વિશાલ; બહુશ્રુત નામ મંત્રી મતિગેહ, રાજકાજ ચલાવે તેહ. ॥૨૬૪॥ ભાનુમતી પટરાણી નામ, રતિ રંભા ઉપમ અભિરામ; તિણે વ્યામોહ્યો અતિ ભૂપતિ, લાગ્યો વેધ વિશેષે ચિતેં ॥૨૬૫॥ નિશિવાસર તે નિરખે રૂપ, સભામાંહિ લઈ બેસે ભૂપ; કેહની પણ મન નાણેં લાજ, સીદાયે સવિ રાજનું કાજ. ॥૨૬૬॥ બંધન પાસ પાડે પ્રેમદા, ભલો બૂરો ન લહે સર્વદા; વિષય વાહ્યો વનિતા વશ પડયો, [1]મયણ મહાભડ નરનેં નડે. ॥૨૬૭॥ એક દિન મંત્રીએ વિનવ્યો રાય, વિનય પૂર્વક પ્રણમી પાય; એક વ્યસન મૂકો મહારાજ, પરદેશેં એહ જાશે વાત ॥૨૬૮॥ નવિ બોલું તુમ આગલ અલિ, નિશ્ચયેં દીસે તુમ મતિ ચલી; તુમને સ્યું કહીએ મુખેં વળી, હસે છે રાજ છત્રીશ કૂલિ. ॥૨૬૯॥ હસે કારૂ નારૂ લોક, જશ વિણ જીવ્યું તેહનું ફોક; વળતું મંત્રી પ્રતિં કહે રાય, એહનો મોહ મિં નવી મૂકાય. ॥૨૭૦॥

૧ કામદેવ.

॥ દોહા ॥

વાડિ કરી પરવાડિ કરી, કરે જે અંતર વાડિ;
નયણ ન જાઈ રાખણા, જસ ઉપરિ રોહાડિ. ॥૨૭૧॥
જે જડ જડી સજ્જને, રેહી નેહ અપાર;
તે જડ કિમે નવિ છુટે, જો મીલે લાખ લોહાર. ॥૨૭૨॥

## ॥ ચોપાઈ ॥

ગોરીશું મુઝ લાગ્યો વેધ, મંત્રી મુજ પ્રતિં ન કરે નિષેધ; મારૂં તન મન એહસ્યું રમે, તેહ ન જાયે છોડયો કિમે. ॥૨૭૩॥ જેણે જેહશું બાંધી પ્રીત, નવિ છોડે ઉત્તમ એહ રીતિ; તો સુખશાતા હોયે મુજ અંગે, ભાનુમતી રૂપ નિરખું રંગે. ॥૨૭૪॥ મોહની કર્મ વડું સંસારે, મૂકયું નવિ જાય નિરધારે; બહુશ્રુત મંત્રી કરે ઉપાય, જે રાજા મનેં આવે દાય. ॥૨૭૫॥ લખાવી ચિત્રપટ આકાર, ભાનુમતી સરખી શ્રીકાર; નિજ સમીપ સભા મધ્યે ધરો, સ્વામી! બોલ મુજ અંગીકરો. ॥૨૭૬॥ માની વાત તેડયા સૂત્રધાર, આણ્યો વિજ્ઞાની ચિત્રકાર; રાજા દેખાડી પટરાણી, ઘડો રૂપ મ મ કરજો કાંણિ. ॥૨૭૭॥ ખંતે કરી નીપાઈ તેહ, અભિનવ ભાનુમતી કરી જેહ; શારદ આનંદ છે તિંહા સૂરિ, જસ નામે પાપ નાસે દૂરિં. ॥૨૭૮॥ દીએ પૂતલી નૃપ તસ પાણિ, દીઠી ખોડ નિજ જ્ઞાન પ્રમાણ; વામ જંઘાએ લંછન શ્યામ, સદગુરૂ સયહત્થેં કીધું તામ. ॥૨૭૯॥ પૂતલી સા શણગારી કરી, લઈ નરપતિ આગળ ધરી; નરપતિ મનમાં ચિંતે ઇશું, લાખું જાણ્યું એણે કારણ

કિશ્યું ? ા૨૮૦ા એ વ્યભિચારી સાચો સહી, એણે પાખંડીએ ખાધી મહી; જા મંત્રી મુનિવરને મારી, પુનરપિ નાવે રાજદૂઆરી. ા૨૮૧ા રાય આદેશે મંત્રી લઈ ગયો, છાનો નિજ મંદિર રાખીઓ, મંત્રી ચિંતે આપો આપ, એ એવડું કિમ કીજે પાપ ?. ા૨૮૨ા એણી પરેં વાસર વોળ્યા બહુ, સુણો કથા શ્રવણે નર સહુ; નંદ ભૂપતિનો સુત વિજયપાલ, રૂપ અનોપમ નેત્ર વિશાલ. ા૨૮૩ા હય ગય રથ પાયક પરવર્યો, એક દિન વન રમવા સંચર્યો; ચતુર ચઢયો ચંચલ હય જોર, જાતિવંત વિપરીત કિશોર. ા૨૮૪ા ગાજ્યો નામ નિસાણ નિનાદ, હય હડવડીઆ વાદોવાદ; ઈમ કરતાં ગયો આઘો ચાલિ, પેખે તવ તિહાં પોઢી પાલિ. ા૨૮૫ા વિજયપાલને લઈ ચાલ્યો તોખાર, ચાલ્યો ચંચલ વેગે અપાર; સૈન્ય સવિ પૂઠે રહે, રાજા વનમાં આઘો વહે. ા૨૮૬ા તરશેં નૃપ થયો અતિ આકળો, દૂર થકી નીરથાનક કળ્યો; ચડવડ ચઢીઓ સરોવર પાલ, હયવર બાંધ્યો આંબાડાલ. ા૨૮૭ા વારિ વાપરે નરપતિ જામ, શ્રી સૂરજ આથમીઓ તામ; ત્યાં ચિત્ત ચિંતે ભડ વિજયપાલ, દીઠો નયણે વાઘ વિકરાલ. ા૨૮૮ા ચઢીઓ તરૂવર નૃપ કરી છેક, નીરખ્યો વાનર ઉપરિં એક; ધરણીપતિ ધ્રૂજ્યો તતકાલ, કપિએ બોલાવ્યો વિજયપાલ. ા૨૮૯ા બ્હીશ મા નર ! ઉરહો આવ, રાત રહી પરભાતે સિધાવ; બેઠો શાખામૃગની પાસ, કીધી ગીરૂઈ ગોઠી ઉલ્હાસ ા૨૯૦ા પાદપતલે બેઠો દાઢાલ, ઘુરકે ઘણુ મોછો (?) મૂંછાલ; પોઢયો નૃપ વાનર

ઉચ્છંગ, બોલ્યો તવ તે વાઘ વિરંગ. ॥૨૯૧॥ માંકડ માહરી સાંભલ વાણ, આપણ રહીએ એક જ ઠાણ; નાખ એ માનવ મહારૂં ખાજ, એહ અપૂરવ કર તું કાજ. ॥૨૯૨॥ કપિ કહે ન કરો વિરૂઇ વાત એતો કહીઈ વિશ્વા સઘાત; સુણ કપિ! એહનો કયો વિશ્વાસ?, ન કર કુમાણસશું સહવાસ. ॥૨૯૩॥ એ માણુસ તુજ ન હોઇ સગો, અંતે સહી તુઝ દેશ્યેં દગો; તે ખોળેં પોઢાડયો જેહ, જોઇ પારખું મ ધરી સંદેહ, ॥૨૯૪॥ વાનર સૂતો ખોળેં રાય, કપટનિદ્રાએ ઘોરેં તિહાં ઠાય; વાઘ તરૂતલેં વિલવિલેં, તાસ સબ્દ નરપતિ સાંભલે. ॥૨૯૫॥ વદે વાઘ સાંભળ વિજેપાલ, તું તો જીવદયા પ્રતિપાલ, નાંખ વાનરો જો કાંઇ જાણ, હું ભૂખ્યો સંતોષું પ્રાણ. ॥૨૯૬॥ કહે શાર્દૂલ સુણ માનવી, માંકડ તણી આલિ છેં અભિનવી; છેતરશેં તુઝને નિરવાણ, સાંભલ એક અપુરવ વાણ. ॥૨૯૭॥ यतः॥ नदीनां च नखीनां च शृंगीणां शस्त्रपाणिनां। विश्वासो नैव कर्त्तव्यो, स्त्रीषु राजकुलेषु च ॥२९८॥ ચોપાઇ ॥ સુણી મન થયું દોદલું, ભડ વિજયપાલતણું ચિત્ત ચળ્યું; નાખ્યો વાનર તિણેં તાલ, આવી લાગ્યો પુનરપિ ડાલ. ॥૨૯૯॥

॥ દોહા ॥

ડાળેં વિલગ્યો વાનરો, ધ્રૂજ્યો ધરણીપાલ;
બ્હીશ માં વાનર કહે, થિર કર મન વિજેપાલ. ॥૩૦૦॥
મન વિજેપાલનું લાજીયું, ઓછિં પડયો અપાર;
એ શ્યું થાશે દેવ! મુજ, હું થયો ગહિલો ગમાર. ॥૩૦૧॥

મર્મ ન બુઝે મુજ તું, કાં કરે એવડું દુઃખ ?;
પરશંસે વિજયપાલને, સંતોષે વલી મૂર્ખ. ॥૩૦૨॥

મુખદિશિ ઉગ્યો સૂર તણ, ગયો ફરી ગહ્વર સીંહ;
નર વાનર દોય ઉતર્યો, ચઢિં ઘડી જબ દીહ. ॥૩૦૩॥

દશ દિશિં સાવજ સ્વર કરે, વાનર ચિંતે વાત;
શીખ દઉં વિજયપાલને, પુનરપિ ન કરે ઘાત. ॥૩૦૪॥

તવ વાનર વિજેપાલના, મસ્તકે મૂકયો પાણિ;
'વિસેમેરા' શીખવીયું, ગયો માંકડ નિજઠાણિં. ॥૩૦૫॥

થાનકે તે વનદેવતા, વિચરે વાનર રૂપ;
શીખ દીધી વિજેપાલને, ગહિલો કીધો ભૂપ. ॥૩૦૬॥

## ॥ ચોપાઈ ॥

ભૂપતિ માંકડે ગહિલો કીધ, દગાતણો એહ દગો દીધ; 'વિસે મિરા' મુખે ઉચ્ચરે, વનમાં અતિવિકલાઈ કરે. ॥૩૦૭॥ કુંઅર તણો તુરંગમ જેહ, વાઘ ભય ત્રાઠો તવ તેહ, બ્હીતો નિજપુરિ પહોતો તામ, ભૂપ ચિંતે કાંઇ વાત વિરામ. ॥૩૦૮॥ આવ્યો કેડે નંદ નરિંદ, દીઠો બેઠો થયો આણંદ; નિરખ્યો ગ્રથિલ અધિક અંગજાત, નીસાસા મૂકે મુખિં તાત. ॥૩૦૯॥ આણ્યો પુરીએ સુત વિજયપાલ, ....; તેડયા જોશી તેણે ઘણાં, તેડયાં ભૂવાં ભવાની તણા. ॥૩૧૦॥ તેડયા સેવડા જે સિદ્ધવા, સમરથ પંડયા તે નવનવા; આપાપણી કલા સવિ કહે, સેવડા ગણીઆ અતિગહગહે. ॥૩૧૧॥ વાજે ડાક ઢાક કંસાલ, વાજે ડમરૂ ઘડ ઘણતાલ; નાખે ચીસ ભૂવા કલગલી, ઉતારા ઉતારે

વલી. ॥૩૧૨॥ કીધાં હોમ જાપ હરખંતી, ઉંજે આવી એક એકાંતિ; રચીઆં એણીપરે ઉપચાર, આવ્યો નહિ ગુણ એક લગાર. ॥૪૧૩॥ આપાપણને ઠામે સહુ ગયા, ગુણ ન થયો સહુ વિલખા થયા; રાજા સુતની આરતિ કરે, તે કો નહિ જગમાં એ દુઃખ હરે. ॥૩૧૪॥ શારદ નંદન હુંતો આજ, તો સહી મારૂં સારત કાજ; મંત્રીસર દેખાડે બુદ્ધિ, એણી વાતેં રાય! તુમ્હ હો સિદ્ધિ. ॥૩૧૫॥ પડહ વજડાવો નયરીમાંહિ, જાણે તે છબસ્યેં નિજ બાહિ; શબ્દ સુણાવો નયર મોઝાર, અછેં કોડી હો નરનાર. ॥૩૧૬॥ રાજકુંઅર સાજો કરે, તેહનું દુઃખ દારિદ્ર રાય હરે; ઇમ કહી આવ્યો ઘર અમાત્ય, ગુરૂ વિનવે આ માઝિમ રાત. ॥૩૧૭॥ આજ તુમને સંભારે ભૂપ, સહુ પ્રકાશ્યું કુમરસ્વરૂપ; ગુરૂ કહે સાંભલ ગુણવંત! વારૂ એક વાત વિરત્તંત. ॥૩૧૮॥ જઈ કહો ભગિની છે ગુરૂતણી, પણ તે શાસ્ત્ર સકલ સ્ત્રી ભણી; પ્રહ ઉગમતે વિનવ્યો ભૂપ, વાત જણાવી સકલ સ્વરૂપ. ॥૩૧૯॥ પણ છે સ્વામી વિધવા એહ, નવિ જોવે નરનું મુખ તેહ; રાય કહે બંધાવો યવનિકા, બેસારો અંતરિં બાલિકા. ॥૩૨૦॥ જા મંત્રી! તસ તેડી આવી, જે સદા માગે તે લ્યાવી; મંત્રી આવ્યો શીઘ્ર ગુરૂ ભણી, કીધી વિનતિ નરપતિ તણી. ॥૩૨૧॥ નિશાસમેં તેડી આવ્યો પ્રધાન, દીધું રાયે આદર માન; રાય લઇ બેઠો કુમર ઉત્સંગે, ગુરૂ બોલાવ્યો મનને રંગે. ॥૩૨૨॥ વળતું 'વિસે મિરા' કહે, અરથ એ ગુરૂ જ્ઞાનેં લહી; શ્લોક

કરી સદ્ગુરૂ મુખેં વદે, કુમર તણું પ્રતિદ્દદેં. ॥૩૨૩॥ श्लोकः ॥ विश्वासप्रतिपन्नानां, वचने का विदग्धता ? । अंकमारुह्य सुप्तानां, हंतुं किं नाम पौरुषम् ? ॥३२४॥ દૂહા ॥ વિસાસહ કરી તાહરો, રાખ્યો શરણ સુઠાય; ખોલે સૂતો વાનરો, તે કાંઇ નાખ્યો રાય ?. ॥૩૨૫॥ બીજીવાર બોલાવીઓ, 'સેમેરા' જંપંત; ઉત્તર આપેં કુમરનેં, જ્ઞાને અરથ લહંત ॥૩૨૬॥ सेतुं गत्वा समुद्रस्य, गंगासागरसंगमे । ब्रह्महा मुच्यते पापात्, मित्रद्रोही न मुंचति. ॥३२७॥ સેતબંધ રામેશ્વરહ, ગંગા સાગર જાય; બ્રહ્મહત્યા પાતક ટળે, મિત્ર દ્રોહી શુદ્ધ ન થાય. ॥૩૨૮॥ ત્રીજી વાર બોલાવીઓ, 'મેરા' મુખે જપંત; ઉત્તર આપે કુમરનેં, જ્ઞાની અરથ લહંત. ॥૩૨૯॥ मित्रद्रोही कृतघ्नश्च, स्तेयी विश्वासघातकः । चत्वारो नरकं यांति, यावच्चंद्रदिवाकरौ. ॥३३०॥ ચોથીવાર બોલાવીઓ, 'રા' વર્ણ પકડંત; ઉત્તર આપે કુમરનેં, જ્ઞાની અર્થ લહંત. ॥૩૩૧॥ राजन् ! त्वं राजपुत्रस्य, यदि कल्याणमिच्छति । देहि दानं सुपात्रेभ्यो, गृही दानेन शुध्यति ॥३३२॥ રાજપુત્ર તું નંદનો, ધરે હવે ઉરવરિસાન, જો વાંછે કલ્યાણ તું, દે નેં સુપાત્રે દાન. ॥૩૩૨॥ ॥૩૩૩॥ પંચમવાર બોલાવીઓ, જીજી મુખે જપંત; રાજકુમર સાજો થયો, પિતા પ્રતિં પૂછંત. ॥૩૩૪॥ પરી અભ્યંતર કવણ છે, લોક મીલ્યો કુણ કજ્જ ?; રાય કહે ભગિની ગુરૂ તણી, જેણેં તું કીધો સજ્જ. ॥૩૩૫॥ यतः ॥ ग्रामे वससि कौमारी !, वनस्थं चरितं खलु । कपिव्याघ्रमनुष्याणां, कथं जानासि बालिके ?. ॥३३६॥ નયરેં વસે તું બહિનડી, કિમ જાણીં વનવાત ?; વાનર-

વાઘરનર તણી, પ્રીછે શી પરિઘાત. ॥૩૩૭॥ देवगुरुप्रसादेन, जिह्वाग्रे मे सरस्वती। तेनाहं नृप! जानामि, भानुमतीतिलकं यथा ॥३३८॥ દેવગુરૂની કૃપા કરી, જિહ્વાઈ શારદમાત; ભાનુમતીના તિલક પરેં, તિમ મેં જાણી વાત. ॥૩૩૯॥ તાત નંદ વિજયપાલ હોય, સુણી ઉરેં હરખ ન માય; પરીઅચ્ચિ પાછી કરે કરી, લાગ્યા ગુરૂને પાય. ॥૩૪૦॥ પુરીમાં ઓત્સવ અતિ કરે, ધવલમંગલ ગુણગાન; પુત્ર સાજો થયો ભૂપનો, તે દેઈ પંચવિધ દાન. ॥૩૪૧॥ દીધું દાનહ અતિઘણું, કહ્યા ગુરૂ નિકલંક; રજ નવિ બેસેં રવિકિરણ, રટણ ન લાગે પંક. ॥૩૪૨॥ કથા કુતુહલપંથીએ, વિક્રમ આગલે કીધ; તૂઠો ગંધર્વસેન સુત સુગુણ, કોડી એક તાંઇ દીધ. ॥૩૪૩॥ દાન દીદ્ધ કહે પૂતલી, સુણ તું ભોજ વચન્ન, વિક્રમ સરીખો જે હોઈ, તે બેસે આસન્ન. ॥૩૪૪॥ કવિયણ સિંહતણી મુખે વાણી, વિક્રમ કથા રસ અમૃત ખાણી; સુણતાં શ્રવણે સુખ ઉપજે, હોય દાતા કૃપણાઇ તજે. ॥૩૪૫॥ इति श्री सिंहासन बत्रीशीनी प्रथम पूतली कथा भवति ॥१॥

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસણેં જવ ધરેઠે પાય; તવ બોલી બીજી પૂતલી, સાંભલ ભોજ! કથા નિરમલી. ॥૩૪૬॥ વિક્રમ સરીખો નૃપ હોઈ

ચિ, ગાંધીનગર, પિન-382009
જેહ, એણી સિંહાસને બેસે તેહ; ભણે ભોજ તે કેહવો ભૂપ ?, દાખ તેહનું તું સકલ સ્વરૂપ. ॥૪૭॥ સાંભલ ભોજ વાત તેહની, ક્ષિતિતલ ખ્યાતિ અછે જેહની; દસ દિશિ તેણે મોકલીયા દૂત, જોઇ આવો કોઈ વાત અદ્ભૂત. ॥૪૮॥ દૂત આવી પ્રભુને વિનવે, વાત એક અચરિજ દાખવે; મેદપાટ મોટો જે દેશ, ચિત્રકૂટ પર્વત નિવેશ. ॥૪૯॥ નદી એક સમવડી સરસરી, તે છે અમૃત ઉદકે ભરી; તિણે તટે મોઢો છે પ્રાસાદ, મંદિર ગિરિશું તિહાં લ્યે વાદ. ॥૫૦॥ તિહાં જે મજ્જન કરે તે નીર, પુણ્યવંતનું પિંડ હોઇ ખીર; પાપી સરીરે કજ્જલ થાય, એ આશ્ચર્ય સુણો તુમે રાય. ॥૫૧॥ વળી વાત સાંભલ તું એક, તેહને આસન વહેલો છેક; તિહાં બેઠો તપસી તપ કરે, જગદંબાનું ધ્યાન મન ધરે. ॥૫૨॥ વોળ્યાં એણીપરે વરસ હજાર, ન કરે સુર કો તેહની સાર; મેં દુઃખ દીઠો મોટો એહ, પણ કો ભંજન નહી ભડ જેહ. ॥૫૩॥ સેવક મુખે વિક્રમ સુણી વાત, તપસી તટિનીનો અવદાત; જોવા ઉત્સુક થયો અપાર, પહોતો તત્ર ન લગાઇ વાર. ॥૫૪॥ દીઠો તપસી કરે અક્ષમાલ, તવ વિક્રમે કાઢી કરવાલ; ઢાલીં કમલે આપણું જામ, જગદંબા કરે વળગી તામ. ॥૫૫॥ વિક્રમ વચણે સાંનિધિ કરે, તે તપસીનું સવિ દુઃખ હરે; પર ઉપગાર કરી રાય વળ્યો, આવ્યો ઉજેણી સાજન મળ્યો. ॥૫૬॥ સાંભલ ભોજ ! પૂતલી ભણે, તોલે નહિં કોય વિક્રમ તણે; પરદુઃખભંજન ભડ હૂએ જેહ, એણી સિંહાસને બેસે તેહ. ॥૫૭॥

કવિયણ સિંહતણી મુખે વાણી, વિક્રમ કથા રસ અમૃતખાણી; સુણતાં શ્રવણે સુખ ઉપજે, હોય દાતા કૃપણાઇ તજે. ॥૫૮॥ इति श्री सिंहासन बत्रीशीनी बीजी पूतलीनी कथा ॥२॥

## ॥ ચોપાઇ ॥

ફુનરપિ મહુરત લીધું રાય, સિંહાસણ જબ ધરહેં પાય; તવ બોલી ત્રીજી પૂતલી, સાંભલ ભોજ! કથા નિરમલી. ॥૫૯॥ માલવદેશ ઉજ્જેણીપુરી, ઈંદ્ર સમોવડ પુરી અવતરી; ઈંદ્ર સરીખો વિક્રમરાય, પાલે પ્રજા ન કરે અન્યાય. ॥૬૦॥ એક દિન વિક્રમરાય સુચંગ, સુખ સેજ્યેં પોઢયો મનરંગ; મજ્ઝિમ રયણી જાગ્યો જિસ્યેં, બેઠો થઈ મન ચિંતે તિસેં ॥૬૧॥ લક્ષ્મી ચંચલ નદી જિમ પૂર, રાખી ન શકે જે જગમાં શૂર; કોઇનાં ઘરે ન રહી નિરવાણી, એ શું કારણ વદે સુજાણ. ॥૬૨॥ એમ અનેક મનેં કર્યા વિચાર, નિદ્રા લહી વળી રયણી મઝાર; કોઇક સુર આવી ઇમ ભણે, સ્વપ્નાંતરમાં વિક્રમ સુણે. ॥૬૩॥ ન્યાયમારગ જે સુધેં મનેં, જિણે કમાયું પોતે ધન્ન; તે સુપાત્રે આવે કામ, વાવી સંપત ક્ષેત્રે શુભ ઠામ. ॥૬૪॥ હીન દુઃખિત જનનેં ઉદ્ધરે, દેવપૂજા ભલી ભાવે કરે; ઇમ ધન વાવીજે નિજ હાથ, પરભવે તે સહી આવે સાથ. ॥૬૫॥ તે લક્ષ્મી થિર રહે ચિરકાલ, સંશય મ મ ધર તું ભૂપાલ; ઇમ કહી દેવ

અગોચર થાય, ક્ષણ અંતર તવ રયણી વિહાય. ॥૬ ॥ વાગ્યાં સુંદર મંગલતૂર, ઉદયો ઉદયાચલ વર સૂર; જાગ્યો રાજા ચતુર સુજાણ, જય જય બંદી જપે સુવિહાણ. ॥૬૭॥ સ્વપ્નવાત જે સાચી લહી, નિજમંત્રી આગળ સવિ કહી; લાહો લીજે લક્ષ્મીતણો, એહનો લોભ ન કીજે ઘણો. ॥૬૮॥ ઉજ્વલમુખે દે બહુમાન, વિક્રમ નરપતિ આપે દાન; બહુ દાને કરી વૂઠો મેહ, જગમાંહિ કીધો દારિદ્ર છેહ. ॥૬૯॥ દીન દુઃખિત દુર્બલ દુઃખ હરે, અષ્ટાદશ કરમોચન કરે; જ્ઞાન પાત્ર ક્રિયા શુદ્ધપાત્ર, ઉત્તમ પાત્ર પોષે તસ ગાત્ર. ॥૭૦॥ જે જે મુખે માગે સો દેઈ, સુયશ ઘણો રાય વિક્રમ લેઈ; ખટદર્શની સંતોષ્યા ઘણાં, ઉત્તમ કામ જુઓ નૃપ તણાં. ॥૭૧॥ જિનવર કેરી પૂજા સાર, સત્તર ભેદ વળી અષ્ટ પ્રકાર; અષ્ટોત્તરી લખેસરી કરે, ઉત્તમ ક્ષેત્રે ધન વાપરે. ॥૭૨॥ ચોક ત્રિક ચાચરના દેવ, તેહતણી નૃપ સારે સેવ; પૂંજા ભગતિ કરાવે તાસ, પંચામૃત કરે હવન ઉલ્હાસ. ॥૭૩॥ હરસિદ્ધિમહાદેવી તણી, પૂજા ભગતિ કરે વળી અતિઘણી; ક્ષેત્રપાલ નગર રખવાલ, રાય પ્રજાની કરે પ્રતિપાલ. ॥૭૪॥ તાસ વિશેષે પૂજા કરે, સંકટ વિકટ આપદ દુઃખ હરે; વળી રાજા ચિંતે મનમાં વાત, સમુદ્રદેવ છે જગમાં વિખ્યાત. ॥૭૫॥ ગંગા–સાગર સંગમ જિહાં, સ્વસ્તિક દેવ તણું ગૃહ તિહાં; વિશ્વનાથ પુરોહિત સાથ, એક કોડિ ધન દે તસ હાથ. ॥૭૬॥ તાસ પૂજા કરવાને કાજ, મોકલે વિપ્ર પતિં મહારાજ;

આવ્યો વિપ્ર સમુદ્રને તીર, બેઠો જાપ જપે થઈ ધીર. ॥૭૭॥ અનેક જાપ હવન જબ કીઓ, સમુદ્રદેવ તસ પ્રગટીઓ; વાડવ પ્રતિં દેવ બોલે તામ, કયેં મુજ આરાધ્યો કહે કામ. ॥૭૮॥ હું મોકલ્યો વિક્રમે તુમ ભણી, પૂજા ભગતિ કરેવા ઘણી; ઉદધિ-પતિ હરખ્યો ગુણ સ્તવે, વિક્રમ મુજનેં લેખવે ઘણું. ॥૭૯॥ ઉદધિપતિ તવ તૂઠો દેવ, ભૂપતિની બહુ જાણી સેવ; સમુદ્ર મધ્યે પહોંચી સુરરાય, લાવે ચાર રતન સુખદાય. ॥૮૦॥ રતન અમૂલિક વિપ્ર કરે દીયા, મહાપ્રસાદ કરી તેણે લીયાં; સમુદ્રદેવ ભણે સુણ વિપ્ર, એહ મુઝ કામ કરે તું ક્ષિપ્ર. ॥૮૧॥ વિક્રમમિત્ર પ્રતિ આપજે, એહનો મહિમા એહ દાખજે; પ્રથમ રત્નનો મહિમા ઘણો, ભરે ભંડાર સદા નૃપ તણો. ॥૮૨॥ મનમાં વળી જે જે કામીએ, રતનેં બહુધન પામીએ; બીજા રતન તણો ફલ ઘણો, વાંછિત ભોજન દે અતિઘણો. ॥૮૩॥ ત્રીજાનો મહિમા તુજ કહું, ગજ રથ ઘોડા પાયક બહુ; મીલે ઘણાં તે રતન પ્રભાવ, એહનો મહિમા હીયેં ધરાવ. ॥૮૪॥ ચોથા રતન તણું પારખું, જગમાં નહિ કોઇ એહ સારીખું; હેમતણાં બહુ રતન જડાવ, ભૂષણ લહે બહુ રતન પ્રભાવ. ॥૮૫॥ જરા શત્રુ નવિ પ્રભવે તાસ, ઇત્યાદિક મહિમા આવાસ; રતન ચાર લઈ વિપ્ર વળ્યો, ઉજ્જેણી વિક્રમનેં મળ્યો. ॥૮૬॥ સ્વામી સાંભળો મુઝ વિનતિ, સંતોષાણો ઉદધિપતિ; મયા કરી તુમ્હ ઉપરે ઘણી, કિસી વાત કહીએ તેહતણી ?. ॥૮૭॥ રતન ચ્યાર મુજ દીધાં સાર, મહિમા જૂજૂઆ

કહ્યા અપાર; ભૂપ અણાવી સોવનથાલ, તે મધ્યે મૂકયાં રતન વિશાલ. ॥૮૮॥ વાર વાર વિપ્ર ભાલે થાલ, પૂછે વિપ્ર પ્રતિ ભૂપાલ; શ્યું જોઇએ છે બોલો તો ખરૂં, એક રતન હું વાંછું ખરૂં. ॥૮૯॥ વિક્રમ અવસરે લહી વિવેક, ચિહુમાંથી આપે એક; વિપ્ર કહે સ્વામી અવધાર, અમે અછું ઘરે માણસ ચ્યાર. ॥૯૦॥ તેહને જેહ રૂચે તે ગ્રહું, ઘરે પૂછી પ્રભુજીને કહું; ઘરે આવી પૂછે જણ સહુ, નિજઘરણી વળી બેટા વહુ. ॥૯૧॥ દાતા ચતુરંગ સેના તન્ન, તે ઉપરિ સુત કેરૂં મન્ન; વિપ્ર ધનદાયી અરથીઓ, ભોજયદાયી પત્ની પ્રારથીઓ. ॥૯૨॥ પુત્રવધુ શ્રી અલંકાર, તેહની વાંછા કરે અપાર; માંહોમાંહિ સહુ કરે વિવાદ, વિપ્ર જાણે રખે હોય વિખવાદ. ॥૯૩॥ પુનરપિ જઇ વિનવીઓ રાય, એક રતન મેં નવિ લેવાય; ચિહુંકેરા જૂજૂઆ અભિપ્રાય, તેહ કારણે દમ નાવે દાય. ॥૯૪॥ જિણ વાતેં પડે ઘરમાં વેધ, ઉત્તમ નર તે કરેં નિષેધ; મુઝ ઉપરિ મમ ધરયો રીસ, એક લેતાં ઘર ઉપજે કલેશ. ॥૯૫॥ વળતું ચિંતે વિક્રમભૂપ, વાડવ ઘરનું લહિયું સ્વરૂપ; ઉદારપણેં તસ ચ્યાર દીયાં, ભૂપે ચિહુ જણને સંતોષીઆં. ॥૯૬॥ સુખીઓ થયો બ્રાહ્મણ પરિવાર, રતન પ્રભાવેં જય જયકાર; એહવો જે કોઈ હોય દાતાર, સાંભલો રાજા ભોજ વિચાર. ॥૯૭॥ પર ઉપગારી એહવો જેહ, એણી સિંહાસણે બેસે તેહ; પૂતલી અનોપમ નામ જપંતી, ત્રીજી કથા ભોજ

પ્રતિ ભણંતી. ॥૯૮॥ કવિયણ સીંહતણી મુખે વાણી, વિક્રમકથા રસ અમૃતખાણી; સુણતાં શ્રવણે સુખ ઉપજે, હોયે દાતા કૃપણાઇ તજે. ॥૯૯॥ इति सिंहासनबत्रीसीनी त्रीजी पूतलीकथा. ॥३॥

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહૂર્ત્ત લીધું રાય, સિંહાસને જબ ધરઠેં પાય; તવ બોલી ચોથી પુતલી, સાંભલો ભોજ કથા નિરમલી. ॥૪૦૦॥ ઉજ્જેણી નયરી જયવતી, રાજ્ય કરે વિક્રમ ભૂપતિ; વસે તિહાં ભુધર દ્વિજ નામ, જપે જાપ નિરંતર રામ. ॥૧॥ ચૌદ વિદ્યા વેદ ચ્યાર સુજાણ, વદે સદા મુખે અમૃતવાણ; સકલ કોવિદ તિલક સમાન, પામે ગુણવંત સઘલે માન. ॥૨॥ વરે લક્ષ્મીતણો નહિ પાર, વારૂ પાળે કુલ આચાર; એક અણુરૂં નહિ સંતાન, દુઃખ ધરે મનમાં મેરૂ સમાન. ॥૩॥

### ॥ દોહા ॥

વિપ્ર ભણે સુણ માનિની, કાં મનમાં આણે દુઃખ ?;
પૂરણ હારો પૂરશે, જે વિધિ લખીઉં સુક્ખ. ॥૪॥

ધીરજ ધરીએ આતમા, નવિ થઇએ નિઃસત્વ;
સીંચ્યું હોઈ તે પામીએ, રૂઢ કાજે નિજ ચિત્ત. ॥૫॥

વિનય થકી વિદ્યા લહીં, ધન લહે ઉદ્યમવાન;
પુણ્ય વિના નવિ પામીએ, સુયશ અને સંતાન. ॥૬॥

પીઉડા તુમ્હે સાચુ' કહ્યું, મે' માની તુમ વત્ત;
તોએ કુલદેવતા પ્રતે', આરાધો અપ્રમત્ત. ॥૭॥
પુત્ર વિના એ ધન કિસ્યું, જિમ ક'ઠ વિહૂણું ગાંન;
રૂપવ'ત ગુણ વિણ કિસ્યો, ઘૃતવિહુણું જિમ ધાન. ॥૮॥

यतः—नारी नरेण नो भाति शृंगारेण च नो गुणैः ।
कटीस्थितेन पुत्रेण, यथा गद्गद्भाषिणा ॥९॥

विधवापि यथा नारी, राजते पुत्रदीपिका ।
दीपोत्सवेन कलिता, अमावास्याथी सिद्धिदा ॥१०॥

## ॥ ચોપાઇ ॥

દેવદેવીના માન્યા ભોગ, અનુક્રમે પામ્યો પુત્ર-સ'યોગ; દેવદત્ત તસ દીસ દીધુ' નામ, હૃદય વાચ્ય નિરમલ પરિણામ. ॥૧૧॥ વિનયવ'ત વિદ્યાભ'ડાર, તસ ગુણ કોઈ ન લાભે પાર; યૌવનવય સો પહોંતો જ મ, પરણાવ્યો વિપ્રકન્યા તામ. ॥૧૨॥ વિષયસુખ વિલસે સ'સાર, પણ નવિ ચૂકે કુલ આચાર; તાત તણે' મનમાં હુવો ઉત્સાહ, એ સુત કરશે કુલ નિવાહ. ॥૧૩॥ સુત પ્રતિ' સોંપ્યો ઘરનો ભાર, પહોતો તીરથભણી ઉદાર; દેવદત્ત મ'દિર સુખે વસે, સદા તે ષટકર્મ અભ્યસે. ॥૧૪॥ એક દિન પહોંતો વનહ મઝાર, પૂજાદિક કરવા અધિકાર; એહવે' વિક્રમનૃપ ભૂધણી, પહોતો વન રયવાડી ભણી. ॥૧૫॥ વિપરીત [1]રેવ'તે અપહર્યો, મહા વનગહન ભણી સાંચર્યો, માર્ગ-ભ્રષ્ટ હુઓ રાજાન, ભૂખ્યો તરસ્યો સાન ને' વાન.

૧. અશ્વ.

॥૧૬॥ સૈન્ય સજ્જાઈ, અલગી રહી, નદી નીવાણુ કો દીસે નહિ; આકુલ વ્યાકુલ નૃપ બહુ થયો, વૃક્ષ હેઠિ અવલંબી રહ્યો. ॥૧૭॥ દેવદત્ત પુન્યયોગે તિહાં, આવ્યો ભૂપતિ ઉભો જિહાં; નવિ બોલ આપે મુખે રાજાન, વિપ્ર પ્રતિ તવ કીધી સાંન. ॥૧૮॥ તસ શીતોદગ છાગલ ભર્યો, પીવાને નૃપ આગલ ધર્યો; વાવર્યું જલ અંગે શાતા વળી, આપે ફલ વાપરવા વળી. ॥૧૯॥ બોલે વિપ્રપ્રતિં મહારાજ, તે ઉપગાર કર્યો મુજ આજ; જો જલ પાવા નાવત સહી, તો નિશ્ચે નૃપ જીવત નહિ. ॥૨૦॥ અવસરે તેં મુઝ પાયું વારિ, તૃષાક્રાંત હું હતો અપાર; કરચલૂ પાણી પાએ કોય, અવસરે મૂર્છ્યો જીવે સોય. ॥૨૧॥ ગાહા ॥ करचलू पाणीएण वि, अवसरि दिन्नेण मुच्छिओ जीयइ । पच्छा मूआण सुन्दरि, घडसयदिन्नेणपि किं तेण ?. ॥२२॥

## ॥ ચોપાઈ ॥

તેં મુજ દીધું જીવિત દાન, વાર વાર મુખે કહે રાજાન; ખણ અંતરે [1]ગુડીઆ નિસાંણ, આવ્યું સૈન્ય સબલ તિણે ઠાણ. ॥૨૩॥ આવી મળીઓ નિજપરિવાર, સેવક હર્ષે કરે જુહાર; બહુવિધ ખાદિમવસ્તુ નૃપભણી, ધરે સેવક આગલ તે ઘણી. ॥૨૪॥ ગંગોદક ભરીઆ ભૃંગાર, ભૂપતિ આગલ ધર્યાં અપાર; રાય જંપે સેવક પ્રતિ તામ, આજ વિપ્ર મુજ આવ્યો કામ. ॥૨૫॥ દેવદત્ત બ્રાહ્મણ શુભ નામ, જિશું નામ તિશું પરિણામ; સુખાસને બેસાર્યો

૧ વાગ્યાં.

વિપ્ર, નૃપ પહોતો ઉજ્જેણી ક્ષિપ્ર. ॥૨૬॥ પૂરી સભા બેઠો ભૂપ, જાણે દૂજો હરિ પ્રતિરૂપ; તેડે વિપ્રપ્રતિં દીએ માન, અનેક બહુવિધ આપે દાન. ॥૨૭॥ દ્રવ્ય કોડી દશ દીધી તાસ, ગ્રામ પંચશત કીધો ગરાસ; ગુણ એસીકલ થાવા ભણી, કરે પ્રણિપતિ તે વિપ્રહ તણી. ॥૨૮॥ વિપ્ર પ્રતિં વળી કહે નરદેવ, શશિપરે તુમ્હ દીધો સૂત્રસેવ; ગોપીદાનત વળી બહુ દીધ, જમવારા તાંઈ અયાચી કીધ. ॥૨૯॥ દેવદત્ત પહોતો નિજ ઘરે, ભૂપ પ્રશંસા દિન પ્રતિં કરે; જબ આવે નૃપ સભા મોઝાર, બ્રાહ્મણની સ્તુતિ કરે અપાર. ॥૩૦॥ એણી વિપ્રેં મુજ કર્યો ઉપગાર, જીવિતદાન તણો દાતાર; આવી લોક કહે વિપ્રને, દેવદત્ત વિમાસે મનેં. ॥૩૧॥ ઘણી પ્રશંસા કરે મુજ ભૂપ, કિમ જાણીજે તેહ સ્વરૂપ ?; વિક્રમ મનની પરીક્ષા કરૂં, જો [1]'કસવટિ' પહોંચે તો ખરૂં. ॥૩૨॥ ઇમ વિમાસી હૃદય મોઝાર, એક દિન આવ્યો રાજદૂવાર; [2]નિરઞ્જન થાનક લહ્યો સહિ, સેવક પણ કોઈ [3]પાસે નહિં. ॥૩૩॥ રાજકુમાર લઘુ ક્રીડા કરે, દેવદત્ત તેહ પ્રતિં અપહરે; યતને મંદિર આણ્યો તેણિ, કુમર ગ્રહતાં ન લહ્યો કેણી. ॥૩૪॥ તસ રાખે નિજ મંદિર માંહિ, કુમર રહે તિહાં મન ઉત્સાહ; દેવદત્ત-સુત ભેલો જમે, તેહ સાથે ઇચ્છાએ રમે. ॥૩૫॥ બાલો ભોલો ન લહે કીસ્યું, આપણો પારકો ન ગણે કિસ્યું; સગો અસગો જાણે નહિ, બાલ અવસ્થા તેહવી કહી. ॥૩૬॥

૧. કસોટીએ. ૨. નિર્જન. ૩. દેખે.

॥ દોહા ॥

વર બાલપ્પણ દીહડા, જસ મને ન રાગ ન રીસ;
યૌવન ભરીયાં માણસાં, પગે પગે લાગે દાસ. ॥૩૭॥

## ॥ ચોપાઈ ॥

કહેનો તાત ને કેહની માય, જે પોષેં તસ કેડેં જાય; કેડીલી માયા નાણે કિસી, બાલકની પરિ જોયો ઇસી. ॥૩૮॥ રાખ્યો કુંવર ગોપી ઇમ કરી, નવિ જાણે તસ કો અન્ય [1]ચરી; કેડેં વાત હોઇ તે ભણું, કુંવરતણું તિહાં હવે પેખણું. ॥૩૯॥ કુંવરતણો સેવક ક્ષણ એક, કુંવર અલગો મ્હેલી છેક; રમતે વળગ્યો પરવશ થયો, બાલકને કોઇ લેઇ ગયો. ॥૪૦॥ સેવક નવિ પેખે કુમાર, આકુલ વ્યાકુલ થયો અપાર; શોધ કરે ધસમસતો ફરે, કુંવર કિંહા ગયો મુખે ઉચ્ચરે. ॥૪૧॥ સમાચાર વિક્રમ સાંભળ્યો, લહી મૂર્ચ્છા ધરણી ઢળ્યો; વાળ્યું ચેતન શીતલ ઉપચાર, સુત વિરહે દુઃખ ધરે અપાર. ॥૪૨॥ ગાહા अक्खाण रसणी कम्माण मोहिंणी, तह वयाण बंभवयं । गुत्तीण य मणगुत्ती, चउरो दुक्खेहिं जीप्पंति. ॥४३॥

॥ દોહા ॥

ભાણા ખડખડ સુભટ ઝડ, વાલ્હાંતણાં વિછોહ;
એ ત્રિહું જે નવિ ગંજીઆ, તે માણસડાં લોહ. ॥૪૪॥

૧. દાસ-દાસી.

## ॥ ચોપાઇ ॥

લઘુસુત ઉપર વાલિમપણું, મોહનીકર્મ સંતાપે ઘણું; જે જાણ ડાહ્યા મંત્રી સુજાણ, બૂઝવે નૃપ પ્રતિં કરી વિજ્ઞાણ. ॥૪૫॥ અનેક પુર પટ્ટણ બહુ ગામ, સુત શુદ્ધિ જોવે ઠામોઠામ; કિસી ઓજ ખબર નવિ લહે, આરણ કારણ સહુ કરી રહે. ॥૪૬॥ દિવસ કેતલા વોલ્યા જિસ્યે, કુંવરતણું આભરણ લઇ તિસ્યે; દેવદત્ત વિમાસ્યા હીયેં, નિજ સેવકને તેડી હીયે. ॥૪૭॥ ચહુટેં જઈ વટાવી લાવ, કામ કરી તું વેગે આવ; ચહુટે આવ્યો સોની હાટ, જોતાં દીઠો ઘડતો ઘાટ. ॥૪૮॥ દીધું આભરણ સોની હાથ, તેણે ઓલખી નૃપની આથ; લેઈ આવ્યો તે સભામઝાર, બોલે ચડચડ સોની અપાર. ॥૪૯॥ કુંવરતણો ચોર છે મુજ હાટ, તેણે મુજ હાથે દીધી ખાટ; કુંવરતણું અંગે આભરણ હોય, તુમ નામાંકિત દીસે સોય. ॥૫૦॥ તે નૃપને જબ દીધું હાથ, કુંવરતણી પરેં ભીડ્યું આથ; સેવક પ્રતિ કહે જાઓ તત્ર, તે ચોરને લઇ આવો અત્ર. ॥૫૧॥ દેવદત્તનો પાયક જેહ, રાજ-સભામાં આણ્યો તેહ; નૃપ કહે રે સાચ, કિંહાથી લાધ્યું કહે મુખે વાચ. ॥૫૨॥ સ્વામી ! સાંભલો આભરણ વાત, નિરપરાધ તું મ કરીશ ઘાત; દેવદત્ત બ્રાહ્મણ સુપ્રસિદ્ધ, વેચવા કારણે મુઝ હાથે દીધ. ॥૫૩॥ આભરણની ઉત્પત્તિ કહી, આધી વાત હું જાણું નહી; બ્રાહ્મણ તેડી પૂછે રાય, એ આભરણ લાધ્યું કહો કિણ ઠાય ?. ॥૫૪॥ વિપ્ર અધોમુખ

નિરખી રહ્યો, વળતો એકે બોલ ન કહ્યો, ક્ષણુ અંતરે રહી ઉત્તર દીઓ, સ્વામી ઘડયો વજ્રમાં હીયો. ॥૫૫॥ કુકર્મ કરતાં ન વિચારીઓ, કુંઅર મેં લોભે મારીઓ; વળતું રાય વદે મુખેં વાચ, શોચ મ કરતું બ્રાહ્મણુ સાચ. ॥૫૬॥ તેં મુજ પૂરેં કર્યો ઉપકાર, ઓસીકલ હવે થયો અપાર; વિપ્ર સંતોષ્યો મીઠે બોલે, કુણ નવિ રીઝેં અમૃત તોલે. ॥૫૭॥ દેવદત્ત પહોતો ઘરે જામ, ચતુર ચિત્તશું ચિંતે તામઃ એ સાચો નૃપ મન વચ કાય, ધિગ્ મેં અકૃત કર્યું દુઃખદાય. ॥૫૮॥ બાંધી કર્મ નરહ હસતાં જિકો, નવિ છૂટેં રોઅંતા તિકો; ઇંત્યાદિક મન કરી વિચાર નૃપ કરે સોંપું એહ કુમાર. ॥૫૯॥ તેડી સઘલો વિપ્ર પરિવાર, અન્ન વસ્ત્રાદિક દેઇ સત્કાર; કુંવર પ્રતિ બહુ કરે વિવેક, પહેરાવેં શૃંગાર અનેક. ॥૬૦॥ બેસાર્યો વર તુરંગમરત્ન, રાજ કુંવરનું બહુ કરે જતન્ન; કેડેં બહુ સુહાસણુ નાર, ધવલ મંગલ મુખેં ગાય ઉદાર. ॥૬૧॥ વિપ્ર ભણે બહુ વેદ ઉચ્ચાર, વિપ્ર મળ્યા તિહાં શંખ ન પાર; વાજેંત્ર અનોપમ તિહાં, સહુ આવે નૃપમંદિર જિહાં. ॥૬૨॥ જબ પેખ્યો નૃપ નયણે કુમાર, તવ પામ્યો મનિં હર્ષ અપાર; નૃપે બેસાર્યો પુત્ર ઉત્સંગ, હીયડાભ્યંતર ભીડયો અંગ. ॥૬૩॥ यतः–चंदनं शीतलं लोके, चंदनादपि चंद्रमा । चंद्रचंदनयोर्मध्ये, शीतलं पुत्रदर्शनम् ॥६४॥

## ॥ ચોપાઇ ॥

એતલાદિન પુત્ર! કિહાં તું વસ્યો, સમાચાર તુઝ ન લહ્યો કિસ્યો, મુજ માયા ઉતારી કરી, કિહાં

રહ્યો છાંનો છેતરી. ॥૬૫॥ રાયસન્મુખ જોઈ બ્રાહ્મણ હસ્યો, મેં તુમ સ્વામી! કસોટી કસ્યો; તુમ મનપરીક્ષા કરવાભણી, એ મુજ વિલસિત સૂત જગધણી. ॥૬૬॥ ધુરેથકી તેં ધીરજ ધર્યું, અનુચિત કર્મ સબલ મેં કર્યું; તે ખમજો સવિ મુજ અન્યાય, તું સાહસિક વડો મહારાય. ॥૬૭॥ રાયે વિપ્ર પ્રશંસ્યો વળી, માન મોહત લીધું મનરૂલી, દેવદત્ત પહોંચ્યો નિજઘરે, કુમરતણો નૃપ મહોત્સવ કરે. ॥૬૮॥ સાંભલી ભોજ કથારસ બહુ, એ ભમલિ હૂજે કુણ લહુ'?; કીસો નૃપ ગુણ જાણે જેહ, એસેં સિંહાસન બેસે તેહ. ॥૬૯॥ અપરાજિતા ચોથી પૂતલી, તસ મુખેં ભોજે કથા સાંભલી; વિસ્મય પામ્યો હૃદય મોઝાર, અહો! વિક્રમ ગુણવંત ઉદાર. ॥૭૦॥ કવિયણ સિંહતણી મુખે વાણી, વિક્રમ કથા રસ અમૃત ખાણી; સુણતાં શ્રવણે રસ ઉપજે, હોઈ દાતા કૃપણાઈ તજે. ॥૭૧॥ इति सिंहासन ब्रत्रीशीनी चोथी पूतली कथा. ॥४॥

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહૂરત લીધું સિંહાસણે જબ પરઠે પાય; તવ બોલી પાંચમી પૂતલી, સાંભલો ભોજ! કથા નિરમલી. ॥૭૨॥ ઉજ્જેણીપુરી જગતપ્રસિદ્ધ, જિહાં ધણ કણ કંચન બહુલી રિદ્ધ; રાજ્ય કરે

વિક્રમ ભૂપતિ, પ્રજાને નવિ દૂહવે રતી. ૫૭૩૫ એક દિવસ તે નયર મઝાર, આવ્યો વણઝારો મતિસાર; સહદેવ એહનું નામ, જેહને મંદિર છે બહુ દામ. ૫૭૪૫ ભૂપ પ્રતિં જઈ કર્યો જુહાર, આગલા ધરે એક રત્ન ઉદાર; નૃપપ્રતિં વણિક કહે વિચાર, સવાકોડી મૂલ લહે વિચાર. ૫૭૫૫ રતનતણો મહિમા ઉચ્ચરે, એહ જે કોઇ નિજમંદિરે ધરે; અંધારે અજૂઆલૂં કરે, સંકટ વિકટ દુઃખ આપદ હરે. ૫૭૬૫ નૃપ કહે તુમ્હ ઘરે છે કેટલાં, મૂલ દેઈ લેઈશું તેતલા; વંદી વણિગ સ્વામી અવધાર, વસું વાસ શ્રીપુરહ મઝાર. ૫૭૭૫ એહ સરીખા છે દશ રતન, નિજમંદિર તે ધરીઆ જતન; મૂલ કરી રતનતણું ચજન, આપો પહિલા દશ કોડી ધન. ૫૭૮૫ વિશ્વાસી સેવક આપણો, મનોગત ભાવ લહી નૃપતણો; જેહતણો ચિત્ત કિમે નવિ ચલે, વણીક સાથે તેહને મોકલે. ૫૭૯૫ દિન થોડે તું આવે અહિં, રતન અમૂલક લાવે સહી; ધનસિંધુ બાંધ્યું નિજગ્રંથિં, વાત માની દોય ચાલ્યા પંથિ. ૫૮૦૫ નૃપ કન્હેં જેવા ચાબકી, રતન સર્વ લાવ્યો તિહાંથકી; ચોથે દિન શીઘ્ર આવ્યો તિહાં, ઉજ્જેણી નયરી છે જિહાં. ૫૮૧૫ જબ આવ્યો શિપ્રા નદ્દીતીર, વહે પુરે બે કાંઠે નીર; નૃપસેવક મન ચિંતે તામ, કિમ હોશ્યે મુજ નૃપનું કામ. ૫૮૨૫ જેહ તારૂ બલવંત અપાર, તે નવિ પેસે પૂર મઝાર; નૃપ સેવક મનિ ચિંતે ઇશ્યું, આજ સહી વાચા ચૂકશું. ૫૮૩૫ વચન ચૂકયો તો હાર્યું સર્વ, ફોગટનો મનમાં વહે

વહે ગર્વ; ઉત્તમ ચૂકે વાચાથકી, તે કહીએ ગાઢો પાતકી. ॥૮૪॥ જેહની કાયવાચ નિકલંક, તે મહીયલ મ્હાલે નિસ્સંક; ચૂકયો કાયથી રાવણ રંક, તો નિજહાથે ખોઇ લંક. ॥૮૫॥ ચૂકયા વાચથી પાંડવ પંચ, નારાયણશું કીધો વંચ; જો મને માંડયો કૂડ પ્રપંચ, તો વનવાસે વસ્યા ભડ પંચ. ॥૮૬॥ તારૂપ્રતિં તેડી તેણીવાર, મુજને મૂકે તું પ્હેલે પાર; તારૂં વળતો ઇમ ઉચ્ચરે, એવડી ઉતાવલ કિશી કરે ?. ॥૮૭॥ સુણો ભાઇ ! નૃપ સેવક કહે, થોભું તો વાચા નવિ રહે; વિક્રમ ભૂપશું કીધો કોલ, થોભું તો થાઉં નિરોલ. ॥૮૮॥ काव्यम् ॥ विघटति वपुर्मूयो भूयः शशिर्घटतेतरां फलति कदली वारंवारं कुठारहतापि हि । मिलति सहासा सूतः खंडीकृतोपि मुहुर्मुहुः नतु पुनर्हि जिह्यासुते मृगारी वधूरी वः (?) ॥८९॥

## ॥ ચોપાઈ ॥

ચંદ્રતણી કલા ધરે વલી વલી, કદલી છેદી પુનરપિ ફલે; જુદો કર્યો વલી પારદ મીલે, પણ ઉત્તમ વાચા નવિ ચલે. ॥૯૦॥ તારૂ કહે તુજ દીસે લાગ, જો તું આપે અરધો ભાગ; તો તુજ પ્રતિ ઉતારૂં નદી, એ મેં સાચી વાચા વદી. ॥૯૧॥ નૃપ સેવકે તે માની વાત, આપ્યાં પાંચ રતન વિખ્યાત; ઉતાર્યો તેણે પૂર [1]આગાજ, જઇ ભેટયો વિક્રમ મહારાજ. ॥૯૨॥

૧. અગાધ.

પંચ રતન રહ્યાં જે શેષ, નૃપ આગલે મૂકયા સુવિશેષ; બાકી પંચ રતન જેહ ભલાં, ભૂપ ભણે મેલ ઉતાવલા. ॥૯૩॥ ઇતિ વચન જબ નિસુણ્યું કાન, ભૃત્ય ભણે સ્વામી તું માન; પંચ રતન તારૂ પ્રતિ દીધ, વાત સકલ તેણે માંડી કીધ. ॥૯૪॥ વળતું ભૂપ ભણે ઉલ્લાસ, વાયદો નવિ ચૂકયો શાબાસ; ખરૂ બોલ્યો તું આગલી મુઝ, પંચરતન મેં બગસ્યાં તુઝ. ॥૯૫॥ એહવો ઉદારજ હોય જેહ, એણી સિંહાસન બેસે તેહ; સાંભલે ભોજ એકમનો થઇ, કથા પાંચમી પૂરણ હુઈ. ॥૯૬॥ કવિયણ સિંહતણી મુખે વાણી, વિક્રમ કથા રસ અમૃત ખાણી; સુણતાં શ્રવણે સુખ ઉપજે, હોય દાતા કૃપણાઇ તજે. ॥૯૭॥ इति सिंहासन बत्रीशीनी पांचमी पूतलीकथा. ॥५॥

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસને જબ પરઠે પાય; તવ બોલી છઠી પૂતલી, સાંભલો ભોજ ! કથા નિરમલી. ॥૯૮॥ નવ–બારી ઉજ્જેણી પૂરી, કીધો વાસ જિહાં [1]પદ્મા પુરી; રાજ્ય કરે વિક્રમ મહારાય, પાળે પ્રજા ન કરે અન્યાય. ॥૯૯॥ એક દિન વિક્રમરાય સુજાણ, સભા પુરી, બેઠો મંડાણ; આવી વનપાલે વિનવ્યો, વસંત ઋતુનો અવસર હૂઓ

૧. લક્ષ્મી.

॥૫૦૦॥ ફૂલ્યાં અતિસુંદર સહકાર, જાંબૂ લીંબૂ ફણસ અપાર; શ્રીફલ કદલી તરૂ સહકાર, અશોક ચંપક તાલ તમાલ. ॥૧॥ નાગ પુંનાગ બીજોરી ફલી, નારિંગ કેતકી કણયરકલી, સદાફલ દેવકુસુમ અંજીર, રાયણુ વૃક્ષ અનાર જંબીર. ॥૨॥ પૂગીફલ ખજુર બદામ, અખોડ ચારોલી નિમજા નામ; અગર તગર ચંદન તરૂરાજ, ગોસ્તની દ્રાખ નાગવલ્લી વિરાજ. ॥૩॥ અઢાર ભાર વનસ્પતિ જેહ, ફૂલ સફલ હુઈ છે તેહ; કોયલ કૂહુ કૂહુ કરે સહકાર, જિહાં મધુકર રણઝણે અપાર. ॥૪॥ કુસુમવાસ પરિમલ વિસ્તરે, ભોગી જન વનક્રીડા કરે; વસંત માસની ક્રીડાહેત, પાઉ ધારો પ્રભુ! કહુ સંકેત. ॥૫॥ વસંત ક્રીડા કરવા ભણી, ઋદ્ધિ અનેક છે જે આપણી; ચતુરંગી સેના સબલો સાજ, તદા કરે વિક્રમ મહારાજ. ॥૬॥ સાથે વાજિંત્રનો નહિ પાર, સાથે અંતેઉરી પરિવાર; પદ્મિની હસ્તિની ચિત્રિણી નાર, રૂપેં રતિ રંભા અવતાર. ॥૭॥ અંગે પહેર્યાં સાર શૃંગાર, દૂષણુ નહિ જેહમાંહિ લગાર; સુખાસને બેઠી પાલખી, જાણે કરી ચિત્રામણે લિખી. ॥૮॥ બેઠી કામિની કરે ટકોલ, અમૃત સરીખાં બોલે બોલ; દેખાડી હાવભાવ અનૂપ, કામી નર મોહ્યાં તસ રૂપ. ॥૯॥ વનક્રીડા વિક્રમ સંચરે, જોવા સ્વર્ગથી સુર ઉતરે; નયરલોક મનેં કૌતુક વસ્યો, ચિહું દિશિથી જન જોવા ધસ્યો. ॥૧૦॥ કે માલીએ કેઈ મંદિર રહ્યા, પેખી કૌતુક આનંદ લહ્યા; અનુક્રમે આવ્યા વનમોઝાર, 'ખંડોખલી નિરભર્યું' અપાર.

૧. સરોવર.

॥૧૧॥ સુરભિદ્રવ્ય કેસર ઘનસાર, મેલ્હી ખંડોખલી મઝાર; રાણીશું ઝીલે ભૂપાલ, કરે વિનોદ અતિ રંગ રસાલ. ॥૧૨॥ ચૂઆ ચંદન કેસર છાંટણાં, અબીર ગુલાલતણી નહી મણા. ગાવે હોલીના બહુ ફાગ, વસંત ભલો આલાપે રાગ. ॥૧૩॥ એણે અવસરે એક તાપસ ત્યાંહિ, તપ કરે બેઠો વનમાંહિ; રાણીરૂપ નિરખંતો અતિ, ધ્યાન તપથી ચૂકયો યતિ. ॥૧૪॥ પીનોન્નત કઠિન સ્તનભાર, શ્રીફલ કનક જિસ્યા આંકાર; પાયે નેઉર ઘૂઘર ઝમકાર, મયમત્તી મોહન અવતાર. ॥૧૫॥ પીનપયોધર નયન વિશાલ, ત્રિબોષ્ઠી કટિલંકી બાલ; ઉદાર સુકોમલ ચંપકવાન, તપાસ દેખી છંડે ધ્યાન. ॥૧૬॥ નારીતણું મુખે દીઠું નૂર, કામબાણનું પ્રસર્યું પૂર; શૂર વીર જે મહાબલવંત, સ્ત્રી આગલ તે માન ત્યજંત. ॥૧૭॥ નારીનયણશર લાગ્યાં અંગે, તાપસ ભેદ્યો કામે અતિ અંગે; કામેં પીડયો પરવશ થયો, તપ કર્યો તે અહિલેં ગયો. ॥૧૮॥ काव्यम् ॥ द्विजराजमुखी मृगराजकटी, तरुगाजविराजितजंघघटी । यदि सा वनिता हृदये दधति, क्व जपः क्व तपः क्व समाधिविधिः ? ॥१९॥ विकलयति कला-कुशलं, हसति शुचि पंडितं विडंबयति । अधरति धीरपुरुषं, क्षणेन मकरध्वजो देवः ॥२०॥

## ॥ ચોપાઈ ॥

તાં તપ તાં જપ ધ્યાન સંપન્ન, જાં નિશ્ચલ સહી રહે તન મન્ન; હાવભાવ વિભ્રમ સ્ત્રીતણાં, દેખી

મુનિ વ્રત મૂકે ઘણાં. ॥૨૧॥ નારીતણો જે કરે વિશ્વાસ, વિદુર વિચક્ષણ પાડે પાસ; મહાતપસી સ્રીએં ભોળવ્યા, મુગતિ પંથ થકી ચૂકવ્યા. ॥૨૨॥ તાપસચિત્ત થયું દોહિલું, ચિંતે જઇ વિક્રમને મળું; હીયડાભીતરેં ઇશું વિમાસ, ગયો શીઘ્ર વિક્રમની પાસ. ॥૨૩॥ તાપસ ભૂપ ભણે ઈશું, પાઉ ધાર્યા કહો કારણ કિશું ?; કહે તાપસ મુઝ છે દેવ ઈષ્ટ, મુજ ઉપર આજ હુઓ સંતુષ્ટ. ॥૨૪॥ તેણે કહ્યું જે વિક્રમ કન્હે, જે જોઇએ તે દેશે તન્હે; હું આવ્યો તેહવતી તુમ [1]તીર, તું છે પર દુઃખ ભંજન ધીર. ॥૨૫॥ તારી આશા છે મુઝ ઘણી, પૂરો આશા જે મનતણી; તાપસ પ્રતિં નૃપ કહિવા લગ્ગ, ચિંતે ભૂપ એહનું મન ભગ્ગ. ॥૨૬॥

॥ દોહા ॥

વિક્રમ કહે તાપસ પ્રતિં, કાં ડોલાવે મન્ન ?;
વાત એહ જુગતી નહિ, નિપટ ન થઈએ અસન્ન. ॥૨૭॥

ભોલપણું મનેં નાણીએ, કહું તુજ સાચો ભેદ;
સુપન સરિખો પ્રેમરસ, રાચિ મૂડે લહી જીવ ખેદ. ॥૨૮॥

ભામિની ભરમે ભોળવ્યા, ભૂલા ભમે સંસાર;
ભોલપણે જાણે નહિ, જે સાચલા ગમાર. ॥૨૯॥

મૂરખ ! માયા નાણીએ, માયા મૂલ વિનાસ;
ઘોર નરય ગતિ ઘાલવા, દૈવતણો એ પાસ. ॥૩૦॥

તું મહાતપસી જાણીએ, ઉપની કવણ કુબુદ્ધિ;
એ ભવ ચૂકીશ બાપડા, કાં હારે વ્રત લીદ્ધ ?. ॥૩૧॥

૧. પાસે.

ઘણું ઘણું તુજ શું કહું, થોડે કહે મતિ આણ;
સંસારમાયા કારમી, કો કેહનો નહિ જાણ. ॥૩૨॥

गाहा—आरंभे नत्थि दया, महिलासंगेण नासए बंभं ।
संकाए सम्मत्तं, पव्वज्जा अत्थगहणेणं ॥३३॥

## ॥ ચોપાઈ ॥

રાજાએ પ્રતિબોધ્યો ઘણું, ભોગકર્મ છે તાપસતણું; નૃપ પીંછવીઓ પીંછે નહિ, નીર ગયું ભર્યા ઉપર વહી. ॥૩૪॥

### ॥ દોહા ॥

વિષહર વિષ પાખું ગ્રહે, ગારૂડીશું જસ પ્રેમ;
નારીનાગણીએ જે ડસ્યો, તે વિષ ન વળે કેમ. ॥૩૫॥

## ॥ ચોપાઈ ॥

નવિ બૂઝયો ભૂપતિ પ્રતિબોધ, તાપસ ભેદ્યો કામવડયોધ; વળતું તસ બહુ કરે ઉપગાર, વિક્રમભૂપ વડો દાતાર. ॥૩૬॥ તેહ થાનકે ભૂપે વાસી પૂરી, બહુ ધનધાન્ય સંપૂરણ ભરી; ધનવંત બહુ વ્યાપારી જિકે, આણી વાસ્યા થાનક તિકે. ॥૩૭॥ વારાંગના શત અનોપમરૂપ, તસ પરણાવી વિક્રમ ભૂપ; હય ગય રથ મણિ માણેક ભંડાર, તાપસ પ્રતિ કીધો ઉપગાર. ॥૩૮॥ એહવો દાનીસર હોએ જેહ, એણે સિંહાસને બેસે તેહ; સાંભલે ભોજ મહાગુણવંત, છઠી પૂતલી કહ્યો વિરતંત. ॥૩૯॥ કવિયણ સિંહતણી મુખે વાણી૦

॥ इति सिंहासन बत्रीशीनी छट्ठी पूतली कथा ॥६॥

## ॥ ચોપાઇ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસને જબ પરઠેં પાય; તવ બોલી સાતમી પૂતલી, સાંભલ ભોજ કથા નિરમલી. ॥૪૦॥ ઉજ્જેણી નયરી સુવિશાલ, રાજ્ય કરે વિક્રમ ભૂપાલ; પાલે પુત્રતણી પરે પ્રજા, દિન દિન અધિક વધારે લજ્જા. ॥૪૧॥ સપ્ત વ્યસનનો કરે નિષેધ, પર ઉપગારી સુગુણ સુવેધ; પાપભય મને આણે બીક, પરદુઃખ કાતર અતિ સાહસિક. ॥૪૨॥ મૌન કરે નૃપ પરઅપવાદ; એહવો વિક્રમ ગુણનિધાન, ઉદારપણે નિત્ય આપે દાન. ॥૪૩॥ તિહાં ધનદત્ત નામે ધનવંત, વ્યવહારી મધ્યે સુખ વિલસંત; તસ ઘર લક્ષ્મી સંપત્તિ ઘણી, સંખ્યા કો ન લહે તેહતણી. ॥૪૪॥ જે જોઇએ વસ્તુ તે તેહ ઘરેં મલે, તસ ઘરે વાણોતર બહુ રલેં; એકદા મનિં ચિંતે ધનદત્ત, મેં પામ્યું પુણ્યે બહુ વિત્ત. ॥૪૫॥ પરભવે સંબલ થાય જિકેં, અણેં ભાવે ન કમાયું તિકે; તો એહ સર્વ નિરર્થક સહી, ઉત્તમ કરણી કીધી નહિ. ॥૪૬॥ એહવો હીયડેં કરે વિચાર, દાને કરી તૂઠો જલદાધાર; વાવરે ધન અને બહુ આચાર, અભિનવો ધનદસમો દાતાર. ॥૪૭॥ કર્મ ધર્મ તિણે સાધ્યાં બેહું, તીરથ ભણી પહોતો વળી તેહુ; પુણ્યવંત પધારે જિંહા, ધર્મકૃત્ય કરે બહુ તિંહા. ॥૪૮॥ જે જે તીરથ લોકપ્રસિદ્ધ, થલવટપંથે યાત્રા કીદ્ધ; મનતણાં મનોરથ સિદ્ધ, તત્ર યથોચિત દાન બહુ દીધ. ॥૪૯॥

જલવટે પ્રવહણ ચઢિઓ જિશ્યેં, સમુદ્ર મધ્યે દ્વીપ આવ્યો તિસેં; તિંહા શુભ નયરી નિરૂપમ વસે, તે દેખી ધનદત્ત ઉલ્લસે. ॥૫૦॥ ગઢ મઢ મંદિર રચના ઘણી, તે આગલે લંકા અવગણી; તિહા એક સરોવર ગુહીર ગંભીર, બેહુ કાંઠે ભર્યું નિરમલ નીર. ॥૫૧॥ ચંદ્રકાંત શિલારત્નમાં, તિણે થડ બાંધ્યું વજ્રમાં; સરોવરપાલે દેવીતણો, પ્રાસાદ છે અતિરલીયામણો. ॥૫૨॥ સીકોત્તરી દેવી પ્રત્યક્ષ, મહિમા લહી લોક આવે લક્ષ; કામિક તીરથ સહુ કો સ્તવે, વિશ્વતણી આશા પૂરવે. ॥૫૩॥ ધનદત્ત પહોતો દેવી ભવને, મનોહર મૂરતિ નીરખી નયને; પૂજી પ્રણમી પાછો વળે, ભવનથકી બાહીર નીકલે. ॥૫૪॥ વામ ભાગે એહવું દીઠડું, કિણે નીપાયું અકારણ વડું; અતિ અનાહત દીસે વાત, પાપી કેણેં કીધો ઘાત ?. ॥૫૫॥ પુરૂષ સ્ત્રી દીસે દોય મૂઆ, તેહના મસ્તક ધડ જૂજૂઆ; જોઈ જોઇ અને ચમકયો ચિત્ત, તસ સમીપ વળી એક છે ભીંત. ॥૫૬॥ નામું માંડયું શીલાતળેં તાસ, વાંચી ધનદત્ત હૃદય વિમાસ; લક્ષણ બત્રીશ અંગે જાસ, ધીરપણું ધરી કરે પ્રયાસ. ॥૫૭॥ ધીર પુરુષ સત્ત્વવંતનો ધણી, બલિ આપે નિજ મસ્તક તણી; તો ધડ મસ્તક એકઠાં મલે, નર સ્ત્રી જીવે વંછિત ફળે. ॥૫૮॥ એહવા અક્ષર વાંચ્યાં તેણી, તીરથ કરી આવ્યો ઉજ્જેણી; વિક્રમ આગલ વાત સવિ કહી, કહે નૃપ મારે તિહાં જાવું સહી. ॥૫૯॥ તેડી ધનદત્તને નિજ સાથ, આવે શીઘ્ર તિહાં નરનાથ; સીકોત્તરી દેવી પ્રાસાદ, પેખી નૃપ પામ્યો

ઉલ્લાસ. ॥૬૦॥ પ્રથમ દેવીની પૂજા કરે, ભાવ ઘણાં મનમાંહિ ધરે; પછી હાથે ગ્રહી કરવાલ, મસ્તકે વાહે જબ ભૂપાલ. ॥૬૧॥ કમલપૂજા કરવા સજ્જ થયો, આવી દેવી તબ નૃપ કર ગ્રહ્યો; પ્રત્યક્ષ થઇ ભણે એહવી વાણુ, હું તુજ તૂઠી સાહસ પ્રમાણ. ॥૬૨॥ વળતું જંપે વિક્રમરાય, આ ધડ મસ્તક એકઠા થાય; એહનેં સજીવ કરો મહાદેવી. વિલંબ ન કરવો અત્ર ક્ષણિ. ॥૬૩॥ જિમ કહ્યું તિમ કીધું તદા, ભૂપ પ્રતિં ભણે દેવી મુદા; તુજ સાહસિક પણું જોયવા, મેં ઉપાય કીધાં એહવા. ॥૬૪॥ તું સાહસિક વડો મહારાય, નહિ કો તુજ જામલિં આ કલિ આજ; બહુ પ્રશંસા કરી સૂરી ગઇ, પહોતો નૃપ ઉજ્જેણી પુરી. એહવો સાહસવંત હોય જેહ, એણે સિંહાસણે બેસે તેહ; સાંભલે ભોજ ચતુર બહુગુણી, કથા સપ્તમી પૂરણ ભણી. ॥૬૬॥ કવિયણ સિહતણી મુખે વાણી૦

॥ इति सिंहासन बत्रीसीनी सप्तमी कथा. ॥७॥

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસને જબ પરઠે પાય, તવ બોલી આઠમી પૂતલી, સાંભલ ભોજ ! કથા નિરમલી. ॥૬૭॥ વસે ઉજ્જેણી માલવદેશ, જિહાં ધનપતિ બહુ વસે વિશેષ; તિહાં વિક્રમ ભૂપતિ રાજીઓ, તસ મહિમા મહીતલ ગાજીઓ. ॥૬૮॥ એક દિવસ વિક્રમ રાજેન્દ્ર, સભા પુરી બેઠા

જિમ ઈંદ; નિજ પરિકર સવિ બેઠો સહુ, નૃપ કૌતુકનો અરથી બહુ. ॥૬૯॥ તેડે ચતુર ચ્યાર તવ દૂત, જોઇ આવો કોઇ વાત અદ્ભુત; દેશ વિદેશ ફિરંતા જેહ, ચિહું દિશિ દૂત ચલાવ્યા તેહ. ॥૭૦॥ પ્રથમ દૂતની સુણજો વાત, કાશ્મીર દેશ અછેં વિખ્યાત; નવ હંસપાટણ પુહવી પ્રસિદ્ધ, દૂતે તત્ર પ્રયાણું કીધ. ॥૭૧॥ નવહંસ રાજા રાજ્ય કરંત, રાજસંધિ સુખ શાત અનંત; તિહાં સરસ્વતી માતાનું સ્થાન, આપે સદા વર વિદ્યાદાન. ॥૭૨॥ તિહાં વ્યવહારી વસે અપાર, વિદ્યા ધનપૂરણ દાતાર; ભાણ નામે વ્યવહારી વસે, દાન દયા ઉપરિ ઉલ્લસેં. ॥૭૩॥ એકદા મનોરથ તસ ઉપનો, ઉત્તમ મનેં નીપનો; તલાવ ખણાવું નયર દુઆર, વારિ પીએ જિહાં બહુ નર-નાર. ॥૭૪॥ તલાવ ખણાવ્યું બહુ મંડાણ, બહુ દ્રવ્ય ખરચ્યું તેણે ઠાણ; ચિહું દિશિ આરોપ્યા આરામ, ફરતી પાલે રચિઆ ચિત્રામ. ॥૭૫॥ તસ કડણી પાવડીઆ પંક્તિ, કીધાં તિહા બહુ શોભા યુક્તિ; પણ તસ વાત હુઈ વંકડી, તેહ મધ્યે પાણી ન રહે ઘડી. ॥૭૬॥ ઉપાય કરે વલી ધનપતિ ભાણ, તલાવતલેં પથરાવી પાહાણ; તિહાં સબલ ધન વજ્રમય લોહ, તેહ ઉપરેં પથરાવી છોહ. ॥૭૭॥ તોહે જલ થોભે નવિ રતી, ભાણ શેઠ મનેં હુઈ આરતી; લોક કહે એણેં કીધી વેઠ, કુવચન કાને સુણે બહુ શેઠ. ॥૭૮॥ લક્ષ્મી એહની અન્યાયની હતી, પાણી ન રહે કુદ્રવ્યવતી; સાહ્યાં ન રહે લોક બોક મુખ, નિસુણી શેઠ ધરે બહુ દુઃખ. ॥૭૯॥ એક દિન

ગગને હુઇ વાણી, તો પાણી રહે એણે ઠાણી; બત્રીશ લક્ષણ નરધર જાણ, રૂધિર બલિ આપે અપ્પાણ. ॥૮૦॥ ઇમ નિસુણી શેઠ ચિંતે તામ, ઉદ્યમ કરતાં સિદ્ધ હોએ કામ; દીન દુઃખીત જનને ઉદ્ધરૂં પુણ્ય કરતાં પાપ જાએ પરૂં. ॥૮૧॥ પુણ્ય કરંતા હોશે પાધરૂં, શેઠે વારૂ વિચાર્યું ખરૂં; સરોવર ઉપર અતિહિં ઉદાર, મંડાવી તિહાં [1]શત્રુકાર. ॥૮૨॥ બાર દશ તિહાં સોવન તણો, પુરૂષ ઘડાવી રલીયામણો; માંડી દાનસમીપે ધીર, શેઠતણાં જણ બેઠા તીર. ॥૮૩॥ જે કોઇ તલાવે થોભાડે વારિ, હેમ પુરૂષ તસ દીજે સાર; સેવક એહવી વાચા વદે, વિક્રમદૂત વચન ધરે હદે. ॥૮૪॥ અચરિજ વાત સુણી દૂત વળ્યો, ઉજ્જેણી વિક્રમને મળ્યો; કૌતુક વાત દૂત મુખે સુણી, નૃપ ઉત્સુક થયો જોવા ભણી. ॥૮૫॥ આગીઆ તણે પ્રભાવે કરી, જોવે દેશ વિદેશહ ચરી; સાથે તેડયો સોય નિજદૂત્ત, નવ હંસપાટણ શીઘ્ર પહુત્ત. ॥૮૬॥ પ્રાસાદ વનખંડ આરામ, રચના નીરખે ઠામોઠામ; સરોવર વળી પેખે વિસ્તાર, નીર વિના નવિ શોભે લગાર. ॥૮૭॥ સંધ્યા સમય હુયો જેટલે, સ્નાનાદિક નૃપ કરી તેતલે; સરોવર મધ્યે જઇ ઉભો રહે, પ્રગટ શબ્દ વિક્રમ ઇમ કહે. ॥૮૮॥ બત્રીશ લક્ષણ મુજ કન્હે વસે, બલિ લેવા જેહનું મન ત્રસે; અધિષ્ઠાયક સરોવર જેહ, સાચી વાત કહું છું એહ ॥૮૯॥ કમલપૂજા કરવાને હેત, કાઢયું ખડગ વિકટ અજેત; જેતલે કંધ ઉપર નૃપ ધરે, આવી

1. સત્રાગાર.

શીઘ્ર સુર પાછું કરે. ॥૯૦॥ આપઘાત મ મ કર મહાભાગ!, જે વર જોઇએ તે મુહ માંગ; હું તુજ તૂઠો સાહસવતી, વળતું ઈમ પભણે ભૂપતિ. ॥૯૧॥ જો મયા મુજ ઉપરિ કરો, તો એણે સરોવરે પાણી ભરો; વિશ્વતણો ઉપકારક તટાગ, ચહુ કાંઠે જલ પૂર્યું અતાગ. ॥૯૨॥ ભૂપે કહ્યું તિમ દેવે કર્યું, ભાણ શેઠનું કારજ સર્યું; એમ ઉપકાર કર્યો સત્ત્વવંત. નગરલોક બહુ ગુણ બોલંત. ॥૯૩॥ અનુક્રમે પહોતો ઉજ્જેણી ભણી, ઠામ ઠામ કીરતિ હુઇ ઘણી; પરદુઃખભંજન એહવો જેહ, એણે સિંહાસને બેસે તેહ. ॥૯૪॥ સાંભલો ભોજ વિશેષે કરી, કથા આઠમી એહ ઉચ્ચરી; એક એકથી ચઢતી કથા, યથા વાત હુઇ તથા કહી. ॥૯૫॥ કવિયણ સિંહ તણી૦

**इति सिंहासन बत्रीशीनी कथा आठमी. ॥८॥**

## ॥ ચોપાઇ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસને જબ ધરઠે પાય; તવ બોલી નવમી પૂતલી, સાંભલ ભોજ! કથા નિરમલી. ॥૯૬॥ ભૂતલે તિલક ઓપમ ઉજ્જેણી, લંકા હાર મનાવી તેણી; રાજ્ય કરે નરપતિ વિક્રમ, જેહની મૂરતિ સદા સુશર્મ. ॥૯૭॥ ન્યાયવંત અતિ નિપુણ સુજાણ, પ્રતાપે કરી અભિનવો ભાણ; તસ પુરી એક પુરોહિત વસે, વેદ-શાસ્ત્ર સકલ અભ્યસે. ॥૯૮॥ ત્રિપુષ્કર નામે અભિરામ, તસ સુત કમલાકર

ઇતિ નામ; પણ અવગુણ વડો એક તાસ, ન કરે વિદ્યાતણો અભ્યાસ. ॥૯૯॥ મૂરખ પણે નવિ લહે વિવેક, ભણે ગણે નહિ અક્ષર એક; તાત શીખામણ દે અતિ ઘણી, મૂરખસૂત થાસ્યો રેવણી. ॥૬૦૦॥

॥ દોહા ॥

દશે રહ્યાપણ નાવીઆ, સોળે કલા ન હોય;
વીશે ઉદાર ન આપીઆ,
હવે તું ભલપણ વાટ મ જોય. ॥૧॥

## ॥ ચોપાઈ ॥

મૂરખપણે ન માને કોય, બોલી ન જાણે મૂરખ સોય; લેણાનો તો દેણો કરે, મૂરખ અવસર ન લહે શિરે. ॥૨॥ પ્રચ્છન્ન વાત જે પ્રગટ કહે, અહિત હિત મૂરખ નવિ લહે; અજ્ઞાનપણે વેઠિ કરવા ધસે, નિદ્રા કલહ અંગે બહુ વસે. ॥૩॥ વિદ્યાવંત હીયે બહુમાન, વિદ્યાથી યશ મેરૂ સમાન; વિદ્યાદાન વડું જગમાં જોય, વિદ્યાવંત વિવેકી હોય. ॥૪॥ વિદ્યાહીન તે પશુ કહેવાય, વિદ્યાહીન નર દુઃખીયો થાય; વિદ્યા-હીન સઘલે છેતરાય, વિદ્યાહીન નર પડે અન્યાય. ॥૫॥ કુરૂપ તેહને વિદ્યારૂપ, વિદ્યાથી લહે સકલ સરૂપ; વિદ્યાનો ગુણ વડો સંસાર, વિદ્યા ભણે ચતુર નરનાર. ॥૬॥ એહવાં વયણ સુણ્યાં તાતનાં, કર્ણે હૃદય ઉઘડ્યા જાતનાં; ભણવા પહોતો કાશ્મીર દેશ, સરસ્વતી વિદ્યા દીયે વિશેષ. ॥૭॥ નવ હંસ પાટણ મોટું જિહાં, ચંદ્ર મૌલિ બ્રાહ્મણ વસે તિંહા; કમલાકર તેહને ઘરે જાય, તે બ્રાહ્મણનાં પ્રણમે પાય. ॥૮॥

ગાઢો છું વિદ્યા અરથીઓ, મેં આવી ગુરૂ તું પ્રાર્થીઓ; વિદ્યા શિખવો મુજ હિત કરી, મેં તુમ પદસેવા અનુસરી. ॥૯॥ વિદ્યા શીખવે જાણી છાત્ર, તસ મુખે ન ચઢે અક્ષર માત્ર; કમલાકર મન-શુદ્ધે ખરે, અહનિશ ગુરૂની સેવા કરે. ॥૧૦॥ અતિવિનીત જાણી ગુરૂ તાસ, આપે શારદ મંત્ર ઉલ્લાસ; હૂવો તે બહુ બુદ્ધિ પ્રકાશ, જાણે દૂજો વિદ્યાવિલાસ. ॥૧૧॥ શીખ્યા શાસ્ત્ર સકલ સદ્દબુદ્ધિ, દિન થોડે લહી વિદ્યાસિદ્ધિ; મહાવિદ્યાવંત બ્રાહ્મણ હુઓ, ગુરૂકન્હેં તવ માંગ્યો દૂઓ. ॥૧૨॥ તિંહાંથી ચાલ્યો પંથિ અતિક્રમી, કાંતિનયર આવ્યો અનુક્રમિં; ભોજન કરે જિહાં નય જલપૂર, આવીં નયરે આથમતે સૂર. ॥૧૩॥ પ્રવેશ કરે જબ કાંતિપુરી, જનમુખે એહવી વાત વિસ્તરી; એક છે બ્રાહ્મણ પુત્રિકા, નરમોહિની સુંદર બાલિકા. દેખી અનોપમ રૂપસૂત્ર તન, વિકલ હોય કામિક નર મન; કમલા કર તસ ગુણ જબ સુણે, કામી શક્ર થયો શિર ધૂણે. ॥૧૫॥ મેલાપક એહવો કદી હશે ?, રોમ રોમ મુજ મોહિની વસે; કૃપા કરશે ભગવંત યદા, પામીશ સંગમ એહનો તદા. ॥૧૬॥ વાસો વસે મોહિની આવાસ, રયણી પડે દુઃખ દેખે તાસ; રાક્ષસ આવ્યો રયણી મઝાર, સ્ત્રીને અંગે દે બહુ પ્રહાર. ॥૧૭॥ બૂંબારવ કરે બહુ બાપડી, તાસ શબ્દ સુણે રાતડી; શૂર વીર બલવંત અપાર, સ્રીતણી કોણ કરે સાર ?. ॥૧૮॥ અબલા ઉપર થાએ જોર રાક્ષસ રયણી પડાવે શોર; કમલાકર મનમાં ચિંતે ઈશ્યું, એહ અકારજ નિપજે કિશ્યું ?. ॥૧૯॥ દેખી

દુઃખ બહુ અબલાતણું, કમલાકર દુઃખ પામે ઘણું; હૂઓ પ્રભાત દિનકર ઉગીઓ, સો રાક્ષસ નિજ થાનકે ગયો ॥૨૦॥ વિપ્ર સોચ વિમાસી મનેં, આવ્યો ઉજ્જેણી થોડા દિન્હેં; વિક્રમ આગલે કહી તસ ચરી, ધૂણે શીશ નૃપ નિસુણી કરી ॥૨૧॥ પરદુઃખ-કાતર વિક્રમરાય, વાત સૂણી મન કરૂણા થાય; વિક્રમ કમલાકરહ સમેત, સ્ત્રીતણી વાહર કરેવા હેત ॥૨૨॥ બડે પ્રયાણે પહુતા તત્ર, કાંતિનયર વસે છે યત્ર, નરમોહિની કન્યા જિહાં વસે, આવે વિક્રમ તિહાં નિશિ તિસ્યેં ॥૨૩॥ અન્યાય પેખી નજરે જબ ભૂપ, રાક્ષસનું લહીઉં સકલ સ્વરૂપ; કાઢી ખડગ કેડે જબ-ધાય, પાપી પાપ કરી કિહા જાય ? ॥૨૪॥ ઘણા દિવસ તું ગયો છેતરી, તુઝ સિર ખડ્ગ ઠવું પાંતરી; હવે ન જાવા પામે આજ, જંબૂક ન રહે જિહાં મૃગ-રાજ ॥૨૫॥ નવિ જાયે મુઝ આગલ થકો, નૃપ દેખી રાક્ષસ ચિત ચકયો; તે કોણ મુજશું કરે વાદ, એહનો ટાળું હવે ઉન્માદ ॥૨૬॥ રાક્ષસ આવ્યો વઢવા ભણી, વિક્રમ ગરુડ સો રાક્ષસ ફણી; ખડગેં ખડગ ને બાથોબાથ, આપ આપણો વાહે હાથ ॥૨૭॥ હાકોહાક હૂઈ બેહું વિચેં, પાપી પાપ અગનિમાં પચે; ભૂપે તરણામાત્ર સો ગણ્યો, યુદ્ધ કરી રાયે રાક્ષસ હણ્યો ॥૨૮॥ બ્રાહ્મણી પ્રતિ કીધું આસાન, પાય લાગી સા માગેં માન; તું જગે મોટો પુરુષ પ્રધાન, જીવિતવ્ય મુઝ દીધું દાન ॥૨૯॥ મહાપુરુષ હવે મુઝને વરો, એહ પ્રાર્થનાભંગ મ મ કરો; ભૂપ કહે

સાંભલી વરતા, લાભ મ ઠેલીશ જે આવતા ॥૩૦॥ કમલાકર બ્રાહ્મણ મુઝ મિત્ર, ગુણે કરીને અતિહિં પવિત્ર; એહશું પાણિગ્રહણ કરો કહું, એહથી તું સુખ પામીશ બહુ ॥૩૧॥ મહામહોત્સવ કરી ભૂપતિં, કમલાકર પરણાવ્યો હિતેં; પર ઉપગાર કરી ભૂપાલ, ઉજ્જેણી આવ્યો તતકાલ ॥૩૨॥ એહવો વીર ઉપગારી જેહ, એણે સિંહાસને બેસે તેહ; સાંભલો ભોજ ! વિક્રમ ગુણ જેહ, કથા નવમી બોલી એહ ॥૩૩॥ કવિઅણ સિંહ તણી૦ । इति सिंहासनबत्रीशीनी नवमी पूतलीकथा ॥९॥

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસને જબ પરઠે પાય; તવ બોલી દશમી પૂતલી, સાંભલો ભોજ કથા નિરમલી ॥૩૪॥ નયર ઉજ્જેણી અતિ દીપતી, રાજ્ય કરે વિક્રમ ભૂપતિ; તાસ સભા એક આવ્યો દૂત, કરે વિનંતિ એક અદ્ભૂત ॥૩૫॥ પુર બાહિર આવ્યો અવધૂત, ગોરખનાથ મચ્છેંદ્રનો પૂત; અંગે લાઇ બહુત વિભૂત, તનુ શોભે જેહવો જીમૂત ॥૩૬॥ કુરંગચર્મ તસ આસન હેઠ, ચિત્રક ચર્મ ધર્યું નિજ[1] દ્રેઠ; મોરપિચ્છનો વીંઝણો હાથ, મુખે કહે અલખ નિરંજનનાથ ॥૩૭॥ ચોરાશી યોગાસન જેહ, અંગે વાલી જાણે સચળાં તેહ; શાંત દાંત દીસે

૧. નીચે.

યોગીન્દ્ર, બોલાવ્યો મુખિં બોલે મંદ ॥૩૮॥ મને માયા નાણે એક રતી, અકલ જેહની દીસે ગતિ; પૂછે તેહના સંશય હરે, કેહની પણ તથા નવિ કરે ॥૩૯॥ દૂતમુખે એહવી વાણી સુણી, લોક પ્રશંસા કરે તસતણી; તાસ પરીક્ષા કરવા ભણી, તેડાવ્યો યોગી બહુ ગુણી ॥૪૦॥ યોગીતણાં બહુ ગુણ સાંભળ્યા, સેવક તસ તેડવા મોકલ્યા; યોગીપ્રતિં સેવક ઉચ્ચરે, તુમ્હ દરિશન ભૂપ વાંછા કરે ॥૪૧॥ યોગી કહે હું મુખે શ્યું ભણું, રાયરાંક મનિં સરખા ગણું; કેહની પરવાહ હીયડે નવિ ધરૂં, શત્રુ મિત્ર ન કરૂં આંતરૂં ॥૪૨॥ રાયપ્રતિં કહેજો આશીષ, એહથી હોશ્યે બહુત જગીશ; નરપતિ સાથે મુઝને નહિં કામ, રહું કંદર મસાણ આરામ ॥૪૩॥ ઈમ કહી સેવક સમજાવીઓ, નૃપસમીપ યોગી નાવીઓ; સેવકે આવી નૃપ પ્રતિં કહ્યું, યોગીતણું સ્વરૂપ શુભ લહ્યું ॥૪૪॥ એહ યોગીને શિરનામીએ, તો સહી મનવંછિત પામીએ; આવ્યો વિક્રમ તિહાં સ્વયમેવ, યોગીતણી બહુ કરવા સેવ ॥૪૫॥ ચરણ કમલ કર જોડી નમી, યોગ અષ્ટાંગ પૂછે અનુક્રમિં; યમ નિયમ આસન અભિરામ, પ્રાણાયામ પ્રત્યાહાર નામ ॥૪૬॥ ધારણા ધ્યાન સમાધિપ્રયોગ, એ અષ્ટાંગ કહ્યા શુભ-યોગ; ચર્ચે યોગતણાં બહુ મર્મ, રાજા પ્રકાશે તપ-સીધર્મ ॥૪૭॥ काव्यम् ॥ भूपर्य्यंके निजभुजलता–गल्लकं खं वितानं, दीपश्चंद्रश्चरति धनिता रेणुना चांगरागः। दिक्क-न्याभिः पवनचमरैर्वीज्यमानानुकूलो, भिक्षुः शोते ननु नृप इव त्यक्तसर्वक्षणोपि ॥४८॥ धैर्यं यस्य पिता क्षमा च जननी भ्राता

मनः संयमः, सूनुः, सत्यमिदं दया च दुहिता शांतिः स्वयं गेहिनी । शय्या भूमितलं दिशोऽपि वसनं ज्ञानामृतं भोजनं, यस्यैतानि कुटुम्बकं वद सखे ! कस्माद्भयं योगिनः ? ।४९।।

## ।। ચોપાઈ ।।

એતલા ગુણ લાભે તે સાધ, તે સદા સુખી સહી નિરાબાધ; ધર્મનીતિ વિક્રમમુખે સૂણે, યોગી આશ્ચર્યો શિર ધૂણે ।।૫૦।। અધિક ગુણવંત એહ ભૂપતિ, એહની દીસે નિરમલ મતિ; યોગી તૂઠો ફલ એક દીએ, રાજા રલીઆયત થઈ લીએ ।।૫૧।। ફલપ્રભાવ કહે એકાંતિ, અલ્પમૃત્યુ કષ્ટ રોગ શમંતી; જે ફલ ભક્ષણ કરે એકવાર, દેહ નીરોગી હોએ નિરધાર ।।૫૨।। જેતલે ફલ આણે ઘર ભણી, તેતલેં દીનશબ્દ શ્રવણે સુણી; રોગે પીડયો કરે આક્રંદ, દીઠો નર નજરે રાજેન્દ્ર ।।૫૩।। यतः । याचको वंचको व्याधिः, पंचत्वं मर्मभाषकः । योगिनामप्यमी पंच, प्रायेगोद्वेगहेतवे ।।५४।। ફલ યાચ્યું વિક્રમ નૃપકને, કૃપા કરી દીધું તેહને; ફલભક્ષણ જબ કીધું તેહ, સોવનવાન હવું તસ દેહ ।।૫૫।। અતિ ઉદાર એહવો હોઈ જેહ, એણેં સિંહાસને બેસે તેહ; સાંભલો ભોજ કથારસ ઘણો, પૂરણ હુઈ દશમી કથા સુણો ।।૫૬।। કવિયણ૦ इति सिंहासनबत्रीशीनी दशमी पूतली कथा ।।१०।।

## ॥ ચોપાઇ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસને જબ પરઠે પાય; એકાદશમી કહે પૂતલી, સાંભલો ભોજ ! કથા નિરમલી. ॥૫૭॥ ઉજ્જેણી ભૂતલે પ્રસિદ્ધ જિહાં ધણ કણ કંચણ બહુ રિદ્ધ; રાજ્ય કરે વિક્રમ નરેશ, કીરતિ સુણીએ દેશ વિદેશ. ॥૫૮॥ નૃપ કૌતુકનો અરથી બહુ, અહોનિશ ચર્ચા જોવે સહુ; કૌતુકીઓ આલસુ નવિ હોય, જિહાં અપૂર્વ સુણે તિંહા જોય. ॥૫૯॥ એકદા કૌતુક જોવા કાજ, એકાકી પહોંચે મહારાજ; નાનાશ્ચર્યે કરી એહહી, ઠામે ઠામે નૃપ નિરખે સહી. ॥૬૧॥ ગિરિકંદર સુંદર આરામ, નિરખે જે જે વિસમા ઠામ; ગિરિકડણીં તરૂ દેખ્યો [1]હેઠ, સંધ્યા સમયે વસે તસ હેઠ. ॥૬૧॥ વૃક્ષ ઉપરે બહુ પંખી વાસ, [2]ચિરંજીવી પંખી મુખ્ય તાસ: બેઠો નિજ પરિવાર સમેત, માંહોમાંહિ પૂછે બહુ હેત. ॥૬૨॥ કહો આજ ચિણ કરી આવ્યા કિંહા, કૌતુક વાત કાંઇ દીઠી તિહાં ?; પંખી એક તિહાં બોલ્યો તિસેં, હિયડું દુઃખ ભરી મુખ ડસડસેં. ॥૬૩॥ આજ મુઝમહિં દુઃખ છે સહી, વાત કહિણી જાયે નહિ; વળી અનેરાં પંખી વંદે, બોલે દુઃખી શું છે હદે ?. ॥૬૪॥ બોલ્યો પંખી શું ભાખીએ, કુણ આગલ મનદુઃખ દાખીએ ?; જે પરદુઃખ ભંજે ભીડણહાર, વિરલા જનની જણે સંસાર. ॥૬૫॥ गाहा। विरला जाणंति गुणा, विरला जाणंति निद्धणा नेहा।

૧. નીચે. ૨. ગરુડ.

विरला परकज्जकरा, परदुक्खे दुक्खिआ विरला. ॥६६॥ सो कोइ नत्थि सुअणो, जस्स कहिज्जंति हियदुक्खाइं। आवंति जंति कंठे, कंठाउ पुणो विलिज्जंति. ॥६७॥

## ॥ ચોપાઈ ॥

વળી પંખી તસ પૂછે વાત, કહો તુઝ દુઃખ શું છે ભ્રાત !; કહ્યાવિણ ન હોએ પ્રતીકાર, વલતું પંખી વદે તિણિવાર. ॥૬૮॥ સમુદ્ર મધ્યે છે દ્વીપ વિશાલ, તિહાં એક પૂર ભૂભામિની ભાલ; તિલક ઉપમા દીજે તાસ, નામેં રત્નપુરી સુખવાસ. ॥૬૯॥ તિહાં એક વન છે અતિવિસ્તાર, અનેક વૃક્ષ છે તેહ મઝાર; લતા બહુ સંકીર્ણ અપાર, વનસ્પતિ મીલે ભાર અઢાર. ॥૭૦॥ તિહાં એક આવ્યો રાક્ષસ દૈત્ય, પાપીસ્માન તલ મન અપવિત્ત; દિન દિન પ્રતિ બહુ માણસ સંહાર, તુજને શું કહીઈ વારંવાર. ॥૭૧॥ દુષ્ટ સદા છે જેહનું મન્ન, નો હિ માન્યું લોકવચન્ન; મંદિર રાક્ષસ મૂરતિ કરી, શિલા એક તસ આગલ ધરી. ॥૭૨॥ વારાની ચિઠી કરે લોક, દિન પ્રતિં માણસ એક દે રોક; એહવું અકારજ નીપજે સદા, ટાલી ન શકે કોઈ આપદા. ॥૭૩॥ પૂર્વભવનો છે મુજ મિત્ર, હવણાં વાસ વસે પુરી તત્ર; તેહને છે સુત એક લહુઅડો, અતિવિનીત રૂપે રૂઅડો. ॥૭૪॥ પાપીશિર ઉપર વીજ પડો, વાલ્હા વિયોગ દેઈ દુઃખવડો; તેહનો વારો છે પરભાત, દુઃખ અત્યંત ધરે માયતાત. ॥૭૫॥ વૃક્ષ હેઠે વિક્રમ

રાજાન, પંખી વચન જબ સુણ્યાં કાન; રાય ધરે મનમાં દુઃખ અપાર, તેહની મારે હવે કરવી સાર. ॥૭૬॥ ઘરે આવ્યો નવિ થોભે ઘડી, વિક્રમ ચઢયો મનપાવડી; રત્નપુરી પહોતો વિક્રમ, નીવારવા રાક્ષસ કુકર્મ ॥૭૭॥ યક્ષમંદિર આવ્યો ભૂપાલ, શિલા ઉપર તે નીરખે બાલ; કુસુમ કણયર કંઠે માલ, સિંદૂર કર્યું તિલક વિશાલ ॥૭૮॥ સંકટ છોડી અહો! દેવ-દયાલ!, દીનદુઃખિતજનના પ્રતિપાલ !; દુઃખભર વિલપે સરલે સાદ, નૃપ આવ્યો તસ પુણ્ય પ્રસાદ. ॥૮૦॥ કરૂણાસિંધુ શ્રી વિક્રમરાય, તસ બોલાવે જ્યું નિજતાય; તું જા નિજ ઘરે કહે મહારાજ, તુજ ધાનક મેં રહેવું આજ ॥૮૧॥ આરતિ ચિંતા દુઃખ મત કરે, ધીરપણું મનમાંહિ ધરે; ભૂપપ્રતિ સો કુમાર ભણંત, તુમ્હે કવણ છો મહામતિવંત? ॥૮૨॥ ભૂપ કહે તું જા નિજઠામ, તાહરે પૂછયાનું શું કામ ?; ભૂપ પ્રશંસા કરી સોય વળ્યો, ક્ષણે રાક્ષસ ભૂપને મળ્યો. ॥૮૩॥ નીરખે ભૂપનું હસિતવદન્ન, તેજેં કરી ઝલકે હેમવન્ન; તું કોણ ? પૂછે ભૂપતિ પ્રતિ, મરણથી કો નવિ બીહે રતી ॥૮૪॥ દીસે શત્રુશિરોમણી સંત, અંગે ઉત્તમ લક્ષણવંત; યક્ષ સદા તે કરે અનર્થ, તેહ પ્રતિં ભણે રાય સમર્થ. ॥૮૫॥ જે કારણે તુમે આવ્યા આજ, નિશ્ચિંતપણે કરો આતમ કાજ; ઇતિ વચન વિક્રમ જબ વદે, કરૂણા ઉપની રાક્ષસ હદે ॥૮૬॥ નૃપવચનામૃત કીધો પોષ, નિશાચર પામ્યો સંતોષ; માંગ વર હું તૂઠો આજ, વિમાસી વિક્રમ ભણે કાજ. ॥૮૭॥ જીવતણો વધ તુમે મ મ

કરો, ઉગ્ર પાપથકી ઓસરો; જીવઘાત થકી જીવ દુઃખ લહે, વેદ પુરાણ શાસ્ત્ર ઇમ કહે. ॥૮૮॥ જેતલા રોમ જીવ અંગે હોય, તેતલી વાર નરગે પહોંચે સોય; રાક્ષસ વાચ દેઇ કરિં આપ, આજ પછી હું ન કરૂં એ પાપ ॥૮૯॥ ઈમ કહી રાક્ષસ થાનક જાય, રત્નપુરી મહામહોત્સવ થાય; વિક્રમે કીધો બહુ ઉપગાર, લોક સકલ જંપે જયકાર ॥૯૦॥ ઉજ્જેણીએ પહોંતો વિક્રમ, રાક્ષસ વાર્યો કરતો અધર્મ; વિક્રમ સરીખો રાજા હોય જેહ, એણે સિંહાસને બેસે તેહ ॥૯૧॥ અગ્યારમી પૂતલી કહે વાચ, સાંભલો ભોજ કથા કહી સાચ; પૂરણ કથા અગ્યારમી એહ, સદય હૃદય હોય સાંભલે તેહ ॥૯૨॥ કવિયણ સિંહતણી૦

इति सिंहासन बत्रीशीनी एकादशमी पूतली कथा ॥११॥

## ॥ ચોપાઇ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસને જબ પરઠે પાય; તવ બોલી બારમી પૂતલી, સાંભલો ભોજ! કથા નિરમલી ॥૯૩॥ સ્વર્ગપુરી સરિખી ઉજ્જેણી, વિક્રમ રાજ્ય કરે પુહવી તેણી; ભદ્રકશેઠ ધનપતિ તિહાં વસે, દાન દયા ઉપરિ ઉલ્હસે ॥૯૪॥ જસ ઘરે ઋદ્ધિ તણો નહિ પાર, લોકમાંહિ વળી ખરો વ્યવહાર; પુરંદર તસ પુત્ર સુજાણ, વિનયવંત મુખે અમૃતવાણ ॥૯૫॥ પુરંદર કેરા માયતાય, કર્મયોગે દિવંગત

થાય; કુમર ચંચલપણું બહુ કરે, આશંકા કેહની નવિ ધરે. ॥૯૬॥ તાતતણું ધન કુવ્યસને ગમે, અહનિશ ઇચ્છારમતે રમે; મનગમતા કરે ભોગ વિલાસ; કેડિં ધનની ન કરે આશ. ॥૯૭॥ કુંમરે સવિ છાંડયો વ્યાપાર, રાખી નવિ જાણ્યો ઘરભાર; ઉદ્યમપણાનો નહી લવલેશ, કહેનો નવિ માને ઉપદેશ. ॥૯૮॥ તાતે કમાયું ધન જેહ, ભોલપણે ધન ખોયું તેહ; જો આયપદનો વરો પ્રમાણ, ઇમ કહીજે જગે મોટાં મંડાણ. ॥૯૯॥ ખાતાં કૂઆં ઠાલા થાય, ઘર છંડી પરદેશોં જાય; થોડી થાડી [1]અમોરે કરે, તો સાત પેઢી ધન વાવરે. ॥૭૦૦॥ જે આપછંદે હીંડે નરા, તે ઘણું દુઃખીયાં હોવે ખરા; કુમર પુરંદર હતો સુજાણ, અકલ વિહૂણો થયો અજાણ. ॥૧॥ ધન ગયું નિજ તાતહ સાથ, ઘરમાં આવી સબલ અનાથ; સાજન લોક ન માને કોઈ, કર્મતણાં કૌતુક બહુ જોય. ॥૨॥

॥ અર્થ કુંડલીયા ॥

કર્મ સબલ બલવંત જગિ, તેહસ્યુ પ્રાણ ન થાય;
કુણ કુણ કર્મે રોલવ્યા, મહીયલ મોટા રાય. ॥૩॥
મહીયલ મોટા રાય-રંકતણી પરે રોલ્યા,
જે હુંતા બલવંત-નિજભુજ પર્વત તોળ્યા;
બલિ રાવણ હરિચંદ-મુંજ જુઓ ભિક્ષા માંગી,
વિણ ભોગવે ન છૂટીયાં કર્મ સબલ બલવંત જગિ. ॥૪॥

૧. ખર્ચ

ધન કારણ સહુકો સગું, તુજ કારણે મ મ જાણ;
સ્વારથ વિણ સંસારમાં, કો કોઈનો નહિં ત્રાંણ. ॥૫॥

કો કોઈનો નહિ ત્રાણ,-ધન વિણ સગો અસગ્ગો,
ધન વિણ હોઈ અજાણ-જાણજો ધને નવિ લગ્ગો;
ધનને દેઈ બહુમાન-ધનવિણ હોએ મનભગ્ગો,
કહે સિંહ સમર્થ [1]ગર્થ-ધન કારણ સહુકો સગો. ॥૬॥

## ॥ ચોપાઈ ॥

લોક દીઠો અપમાન, કુમર હૃદયે આવી સાન; હવે ઈંહા રહેવું જુગતું નહિ, અન્યદેશમાં જાવું સહી. ॥૭॥ ઉત્તમ અપમાન્યો નવિ રહે, નીતિશાસ્ત્ર પણ એહવું કહે; જીવન ચેત કાંઇ હજી, વિણઠી ધરતી દેવે ત્યજી. ॥૮॥

### ॥ દોહા ॥

માણ જીવિઅ માણ ધણ, સુપુરિસ જીવીઅ માણ;
માણવિવજિજઅ જો જીવે, સો નર [2]સુણહ સમાણ. ॥૯॥

સિંહ સીંચાણો સાપુરીસ, એ ત્રિહું એક સહાઓ;
જો વયણે અપમાનીએ, તો દેશાંતર જાઓ. ॥૧૦॥

બગલા કુપુરીસ લૂંડીઆ, એ ત્રિહું ઈકક સહાવ;
જો ઠેરી કાઢીઇં, તોહિજ તિણેં ઘરિ જાય. ॥૧૧॥

गाह-दिट्ठाणि विविहचरियाइं ज्ञाणिज्जइ सज्जणदुज्जणविसेसो।
अप्याणं च किलिज्जई, हिंडीज्जइ तेण पुहवीहिं ॥१२॥

---

૧. ધન ૨. શ્વાન

## ।। ચોપાઈ ।।

કુમર ઉઠી પરદેશે ગયો, ચાલંતો કુણે નવિ લહ્યો; કુમર અપૂરવ નીરખે વાત, મલયાચલપર્વત વિખ્યાત. ।।૧૩।। ચંદનતરૂ તસ શીતલ વાય, કુટ વૃક્ષ તે ચંદન થાય; પર્વત ગોઢિં અછે એક પુરી, નરવંતી નામે ધનપુરી, ।।૧૪।। ગઢ મઢ મંદિર પોલી પાગાર, નયરનાં મંડાણ અપાર; પુરંદર તિહાં વાસો વસી, માઝિમ રયણી જાગ્યો તિસિં. ।।૧૫।। અબલા રૂદન કરતી સુણી, કરૂણા ઉપની હીયડે ઘણી; રોવે વિલપે અતિ દુઃખ ધરે, હીનવચન વદે કરૂણા સ્વરે. ।।૧૬।। કો મુજ છોડાવો વડવીર, દુઃખ સાગરથી કાઢો તીર; વાર વાર ઇમ મુખે વલવલે, નયરલોક પરગટ સાંભલે. ।।૧૭।। પુરંદર પૂછે પરભાત, નયરલોક પ્રતિં તસ વાત; દુઃખભર રૂદન કરે કામિની. મેં નિસુણી ભર મધ્યયામિની. ।।૧૮।। અબલાતણી કો ન કરે સાર, તુમ્હ પુરીનો વિરૂઓ આચાર; નિસુણી પરદેશી અવદાત, સ્રીતણી અછે વિસમી ઘાત (વાત). ।।૧૯।। એણે પુરે નિવસે એક બ્રાહ્મણી, કર્મવશે રાક્ષસ કામણી; રયણી પડે તસ મારે ઘણું, દુઃખ ન ભાંજે કોઇ તસતણું. ।।૨૦।। રાત્રે બહુ પાડે બુંબડી, રતિ નવિ પામે સા અધઘડી; નહિ કોઈ જનની જાયો વીર, અબલા દુઃખ છોડાવે ધીર. ।।૨૧।। સ્રી દુઃખ ભંજે જે ભુજબલિં, તેહનો યશ વાધે ભૂતલિં; પુરંદર સુણી ચિંતે તામ, વિક્રમ નૃપથી હોશે કામ. ।।૨૨।। તિહાં

થકી સો પાછો વળી, ઉજ્જેણી વિક્રમને મલી; પંથતણો સવિ કારણ કહ્યો, ભૂપ વિશેષેં નિજ મન લહ્યો. ॥૨૩॥ વિલંબન કરવો હવે લગાર, અબલાતણી શિઘ્ર કરેવી સાર; શેઠસુત પ્રતિં તેડી કરી, આવે જિહાં નરવંતી પુરી. ॥૨૪॥ પ્રહર એક રજની જબ ગઈ, આવે નૃપ તે ઘરેં સજ્જ થઇ; રાક્ષસ પણ આવ્યો તેણીવાર, મૂકે અબલા અંગે પ્રહાર. ॥૨૫॥ વિક્રમનૃપ તે નવિ સાંસહે, પ્રગટ શબ્દ રાક્ષસને કહે; રે પાપી ! સ્ત્રી પ્રતિં કાંઈ હણે ?, સહી આય ખૂટયો હવેં તુઝ તણો. ॥૨૬॥ કીધું પાપ અજ્ઞાની પણેં, તે ફલ ભોગવ વિક્રમ ભણે; વિક્રમ ભણે આવી યુદ્ધ કરીજે દોય, મુઝતણું વળી પરાક્રમ જોય. ॥૨૭॥ ભૂપતિની જબ નિસુણી વાણ, રાક્ષસ આવ્યો ગ્રહી કૃપાણ; ભુજગપરેં ક્રોધેં ધડહડયો, વિક્રમ સાથે ગાઢો અડયો. ॥૨૮॥ કરે ખડગો ખડગ પ્રહાર, જાણે વીજતણો ઝબકાર; રાક્ષસ જાણે એહને હણું, વિક્રમ નૃપનું પુણ્ય છે ઘણું. ॥૨૯॥ જેહનેં પુણ્ય સખાયત હોય, વાલ વાંકો તસ ન કરે કોય; સબલા બે જૂંઝે જૂંઝાર, પરસ્પર મૂકે હથીઆર. ॥૩૦॥ જેહને આગીઓ સાંનિધ્ય કરે, તે નૃપ કિમ રાક્ષસથી મરે ?; લઘુલાઘવી કળાનો જાણ, બાહુતણો સબલ પણે પરાણ. ॥૩૧॥ નિશાચર જબ નૃપશું અડયો, હણ્યો ખડ્ગે કરી ભૂતલે પડયો; ફુલતણી દેવે કીધી વૃષ્ટિ, બ્રાહ્મણીનું ભલું ટાળ્યું કષ્ટ. ॥૩૨॥ ભૂપતણાં સ્ત્રી પ્રણમી પાય, પરઉપગારી તું મહારાય; તુમવિણ એ કોણ કરત કાજ ?, મ્હારૂં દુઃખ તુમ્હે

ટાળ્યું આજ. ॥૩૩॥ એ પૂર્વે હતો માહરો ધણી, અશાતા મુજ દેતો ઘણી; પાપીની હું નવિ માનતી, મુજ ઉપર દ્વેષ ધરતો અતિ. ॥૩૪॥ તેહ મરીને રાક્ષસ થયો, પૂર્વભવ નિજ જ્ઞાને લહ્યો; પાછલાં વયરતણે કારણે, રાત્રે આવી મુજને હણે. ॥૩૫॥ પ્રભુ! તમે આવ્યા મુજ માહરે કામ, દોય કર જોડી વિનવું સ્વામ; નવ કલશા સોનઇયાં ભર્યાં, અગોચર ધરતીમાંહિ ધર્યાં. ॥૩૬॥ માહરે કોઈ નથી સંતાન તુમે લીઓ દીઓ મુઝને માન; અવધારો વિનતિ મહારાય, તો મુજને સુખશાત થાય. ॥૩૭॥ વિક્રમ કહે તું સાંભલ ઇસ્થી, એ દ્રવ્યનો માહરે ખપ નથી; પુરંદર મુઝ મિત્ર છે એહ, આપ ધન છે એહને જેહ. ॥૩૮॥ નૃપે કહ્યું તિમ કીધું તાસ, પુરંદર મન પૂગી આશ; વિક્રમે કીધો દારિદ્ર છેહ, મહાધનવંત હવો વળી તેહ. ॥૩૯॥

॥ દોહા ॥

ગયગંડા કુચ કાપુરીસ, એકીં પયડિ પડંતિ;
સીંહ સીંચાણા સાપુરિસ, પડી પડી પુણુ ઉઠંતિ. ॥૪૦॥

## ॥ ચોપાઈ ॥

ઉજ્જેણી પહોતો મંડાણ, વિક્રમરાજ ખરો સુજાણ; એહવો ઉદારીજ હોય જેહ, એણે સિંહાસન બેસે તેહ. ॥૪૧॥ બારમી પૂતલી બોલે વાત, સાંભલ તું ભોજ ભૂપ વિખ્યાત; કથા બહુયુગતિ કહી, સાંભલતાં દુઃખ નાસે સહી. ॥૪૨॥ કવિયણ સિંહ તણી૦ इति सिंहासनबत्रीशीनी बारमी पूतली कथा. ॥४२॥

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસને જબ પરઠે પાય; તવ બોલી તેરમી પૂતલી, સાંભલો ભોજ કથા નિરમલી. ॥૪૩॥ માલવદેશ અવંતીપુરી, જાણે ઈન્દ્રપુરી અવતરી; તિહાં રાજા વિક્રમ નરેશ, પુણ્યે પામી સયલ જગીશ. ॥૪૪॥ અન્ય દિવસ વિક્રમ-મહાભૂપ, નીરખે પુહવીદેશ સ્વરૂપ; શ્રીપુરી પહોતો ફરતો વીર, તિહાં નદીપુર વહે બીહું તીર. ॥૪૫॥ નદીતણે તટે છે પ્રાસાદ, ઉંચો ગગનશું માંડે વાદ; દેઉલમધ્યે બુદ્ધ મિલીયા ઘણા, વાંચે બોલ સવિ આપણા. ॥૪૬॥ શાસ્ત્રતણી કરે કૂડિ ગોઠિ, અર્થ પૂછતાં ધ્રુજે હોઠિ; નિજ નિજ ચાતુરી દાખે ઘણી, આવ્યો તિહાં વિક્રમ ભૂધણી. ॥૪૭॥ જલ્પે મિથ્યા શાસ્ત્રવિરૂદ્ધ, વિપરીત અર્થ પ્રરૂપે અશુદ્ધ; નૃપતિ સુણીને ધૂણે સીસ, અહો પંડિત! મત કરજો રીસ. ॥૪૮॥ આગમ અર્થ અનુસારે કરી, બોલે તેહની વાચા ખરી; જે અર્થ [1]મોડી કરે પક્ષપાત, કોણ સ્વીકારે તેહની વાત? ॥૪૯॥ આપમતિ કરી કેલવી કલા, મનતણાં નવિ તજે આંમલા; આગમ અર્થ પ્રરૂપે [2]અલિ, તસ મિથ્યામત કહીએ વલી. ॥૫૦॥ પરનિંદા આતમ સ્તુતિ કરે, મન અભિમાન પણું બહુ ધરે; ક્રોધ લોભથી નવિ ઓસરે, પાપો પોતું પોતે ભરે. ॥૫૧॥ જેહ વચન પરદુહવણ હુએ, તે કવિ વચન કિમે નવિ કવે; જીવહિંસા કરે હુઈ તે પ્રકાર,

---

૧ મરડી. ૨ ખોટા.

તે પંડિત નવિ કરેં ઉચ્ચાર. ॥૫૨॥ गाथा । जेण परो दुमिज्जइ, पाणिवहो होइ जेण भासाए । अप्पा पडइ किलेसे, गीअत्था ते न वुच्चंति. ॥૫૩॥ આગમ વેદ પુરાણુની સાખ, વિઘટે તે ન વદે મુખ ભાષ; ધર્મતણો મનેં ધરે અભિલાષ, પ્રસરેં પુણ્ય સબલ શતશાખ. ॥૫૪॥ આગમ અર્થ પરંપરતણો, પંડિત સુમતિ વિચારી ભણો; શાસ્ત્ર સકલની મલેં એક વાત, તેહ સુણુંતા શત ભેદે ઘાત. ॥૫૫॥ જે મહાપુરુષોત્તમ નીરાગ, તેહના વચન ઉપર ધરો રાગ; એહવો અર્થ જબ વિક્રમે ભણ્યો એકમના સહુ બુધ જન સુણ્યો. ॥૫૬॥ વિસ્મય પામ્યા કરે પ્રશંસ, એ દીસે પરમેસર અંસ; એહની તીક્ષ્ણ છે બુદ્ધિ ખરી, એહને મુખે સરસતી અવતરી. ॥૫૭॥ એહવેં નર એક નદીજલપૂર, તણાંણો વિલપેં ભૂર; જગમાં છે કો કરૂણાવંત, કષ્ટ થકી મુજ કાઢો સંત. ॥૫૮॥ સહુકો ધાયું જોવા તાસ, સાહમું જોઈ કરી રહ્યા વિમાસ; જલમાં થિકો કરે બહુ રીવ, કાઢતાં કેહનો ન ચાલે જીવ. ॥૫૯॥ એહવો નહિ કો મહાબલવંત, જલ બૂડંતો નર કાઢંત; વિરલા જનની પુત્ર જણંત, પરકજ્જ કરવા નરી, વિરલા પરદુઃખે હોઇ કાયરા; વિરલા જે પરનેં ઉપગાર કરંત. ॥૬૦॥ વિરલા પરગુણ ગ્રહી તત્પરા, વિરલા મિત્રશું ચાલે ખરા. ॥૬૧॥ વિરલા પર દુઃખેં દુઃખીયા જેહ, વિરલા પાળે નિશ્ચલ નેહ; વિરલા નર ઉત્તમ ગુણવંત, પાલેં પ્રીતિ વિરલા ધૂરિ અંતે. ॥૬૨॥ વિક્રમ જલમધ્યે પેઠો ધસી, નર કાઢવા દયા મનેં વસી; નદપૂર થકી કાઢયો માનવી, તેણે નૃપપ્રતિ વાત વિનતિ. ॥૬૩॥

તેં સાચો ઉપગાર મુજને કર્યો, કષ્ટ થકી મુજને ઉદ્ધર્યો; નૃપકરે ઔષધિ આપે એક, મહિમા તાસ પ્રકાશે છેક. ॥૬૪॥ એહથી ધન સંપદ મીલે ભોગ, એહથી લહીએ સર્વસંયોગ; તું જગમાં પર ઉપગારી દીઠ, મેં તુજ આપી વસ્તુ વિશિષ્ઠ. ॥૬૫॥ વિક્રમ વસ્તુ ગ્રહી જબ ચલે, પંથે એક દારિદ્રી મળે; નૃપપ્રતિં યાચ્યું યુગતે યદા, અમૂલક ઔષધી આપી તદા. ॥૬૬॥ તેરમી પૂતલી કહે સુણ ભોજ !, વિક્રમ દાન તણો એ મોજ; એહવો દાનેશ્વર હોયે જેહ, એણે સિંહાસને બેસે તેહ. ॥૬૭॥ વિક્રમની ગીરૂઇ છે વાત, ધર્મેં ભેદી સાતે ધાત; કથા તેરમી પુરણ હવી, વિક્રમ ગુણવર્ણન કરે કવિ. ॥૬૮॥ કવિયણ સિંહ-તણી० इति सिंहासन बत्रीशीनी तेरमी पूतली कथा. ॥६९॥

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહુરત લીધું રાય, સિંહાસને જબ ધરહેં પાય; તવ બોલી ચૌદમી પૂતલી, સાંભલો ભોજ ! કથા નિરમલી ॥૬૯॥ ઉજ્જેણી નયરી અવનીતલે વડી, નહી કો નયરી એહ જેવડી; રાજ્ય કરે વિક્રમ રાજાન, નહિ કો એહ સરીખો સાજન. ॥૭૦॥ એક દિન નરપતિ ચિંતે વાત, પેખું કામરૂ દેશ વિખ્યાત; તિહાં કામાખ્યાદેવી વાસ, જે તૂઠી આપે સુખવાસ. ॥૭૧॥ જેહની જગમાં સબલી ગતિ, દિન દિન દોલત અધિકી યૂગતિ; સુર નર-પતિ કરે જેહની ભગતિ, ભગવતી શુભમતિ રૂડી પ્રગટી. ॥૭૨॥ સમભાવ જેહનો મંત્ર જાપ, સમરી

પ્રગટ રૂપ કરે આપ; સેવક ઉપરે ધરે શુભ દૃષ્ટિ, વંછિત આપે ટાળે કષ્ટ. ॥૭૩॥ વિક્રમ પહોંચે તેણે દેશ, પેખે કૌતુક વિવિધ વિશેષ; નદતીરે એક વડો પ્રાસાદ, નૃપ પેખી પામ્યો ઉલ્લાસ. ॥૭૪॥ સિદ્ધ પુરુષ તિહા બેઠો એક, નૃપ પ્રણમે તસ ધરી વિવેક; સિદ્ધપુરુષ કહે અહો વિક્રમ! ઈણે થાનકે તુમ્હે આવ્ય કેમ?. ॥૭૫॥ નૃપ નિસુણી ચિત્ત ચમકયો તામ, કેમ લહ્યું એણે મુઝ નામ?; સિદ્ધ પ્રતિં પૂછે નરપતિ, મુજને કેમ ઓલખ્યો શુભ મતિ?. ॥૭૬॥ સિદ્ધ ભણે ઉજ્જેણીપુરી, હું આવ્યો બહુ તીરથ કરી; તિહાં મેં તુમ્હ પાયો દેદાર, છાનો ન રહે જે દાતાર. ॥૭૭॥ શ્લોકઃ યોજને શ્રૂયતે ભેરી, મેઘા દ્વાદશયોજનઃ। દાતારો દાનશબ્દેન, શ્રૂયતે સચરાચરૈઃ ॥૭૮॥ સૂનું રાજ્ય કાં મેલ્હે તત્ર?, એકાકી કિમ આવ્યા અત્ર?; ઇમ કરતાં કેડે રાજ્ય ગમાય, ક્ષણમાં ઘડી અઘડી દુબલી થાય. ॥૭૯॥ રાજચિંતા હુઈ દેહ દૂબલો, વયરીતણું બંધન એકલો; અવિશ્વાસી રાજહ ધણી, મેં પૂછયું તેહ કારણ ભણી. ॥૮૦॥ નૃપ કહે નિસુણો મહાયોગીન્દ્ર, જો મીલે ઇન્દ્ર ચન્દ્ર નાગેન્દ્ર; અવશ્યભાવી ન મીટે કીણેં, સુખ દુઃખ હાનિ લહીઉં વૃદ્ધિ જિણેં. ॥૮૧॥ ધર્મે જય પાપે ક્ષય થાય, એહવી શાસ્ત્રે વાત કહેવાય; પુણ્યતણા ફલ મીઠાં જોય, પાપતણાં ફલ કડૂઆં હોય. ॥૮૨॥ પુણ્યે રાજ્ય ઋદ્ધિ થિર થાય, પાપે રાજ્ય પ્રલયંગત જાય; વિક્રમ યોગી પ્રતિં કહે ખરૂં, જો પોતેં હોઇ પુણ્ય પાધરૂં. ॥૮૩॥

॥ કુંડલીયા ॥

પુણ્યતણે સુપસાઉલે, એક નર રાજ્ય કરંત;
પુણ્યવિહૂણા માનવી, પર ઘરે પેટ ભરંત. ॥૮૩॥
પરઘરે પેટ ભરંત પૂર્વભવે પુણ્ય ન કીધાં;
છતે યોગે મનભાવે-પાત્રે પણ દાન ન દીધાં;
કહે સિંહ સુણો સયણ પુણ્યકરણી પ્રત્યક્ષ ફળે,
લહે મનવાંછિત ભોગ પુણ્યતણે સુપસાઉલે. ॥૮૪॥

## ॥ ચોપાઈ ॥

આપદ થાનક સંપદ મીલે, પુણ્યતણી ગતિ કો નવિ કલે; જયશેખર રાજાની પરે, તેહને પુણ્ય સખાયત કરે. ॥૮૫॥ પંચયક્ષે મળી આપ્યું રાજ્ય, પુણ્ય પ્રસાદે સીધ્યાં કાજ; રાજ્ય છંડાવ્યું ગોત્રી મળી, પામ્યો રાજ્ય જયશેખર વળી. ॥૮૬॥ પદ્મખંડપુરથી નીકલે, સ્ત્રીસહિત પંથે પાળો પલે; દેશ તજી પરદેશે જાય, મનમાં ઝુરે જયશેખર રાય. ॥૮૭॥ નૃપરાણી પ્રતે કરે વિચાર, દુઃખ મ ધરજો ચિત્ત લગાર; નવિ દીસે અત્ર કેહેને વાંક, કર્મ ન છૂટે રાય ને રાંક. ॥૮૮॥

॥ દોહા ॥

પાંચે પાંડવ અતૂલબલી, ત્રિભુવનને નહિ માન;
કર્મે તે પણ રોલવ્યા, રલતા દીસે રાન. ॥૮૯॥
કીધાં કર્મ ન છૂટીએ, જેહનો વિસમો ફંદ;
નીચઘરે કિંકરપણે, નીર વહે હરિચંદ. ॥૯૦॥
કીધાં કર્મ ન છૂટીએ, જેહના વિસમા કામ;
વનચર પરે વનમાં ભમે, દશરથનંદન રામ. ॥૯૧॥

કીધાં કર્મ ન છૂટીએ, જેહનો વિસમો બંધ;
બ્રહ્મદત્ત નર વૈં હુઓ, સોલ વરસલગે અંધ. ॥૯૨॥

## ॥ ચોપાઇ ॥

રાય રાણી મને ધીરજ ધરી, અનુક્રમે પહોત્યા કાંતિપુરી; તિહાં એક તરૂ વડ શીતલછાય, પ્રિયા સહિત વાસો વસે રાય. ॥૯૩॥ થાકયો નરપતિ પોઢયો જામ, મજ્ઝિમરયણી જાગ્યો તામ; યક્ષ પંચ વડ ઉપર વસે, બેઠાં વાત કરે છે તિસ્યેં. ॥૯૪॥ અતિચિંતાતુર છે રાજાન, પોઢયો વાત સુણે છે કાન; યક્ષે દીધો જ્ઞાન ઉપયોગ, પૂર્વભવનો મીલ્યો સંયોગ. ॥૯૫॥ વૃક્ષ હેઠે છે જે નરરત્ન આપણે એહનું કીજે યત્ન; પૂર્વભવે આપણને એણે, મચ્છાભવે દુઃખ ટાળ્યું જેણે. ॥૯૬॥ તેના ઓસિંકલ થઇએ આજ, આપણે એહને દીજે રાજ; કાંતિનયતણો જે ધણી, અંગે આબાધા છે તસ ઘણી. ॥૯૭॥ મુત્યુ લહેશે તે પરભાત, પંચ યક્ષ મળી કહે ઇમ વાત; એ નર ઉપર ઉપજે રાગ, એ અવસર દીસે છે લાગ. ॥૯૮॥ પામ્યો મરણ સો રાજાન, કેડેં નહિ કો તસ સંતાન; મંત્રી પંચ દિવ્ય કરી સજ્જ, અવસરજાણ કરણ સવિ કજ્જ. ॥૯૯॥ હાથણી ફરતી આવી તિહાં, જયશેખર નૃપ બેઠો છે જિહાં; ઢાળ્યો કલશ નૃપશિર ઉપરે, બંદીજન જય જય ઉચ્ચરે. ॥૮૦૦॥ સવિહું મલી થાપ્યો રાજાન, વાગ્યાં મંગલ તૂર નિશાન; પામ્યો રાજ્ય નિજ પુણ્ય પ્રસાદ, વાધ્યો સઘલેં બહુ યશવાદ. ॥૧॥ પાલે રાજ્ય નિષ્કંટકપણે, સુખ

ઉપજાવે પરજાતણે; બેઠો રાજ્ય જબ કાંતિપુરી, દેશવિદેશેં વાત વિસ્તરી. ॥૨॥ અન્ય ભૂપ સિમાડાજીકે, નૃપ ઉપર મત્સર ધરે તિકે; એ કિમ આપણું ભોગવે રાજ?, એણીવાતેં આપણને છે લાજ. ॥૩॥ એહ બોલ કરીજે ખરો, એહને દૂર નિષ્કાસન કરો; માંહોમાંહે એમ કર્યો વિચાર, રાજકાજ મેલાં નિરધાર. ॥૪॥ આવી ચિહુંદિશિં વીંટયું નયર, દોષી દુર્જન પોષેં વયર; રાયરાણી એહ વાત જ સુણે, રાણી બ્હીંતી નૃપ પ્રતિં ભણે. ॥૫॥ હવે અવસ્થા હોશેં કીશી? પુરવલી બ્હીક મુજ મન વશી; રાજા કહે તું દુઃખ નિવાર, સમરથ ઠાકુરને સંભાર. ॥૬॥ જે વિશ્વંભર જગદાધાર, તેજપૂંજ જસ જ્ઞાન અપાર; ઉદરથકી જેણેં કીધી સાર, સોય ચિંતા કરશે કિરતાર. ॥૭॥

॥ દોહા ॥

ચિંતા ચિત્તમ ચિંતવે, ચિંત્યું કિમપિ ન હોય;
જેણે તુજ રાજ્ય સમપ્પીયું, ચિંતા કરશે સોય. ॥૮॥
જિણે પયોધર પયભર્યાં, ઉદર ધર્યાં દશમાસં;
ચિંતા તે પરમેસરા, પ્રિયે! મ છોડીશ આશ. ॥૯॥

## ॥ ચોપાઈ ॥

જિણેં દીધી છે સવિ સંપદા, તેહ ટાલશે એ આપદા, રાજ્ય આપ્યું છે જેણેં જક્ષ, સમરતાં સોય હુઆ પ્રત્યક્ષ. ॥૧૦॥

॥ દોહા ॥

પંચયક્ષ પ્રત્યક્ષ થઈ, રાય પ્રતિ ભણંત;
દુઃખ મ આણીશ કિંપી તું, ભોગવ રાજ્ય નિશ્ચિંત. ॥૧૧॥
જે ભીંતે ચિત્રામ છે, અમૃત તસ છાંટંત;
સૈન્ય સજ્જ સઘલું થયું, શત્રુપરિ ધાવંત. ॥૧૨॥
ભાગ્યા દૂર પલાઇયા, જિમ જંબૂક સિંહનાદ;
ભય ભાંગ્યો ભૂપતિતણો, પંચયક્ષ પ્રસાદ. ॥૧૩॥
વૈરી સબલા વશકર્યા, ટાળ્યાં તસ ઉન્માદ;
જયશ્રી વરી જયશેખરે, પામ્યો અતિ આલ્હાદ. ॥૧૪॥
પુણ્યે સુર સાંનિધ્ય કરે, પુણ્ય વડું સંસાર;
પુણ્યે પરઋદ્ધિ ભોગવે, પુણ્યે જય જયકાર. ॥૧૫॥

## ॥ ચોપાઇ ॥

પુણ્ય પ્રસાદેં પાળી રાજ્ય, પંચ યક્ષ નિત્ય સારે કાજ; જક્ષ ભણે નિજ જ્ઞાન પ્રમાણ, નિસુણો રાજા ચતુર સુજાણ. ॥૧૬॥ જેહવું વાંછે તેહવું ફળે, રૂડું કરતાં રૂડું મળે; પૂર્વભવ તુજ સાંભલ રાય, હૂઓ કુંભાર કૃત કર્મ પસાય. ॥૧૭॥ એકદા પુર બાહિર ગયો જિશ્યેં. છિલ્લર [1]પયમાંહિ પેઠો તિશ્યે; મચ્છ પંચ ટળવળતા દીઠ, દયા ઉપની તાસ વિશિષ્ટ. ॥૧૮॥ મચ્છ લેઈ બહુ જલમાં ધરે, પ્રજાપતિ બહુ ઉપગાર કરે; મચ્છ ચવીનેં પંચયક્ષ થયા, જિણેં કુંભારે પાળી દયા. ॥૧૯॥ તેહ ચયવી જયશેખર હવો, પુણ્ય તણો મહિમા અભિનવો; યક્ષે

૧ પાણી.

તરૂતલે દીઠો રાય, રાજ્ય દેઈ ઓસીકલ થાય. ॥૨૦॥ પુણ્ય પ્રભાવી કથા નૃપે ભણી, સિદ્ધપુરુષ રીઝયો બહુગુણી; રતન ચિંતામણિ દીધું તેણે, વિક્રમ લઇ આવે ઉજ્જેણી. ॥૨૧॥ દારિદ્રી એક પંથ મઝાર, દીનવચન મુખેં વદે અપાર; નૃપ પ્રતિં યાચે સન્મુખ રહી, ચિંતામણી તસ આપ્યું સહી. ॥૨૨॥ વિક્રમ સરીખો દાની જેહ, એણે સિંહાસને બેસે તેહ; ભોજ ભૂપ સુણે વિક્રમ ખ્યાત, ચોદમી પૂતલી કેરી વાત. ॥૨૩॥ કવિયણ સિંહ તણી૦ ॥ **इति सिंहासन-बत्रीशीनी चौदमी पूतली कथा ॥१४॥**

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસને જબ પરઠેં પાય; તવ બોલી પંચદશમી પૂતલી, સાંભલ ભોજ કથા નિરમલી. ॥૨૪॥ ઉજ્જેણી સવિ નયર શૃંગાર, લોક સુખી સબલા દાતાર; વિક્રમ નરપતિ રાજ્ય કરંત, ન્યાયવંત પ્રજા પાલંત. ॥૨૫॥ સુમિત્ર બ્રાહ્મણ પંડિત તત્ર, વસે નૃપ વિક્રમનો તત્ર; અતિ-ચાતુરી સકલ ગુણગેહ, રૂપેં મન્મથ આગો દેહ. ॥૨૬॥ ચારૂ વિચક્ષણ અતિગંભીર; કલાકૌશલ સાહસ ધીર; એલાવત મહાતીરથ ભણી, સુમિત્ર પહોંચ્યો યાત્રા ભણી. ॥૨૭॥ તીરથ પેખે પંથ અનેક, પ્રણમેં આણી હૃદય વિવેક; વળી નિરખે પંથે જિન પ્રાસાદ; આદીશ્વર મહાદેવ યુગાદિ. ॥૨૮॥ ભાગવત પંચમ-સ્કંધમઝાર, પ્રકાશ્યો જસ મહિમા અપાર; ભાવ ઘણો મન માંહે જાસ, પૂજા કરે મનનેં ઉલ્હાસ. ॥૨૯॥

વળી જગદાનંદ દાયક તણી, ભાવે ભગતિ સો સ્તુતિ કરે ઘણી; તિહાંથી ચાલે ચતુર ચોસાલ, આગલ નિરખે નયર વિશાલ. ॥૩૦॥ એલાવતી તીરથ પરસિદ્ધ, 'નયનીરે અંગ પાવન કીધ; જાગરૂક ચૌસટ્ઠી યોગિની, ભલો ભોગ ભરપૂર ભોગિની. ॥૩૧॥ મનોહર તસ પ્રાસાદ ઉદાર, નીરખે માંડણી વિવિધ પ્રકાર; જગમાં મોટું અતિવડું પીઠ, તિહાં એક કૌતુક નયણે દીઠ. ॥૩૨॥ કડાહ તેલભરી ઉકલે, અનેક નર તસ જોવા મલે; સાત પુરુષ બેઠા આસન્ન, સુમિત્ર તેહને કહે વચન્ન. ॥૩૩॥ કડાહતણું કહો કારણ કિશું, અચરિજ મુઝ હિયડે બહુ વસ્યું, અહો પંથી ! સુણ એહનો વિચાર, એણે નયરે વસે દેવકુમાર. ॥૩૪॥ નામે મદન સંજીવની, એહ રચના કીધી તેહની; દેવી રાજ્ય કરે તે એણે પુરી, તેણે પ્રતિજ્ઞા એહ મનમાં ધરી. ॥૩૫॥ સબલ સાહસવંતનો ધણી, કલા દેખાડે જે આપણી; કડાહ મધ્યે ઝંપાવે જેહ, કુંવરી નર પરણું તેહ. ॥૩૬॥ રાજા થાપું નયરી તણો, કુવરીને મને મનોરથ ઘણો; એહવો હીયડો કો કઠીન અપાર, માંડયો નિરખે સયલ સંસાર. ॥૩૭॥ અનેક માનવી કરે ઉપાય, આવી અત્ર અવલોકી જાય; નર સહુ વાંછા કરે તેહની, કિણથી પ્રતિજ્ઞા નવિ નીપની. ॥૩૮॥ સુમિત્ર સુણી બહુ અચરિજ ભયો, થોડે દિને ઉજ્જેણી ગયો; જે જિમ વાત અછે તિમ કહી, વિક્રમે વાત સકલ મન લહી. ॥૩૯॥ મેં તિહાં જાવું જોવા ભણી, પૂરવી પ્રતિજ્ઞા

૧. નદીપાણી

કુંવરીતણી; સુમિત્ર તેડી સાહસધીર, આવે એલાવચ-નયરી તીર. ॥૪૦॥ નીરખ્યા યોગિનીના પ્રાસાદ, નીરખી કુંવરી તણો સંવાદ; નીરખૈ કડાહ તેલશું ભરી, અગનિ પ્રજલતી હેઠલી ધરી. ॥૪૧॥ અગનિ-યોગે બહુ તેલ કલકલે, તાસ ઉપરે ફીણોટા વલે; વિક્રમ ધીરજ ધરી અપાર, ઝંપાવ્યું તેલકડાહ મઝાર. ॥૪૨॥ હાહાકાર કરે સહુ લોગ, દેવીએ એ શ્યો માંડયો ઉપયોગ ?; કુંવરીએ જાણ્યું સત્વસ્વરૂપ કડાહમધ્યથકી કાઢયો ભૂપ. ॥૪૩॥ માંસપિંડ હવું ભૂપ શરીર, દેવી વદે અહો સાહસધીર !; છાંટયું અમૃત અંગે જાસ, સોવનવન હુઈ કાયા તાસ. ॥૪૪॥ કુસુમતણી ઠવિં કંઠેમાલ, તવ વલતું પભણે ભૂપાલ, સુમિત્રવિપ્ર અછે મુઝ મિત્ર, ગુણ કરીને અતિહિં પવિત્ર. ॥૪૫॥ એહને વર તું વેગે કરી, રાજ્ય સોંપી સીધું હીત ધરી; નિરલોભી નૃપ નીરખે યદા, દેવી સબલ પ્રશંસે તદા. ॥૪૬॥ અહો વસુમતી ! નરરત્ન-ધારિણી, જેહની મતિ સદા ઉપગારિણી; ઉદાર પણે અપાવ્યું રાજ, પરણાવી તસ સાર્યું કાજ. ॥૪૭॥ મિત્ર પ્રત્યે કીધો ઉપગાર, નૃપ આવે ઉજ્જેણી મઝાર; ધન ધન નૃપ વિક્રમ અવતાર, એહવો કો નહિં જગમાં દાતાર. ॥૪૮॥ સાંભલ ભોજ ? ન બોલું અલિ, પંચદશમી પભણે પૂતલી; એહવો ઉપગારી હોએ જેહ, એણે સિંહાસને બેસે તેહ, ॥૪૯॥ કવિયણ સિંહતણી મુખે વાણ૦ इति सिंहासन बत्रीशीनी पनरमी पूतली कथा. ॥१५॥

卐

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહૂરત લીધું, રાય, સિંહાસને જબ ધરઠે પાય; તવ બોલી સોલમી પૂતલી, સાંભલો ભોજ કથા નિરમલી. ॥૫૦॥ ઉજ્જેણી ચિહુ યુગની આદિ, જેહશું અન્ય પુર ન કરે વાદ; રાજ્ય કરે નૃપ વિક્રમ વડો; જેહનો યશ ત્રિભુવને પડવડો. ॥૫૧॥ વ્યસન નિવારે ન કરે અન્યાય, પ્રજાપાલ વિક્રમ મહારાય; એકદા બેઠો સભા મોઝાર, જાણે દૂજો ઈંદ્ર અવતાર. ॥૫૨॥ વસંતૠતુનો હુઓ મંડાણ, વનપાલક આવી કરે જાણ; સૈન્ય સજાઈ કરે ભૂપતિ, જશ દોલત જગમાં દીપતી. ॥૫૩॥ સાથે તેડ્યો સવિ પરિવાર, વેગ જ ચઢીઆં કેઈ અસવાર; પાયક પાળા સંખ્યા ન પાર, બંદીજન બોલે જયકાર. ॥૫૪॥ સાથે અંતેઉરે બહુ વૃંદ, સુખાસને બેઠી આણંદ; ગજ અંબાડી કે પાલખી, કે રથ બેઠી સાથે સખી. ॥૫૫॥ એક પદ્મિની કે હસ્તિની નાર, કે ચિત્રિણી ચતુર સુવિચાર; પહેર્યાં સાર શૃંગાર અનૂપ, કામીનર મોહ્યા તસ રૂપ. ॥૫૬॥ પુર માંહે સંચરે ભૂપાલ, જોવા મીલીયા બાલ ગોપાલ; ચિંહુ દિશિ નયર નિહાલે રાય, પરદુઃખ ભંજુ મનમાં અભિપ્રાય. ॥૫૭॥ નૃપ તણું મન રીઝે તાસ, આપે વંછિત ગરથ ગરાસ; અનુક્રમે રાય વનમાંહિ પહુત, નીરખે વનકૌતુક અદભૂત. ॥૫૮॥ [1]ખંડોખલી જલ ભરી

૧. પીચકારી.

અપાર, જલ ક્રીડા કરે વિવિધ પ્રકાર; કદલીગેહ કુસુમ જાલિકા, મહમહે પરિમલ ધૂપવાટિકા. ॥૫૯॥ પંચવરણ કુસુમની જાતિ, સભામંડપ રચ્યે બહુ ભાતિ; કનકમય સિંહાસન સાર, તિહાં બેસે વિક્રમ ઉદાર. ॥૬૦॥ પંડિત રાજકુલી છત્રીશ, ઓલગ કરે જાણી નિજ ઇશ; કર જોડી સહુ નામે શીસ, ભૂપ વધારે તાસ જગીશ. ॥૬૧॥ નિજ નિજ થાનક બેઠા સવિ, ગુણકીર્ત્તન તિહાં કરે બહુ કવિ; જાણ વડો વિક્રમ રાય રવિ, દાનગુણે જાણે સુરગવી. ॥૬૨॥ તિહાં એક પંડિત સબલ સુજાણ, આગમ નિરગમ વેદ પૂરાણ; ................, ઉમટી જાણે શારદઃખાણુ. ॥૬૩॥ નવરસ ષટ ભાષા કેલવી, જે રાજા મન હુઇ તે કવિ; ધર્મ કથા ઉપર નૃપરાગ, પંડિત પણ લહે અવસર લાગ. ॥૬૪॥ ધર્મરંગ રસ દાખવે કલા, શ્લોક ચોપાઇ દૂહા રસ ભલા; શ્રોતા વક્તા ચતુર અપાર, સમજે ધર્મતણાં અધિકાર. ॥૬૫॥

## ॥ श्लोकाः ॥

धर्मश्चिंतामणिः श्रेष्ठः, धर्मः कल्पद्रुमोऽपरः । धर्मः कामदुघा धेनुः, धर्मः सर्वसुखप्रदः ॥६६॥ धर्मो जगतः सारः, सर्वसुखानां प्रधानहेतुत्वात् । तस्योत्पत्तिर्मनुजा, सारं तेनैव मानुष्यं. ॥६७॥ अनित्यानि शरीराणि, विभवो नैव शाश्वतः । नित्यं सन्निहितो मृत्युः, कर्त्तव्यो धर्मसंग्रहः ॥६८॥ चला लक्ष्मीश्चला प्राणाः चलं जीवितयौवनम् । चलो लुब्धस्य संसारो, धर्म एवाधिनिश्चलः ॥६९॥ अस्थिरो गृहमारंभो, अस्थिरं यौवनं धनं । अस्थिरं जीवितं लोके, धर्मः कीर्त्तिर्यशः स्थिरः ॥७०॥

एकतः सर्वपापानि, परदाराणि एकतः । एकतः सर्वमांसानि, मत्स्यमांसानि एकतः ॥७१॥

॥ ચોપાઈ ॥

દાને દારિદ્ર જાય ટલી, ધણ કણ કંચણ પામે વલી; દાને સકલ ઋદ્ધિ લહે રાજ, દાને વંછિત સીઝે કાજ. ॥૭૨॥ શીલે ઉત્તમકુલ અવતાર, શીલે લક્ષણવંતી નાર; શીલે ન પડે દુર્ગતિ જીવ, શીલે સુખીઓ હોય સદૈવ. ॥૭૩॥ જે તપ તપે સુભટ તે શૂર, તપ તપતાં કર્મ જાએ દૂર; તપે હત્યાદિક છૂટે પાપ, તપે ઉદ્ધરે આપો આપ. ॥૭૪॥ દાન શીલ તપ જે કરે પુણ્ય, ભાવવિના ફલ ન લહે તૃણ; ભાવ વિના નહિ ભક્તિ લગાર, ભાવ ઉતારે ભવનો પાર. ॥૭૫॥

॥ દોહા ॥

ધર્મસહિત જે દીહાડાં, લેખે સોહી ગણીજ્જ;<br>
શૂન્ય જ તો લેખે ગણે, કેડં અંક ઠવીજ્જ. ॥૭૬॥<br>
ધર્મ વિના દિન નિગમે, મૂરખ જે મતિ હીણ;<br>
ધર્મ સહિત દિન જે ઘડી, લેખે ગણે પ્રવિણ. ॥૭૭॥<br>
પુણ્યે ધન ઘરે રહે, પુણ્યે ભોગવિલાસ;<br>
પુણ્યવિહૂણા માનવી, કરે પીયારી આસ. ॥૭૮॥<br>
પુણ્ય વિના નવિ પામીએ, વિદ્યા વિત્ત વરનારી;<br>
પુણ્ય પખે સહુ પ્રીછજો, ભૂલા ભમે સંસારિ. ॥૭૯॥<br>
પુણ્ય કાજ પાછા પડે, આધા હુસે ઘરે કામ;<br>
ઠાલા આવ્યા ભૂલા ગયા, કોણે ન જાણ્યું નામ. ॥૮૦॥

લખ અગ્યાર છાંસી સહસ, વરસ હુઆ શ્રીરામ;
ધન્ય જીવ્યું જગે તેહનું, લોક જપે જસ નામ. ॥૮૧॥
કોડા કોડી સાગર હુઆ, આદીશ્વર જિનરાજ;
ભરતચક્રી તસ સુત વલી, કીરતિ સુણીએ આજ. ॥૮૨॥
શતશઃ પુણ્ય વિસ્તર્યું, વાધ્યો બહુ પરિવાર;
પુણ્યે પૂરાં સુખ લહ્યાં, પુણ્ય વડું સંસાર. ॥૮૩॥

## ॥ ચોપાઈ ॥

ઇત્યાદિક બહુ યુક્તિ રસાલ, ધર્મકથા નિસુણી ભૂપાલ; સાચો જબ દીધો ઉપદેશ, હર્ષવંત બહુ હુઓ નરેશ. ॥૮૪॥ વિક્રમ દાન ધનદસમ જોડ, આપે તસ સોવન અઠકોડ; આપ્યાં ગામ વસતાં સોલ; દારિદ્ર છેદ્યું પંડિતતણું, કહે પૂતલી શું કહીએ ઘણું. ॥૮૫॥ વિક્રમ સરીખો ત્યાગી જેહ, એણે સિંહાસન બેસે તેહ; સોલમી કથા ભૂપતિ ભોજ સુણો, એ અવદાત રાય વિક્રમતણો. ॥૮૬॥ કવિયણ સિંહતણી૦ इति सिंहासन बत्रीशीनी सोलमी पूतली कथा

## ॥ ચોપાઇ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસને જવ પરઠે પાય; તબ બોલી સતરમી પૂતલી, સાંભલ-ભોજ કથા નિરમલી. ॥૮૭॥ ઉજ્જેણી જયવંતી પુરી, જાણે દેવપુરી અવતરી; વિક્રમરાય સમર ધીર, રાજ્ય કરે બહુ ગુણગંભીર. ॥૮૮॥ વિક્રમનૃપ એકાદ પ્રસ્તાવ; પર ઉપગારી કૌતુક સ્વભાવ; દૂત

મોકલે ચિહું દિશિ ભૂપ, અચરિજ જોવા દેશસ્વરૂપ. ॥૮૯॥ ઉત્તરદિશિ પહોંતો એક દૂત, ઉત્તરપંથ વિસ્તાર બહુત; અહનિશિ હીંડે દૂત ધસમસ્યો, પંથે ચિહ્નમપુરી વાસો વસ્યો. ॥૯૦॥ આવી બેઠો ચહુટે જામ; નયણે નીરખે અચરિજ તામ; પૂછે લોક પ્રતિ એક હાટે; બહુજન વસ્તુ વોહરે શા માટે?. ॥૯૧॥ દૂત પ્રતે પુરજન એમ વદે, પૂછયે વાત જો સાનહુઈ હદે; અત્ર ધણી જયશેખરરાય, જેહનો ભૂતલે બહુ ભડવાય. ॥૯૨॥ દાતા ભોક્તાં ધર્મભૂપ, અમ્હ ઠાકુરની વાત અનૂપ; પાદરદેવી પુર બાહિર વસે તે ઉપર નૃપ મન ઉલ્લસે. ॥૯૩॥ એક મનાં આરાધી દેવી, તૂઠી માની નૃપની સેવ; નૃપ જાણે કરો અખૂટ ભંડાર, વળતું દેવી કહે તેણીવાર. ॥૯૪॥ કરી કડા ઉષ્ણતેલ મઝાર, જો ઝીલો દિન પ્રતિં એકવાર, ચંદ્રશેખર નરપતિ તુમ્હે સુણો, અખટ ભંડાર કરૂં તુમ્હ તણો. ॥૯૫॥ કષ્ટ કરે દિનપ્રતિ અપાર, નરપતિ વિશ્વને કરે ઉપગાર; પૂર્વે નરપતિ હુઆ અનેક, નહિ કો ઉપગારી એહની ટેક. ॥૯૬॥ ચંદન ઈક્ષુ ચંદનવનની પરે, સહે પીડાઈ ઉપગાર બહુ કરે; હાટ મંડાવ્યું ચહુટા વિચે, આપે વસ્તુ જેહને જે રૂચે. ॥૯૭॥ ગરથ વિહૂણી આપે વસ્ત, લેવા આવે લોક સમસ્ત; રવિ ઉગમેં આથમતા લગે, અન્ન વસ્તુ આપે મુહમાંગે. ॥૯૮॥ જબ સંધ્યાની વેળા થાય, વણિક હાટેં દ્રવ્ય પૂરે રાય; નિત્યકરણી રાજા ઇમ કરે, પુણ્યતણે પંથે સંચરે. ॥૯૯॥ સકલ લોક કીધાં બહુ સુખી, ચિહ્નમપુરી જન કો નહિ

દુઃખી; પાળે પરજા છોરૂ પરેં, પીતાતણી પરે બહુ હિત કરે. ॥૯૦॥ એહવા વચન દૂત સાંભળી, ઉજ્જેણી પહોતો મનરૂલી; વિક્રમ આગલે કહી સવિ વાત, વળતું ભૂપ ભણે વિખ્યાત. ॥૧॥ ધન્ય સા જનની ધન્ય સો તાત, પર ઉપગારી જાયો જાત; વિક્રમ મહાગુણી ગુણનો જાણ, ગુણવંત નરનાં કરે વખાણ. ॥૨॥ વિરલા પરગુણ મુખે ઉચ્ચરે, વિરલા ગુણી દેખી મન ઠરે; વિરલા સજ્જન ઉત્તમસંત, વિરલા વિનયી વિદ્યાવંત. ॥૩॥ श्लोकः॥ नागुणी गुणिनं वेत्ति, गुणी गुणिषु मत्सरी। गुणी च गुणरागी च, विरलः सरलो जनः ॥४॥

## ॥ ચોપાઈ ॥

વળી વિક્રમ મનમાં ચિંતે ઇશ્યું, તે જોઇએ નૃપ કષ્ટ છે કિશ્યું ?; વિસ્મય વાત સકલ મનિં વશી, તસ દુઃખ ટાળું તો મુજ ખુશી. ॥૫॥ તેડી દૂત પ્રતિ નૃપ શીઘ્ર, પહોતો ઉત્તર પંથે દીર્ઘ; ચિહ્નમ-પુરી પહોતો વિક્રમ, આવે હાટ જિહાં વસ્તુ દીએ ધર્મ. ॥૬॥ અન્નાદિક વસ્તુ આપે ઘણી, વાંછા ન કરે તે દ્રવ્યતણી; પાછી વસ્તુ આપે વિક્રમ, હવે જુએ પુરધણીનો મર્મ. ॥૭॥ પ્રહર એક રજની જબ ગઈ, ચઢયો તુરંગમ નૃપ સજ્જ થઇ; એકલ-મલ્લ ચંદ્રશેખરરાય, પુર બાહેર દેવી ભવને જાય. ॥૮॥ કેડેં વિક્રમ પહોંચે તિહાં, ચંદ્રશેખર જાય છે જિહાં; ચંદ્રશેખર અશ્વથી ઉતરેં, જગદંબાને દંડવત કરે. ॥૯॥ પૂજા ભગતિ ઘણી સાચવી, પુનરપિ વાત

કરે અભિનવી; કઢા ઉકલતી તેલે ભરી; ઝંપાવે નૃપ સાહસ ધરી. ॥૧૦॥ મુખે જંપે મુજ ભરો ભંડાર, એતલો માય કરો ઉપગાર; ચંદ્રશેખર દિનપ્રતિં ઇમ કરે, દેવી તસ ભંડાર બહુ ભરે. ॥૧૧॥ વિક્રમ પેખી તસ દુઃખ ઘણું, સદયહૃદય છે વિક્રમ તણું; એ નૃપનું દુઃખ જો છેદાય, તો મુજ તન મન શાતા થાય. ॥૧૨॥ ઇમ ચિંતવી વિક્રમ ભૂપતિ, આદિ-શક્તિ અંબા દેવતી; તાસ ભક્તિ બહુ પૂજા કીધી, તેલ કઢામાંહિ ઝંપા દીધ. ॥૧૩॥ જબ ઝલકાણું નૃપનું દેહ, દેવી આવી શીઘ્રગતિ તેહ; છાંટયું અમૃત નૃપને અંગ, હવું શરીર સોવનવન રંગ. ॥૧૪॥ સાહસવતી તૂઠી અંબાવી, માંગ વર જે તુઝ મન ભાવી; જો તું માતા તૂઠી આજ, ચંદ્રશેખરને શીઘ્ર નિવાજ. ॥૧૫॥ કરો એહનો અખૂટ ભંડાર, દુઃખ ન દેવું કટાહ મઝાર; દેવી ભણે અહો વિક્રમ વીર ! પર ઉપગાર કરણ તું ધીર. ॥૧૬॥ દુઃખ સહે પરકજ કારણે, તે વિરલા નર જાણુણી જાણે; વિક્રમ કેરી બહુ સ્તુતિ કરે, વાર વાર મુખે ગુણ ઉચ્ચરે. ॥૧૭॥ જે જે વચન કહ્યાં વિક્રમ, તે તે દેવી કીધાં તેમ; વિક્રમ આવ્યો કિણે નવિ લહ્યો, ગંભીરે સમાચાર ન કહ્યો. ॥૧૮॥ સ્તોક કરે કામ ફુલે બહુ, એહવા નર જગમાં બહુ; થોડું ફુલે ને કર બહુ કામ, તે નર વિરલા જગિં અભિરામ. ॥૧૯॥ અસારવસ્તુનો ડંબર ઘણો, કાંસ્યપાત્ર તણી પરેં સુણો; ઉત્તમ સોના સરીખા પાત્ર, થોડું બોલે ને નિરમલ ગાત્ર. ॥૨૦॥ ઉજ્જેણી વિક્રમ આવીઆ, ઢોલ નિશાન બહુ વજડાવીયાં;

દિન બીજે જયશેખર યદા, કઢાહ મધ્ય ઝંપાવે યદા, ॥૨૧॥ દેવી હાથ ગ્રહે શીઘ્ર તામ, હવે કષ્ટ નીવારો સ્વામ; ભૂપ ભણે કોપ કરો શ્યાવતી, ભળતું ઇમ બોલે દેવતી. ॥૨૨॥ ભંડાર તુમ્હારો ભરશું સદા, વિક્રમે નિવારી તુમ આપદા; વિક્રમ કેરી વાત સવિ કહે, ચંદ્રશેખર હરખ બહુ લહે. ॥૨૩॥ વિક્રમ નૃપના ગુણ બહુ ભણો, સભા પુરજન સહુ કો સુણે; અહો ! ગંભીર પુરૂષ માંહિ રેખ, વિક્રમનો યશ હુવો વિશેષ. ॥૨૪॥ એહવો ગંભીર પરકજ્જ જેહ, એણે સિંહાસન બેસે તેહ; કથા સતરમી પૂતલી કહે, ભોજ ભૂપ સુણી હર્ષ બહુ લહે. ॥૨૫॥ કવિયણ સિંહતણી૦

।इति सिंहासन बत्रीशीनी सतरमी पूतली कथा ॥१७॥

## ॥ ચોપાઈ ॥

પુનરપી મુહૂરત લીધું રાય, સિંહાસને જબ પરઠે પાય; તબ અઢારમી બોલી પૂતલી, સાંભલો ભોજ! કથા નિરમલી. ॥૨૬॥ માલવદેશ તિલક ઉજેણી, રિપુદલ મિલીન ગંજીકેણી; રાજ્ય કરે વિક્રમ ભૂપણી, રાજઋદ્ધિ જસ દોલત ઘણી. ॥૨૭॥ સભા પુરી બેઠો વિક્રમરાય, પરદેશી એક નર નમે પાય; અવધારો સ્વામી એક વાત, ઉદયાચલ પર્વત વિખ્યાત. ॥૨૮॥ તાસ સમીપ અછે એક પુરી, શ્રીપુરીનામે વસે ધનપૂરી; દેવમંદિર પુરબાહિર એક, કૌતુક યત્ર વિચિત્ર અનેક. ॥૨૯॥ દેવનિર્મિત શિખર ઉત્તુંગ, પેખી જન બહુ પાવે રંગ; તસ સમીપ તટાક વિશાલ, ચંદ્રકાંતિ શિલા તસ પાલ. ॥૩૦॥ જલ

પરિપૂર્ણ ભર્યું નહિ ખોડ, તસ મધ્યે ઉગે કમલની કોડ; મચ્છ કચ્છ મિંડક બહુ ભમે, જલચરજીવ અનેક માંહિ રમે. ॥૩૧॥ ચિહુંદિશિં વૃક્ષતણી બહુ શ્રેણિ, નંદનવનની ઓપમ તેણી; તસ ઉપર બહુ પંખી લાખ, મૃદુવચન વદે નવનવી ભાષા. ॥૩૨॥ સરોવર મધ્યે એક અચરિજ હોય, લોક મીલે લખ જોવા સોય; રવિ ઉગમતે પ્રગટે થંભ, અકસ્માત ઉઠે જિમ [1]શંભ. ॥૩૩॥ ઉપરે સિંહાસન એક ઠવ્યું, ઈન્દ્રાસન લોક સંભવ્યું, ઘુઘર ઘમકે ચિહું દિશિ તાસ, વસ્ત્ર આચ્છાદ્યું ઉપરે જાસ. ॥૩૪॥ મધ્યાહ્ન લગેં થંભ પામે વૃદ્ધિ, આથમતે જાયે જલમધ્યે; ભૂમથિકો હેમથંભ નીકલે, મધ્યાહ્ન રવિમંડલે મીલે. ॥૩૫॥ વાધે ઘટે દિનપ્રતિં ઇમ તેહ, સ્વામી અચરિજ દીઠું એહ; પાપપ્રણાશી તીરથ ભલું, લોક વખાણે જગે નિરમલું. ॥૩૬॥ કૌતુક વાત સુણે વિક્રમ, મન થયું તસ જોવા મર્મ; મનપાવડીએ ચઢયો રાજન; પહોંતો શ્રીપુરનયર આસન્ન. ॥૩૭॥ જોણેં સરોવરે કૌતુક થાય, તિહાં પહોંચે શ્રી વિક્રમ રાય; થંભ જોવા મીલીયાં લોક વૃંદ, ચિંતે ભૂપ એશ્યો ફંદ? ॥૩૮॥ સરોવર મધ્ય ઝંપાવે નીર, તરતો પહોતો થંભને તીર; બેઠો સિંહાસન ધીરજ ધરી, વાધ્યો થંભ લક્ષ જોયણ તરી. ॥૩૯॥ સૂર્ય વિમાન આવ્યું આંતરે, રવિતાપે અકલાણો તરે; દિનકર છાંટે અમૃતનીર, નૃપનું શીતલ થયું શરીર. ॥૪૦॥ વિક્રમ નૃપ રવિની

૧. શંભુ–શંકર

સ્તુતિ કરે, ભક્તિભાવ ઘણો મનમાં ધરે; ગુણ જાણી નૃપનું મન ઠરે, નામ સહિત બહુગુણ ઉચ્ચરે. ॥૪૧॥

## ॥ અથ વિક્રમાદિત્ય શ્રી સૂર્ય દેવની ગુણસ્તુતિ કરે છે. ॥

[૧]આદિત્ય [૨]અર્ક [૩]અનેક [૪]અચિંત્ય, [૫]આદિદેવ તુજ તેજ [૬]અનંત; [૭]અરિમર્દન [૮]અપહે અંધકાર, [૯]અંબરભૂષણ [૧૦]અચલ [૧૧]આચાર. ॥૪૨॥ [૧૨]એકચક્રરથ[૧૩] સપ્તતુરંગ, [૧૪]સહસ્રકિરણ [૧૫]રવિરાજ [૧૬]અનંગ; [૧૭]ભાનું [૧૮]દિવાકર [૧૯]સૂર્ય [૨૦]સુપર્ણ, [૨૧]દિપ્તઅંગ [૨૨]રકતોત્પલવર્ણ. ॥૪૩॥ [૨૩]ધર્માધર્મપ્રવર્ત્તક [૨૪]ધીર, [૨૫]નભકેતન [૨૬]દિનમણિ [૨૭]મિહિર; [૨૮]માર્ત્તંડ [૨૯]ગભસ્તિ [૩૦]દિનેસ, [૩૧]તપન [૩૨]ચંડકર [૩૩]કિરણ [૩૪]સુવેષ. ॥૪૪॥ [૩૫]વિધિ [૩૬]વિધાન [૩૭]વિચક્ષણ [૩૮]હંસ, [૩૯]સુલોચન [૪૦]સિદ્ધ [૪૧]સર્વવિત [૪૨]અંશુ; [૪૩]અરૂણસારથિ [૪૪]શનિશ્ચરપિતા, [૪૫]દિવ્યાભરણ વપુઅલંકૃત. ॥૪૫॥ [૪૬]સદાગતિ [૪૭]થાન [૪૮]દરિસ અપૂર્વ, [૪૯]જનપ્રિય [૫૦]ભાસ્કર પ્રણમે [૫૧]સર્વ; [૫૨]વિશ્વેશ્વર [૫૩]દેવ [૫૪]મંગલકર, [૫૫]સુખપ્રદ સદા [૫૬]સુખસેવ્ય. ॥૪૬॥ [૫૭]વરુણ [૫૮]વિચિત્રરથ [૫૯]જગદાધાર, [૬૦]કમલાકર [૬૧]હરિતુ [૬૨]સ્વર્ગદ્વાર; [૬૩]વંછિતઅર્થપૂરણ તું [૬૪]સ્વામ, [૬૫]આરોગ્ય [૬૬]ઋદ્ધિ [૬૭]સુમતિ [૬૮]શુભ નામ. ॥૪૭॥ [૬૯]સ્કંધ [૭૦]સુલોચન [૭૧]સવિતા [૭૨]સંત, [૭૩]સુમિત્ર [૭૪]સનાતન [૭૫]મહિમાવંત; [૭૬]સર્વશત્રુનિવારણ [૭૭]શ્યામ, [૭૮]જગજીવન [૭૯]જનપ્રિય અભિરામ. ॥૪૮॥ [૮૦]સર્વલોકપ્રકાશન [૮૧]નિત્ય, [૮૨]સુમૂરતિ [૮૩]અંશુમાલી [૮૪]સત્ય;

[૮૫]વિરોચન [૮૬]જગચક્ષુ [૮૭]મિત્ર, [૮૮]ઉદ્યોત [૮૯]પ્રકાશ [૯૦]સદાત્મપવિત્ર. ॥૪૯॥ [૯૧]ભુવન પૂજિત [૯૨]કરુણાસિંધુ [૯૩]પાપનિવારણ [૯૪]હિતવંત [૯૫]બંધુ; [૯૬]દિનકર [૯૭]દિનદયાલ, [૯૮]ભગતજનવચ્છલ [૯૯]પ્રતિપાલ. ॥૫૦॥ [૧૦૦]પ્રશાંતમન [૧૦૧]પ્રિયદર્શન [૧૦૨]વીર, [૧૦૩]વિશિષ્ટ [૧૦૪]ગ્રહપતિ [૧૦૫]ગગનકોટિર; [૧૦૬]મંત્રમૂર્તિ [૧૦૭]પ્રસન્ન [૧૦૮]ઉદાર, નામ અઠોત્તર સો જયકાર. ॥૫૧॥ ઇત્યેવમાદિક બહુ સ્તુતિ ભણી, નૃપ ઉપર તૂઠો દિનમણિ; કુંડલયુગ્મ આપે બહુહેતે, મહિમા તાસ કહે નૃપપ્રતે. ॥૫૨॥ દિનપ્રતિ આપે હેમ એક ભાર, કુંડલ એકહી બહુ સુખકાર; થંભ સોય જલમાંહિ પઇટ્ટ, વિક્રમનૃપ બહુ અચરિજ દિઠ. ॥૫૩॥ સરોવરવારિ તરી નિસરે, શ્રીપુર નયરભણી સંચરે; પંથે એક દારિદ્રી મીલે, નૃપ દેખી તે ઘણું વલવલે. ॥૫૪॥ મુખેં ભાખે હું છું બહુ દુઃખી, કુંડલ આપી કીધો સુખી; ઉજ્જેણી આવ્યો નૃપ વિક્રમ, ભૂતલે બહુ વધારી શર્મ્મ ॥૫૫॥ એહવો મહાદાનીશ્વર જેહ, એણેં સિંહાસન બેસે તેહ; અઢારમી પૂતલીતણી વાણી, ભોજ સુણી બહુ હુવો હરાણી. ॥૫૬॥ કવિઅણ સિંહતણી૦

इति सिंहासनबत्रीशीनी अढारमी पूतली कथा. ॥१८॥

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસને જબ પરઠે પાય; ઓગણીસમી બોલી પૂતલી, સાંભલો ભોજ કથા નિરમલી. ॥૫૭॥ માલવદેશ તણો કૈલાસ, અચલ ઉજ્જેણીપુરીનો વાસ; રાજ્ય કરે તિહાં વિક્રમ

ભૂપ, અતિપ્રતાપી દેવસરૂપ. ॥૫૮॥ એક દિન વન-પાલક વિનવે, યથાગુણ સ્તુતિ કરી રીઝવે; તું પૃથ્વી-પતિ વિશ્વ અધાર, ન્યાયવંત શ્રીરામ અવતાર. ॥૫૯॥ ભૂજબલે સાચો દેવ મૂરારિ, વિકટ શત્રુ મનાવ્યા હારી; પ્રજાપાલ પંચમ લોકપાલ, દીન દુઃખિત ને સબલ દયાલ. ॥૬૦॥ ધ્રુપરિ અવિચલ બોલેં વાચ, ગંગાજલ નિર્મલ હીયેં સાચ; તું દાતા ભોગતારણ સૂર, બાર સૂર ઉપમ મુખેં નૂર. ॥૬૧॥ વિનયપૂર્વક પ્રણમી પાય, બહુ વિનતિ કરી વીનવ્યો રાય; વરાહ ઉત્કૃષ્ટ આવ્યો વન્નિ, તુમ્હ વન ભાજ્યું તેણે અસન્ની ॥૬૨॥ વિકટ વરાહ દીસેં વિકરાલ, તેણે ભાંજી બહુ તરૂઅર ડાલ; બીહાવે તાપસજનબાલ, સ્વામી! તુમ્હ વનની કરો સંભાલ. ॥૬૩॥ વનપાલક વાત નિસુણી કન્ન, રેવંત ચઢી પહોતો રાજન્ન; વરાહ નજરેં નીરખે રાય, ધનુષ બાણ ગ્રહી પૂંઠે ધાય. ॥૬૪॥ વરાહ આગલ નાઠો જાયં, અશ્વસહિત નૃપ કેડેં ધાય; આગલ ગિરિકંદરા પર્વતતણી, નાઠો જઈ પેઠો તેહ ભણી. ॥૬૫॥ તેહમાંહિ લઘુ દીસે દ્વાર, વરાહ પેઠો તેહ મઝાર; રાજા અશ્વથકી ઉતરે, પ્રવેશ ગિરિકંદરામધ્યે કરે. ॥૬૬॥ મનમાં સાહસ અવલંબી કરી, વરાહતણી કેડિં લીધી ખરી; દ્વારમધ્યે નૃપ પેઠો જિસે, અંધકાર બહુ દીઠો તિસે. ॥૬૭॥ અતિ અચરિજ મનિં પામે રાય, અંધકાર મધ્યે ચાલ્યો જાય; રાજા મનમાં નવિ બ્હીક લગાર, કેતલીક ભૂમિ વોલી જેણીવાર. ॥૬૮॥ આગલ પેખે વળી ઉદ્યોત, રવિથકી અધિકી દીસેં જ્યોત, આગલ જબ પહોતો

ભૂધણી, પુરી પાતાલ પેખે સુરતણી. ॥૬૯॥ દેવ-નિર્મિત અતિ સુપ્રકાશ, હેમરત્નમય જડિત આવાસ; વિદ્રુમતણાં બહુ દીસે થંભ, દેખી નૃપ મનમાં થયો અચંભ. ॥૭૦॥ આગલ પેખે પોળ ઉત્તુંગ, જોતાં જોતાં ઉપનો રંગ; સુરાંગના બહુ દીસે જિહાં, એક આવે એક જાવે તિહાં. ॥૭૧॥ અંગે પહેર્યાં સાર શ્રૃંગાર, ઝબઝબ ઝબૂકે તેજ અપાર; અનુપમ જબ નીરખે રૂપ, મનશું અતિ વ્યામોહ્યો ભૂપ. ॥૭૨॥ બેઠા શ્રીકૃષ્ણ પોળને દ્વારે, બલિનૃપ કેરો કરે [1]પડિહાર; ઇમ ચિત્ત ચિંતે વિક્રમરાય, દાનગુણે જગ કિંકર થાય. ॥૭૩॥ કૃષ્ણ વાસુદેવ નરશિરે, કિંકર થઈ પડિહારૂં કરે; રાજધાની બલિરાજા તણી, ઠામ ઠામ દીસે ઋદ્ધિ ઘણી. ॥૭૪॥ વિક્રમ આવ્યા રાજદૂઆર, બલિનૃપને વિનવે પડિહાર; તુમ્હ દરિસન જોવાને કાજ, આવ્યા દ્વારે વિક્રમ મહારાજ. ॥૭૫॥ મંદિર મધ્યે તવ તેડયો રાય, બલિનૃપ કેરા પ્રણમે પાય; આગત સ્વાગત દીએ બહુમાન, કરે પ્રશંસા બલિ રાજાન. ॥૭૬॥ વિક્રમવીર તુમ્હ સાચું નામ, ભૂતલે ભલાં ઉત્તમ કરો કામ; કલિયુગમાં તુમ્હે ચઢતી કલા, દાનગુણે થાઓ નિરમલા. ॥૭૭॥ તેહનું જગમાં જીવ્યું ધન્ન, કોડી નામ જપે સહુ જન્ન; જે જોઇએ તે માંગો સખે!, વળતો ઉત્તર દીએ નૃપમુખે. ॥૭૮॥ સર્વ સંપૂરણ છે તુમ્હ નામ, તુમ્હ દરિસન મુજ સરીઆ કામ; વિક્રમ બલિરાજા વિનવ્યો, અણ ચિંતવ્યો લાભ મુજને હવો. ॥૭૯॥ બલિનૃપ ચિંતે

૧. ચાકરી.

એ ગુણવંત, નિરખ્યો સકલ પુરૂષમાંહિ સંત; અતિ આગ્રહે વસ્તુ આપી સોય, રસરસાયન ઔષધિ દોય. ॥૮૦॥ આપે મહિમા દાખી તાસ, વિક્રમભૂપ લીએ ઉલ્હાસ; રસાયણથી રોગ ઉપશમે, જરા પરાભવ ન કરે કિમે. ॥૮૧॥ રસઔષધિ આપી દુર્લભ કહી, સોનાસિદ્ધિ વંછિત ફલ લહી; ઓષધિ ગ્રહી નૃપ પાછા વળ્યા. પંથે દોય દારિદ્રી મળ્યા. ॥૮૨॥ પિતાપુત્ર મલી બેહુ યાચંતી, નૃપપ્રતિ દીનવચન ભાષતી; વિક્રમ કરૂણા રસનો સિંધુ, વિપ્રપ્રતિ કહે નિસુણો બંધુ. ॥૮૩॥ દોય ઔષધિમધ્ય એક તુમે લીઓ, મહિમા તસ અનોપમ બોલીઓ; બાપબેટીના મન જૂજૂઆં, બેહુ સુવસ્તુતણા અરથીઆં. ॥૮૪॥ ભણે વિપ્ર તુમ્હ ભલો પ્રસાદ, એક લેતાં અમ હોઇ વિવાદ; ગિરૂઆજનશ્યું વિનોદ કીજીઈં, સાહમો ઉત્તર નવિ દીજીઈં. ॥૮૫॥ ગીરૂઆ ન જૂએ ઠામ કુઠામ, ન કરે કાંણિ બહુ દેતા દામ; દાતાર–રવિ–ધર્મદાઇ–મેહ, અવતર્યા જગમાં ઉપગારી એહ. ॥૮૬॥ નૃપ નિસુણી મન કરે ખુલાસ, બાપ બેટાની પૂરે આસ; વસ્તુ દોય તસ આપી ખરી, નૃપ પહોતા ઉજ્જેણીપુરી. ॥૮૭॥ એહવો દારિદ્રભંજન જેહ, એણે સિંહાસને બેસે તેહ; ઓગણીસમી પૂતલી કહે ઈશ્યું, નિસુણી ભોજમન અતિ ઉલ્લશ્યું. ॥૮૮॥ કવિયણ સિંહતણી૦ इति सिंहासनबत्रीशीनी ओगणीसमी पूतली कथा संपूर्ण ॥१९॥

## ॥ ચોપાઇ ॥

પુનરપિ મુહૂર્ત લીધું રાય, સિંહાસને જબ

પરઠે પાય; તવ બોલી વીસમી પૂતલી, સાંભલો ભોજ કથા નિરમલી. ॥૮૯॥ ઉજેણી પુરી જન બહુ સુખી, નહી વલી આપદ નહિ કોઇ દુઃખી; વિક્રમરાજા રાજ્ય કરંત, પર ઉપગારી મહામતિવંત. ॥૯૦॥ એક દિન કૌતુક જોવાભણી, પરદેશે પહોતો ભૂધણી; પદ્માલયપુરી નિવસે જિહાં, પુરસમીપ નૃપ આવ્યો તિહાં. ॥૯૧॥ જક્ષતણું મંદિર સુવિશાલ, તિહાં કણે વાસો વસે ભૂપાલ; તિહાં કાપડીઆ પરદેશી ચ્યાર, રયણી પોઢયાં કરે વિચાર. ॥૯૨॥ તીરથ સઘલાં આપણ ગયા, જનમ કૃતારથ નિર્મલ થયા; જંગમ થાવર તીરથ જેહ, ભાવ ધરી બહુ ભેટયાં તેહ. ॥૯૩॥ પણ એક તીરથ ભેટયું નહિ, આપણ જન્મ નિરર્થક સહી; કનકકૂટ પર્વતને શૃંગ, તિહાં એક યોગી રહે મન રંગ. ॥૯૪॥ ત્રણે કાલનું ભાખે જ્ઞાન, સિદ્ધ સદા પરબ્રહ્મ ધરે ધ્યાન; નહિં માયા નહિં લોભ લગાર, ન ભજે યોગી અંગ વિકાર. ॥૯૫॥ તે પર્વતપાસે એક પુરી, વસે ધન સંપૂરણ ભરી; લોક સકલ તિહાં ઇમ મુખે કહે, યોગી પર્વત ઉપર રહે. ॥૯૬॥ પર્વત જાણે સુરગિરિ હોય, પગબલે ચઢી ન શકે કોય; ઉપાય આપણે કીધાં ઘણાં, ચરણ ન ભેટયાં યોગી-તણાં. ॥૯૭॥ પુનરપિ નહિ માનવ અવતાર, મહા-મુનિદર્શન નહિ વારંવાર; ઉત્તમનો સંગ દોહિલો મીલે, પુણ્યવિના કિમ વાંછિત ફળે ?. ॥૯૮॥ **श्लोकः** ॥ **पुनर्दारा पुनर्वार्ता, पुनः क्षेत्रं पुनः पुनः । पुनः श्रेयादिकं कर्म, न शरीरं पुनः पुनः** ॥૯૯॥ વિક્રમ વાત સુણી જેતલે, મનપાવડી ચઢયો તેતલે; કનકકૂટ પહોતો

રાજેન્દ્ર, ભેટયાં, તિહાં જઇ સિદ્ધ યોગીન્દ્ર. ॥૧૦૦॥
कोऽतिभारः समर्थानां किं दूरं व्यवसायिनां । को विदेशः सुविद्यानां, कः परः प्रियवादिनाम् ? ॥१॥

## ॥ ચોપાઈ ॥

ગિરિ કૈલાસ તણો મંડાણ, તિહાં વન નંદન અહિઠાણ; તેત્રીસ કોડિ દેવ અહિઠાણ, તિહાં એક યોગી દીઠો જાણ. ॥૨॥ નાસાઅગ્રે ધરી નિજ [1]દેઠિ, કુરંગ ચર્મ પદ્માસન હેઠિ; અદભૂત દીસેં ધ્યાનસરૂપ યોગી દેખી ચમકયો ભૂપ. ॥૩॥ યોગીતણાં જબ પ્રણમે પાય, આધા પધારો વિક્રમરાય; ભૂપતણું ઇમ નામ ઉચ્ચરી, યોગી બોલાવે હિત ધરી. ॥૪॥ તું દાતા વડો એણી કલિયુગ કાલ, અત્ર આવ્યા શ્યેં અર્થે ભૂપાલ ?; વિનય કરી વિક્રમ વિનવે, યોગી-તણું મન બહુ રીઝવે. ॥૫॥ તુમ્હ દરિશન જોવા મન ખાંતિ, આવ્યો ઇણ થાનકેં એકાંતિ; નૃપ વચને અતિ હરખ્યો સિદ્ધ, તીન વસ્તુ અમૂલ્યક દીધ. ॥૬॥ દંડ ચાખડી કંથા જિકે, મહિમા બહુ-વિધ દાખે તિકે; જબ ખંખેરો કંથા એહ, દ્રવ્યતણો વરસે બહુ મેહ. ॥૭॥ ચાખડી ઉપરે મહિમા ઘણો, કટક લિખિએ અરિદલ તણો; ડાબેં હાથેં દંડ ગ્રહી દે ઘાય, કટક અરિતણું નિર્જીવ થાય. ॥૮॥ દાહિણ હાથે દંડ ગ્રહી યદા, હોય સજીવ ઘા દેતાં તદા; યોગી ભણે સાંભલ તું સંત; એહ વસ્તુ છે મહિમા-વંત. ॥૯॥ તું દાતા ઉપગારી વતી, આપી વસ્તુ

૧. દૃષ્ટિ.

મં અતિ દીપતી; સિદ્ધતણી રજા માંગી કરી, આવે યત્ર છે નિજ પુરી. ॥૧૦॥ પંથે નીરખે કૌતુક એક, નર એક સજ્જ થઇ કરી છેક; અગનિમાંહે જબ કરે પ્રવેશ, એતલેં આવ્યો વિક્રમ નરેશ. ॥૧૧॥ નરપતિ પુછે તેહને ઇસ્યું, દેહ હોમો તે કારણ કિસ્યું ?; તેહ બોલ્યો મુજ દુઃખ છે ઘણું, તેહની વાત કેટલી ભણું ?. ॥૧૨॥ પ્રથમ પ્રણામ વિક્રમને કર્યો, ગદગદ સ્વરે રોવે દુઃખભર્યો; જો તું પુછે છે મુજ ભ્રાત, માહરા દુઃખની સાંભલ વાત. ॥૧૩॥ મન-દુઃખ વાત કહી જે તત્થ, જે દુઃખભંજન હોય સમરત્થ; વિક્રમ કહે તુજ દુઃખ ગમું આજ, બોલે મનમાં જે હોઇ કાજ. ॥૧૪॥ તે છે નરપતિ ક્ષત્રી-જાત, વિક્રમ આગલ કહે અવદાત; લીધું રાજ્ય મુજ ગોત્રી મલી, સુખશાત તેહ કારણ ટલી. ॥૧૫॥ માનપખેં નર શ્વાનહ જિશો, માનવિણ જીવ્યું લેખે કિશ્યો; મહા પુરૂષ તું મળીયો હવે, કાર્યસિદ્ધિ મુજ હોશે સવિ. ॥૧૬॥ માનવિહુણો માનવી, પ્રજાવિહુણો રાય; કંઠવિહુણું ગાન જિમ, પાય કો નહિ પોસાય. ॥૧૭॥ ચોપાઇ ॥ વિક્રમમને દયા ઉપની ઘણી, ભીડ ભંજુ ક્ષત્રીતણી; પરદુઃખ કાતર બીરૂદ વહંત, અવસર પ્રાર્થ્યો નવિ વિહડંત. ॥૧૮॥ પર ઉપગારી વિક્રમ રવિ, ત્રિણ વસ્તુ તેહને કરે ઠવી; તેહ પ્રતિં મહિમા બહુ દાખીઓ, પરમેશ્વર કીધો સાખીઓ. ॥૧૯॥ થોડે દિને તેણેં લીધું રાજ, ત્રણ વસ્તુથી સિધ્યા કાજ; બહું ઉપગાર કરી નૃપ તાસ, ઉજ્જેણી

પહુતો ઉલ્હાસ. ॥૨૦॥ એહવો પરદુઃખ ભંજન જેહ, એણે સિંહાસન બેસે તેહ; વીસમી પૂતલી કહે ભોજ! સુણો, દાનગુણ રાજા વિક્રમ તણો. ॥૨૧॥ કવિયણ સિંહતણી૦ इति सिंहासन बत्रीशीनी वीसमी पूतली कथा. ॥૨૦॥

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસને જબ પરઠે પાય; તવ એકવીસમી બોલી પૂતલી, સાંભલો ભોજ કથા નિરમલી. ॥૨૨॥ અનોપમ ઉજ્જેણી જગમાં એહ, વિધિ નિપાઇ સવિ સુખ ગેહ; રાજ્ય કરે વિક્રમ અભિરામ, રૂપે જાણે અભિનવ કામ. ॥૨૩॥ સભા એકદિન બેઠા રાય, ગીત શાસ્ત્ર વિનોદકલા મન લાય; તેહનો દિન આલિં (એળે) નવિ જાય, પંડિત ગોઠિ મન અતિહિ સુહાય. ॥૨૪॥ તેડે પંડિત સબલ સુજાણ, બોલે જાણે જિકે પ્રમાણ; તેડે વકતા ગુણીજન ઘણી, લહે ભેદ સવિ શાસ્ત્રહ તણાં. ॥૨૫॥ તેડે અંકકલાના જાણ, તેડે અવસરે બોલે વાણ; તેડે મહેતા જે ગુણવંત, રાજસભા બેઠા શોભંત. ॥૨૬॥ વિક્રમ કહે અહો પંડિત ભલા, આપ આપણી દાખો કલા; અનેક શાસ્ત્ર વિબુધજન મલ્યા, મૂર્ખ હતા તે કાને ટળ્યા. ॥૨૭॥ કાવ્ય વખાણે કે વળી શ્લોક, કે શૃંગાર વખાણે કોક; કે વૈરાગ્ય વખાણે ભલા, હાસ્ય કથા કે દાખે કલા. ॥૨૮॥ કે વર્ણવે વીરરસ કરી, નવરસ વાણી વદે હિત ધરી; કેલવી ગાહા વખાણિ મેહા, આર્યા ગૂઢા

બોલે દૂહા. ॥૨૯॥ બાવીશ ભેદ ગાહાના ભણે, છવ્વીશ ભેદ દૂહાના સુણે; છંદશાસ્ત્ર વખાણે ગીત, નાટકકલા કો વદે કવિત્ત. ॥૩૦॥ ચઉરાશી રૂપકના ભેદ, વખાણે કોઇ ન ધરે ખેદ; રાજા રીઝવે નિજ વાણીએ, સો ડાહ્યો પંડિત જાણીએ. ॥૩૧॥ વિક્રમ-ભૂપ કલાનો જાણ, અવસર જાણી આપે દાન; આપે કનક કોડિ કેકાંણ; વિબુધ સકલને દીધાં માન. ॥૩૨॥ નૃપ મંત્રી બુદ્ધિસાગર જાસ, બુદ્ધિશેખર છે બેટો તાસ; તેહને તેડે સભા મોઝાર, પૂછે શાસ્ત્રતણાં સુવિચાર. ॥૩૩॥ તાત સુતપ્રતિં હિતમતિ કહી, બોલાવ્યો પણ બોલે નહિ; મૌનતણું બલ મૂર્ખને કહો, તાતે પુત્ર સ્વરૂપ સવિ લહ્યો. ॥૩૪॥ પિતા નિભ્રંછે અરે! તું ધાઢિ, રોસ આણીને બહુ દીએ રાઢિ; કેથો કીજે ગુણવિણ પુત્ર, ગુણવિણ કિમ રાખે ઘરસૂત્ર?. ॥૩૫॥ સુંદર દીસે આઉલફુલ, ગુણવિણ તે કિમ પામે મૂલ?; મૂરખ પુત્ર! તુજ કીજે કિશ્યું?, જ્ઞાનેં તુજ હીયડૂં નવિ વસ્યું. ॥૩૬॥ તું મૂરખ અમ્હ કુલ અવતર્યો, વિદ્યાતણો ઉદ્યમ નવિ કર્યો; વિદ્યાવંત નર માને સહુ, વિદ્યાવંત પૂજા લહે બહુ. ॥૩૭॥ તું નિરબુદ્ધિ માંહે શિરે, વહે ધણમજૂરી કરે; તાત સુવચન સુણ્યો કાન, દુઃખ લાગ્યું મન મેરૂ સમાન. ॥૩૮॥ અપ-માન્યો મનમાં લાગ્યું ઘણું, દૂષણ લાભે સોય આપણું; ભોલપણે જન્મ આલિં ગયો, ઇચ્છાએ બહુ રમતો રમ્યો. ॥૩૯॥ અન્ન ન થોભું એકે ઘડી, જલ વાવરવા મુજ આખડી; કુવચન તાતતણું સાંભલી, સાલપરે હીયડે ખલભલી. ॥૪૦॥ વિદ્યા

ભણવાની હુઈ ખાંતિ, વાત વિચારી મન એકાંતિ; નવિ પૂછયું નિજ માય ને તાય, આપમાન્યો પરદેશે જાય. ॥૪૧॥ શુભ શુકન પ્રયાણું કરે, કાશ્મીરદેશ ભણી સાંચરે; દેશતણી રાણી સરસ્વતી, આરાધી આપે શુભ મતી. ॥૪૨॥ નવહંસપાટણ દેશ પ્રસિદ્ધ, પુરપ્રવેશ બુદ્ધિ શેખરે કીધ; પંડિત બહુલા વસે તિણે નયરી, દેખી સ્યાતા ઉપની સપરી. ॥૪૩॥ જનાર્દન પંડિત ગુણપાત્ર, ભણાવે ધર્મે બહુ છાત્ર; બુદ્ધિશેખર પંડિત મંદિરે, આવ્યો અંગે બહુ આણંદ ધરે. ॥૪૪॥ તે પંડિતના પ્રણમી પાય, વિદ્યા મુજ શીખવો ગુરુરાય; વિનય વડો ગુણ છે તસ પાસ, વિદ્યા શીખવે મન ઉલ્હાસ. ॥૪૫॥ શ્લોકઃ ॥ कलहे कोटिविघ्नानि, दातारे कोटियाचकाः । पंडिते कोटिमित्राणि, विनये कोटिगुणानि च ॥४६॥

## ॥ ચોપાઈ ॥

વિનય ભગતિ ગુરૂની સાચવે, હિત આણી વિદ્યા શીખવે; મન રીઝવે સોય પંડિતતણું, સેવા કરતાં ફલ લહે ઘણું. ॥૪૭॥ શીખ્યા શાસ્ત્રતણા બહુ મર્મ, જ્ઞાનાવરણી ક્ષય હવું કર્મ; શીખ માંગી ભણી પાછો વળે, જાણે કુટુંબ મુજ વેગે મળે. ॥૪૮॥ માર્ગે વહે અતિ ઉતાવલો, સાસ ભરાએ થાએ આકલો; આવી મહાપંથ અટવી વચે, આરોગે ફલ ફુલ જે રૂચે. ॥૪૯॥ સરોવર નીરખે અટવી મધ્ય, અનેક તરૂ ઉગ્યા તસ પરસિદ્ધ; દેવ ભુવન તસ પામી તુંગ, જાણે મેરૂતણો એ શૃંગ. ॥૫૦॥ બુદ્ધિ શેખર તિહાં વાસો વસે, મધ્યરયણી કૌતુક હુવો તિસ્યે;

દિ૦ ૩૫ આઠ કુમારી તિહાં, આવી દેવ ભુવન મધ્યે જિહાં. ॥૫૧॥ ચરણે નેઉર ઘૂઘરમાલ, ચંદ્રમુખી મૃગનેત્ર વિશાલ; નવયૌવન ગુણવંતી બાલ, અષ્ટમી શશિ જસ ઓપે ભાલ. ॥૫૨॥ મસ્તકે રયણ જડીત રાખડી, વિકસિત નયણ કમલ પાખડી; વાંકી શ્યામ ભમૂહ કમાણ, તાકી મૂકે દગ કુર બાણ. ॥૫૩॥ અધરબિંબ ગલ મુદિત કપોલ, પત્રાલીકૃત મૃગમદઘોલ; નાસા શુકમુખ લાંબી ઘણી, જાણે શુકમુખ મોતી ચુણે. ॥૫૪॥ કુચ ઉચ્ચ હેમકુંભ અતિસુઘટ્ટ, હાર નઠાર લહે વિચકિ કટ્ટ; દિવ્ય આભરણ ભૂષિત અંગ, દિવ્ય વસ્ત્ર પહેર્યાં બહુરંગ. ॥૫૫॥ કે રંભા કે રતિ રોહિણી, કે ઉરવશી કે એ મોહિણી; કેં ફણિપતિની કુમરી વલી, કેં વિદ્યાધરી અમરી મલી? ॥૫૬॥ બુદ્ધિશેખર ચિંતે કુણ એહ, જેણે પહેર્યાં અંગે શુભ વેષ; દેવપૂજા કરી પાછી વલી, કુમર પ્રતિં તેડે મનરૂલી. ॥૫૭॥ અવો કૌતુક જોવા ભણી, જો તુમ ખંત હોયે મનમાં ઘણી; બુદ્ધિશેખર તસ કેડે થાય, સરોવર પાલે કુમરી જાય. ॥૫૮॥ જલમાંહિ સીધી ઝંપા દીએ, કુઅરે વિમાસણ ઉપની હીયે; દેખત પેખત જલમાંહિ ગઈ, પરતક્ષ ઐસી વારતા હુઇ. ॥૫૯॥ દસદિન પાળે બેસી રહ્યો, જલમધ્યે જાવા લાગા ન લહ્યો; મંત્રીસુત આવ્યો ઉજ્જેણી, મીલ્યો કુટુંબને બહુ હર્ષેણ. ॥૬૦॥ તિહાં જઇ ભેટયો વિક્રમ નૃપ, અટવીનું કહિયું સકલ સ્વરૂપ; વિક્રમ મનમાં કૌતુક વસ્યું, તે જોવા મન અતિ ઉલ્લસ્યું. ॥૬૧॥ નૃપ તેડી

બુદ્ધિશેખર સાથ, ચાલ્યા દોય મંત્રી નરનાથ; અનુક્રમે દેહરે આવ્યા રાય, આદીશ્વરના પ્રણમે પાય. ॥૬૨॥ મૂરતિ દીઠી સોહામણી, અંગે રોમાંચ વ્યાપ્યો ભૂધણી; કેસર ચંદન મૃગમદ સાર, અંબર મધ્યે ભૂરિ ઘનસાર. ॥૬૩॥ પૂજા ભગતિ કરે પ્રભુતણી, દોલત આપે જે અતિઘણી; કૌતુક પેખે સરોવર તણાં, વળી આવ્યા દેહરે દોય જણાં. ॥૬૪॥ પોઢયાં રયણી મધ્ય જબ હવી, અચરિજ વાત હુઇ અભિનવી; જાગે નૃપ મંત્રી નિદ્રાં લહી, આઠ કુમરી તિહાં આવી સહી. ॥૬૫॥ તેજપૂંજ તસ રૂપ અપાર, જાણે ઉગ્યાં દિનકર બાર; પરમેશ્વરની પૂજા કરે, તે દેખી વિક્રમ મન ઠરે. ॥૬૬॥ રંગ મંડપ જબ આવી સહુ, નાટક નૃત્યકલા કરે બહુ; અનેક તાન માન કરે રાગ, સાચો જસ પ્રભુ ઉપરે રાગ. ॥૬૭॥ પોઢયો સર્વ નિહાલી રાય, અચરીજ દેખી હર્ષ ન માય; દેવીરૂપે મયણની આલિ, હરિલંકી હંસગમની ચાલિ. ॥૬૮॥ સેંધી સાથે વલી જેતલે, એહવી વાણી વદે તેતલે; પોઢયા જણ દોય દેવલ મઝાર, અહો પરદેશી ગુણભંડાર!. ॥૬૯॥ આવો શીઘ્ર તુમ્હ અમ્હ સાથ, તેડી સાન કરે નિજ હાથ; આવો કૌતુક દેખાડીએ, તેહને અત્ર વળી પહોંચાડીએ. ॥૭૦॥ વિક્રમ કેડે થયો સાંચરે, ખિણ નવિ તેહથી કો પાંતરે; જબ તેણે જલમધ્યે ઝંપા દીધ, વિક્રમ ભૂપે તિમ વલી કીધ. ॥૭૧॥ પુર પાતાલતણી ઋદ્ધિ દીઠી, દેવતણાં બહુ ભુવન વિશિષ્ટ; કુમરી આઠ આવી નૃપતીર, પ્રશંસે અહો! સાહસધીર! ॥૭૨॥ અમ્હ પુણ્યે તું આવ્યો

આજ, એહ પુરીનું તું ભોગવ રાજ; વિલસો દિવ્ય ભોગ વળી ભલા, નાટક નૃત્ય જુઓ અમ્હ કલા. ।।૭૩।। ભૂપ ભણે અવધારો સુરી, તુમ્હ પ્રસાદે મુજ છે ઋદ્ધિ પુરી; જે એહ વાચા સાચી કહી, માહરે અણુરૂં કાંઈ નહિ. ।।૭૪।। દેવી પ્રતિં ભૂપ પૂછે વાત, પ્રકાશો તુમે આપણી જાત; અમો દેવી અછું અષ્ટ મહાસિદ્ધિ, તૂઠી આપું વંછિત ઋદ્ધિ. ।।૭૫।। તું પુણ્યવંત કરે ઉપકાર, સાહસિક સત્વવંત ઉદાર; અષ્ટ રતન દીજે લ્યો સ્વામી, અષ્ટ મહાસિદ્ધિ આવે કામિ. ।।૭૬।। આગત સ્વાગત કીધી ભલી, દેવી પ્રશંસા કરે વલી વલી; મોકલાવી નૃપ પછી વળે, દેહરે નૃપ મંત્રી દોય મલે. ।।૭૭।। વલી નૃપ ભેટયા આદીશ્વરદેવ, પૂજી પ્રણમી કીધી સેવ, ઉજ્જેણી આવ્યા દોય જણા, પંથે પેખે કૌતુક ઘણાં. ।।૭૮।। દારિદ્રી મિલ્યો પંથી એક, કરી પ્રણામ નૃપપ્રતિ વિવેક; કર જોડી દિન ભાખે મુખિં, આજ પહિલ્યાં વોલ્યાં દિન દુઃખી. ।।૭૯।। आर्या ।। केपि सहस्रंभरयः, लक्षंभरयश्च केपि केपि जनाः । नात्मंभरयः केपि फलमखिलं सुकृतदुष्कृतयोः ।।૮૦।। દૂહા ।। દો હત્થા દો પાઉડા, દો નયણાં દો કન્ન; એક ભરે શત ઉદરાં, એક ન પાવિં અન્ન ।।૮૧।। ચોપાઈ ।। હવે તુમેં મિલિં ટલી આપદા, તુમ દરિશને હોસ્યિં સંપદા; એહવાં દીન-વચન સુણી ભૂપ, આપ્યાં તસ આઠ રતન અનૂપ. ।।૮૨।। આશ પૂરે પરની જગિં જેહ, એણિં સિંઘા-સણિં બેસેં તેહ; એકવીસમી પૂતલી કહે સુણી વાત, સુણ હો રાજા ભોજ વિખ્યાત. ।।૮૩।। કવિયણ

સિંહતણી૦ इति सिंहासनबत्रीसीइं एकवीसमी पूतलीकथा पूर्णः ॥२१॥

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસણિં જબ પરઠેં પાય; બાત્રીસમી બોલી પૂતલી, સાંભલ ભોજ કથા નિરમલી. ॥૮૪॥ ઉજ્જેણી સહુનયરી શિરે, નવિ કો સુપનિં ઉચાલો ભરેં; રાજ કરેં વિક્રમ નરનાથ, પોતિં ન્યાયવંત નિજ સાથ. ॥૮૫॥ અહનિશિ ધ્યાન ધરેં નૃપ ખરૂં, દીન દુખીત જનનેં ઉધરેં; નિજ શકતિં ઉપગાર બહુ કરેં, રખે પરકજથી પાંતરેં. ॥૮૬॥ એકદા ઉત્તર પંથનિવેશ, જોવા કૌતુક તણો ઉદ્દેશ; અચલપુર પહુતો રાજન્ન, દેવમંદિર છિં તાસ આસન્ન. ॥૮૭॥ તિહાં પ્રવેશ હુઓ પાવન્ન, મૂરતિં દીઠી અતિ સુપ્રસન્ન; આદિપુરુષ જિનવર જગદીશ, વિક્રમનૃપ તસ નામિં શીસ. ॥૮૮॥ જય જય સ્વામી જગદાધાર, મોક્ષમાર્ગતણો દાતાર; સ્વામી ભવોદધિ દુસ્તર તાર, પ્રભુ! મુઝ આવાગમન નિવાર. ॥૮૯॥ કોટિ બ્રહ્માંડ તણો તું ઇશ, સુરનર બહુ તુઝ નામિં શીસ; તું સાહિબ સમરથ જિનરાજ, તુમ દરિસન ભલું દીઠું આજ. ॥૯૦॥ દૂહા ॥ તુમ દીઠેં દુઃખ સવિ વિસરૈં, તુમ દીઠૈં સુખ હોય; તુમ દીઠેં વંછિત ફલિં, મુઝ સનમુખ પ્રભુ જોય. ॥૯૧॥ ચોપાઈ ॥ જન્મ જરા ભવ સંચિત પાપ, તેહ તણો ટાલો સંતાપ; વિક્રમ બહુ પામ્યો આણંદ, રંગમંડપ જઈ રહિં નરિંદ. ॥૯૨॥ સુખિં નૃપ તિહાં

વાસો વસૈં, પરદેશી એક નર મિલ્યો તિસૈં; તેહસ્યું ગોઠિ મીલી અતિભલી, બેહુ જણ વાત કરે મન રૂલી. ॥૯૩॥ પરદેશી પભણે મુખિ વાણી, સાચું કહિં જગદીશની આંણ; તું તો દીસૈં છે ભૂપતિ, તુઝ પ્રતિં એક કરૂં વિનતિ. ॥૯૪॥ મુજ ઉપરિ તું મ ધરિશ ખેસ, કાં તું રડવડિં દેશવિદેશ ?; બયઠો સુખ ભોગવી એક ઠામિં, નહિં ફિરવાનું તાહરૂં કામ. ॥૯૫॥ પુણ્ય કરો એકઠામિં રહી, રડવડતાં દુઃખ પાંમો સહી; સુણી પરદેશી વિક્રમ કહિં, તું પરમારથ કિંપિ ન લહિં. ॥૯૬॥ પુણ્ય કરિં તસ જાણિ મન્ન, ઉત્તમ તે ન કરે ચઉકન્ન; પુન્ય કરિં તે માનવ ધન્ન, પુણ્ય કર્યું જે ફલે અસન્ન. ॥૯૭॥ રાજઋદ્ધિ બહુ ધનપરિવાર, નર અવતાર લહિઓ બહુવાર; અનંત વાર વલી પામ્યો ભોગ, દોહિલો ધર્મ-તણો સંયોગ. ॥૯૮॥ શ્લોક ॥ हेमहर्म्यांगणे क्रिडन्, कलभाः सुलभाः श्रियः । सुलभं यौवनं चापि, दुर्लभं धर्मसाधनं. ॥९९॥ ચોપાઇ ॥ પરદેશી સુણ વલી તુઝ ભણું, તું દુઃખીઓ દીસૈં છૈં ઘણું; મુઝ આગલિં તું વાત પ્રકાસ, તાહરાં મનમાં શી છૈં આસ ?. ॥૧૧૦૦॥ કહિં પરદેશી ભૂપતિ સુણો, મુઝ મનોરથ છિં અતિ ઘણો; પર્વતનીલ નીલ જિસી પાચી, તિહાં કામાખ્યા દેવી સાચી. ॥૧॥ જિરિ ઉપરિં સુર આવાગમન, અનોપમ દેવીતણું છિં ભવન; ત્રૈલોકયમાં એહનું નામ, તિહાં મુઝ એક ન સીધું કામ. ॥૨॥ એક વિવર છિ ભવન સમીપ, મુક્તાફલ જિમ મધિં હુઈ

સીપ; તેહનિં મુખિં જડીઆ છિં બાર, રસ કૂંપિકા છિં તેહ મઝાર. ॥૩॥ બાર વરસમૈં તિહાં. તપ કર્યો વિણ મુજ એકો અરથ ન સર્યો; પેસી ન શકયો વિવર મઝાર, એહ મુજ મને છે દુઃખ અપાર. ॥૪॥ નૃપ કહે ચાલો જાઈઈ તિંહા, દેવી રસકૂંપિકા છિં જિહાં; બિહુ મિલી તિણિ થાનકિ ગયા, ભવન દેખી રલિયાયત થયા. ॥૫॥ વિક્રમ પેખે અનોપમ ઠામ, દેવીપ્રતિં જઇ કર્યો પ્રણામ; નિરખ્યું દ્વારજડિત સોય કૂપ, વાસો વસી દેવીભુવનિં ભૂપ. ॥૬॥ દેવી સુપને ઇમ આવિ ભણેં, વિક્રમ તાસ વચન ઇમ સૂણિં; બત્રીસ લક્ષણવંત નર સોય, કમલપૂજા કરિં સોય. ॥૭॥ તો એહ ઉઘડિં નિશ્ચિં બાર. અર્થસિદ્ધ હોવિં નિરધાર; જાગ્યો નૃપ જબ હુવો પ્રભાત, સાથીનિં કાંઈ ન કહી વાત. ॥૮॥ વિવરદ્વાર કાઢી કરવાલ, કમલપૂજા કરવા ભૂપાલ; કંધિ ઊપરિ મેલ્હીં જેતલૈ, દેવી હાથ ગ્રહ્યો તેતલૈ. ॥૯॥ હું તૂઠી તુઝ સાહસ પ્રમાણ, માંગિં વર નૃપ મ કરીસ કાંણ; દેવીપ્રતિં કહિં વિક્રમ તામ, આ પુરૂષનું સિદ્ધ કરો કામ. ॥૧૦॥ રસ કૂંપિકા સિદ્ધિ હુઇ તાસ, સુખી થયો પામ્યો ઉલ્હાસ; વિક્રમનૃપના ગુણ ઉચ્ચરે, તું સાચો નરોત્તમ શિરે. ॥૧૧॥ ભલિં કામ એહવું એહતણું, નૃપ અનુમોદિં પુણ્ય આપણું નૃપ પહોતો ઉજ્જેણીપુરી, કરીં ખેપ સવિં હોઇં પાધરી. ॥૧૨॥ એહવો સમરથ પરકજ જેહ, એણિં સિંહાસણિં બેસૈં તેહ; બાવીસમી પૂતલી સુવિસાલ,

પભણે નિસુણો ભોજ ભૂપાલ. ॥૧૩॥ કવિયણ સિંહતણી० इति सिंहासनबत्रीसी बावीसमी पूतली कथा ॥२२॥

## ॥ ચોપાઇ ॥

પુનરપિ મુહુરત લીધું રાય, સિંહાસણિ જબ પરઠે પાય; ત્રેવીસમી બોલી પૂતલી, સાંભલી ભોજ! કથા નિરમલી. ॥૧૪॥ જગિં ઉત્તમ ઉજેણી પુરી, બહુ ધન ઘણ નરરત્નિં ભરી; તિહાં વિક્રમનરપતિ રાજીઓ, જસમહિમા મહિયલ ગાજીઓ. ॥૧૫॥ રાજસભા પૂરી બયઠો ભૂપ, જાણે ઇંદ્રિસભા તસ રૂપ; દેશવિદેશતણા ભૂપતિ, ઉભા રહ્યા બહુ કરે ખીજમતિ. ॥૧૬॥ રાજકૂલી છત્રીસે મિલી, સેવા સારે મનરૂલી; મંત્રી બહુ મહિતા પડવડા, કરિ ઓલગ આગલિં ખડા. ॥૧૭॥ લખજોધ સહસજોધ સુભટ્ટ, હથીઆરિં પૂરા અતિવિકટ્ટ; રાતિં દિવસ બહુ કરિં ચાકરી, નૃપ સન્મુખિ રહિં દૃષ્ટિ પાધરી. ॥૧૮॥ નૃપ સમીપ રહિ વિબુધ અનેક, દાખિં શાસ્ત્રતણા સુવિવેક; ગીત કાવ્ય કવિતની કલા, દેખાડે ગુણ પંડિત ભલા. ॥૧૯॥ ષટભાષાનો વિક્રમ જાણ, અષ્ટાદશ લિપિ લહિં વિન્નાણ; ભૂચર ખેચર સુરની ભાખ, લહે નૃપ અંગે છે ગુણ લાખ. ॥૨૦॥ સભા વિસર્જી અનુક્રમે રાય, મર્દન સ્નાન કરીં શુચિ કાય; દેવપૂજાદિક જે ષટ કર્મ, કરે ધર્માધર્મ રાય વિક્રમ. ॥૨૧॥ श्लोकः। देवपूजा दया दानं, तीर्थयात्रा जपस्तपः। दानं चेति गृहस्थानां, षट्कर्माणि दिने दिने ॥२२॥ ચોપાઇ ॥ ષટરસ સુરસ ભોજન કરિં, સંચિં પુણ્ય પાતક હરી;

નિશા હવી સુખસેજ મઝાર, પોઢયા વિક્રમ ગુણ-ભંડાર. ॥૨૩॥ દેવ ગુરુ ધર્મ સમરણ કરી, સ્વલ્પ-બોધ નિંદ્રા અણુસરી; નિશાઅંત હુવો જેતલેં, અશુભ સ્વપ્ન લહ્યું તેતલેં. ॥૨૪॥ નૃપ જાગ્યો મનિં ચિંતે ઇસ્યું, અશુભ સ્વપ્ન લહિઉં મેં કિસ્યું !; ઊઠી સેજથી જપિં અરિહંત, દોષ અઢાર રહિત ભગવંત. ॥૨૫॥ काव्यं । इतोऽरिहंतं परतोऽरिहंतं; यतो यतो यामि ततोऽरिहंतं । विनारिहंता भवना न पश्या-म्यतोऽरिहंतं शरणं प्रपद्ये ॥२६॥ गाहा । सव्वे ताह पसत्था, सुमिणा ओगा गहा य णक्खत्ता । तिहुयणमंगलनिलयं हिअयम्मि जिण वहंताणं ॥२७॥ ચોપાઇ ॥ સુપન નિરખ્યું રયણી મઝાર, મંત્રી આગલિં કહીં વિચાર; મંત્રી કહે રાજન અવધાર, દુઃસ્વપ્ન હોઈ અરિષ્ટ અપાર. ॥૨૮॥ વલતું નરપતિ બોલે વાંણ, મંત્રી તું નિશ્ચય કરી જાણ; પુણ્યેં દુષ્કૃત દૂરિં જાય; પુણ્યેં દોલત વાધે આય. ॥૨૯॥ પુણ્યિં તરુફલ પરતષિ હોય, વયરી પરાભવ ન કરેં કોય; અશુભ શાંતિ હોઈ પુણ્યપ્રભાવ, કીજે પુણ્ય સદા મનભાવ. ॥૩૦॥ धर्मेण हन्यते व्याधिः, धर्मेण हन्यते ग्रहः । धर्मेण हन्यते शत्रुः, यतो धर्मस्ततो जयः ॥३१॥ ધન સંપદ ઠકુરાઈ વડી, પુણ્યવિના ન રહેં અધ ઘડી; કીજેં પુણ્ય જો તો થિર થાય, મંત્રી પ્રતિં પભણેં ઇમ રાય. ॥૩૨॥ બહુ દ્રવ્યિં મુઝ ભર્યો ભંડાર, લોક સકલનિં કરૂં ઉપગાર; લાહો લીજેં લક્ષ્મીતણો, એહનો લોભ ન કીજેં ઘણો. ॥૩૩॥ પડહો વજડાવ્યો નયર મઝાર, સહુકો આવો રાજદુવાર; મોકલો મૂકે રાય ભંડાર, લૂંસિ ત્રિણ

દિવસ નરનાર. ॥૩૪॥ લેઈ સકે તિમ લીઈં અન્ન, ઘર ઘર દીસૈં ધનસંપન્ન; હરખિત હોઈ સહૂજન તન મન્ન, સહુ મુખિં બોલિં અમૃત વચન્ન. ॥૩૫॥ લોક સકલ રાય કીધા સુખી, કો નવિ ભાષૈં અમ્હે છું દુઃખી; ઈંદ્રિસભા થઇએ વારત્તા, ઈંદ્ર પ્રશંસીં ગુણ જેહ છતાં. ॥૩૬॥ વિક્રમ જામલિ નહી કો દત્ત, દાન-વિશેષિં વડું વલી સત્ત; દેવ આવી વલી ભરૈં ભંડાર, દાતા ભુગતા નિં દેય દાતાર. ॥૩૭॥ એહ ઉખાણો સાચો હૂઓ, દત્તતણું ફલ પ્રત્યક્ષિં જુઓ; દાનેં યશ કીરતિ વિસ્તરે, સુર નર કિન્નર ઓલગ કરે. ॥૩૮॥ એહવો નૃપ ઉદાર હોઈ જેહ, એણીં સિંહાસણિં બેસે તેહ; ત્રેવીસમી પૂતલી કહીં વાત, નિસુણો ભોજ! ચતુર વિખ્યાત. ॥૩૯॥ કવિયણ સિંહ૦ ॥
इति सिंहासण बत्रीसी त्रेवीसमी पूतली कथा ॥२३॥

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસણિં જવ પરઠૈં પાય; ચોવીસમી બોલી પૂતલી, સાંભલો ભોજ! કથા નિરમલી. ॥૪૦॥ ઉજ્જેણીપુરી બહુ ધનવિસ્તાર, લાંબી પરીધિ નવ યોજન બાર; વસિં વર્ણાવર્ણ અઢાર, છયલ ઘણા છાના દાતાર. ॥૪૧॥ રાજ કરેં વિક્રમ બલવંત, અતિ પ્રતાપી તેજ અનંત; દયાવંત દાતાર નિં સૂર, અધિકું ઓપે નૃપમુખિં નૂર. ॥૪૨॥ શ્રીપતિ તિહાં વ્યવહારી વસેં, દાન દયા ઉપરિ ઉલ્હસેં; પ્રાણપ્રિયા તસ શ્રીમતી નાર, પૂછિં વિનય વિવેક વિચાર. ॥૪૩॥ શ્રીદત્ત સોમદત્ત ધનદત્ત નામ,

વરદત્ત ચોથો સૂત અભિરામ; ધન કોટિ બહુ ઋદ્ધિ પરિવાર, જગમાં કોઈ ન લોપે કાર. ॥૪૪॥ એક દિન શેઠ અંગિં હુઈ વ્યથા, લિખ્યો લેખ ન મિટેં સર્વથા; કારિમી માયા કાયાતણી, કાચા કુંભ સમોવડી ગણી. ॥૪૫॥ સાજન સહુકો કરૈં ઉચાટ, બયઠું સહુકો વીંટી ખાટ; સાજન સનમુખ બેસી રહિં, કર્મવેદની કો નવિ ગ્રહીં. ॥૪૬॥ મીલ્યા પુત્ર વીનવીઓ તાત, આપો વિંહરી ધરમીરાત; તુમ્હ વચન નવિ લોપિં કોય, રાગરંગ માંહોમાંહિ હોય. ॥૪૭॥ પુત્ર ચિહુંપ્રતિ પભણૈં તાત, તુમ્હે ભલા છો પુત્ર સુજાત; મુઝ મનિં પુત્ર સારીખા ગણું, તુમ્હને મુખિં સ્યું કહીઈ ઘણું?. ॥૪૮॥ રખે માહરી લજ્યા ગમો, સુસંપા હોયો તુમ્હો ઘણું; હું પોઢયો જિણિ સેજ મઝાર, તેહતણા છેં પાયા ચ્યાર. ॥૪૯॥ કલસા ચ્યાર તેહ હેઠલિ ભર્યા, ધનતણા ભાગ સરીષા કર્યા; વહિંચી લીયો ધરમી રાત, કોય મ ધરજો હિયડિં ભ્રાંતિ. ॥૫૦॥ શ્રીપતિ પોહોતો તે પરલોક, કેતલાદિન તેણે આણ્યો શોક; પાયા ઠામ ચિંહું વિંહચી લીયા, ધનતણા ભાઇ બહુ અરથીઆ. ॥૫૧॥ ખણૈં ધરતી પાયા હેઠ, પ્રથમ પુત્ર પેખેં નિજદ્રેઠ, કલશ ઉઘાડી જોયો જામ, માંહે માટી દીઠી તામ. ॥૫૨॥ તાતેં એસી કીધી ઘાત, મુઝ સમઝાવ્યો કૂડિ વાત; કેડિં કરણી કીધી કિસીં?, વૃદ્ધપણિં નિશ્ચૈં મતિ ખસી. ॥૫૩॥ બીજો બંધવ કરે પ્રયાસ, ધનતણી મનિં મોટી આસ; અસ્થિ નિરષીં કલસામાંહિ, તાત ગયો મુઝનેં વલી વાહિ. ॥૧૪॥ ત્રીજો બંધવ

અ.શાવંત, થાનકિં ત્રીજે ભૂમિ ખણંત; કલશ ઉઘાડી જોવે જિસ્યૈં, કુકસ માંહિથી દીઠા તિસ્યૈં. ।।૫૫।। તાત ગયો મુઝને છેતરી, વૃદ્ધ હુઓ તવ સહી મતિ ફિરી; વરદત્ત ચોથો બંધવ યદા, ખણતાં કલશો પ્રગટયો તદા. ।।૫૬।। કોયલેં ભરીઓ નીરખે તામ, તાતેં એ સ્યું કીધું કામ ?; લઘુ બંધવ બહુ વિલખો થયો, તાત કપટ મુઝનેં કરી ગયો. ।।૫૭।। ચિહું બંધવ નવિ પૂગી આસ, આશાવંત પણ હુઆ નિરાશ; માંહોમાંહિ હુઆ ઉત્સુકમન્ન, ધન કારણેં સો વઢે આસન્ન. ।।૫૮।। આપ આપણો ખાંચિં (ખેંચે) બોલ, કૂસંપાઇ કરે નિટોલ; ડાહ્યા જણ પ્રતિ પૂછે ન્યાય, કહેનેં નવિ ઉપજે ઉપાય. ।।૫૯।। સમજાવ્યા પિણિ સમઝૈં નહી, મિંલો લોભ જગિ જાંણો સહી; કુણ બંધવ નેં કુણ માય તાય, ધન કારણ સહુ વઢવા ધાય. ।।૬૦।। મચ્છર ધરતા વઢતા ચ્યાર, આવ્યા વિક્રમસભા મઝાર; વાત તાત-તણી સવિ કહી, વિક્રમનિં ન્યાય ઉપજે નહિ. ।।૬૧।। પ્રધાન પ્રમુખ નવિ પ્રીછેંન્યાય, રાજાદિક સહુ વિલખા થાય; ભાવિ પદારથ ન ટલેં કોય, જો સુપરપતિ કોડિ મીલિયાં હોય. ।।૬૨।। પૂર્વ નિર્મિત ભાખ્યું જેહ, મિલિ વાત પહિલી કહિં તેહ; ન્યાય ચૂકસ્યે પુર પઇ-ઠાણ, લઘુવયથી શાલિવાહન જાણ. ।।૬૩।। વિક્રમનૃપનેં તે જીપસ્યિં, નિજ દલબલ કરી સનમુખિં હુસ્યૈં; તત્ર ચિહું પ્રતિં મોકલિં ભૂપ, જાણેં જે અરિતણું સ્વરૂપ. ।।૬૪।। પુર પયઠાણ પહુતા ચ્યાર, આવ્યા સોય જિહાં વસૈં કુંભાર; મનિં ચિંતવિં એહવો ઉદેશ,

ભોજન કરી કિજૈં પરવેશ. ॥૬૫॥ કુભારતણૈં ઘરિ બયઠા જામ, શાલિવાહન પુત્ર આવ્યો તામ; શાલિવાહન પુત્ર બ્રાહ્મણીતણો, એહની ઉતપત્તિ કહીઈ સુણો. ॥૬૬॥ દેવદત્ત બ્રાહ્મણ અભિરામ, વસે વાસિ સદા તિણે ગ્રામ; પુત્ર બિહુ ઉપરિ તસુ તણૈં, સુતા ઉપની મનોરમા ઘણૈં. ॥૬૭॥ અનુક્રમિં સા યૌવનવય ચડી, પિતાતણઇં વર ચિંતા પડી; જોતાં સમોવડિ કર્યો વિવાહ, બિહુતણે મનિં અતિ ઉત્સાહ. ॥૬૮॥ સુખ સંસારતણાં વિલસીઆં, વરસ કેતલાં સુખિં વોલીયાં; દૈવયોગિં સા વિધવા હુઇ, સુખશાતા પ્રીયું સાથે ગઇ. ॥૬૯॥

॥ દોહા ॥

માન મહોત લહે કામિની, પ્રિઉડા તણિં પસાય;
કંત વિહૂણી કામિની, અબલા કહીયા જાય. ॥૭૦॥

कौसुमं कज्जलं कामं, कंकणं कर्णकुंडलं;
गमे भर्त्तरि नारीणां, ककारा पंच दुर्लभाः ॥७१॥

## ॥ ચોપાઇ ॥

સદા રહીં નિજ બંધવ સંગિ, પાલીં નિરમલ શીલ અભંગિ; એક દિન યમુનાજલિં કરે સ્નાન, નાગકુમાર બેઠો તિણિ થાન. ॥૭૨॥ ઝીલંતાં સા દીઠી નાર, કામાતુર હુઓ નાગકુમાર; રતિ અવસર છૂટા કેશ, સુંદરરૂપ નવયૌવન વેશ. ॥૭૩॥ પ્રચ્છન્ન ગુપ્ત તસ મિલ્યો સંયોગ, ¹પ્રાણિં તેહસ્યું કીધો ભોગ;

૧ પરાણે.

કર્મયોગિં તસ રહ્યું ઓધાન, સ્ત્રાંઈ સુરપ્રતિં શીખી સાન. ॥૭૪॥ કરજો મુઝ પુત્રકેરી સાર, વાચ દેઇ ગયો નાગકુમાર; કેતલિં દિનેં સો પ્રગટયું કર્મ, ગર્ભતણો ભાઈ પૂછેં મર્મ. ॥૭૫॥ પૂછી વાત સા સાચી કહી, તાસ વચન ભાઈ નવિ સદ્દહી; અબલા-તણો નવિ માન્યો બોલ, ભાઈ નીવડયા નેટિ નિટોલ. ॥૭૬॥ દુઃખદાયી હૂઆ ભાઈ સહી, મંદિરથી કાઢી લટ ગ્રહી; કર્મતણી ગતિ કો નવિ કલઇ, કર્મ પ્રતિઃ કુણિં નવિ ચલિં. ॥૭૭॥ રાજા બોલિં તે સવિ ન્યાય, નિર્ધન બોલે તે સવિ વાય; ભૂખ્યો દર્ખે તે સવિ ખાય, પાસો જેહ પડિં તે દાય. ॥૭૮॥ વયરી જેહ કરિં તે ધાય, હિત કરિં તે સઘલી માય; મન્ન મીલૈં તિહાં લોચન ધાય, કર્મ કરૈં તે નિશ્ચય થાય. ॥૭૯॥ બ્રાહ્મણી જીવપ્રતિં આપ કહિં, સુખ દુઃખ જીવ! કમાયાં લહી; અજ્ઞાન પણૈં જીવ જે કરૈં પાપ, પરવસિં પામિં બહુ સંતાપ. ॥૮૦॥ ભાઈ મનિ અતિ ઝાખાં થયા, ગામ તજી પરદેશિં ગયા; શરમ-વંત શોભા અરથીયા, કુકર્મ દેખી અતિ લાજીયા. ॥૮૧॥ એકાકી સા અબલા બાલ, આવિં પરજાપતિ જિહાં સાલ; જે વિધિ સુખ દુઃખ લિખીઉં ભાલ, નિશ્ચિત તે લહિં રંક ભૂપાલ ॥૮૨॥ પ્રજાપતિ પ્રતિં પૂછિં ઈસ્યું, કહો તો તુમ્હ મંદિર હું વસું; બ્રાહ્મણીનો લહ્યો સકલ વિચાર, મીઠા બોલ તસ દીઈ કુંભાર. ॥૮૩॥ બાઈ! ચિંતા મ કરિં લગાર, પરમેશ્વર દેશ્યૈં આધાર; ચિત્ત મ ધરજો દુઃખ લગાર,

સુખ સમાધિ રહો અમ્હ દ્વાર. ॥૮૪॥ પુત્ર જાયો ત્રિણિં પૂરે માસ, જાણે ઉદયો રવિ સુપ્રકાશ; સુતમુખ નિરખેં મન ઉલ્હાસ, સફલ ફલી અબલાની આશ. ॥૮૫॥ [1]સિંધાં દુઃખ ગયાં વિસરી, પુત્ર ઉપરિ બહુ માયા ધરી; વાધેં સુત બીઅ ચંદ પરિં કલા, અંગિં થકી ઊપજેં ગુણ ભલા. ॥૮૬॥ બાલ ભેલો રમતેં રમેં, સાત વરસ વોલ્યાં અનુક્રમેં; કેલવી વાહન માટીતણાં, ગજ રથ ઘોડા પાયક ઘણાં. ॥૮૭॥ મુઝ તણું સૈન્ય ઇમ મુખેં ભણેં, એહ વચન સવિ બાલક સુણેં; ઠકુરાઈ વાંછેં બાલાપણેં, કેહની બીક મનમાં નવિ ગણેં. ॥૮૮॥ પ્રજાપતિની શાલાઈ વસેં, વાહન ઉપરિં મન ઉલ્હસેં; શાલિવાહન નામ સહુ કો ઠવિં, આગલિં વ્યતિકર નિસુણો હવિં ॥૮૯॥ શ્રીપતિ શેઠ તણા સુત ચ્યાર, આવ્યા પુર પયઠાણ મઝાર; ચિહુંતણાં વદન ચિંહુ દિશિં, રોઝ મુખા થઈ બેઠાં તિસ્યૈં. ॥૯૦॥ શાલિવાહન તસ પૂછિં વાત, ઉચાટીઆં કાં દિસો ભ્રાત ?; રૂપ સારીખાં છેં તુમ્હતણાં, પ્રકાશો જે દુઃખ આપણાં. ॥૯૧॥ ચિહું બંધવ તેહ પ્રતિં ઇમ કહિં, બાલા ભોલા ! તું નવિ લહિં; જે દુઃખભંજન હોઇં સમરત્થ, મનદુઃખ વાત કહિ જે તત્થ. ॥૯૨॥ પુનરપિ બોલ્યો બાલક વાંણ, કહો વાત તુમ્હે મ કરો કાણ; વાર વાર પૂછતો નવિ રહિં, જાણસું એ સહી ન્યાય નિરવહીં. ॥૯૫॥ તાત તણો વ્યતિકર તસ કહ્યો, શાલિવાહન પરમારથથી લહ્યો; તુમ્હ તાતેં

[1] સઘળાં.

ન્યાય કીધો ખરો, વિણ સમજ્યૈં તુમ્હે [1]વેઢિ કાં કરો ?. ॥૯૪॥ રાંગાપાંગા નાડી ન્યાય, હૃદય થકી ઉપજિં કહેવાય; પારખું વસ્તુ પરીખૈં ખરી, તે પણિ હીયડાં અક્કલેં કરી. ॥૯૫॥ દૂહા ॥ સુકં લાકડ લાખ ફલ, લાગાં દીઠિં જોઈ; કહે સિંહ સુણજ્યો ચતુરનર, અરથ વિચારી જોય. ॥૯૬॥ ચોપાઇ ॥ જાણ્યો [2]કોહિડો કુડી મૂલ, સૂકિં લાકડ બિંહું ફૂલ; કુંઅર ભણેં તુમ્હ જનક વિચાર, સુણ્યાં પછિં હોસ્યૈં હરખ અપાર. ॥૯૭॥ કલસમાંહિં પીલી ઠવી જેહ, હાટ વખાર મંદિર ધણી તેહ; જે કલસામાંહિં કૂકસ ભર્યા, જે કોઠાર બહુ ધાન્યે ભર્યાં. ॥૯૮॥ ધાન્ય તણો ધણી તે જાણજો, મનિં વિખવાદ કાંઇ મ આણજો; જે અસ્થિ ધર્યાં કલસામાંહિ, તે ભાગ ભાઇ લેવા વાહિ. ॥૯૯॥ ગાય ભેંસ વૃષભ બાકરી; ઉંટ પ્રમુખ ચોપદ જે તૂંરી; તે ભાઈ પ્રતિં તેહજ ભાગ, બીજી વસ્તુ ઉપરિ નહિ લાગ. ॥૧૨૦૦॥ જે. કલશામાંહિ ધર્યા અંગાર, સપ્ત ધાતુ ધણી તે નિરધાર; ચિંહું ભાગેં કરી [3]ધરમી રાત, ભલો ન્યાય કર્યો તુમ્હ તાત. ॥૧॥ એહવો ન્યાય સુણ્યો જબ કાંન, હર્ષ હૂઓ તસ મેરૂસમાન; ભાઈ ચિંહું મલી કીધો મેલ, અજબ દૂનીઆં તણો એ ખેલ. ॥૨॥ કીધો સંપ ચિહું બંધવ મિલી, ભેલું ભોજન કીધું વલી; દુધમાંહિ જિમ સાકર ભલી, ઘટ ઘટ પીતાં લાગિં ગલી. ॥૩॥ વાત સુણી પયઠાણ પુરધણી, સભામધ્ય તેડાવિં ગુણી; સઘલો વ્યતિકર જાણ્યોં

૧ વઢવાડ, ૨ જાણ્યો કોયડો કોડી મૂલ્ય, ૩ લક્ષ્મી.

તાસ, નૃપ સભાજન લહૈ ઉલ્હાસ. ॥૪॥ કુંવરતણી લહી બુદ્ધિ અપાર, નૃપ પ્રમુખ સહૂ કરૈં વિચાર; એહ નર દેવાંશી નિરધાર, રૂપેં જાણેં દેવકુમાર ॥૫॥ કુંઅરતણો ગુણ લહ્યો વિશાલ, નિજ સમીપ રાખેં ભૂપાલ; બંધવ ચ્યાર સો મન ઉલ્હાસ, ઉજ્જેણી પહોતા નિજવાસ. ॥૬॥ વિક્રમ રાયેં વાત સાંભલી, પુર પયઠાણ પત્રી મોકલી; રિપુમર્દન તે પુરનો ધણી, દૂત પાઠવ્યો શીઘ્ર તેહ ભણી. ॥૭॥ મુઝ અરિ તુઝ પુરી ઉપન્યો સુણ્યો, કુંભારતણી શાલાયેં જણ્યો; શાલિવાહન સો નામ ધરાય, તસ ગ્રહી મોકલજો અત્ર વાય. ॥૮॥ વલતું કહે રાય વિમાસી, શાલિવાહન સો વસ મુઝ વાસિ; મોકલતા ન રહેં ક્ષત્રી ધર્મ, વિશ્વાસઘાતી હૂઈ કુકર્મ. ॥૯॥ દૂહા ॥ કેસરી કેશ ભૂયંગમણિ, સરણાગય સુહડાહિ; સતીપયોહર કૃપણધન, લીજેં પંચ મૂઆહિં. ॥૧૦॥ ચોપાઇ ॥ વિક્રમ પ્રતિં કહાવ્યું ઇસ્યું, વયર અધિકું નૃપમન વસ્યું; વૈરી વ્યાધિ ઉગતી છેદીઈ, આગલિ અવગુણ કો નવિ દિઈ. ॥૧૧॥ અરિ ઉપરિં કટકાઇ કરૈં, પુર પયઠાણ ભણી સાંચરૈં; રિપુમર્દનરાય ખબરિ તે સુણી, તવ તેડાવેં સોય બ્રાહ્મણી. ॥૧૨॥ તુઝ સુતનિં હણવા આવીઓ, સૈન સબલ વિક્રમ લાવીઓ; ઈસી વાત તે ભૂપમુખિં સુણી, તવ તે હુઇ આમણ દૂમણી. ॥૧૩॥ સંકેત કહ્યો જિહાં નાગકુમાર, તિણેં થાનક સા આવી નાર; નાગદેવ કહિં થઇ પરગટ્ટ, કામિની કાંય કરૈં ઉચટ્ટ?. ॥૧૪॥ એહ કુંભા દેજ્યે સુતપાણિ, જે નિપાયા નિજ કરી

વાહણુ; ત્રિણિ ઠબકા દેસ્યેં તસ યદા, સૈન્ય સજીવ સહી હોસ્યેં તદા. ॥૧૫॥ વયરીસેન સકલ જીપસ્યેં, તુઝ સુત તેજ સબલ દીપસ્યેં; જિકે ફણિપતિ વિદ્યા કહી, તિકે સૂત પ્રતિં શીખવી સહી. ॥૧૬॥ વિક્રમ સાહમો વઢવા ધસ્યો, અર્ધચક્રીશું પ્રતિહર જિસ્યો; સૈન સબલ છૈં વિક્રમ તણું, શાલીવાહન વિદ્યા બલ ઘણું. ॥૧૭॥ અણીઅં અણી મિલિયાં કટક, બલ દાખેં શૂરયોધા વિકટ; આપાપણ વાંછેં જયવાદ, વાગ્યાં તિહાં રણતૂર નિનાદ. ॥૧૮॥ હાથી ઘોડેં બિહું કોરી ચઢિં, દંડાયુધ છત્રીશસ્યું વઢી; કેઈ પાલા પાયક પડવડા, ક્રોધેં પૂરા ઝૂઝેં ખડા. ॥૧૯॥ ધીંગડ ધસમસતા ધાવત, રીંગા રોસ ભર્યા ઝૂઝંત; પગપ્રહારિં અતિ ધૂજી મહી, હાકોહાક હુઇ તિહાં સહી. ॥૨૦॥ ગિરિ ડોલેં ને ધરણી ધડહડે, સૂરા હાંકેં પ્રચ્છંદા પડે; હઠીયા હાથિં ગ્રહી હથીયાર, ઝૂઝ કરે ઝાઝા ઝૂંઝાર. ॥૨૧॥ હાથો હાથિ નેં બાથો બાથિ, અબીથકા ઝૂંઝિ બિહૂ સાથિં; કો કેહનિં તિહાં હીનત નવિ દીઈ, સાહમા ઝુઝ ઝડપીનેં લિઇ. ॥૨૨॥ પતંગ પડેં જિમ દીપક માંહિ, શૂરા મરણથી બીહેં નાંહિ; ઝુઝિં ધડ કર ગ્રહી તરવાર, કપિપરેં ઉફલતા દેઈ ફાલ. ॥૨૩॥ હુવો તિહાં સંગ્રામ અપાર, કો કેહનિં નવિ જાણેં સાર; હઠીયા હઠ નવિ તજે લગાર, વયર વિરોધ અભ્યંતર ખાર. ॥૨૪॥ સન્નદ્ધ બદ્ધ સમરંગિણિં સૂર, કટક મીલ્યાં આસાઢી પૂર; નિસ્સંકપણિં માંહોમાંહિ લડૈં, સૂરા જીપેં કાયર પડેં. ॥૨૫॥ બિહું ફોજિં કો હારે નહિં, શાલિવાહન મનિ ચિંતે

સહી; વિક્રમનિં જો જીપું આજ, તો મહિયલ વાધિં મુજ લાજ. ॥૨૬॥ શાલિવાહન વિદ્યા બલ કરેં, વિક્રમ ઉપરિ રોસ બહુ ધરેં; હય ગય પાયક સુભટ સમેત, કાષ્ટતણી પરે કરેં અચેત. ॥૨૭॥ અતિ વિલખો થયો વિક્રમરાય, ચિંતેં કરવો કિશ્યો ઉપાય ?; બહુ ચિંતાતુર હુઓ નરિંદ, આરાધ્યું ફણિપતિ ધરણિંદ. ॥૨૮॥ તેહસ્યું છેં મુઝ પ્રીતિ અપાર, દુઃખ પડયાં તે કરસ્યેં સાર; સબલો વયરી એ મુજ હવો, ઉપાય કરીનેં એ જીતવો. ॥૨૯॥ આગીઆ કંધિં ચઢયો ભૂપાલ, પોહોતો જિહાં છેં પુરી પાતાલ; આગતસ્વાગત કરેં અહિરાજ, વિક્રમ ભલેં પધાર્યા આજ. ॥૩૦॥ નિજ જીવિતની વાત સવિ કહી, આપ્યો કુંભ અમૃત હિત ધરી; એણિં છાંટયો તુજ સૈન્ય જીવશેં, તે લેઇ નૃપ વલીઓ જિસ્યેં. ॥૩૧॥ તેહવેં વિચિં વાત હુઇ એક, વિક્રમે આપણી રાખી ટેક; શાલિવાહન નૃપ વયરી જેહ, દૂત મોકલિં પંથ વિચેં તેહ. ॥૩૨॥ આવી દૂત વિક્રમનેં મિલ્યો, દૂતેં નૃપનેં વચનિં છલ્યો; તુઝ વયરી શાલિવાહન આપ, માંગિં અમૃત મુજનિં આપ. ॥૩૩॥ વિક્રમ પ્રાર્થનાભંગ નવિ કરૈં, અમૃત તસ આપ્યું મન ખરેં; લેઈ વલ્યો શીઘ્ર દૂત કરિ ગ્રહી, વાસવ અંદ્રિં વાત સવિ લહી. ॥૩૪॥ નૃપ પ્રતિ તૂઠો ફણિ પતિ ઈંદ, સજીવ સૈન્ય કર્યું આનંદ; શાલિવાહન વિક્રમનિં મીલ્યો, પાય લાગો વિખવાદ સવિ ટલ્યો. ॥૩૫॥ વિક્રમનો યશ ભૂતલિં હોય, એહ જાંમલિ નૃપ અવર ન કોય; યાચ્યો પ્રાર્થના

ભંગ નવિ કીઓ, અમૃત લેઈ વયરી હતિથ દીઓ. ॥૩૬॥ વિક્રમ સરીખો રાજા જેહ, એણિં સિંહાસણિં બેસે તેહ; ચોવીસમી હંસ ગમની રૂપ રેખ, કથા કહી ભોજ પ્રતિં વિશેષ. ॥૩૭॥ કવિયણ સિંહ તણી મુખે. इति सिंहासनबत्रीसी चोवीसमी पूतली कथा ॥२४॥

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસણિં જવ પરઠિં પાય; પચવીસમી બોલી પૂતલી, સાંભલ ભોજ કથા નિરમલી. ॥૩૮॥ માલવદેશ મુખ્ય અભિરામ, ઉજ્જેણીપુરી અનોપમ ઠામ; રાજ કરેં વિક્રમ મહારાય, જેહનું સદા મન વરતેં ન્યાય. ॥૩૯॥ પૂરી સભા બેઠો નરદેવ, રાયરાણાં બહુ સારેં સેવ; ગ્રહગણ માંહેં જિમ સોહિં ચંદ, તિમ સોહિં વિક્રમ નરિંદ. ॥૪૦॥ સભા મધ્ય વિપ્ર આવ્યો એક, નૃપનું વર્ણન કરેં અનેક; જ્યોતિષ નિમિત્ત કથાનો જાંણ, તિથિપત્ર પુસ્તક સોહેં પાણ. ॥૪૧॥ પૂછી પૃચ્છા સઘલી કહિં, વાડવનું જ્ઞાન નૃપ બહુ લહિં; ભૂપ પૂછિંજે કહો નિરધાર, શુભાશુભ જુઓ શાસ્ત્ર મઝાર. ॥૪૨॥ નિમિત્ત જોઇનેં બોલે તેહ, બાર વરસ નહી વરસૈં મેહ; વિપ્ર ભણેં નરપતિ અવધારિ, અતિસબલો ગ્રહ શનિશ્ચર ચાર. ॥૪૩॥ ત્રીસમાસ રહિં એક જ રાસિ, વક્રિં અતિચરિં અધિકા માસ; એહવા ક્રૂર અછૈં રવિ પુત્ર, ભૂમિપુત્ર એકઠા મિલિં શત્રૂ. ॥૪૪॥ રોહિણી શકટ

ભેદેં શનિ યદા, શુક્ર ભોમધરિં આવેં કદા; દ્વાદશ વર્ષ ન વરસેં મેહ, એહ વાતનો નહિં સંદેહ.

श्लोक-मिनत्ति यदि रविपुत्रो, रोहिण्याः शकटं मित्रलोके च ॥
द्वादश वर्षाणि तदा, न हि वर्षति माघवो भूमौ ॥४६॥

એહ યોગ એણિં વરસિં થાય, ટાલી ન શકેં ઈંદ્રિ મહારાય; એહવું સાંભલી નૃપ ભણેં ઇસ્યું, માહરેં રાજ્ય એ ઉપદ્રવ કિસ્યું ? ॥૪૭॥ રાજનીતિ નવિ લોપું કદા, મુઝ પુરીં કેહનેં નહિં આપદા; પરતણા કો ન વંદેં મર્મ, ન કરેં જાણી કોય અધર્મ. ॥૪૮॥ નહી અન્યાય નહી પાપપ્રસંગ, પ્રજાપીડ કો ન કરેં કુસંગ; દેવમંદિર પ્રતિમા નહી ભંગ, નર-નારી કો ન કરૈં કુરંગ. ॥૪૯॥ ન કરેં કો મહંત ઋષિસંતાપ, ન કરેં પુણ્ય અંતરાયનું પાપ; ન ધરેં દ્વેષ બ્રાહ્મણ ઉપરિં, અસત્ય વાચ કો નવિ ઉચ્ચરિં. ॥૫૦॥ અકરાકર ન કરૂં લવલેશ, કેમ પડેં દુરભિક્ષ મુજ દેશ ?; મેહતણી વાત હુઈ વાંકડી, વિક્રમમનિં બહુ ચિંતા પડી. ॥૫૧॥ તે દિનથી માંડયો ઉપચાર, ગ્રહ પૂજાનો કરિં આચાર; દેવપૂજા દાન પુણ્ય આદરૈં, શાંતિક પુષ્ટિતણી વિધિ કરેં. ॥૫૨॥ ભૂપેં કીધાં અનેક પ્રકાર, મેહ ન વરસિં બૂંદ લગાર; વિક્રમ જંપેં ઇમ નિજ મુખિં, માહરી પ્રજા સીદાઈ રખે. ॥૫૩॥ વરસેં મેઘ તો હોઈ સુગાલ, વરસેં મેહ તો ટલિં દુકાલ; વરસૈં મેહ જન હોઈ સુખી, વરસિં મેહ તો ન હુઈ દુખી. ॥૫૪॥ દૂહા ॥ જગમાં સજ્જન દુન્નિ જણ, એક દિણયર કિં મેહ; એકવિણ

જગિં અંધારડો, એક વિણ ત્રૂટિં નેહ. ॥૫૫॥ ચોપાઈ ॥ તવ આકાશેં વણી હોય, બત્રીસ લક્ષણો નર હોઇ કોય; આહુતિ દીધેં વરસે મેહ, એહ વાતનો નહિં સંદેહ. ॥૫૬॥ દેવતણી વાણી નૃપેં સુણી, લોકતણી કરુણા મનિં ધરી; ધીરપણું આણી ભૂપાલ, ધરેં કંધિં ઉપરિ કરવાલ. ॥૫૭॥ મેઘમાલી દેવ સાંહિ હાથ, મ કરે આપ હત્યા નરનાથ; તું સાહસિક ભલો નરસિંહ, મેં તું પરખ્યો અકલ અબીહ. ॥૫૮॥ માંગિ વર હું તૂઠો દેવ, મેં પરખ્યું સત્વ તાહરૂં હેવ; વર માંગ પ્રજાપ્રતિપાલ, માલવદેશેં ન પડેં દુકાલ. ॥૫૯॥ વાચ દેઇ મેઘમાલી વળ્યો, લોકતણિં ગૃહ ઉપદ્રવ ટલ્યો; સ્યાબાસી નૃપ ને ઘણી, પ્રજાને નૃપ થયો સુરમણિ. ॥૬૦॥ એહવો પરજાપાલક જેહ, એણિં સિંહાસણિં બેસૈ તેહ; પંચવીસમી એ કથા રસાલ, કહેં પૂતલી સુણ ભોજ ભૂપાલ. ॥૬૧॥ કવિયણ સિંહતણી. इति सिंहासनबत्रीसी पचवीसमी पूतली कथा ॥२४॥

## ॥ ચોપાઇ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસણેં જબ પરઠેં પાય; તવ બોલી છવીસમી પૂતલી, સાંભલ ભોજ! કથા નિરમલી. ॥૬૨॥ ઉજ્જેણીપુરી માલવ-દેશ, રાજ કરેં તિહાં વિક્રમ નરેસ: પુત્રતણી પરેં પાલેં પ્રજા, દિન દિન અધિક વધારે લજા. ॥૬૩॥ એક દિન સુરપતિ સભા મઝાર, વિક્રમની સ્તુતિ કરૈં

અપાર; ધીર વડો સત્વવંત ઉદાર, એહ [1]જામલિ કો નહિ દાતાર. ॥૬૪॥ દાન વડું જગમાં અભયદાન, બલવંતમાંહિ વડો શ્રીકાન્હ; તેજમાંહિં જિમ વડો રવિતેજ, હેજમાંહિં બંધવ વડહેજ. ॥૬૫॥ વ્રતમાંહિં શીલ વ્રત અભિરામ, ભૂપમાંહિં વડો શ્રીરામ; રંગમાંહિં જિમ ચોલમજીઠ, ગુણ માંહિ વિનયગુણ વિશિષ્ઠ. ॥૬૬॥ જલમાંહિ જિમ ગંગાનીર, ખીર માંહિં વડું ગોખીર; રત્નમાહિં વડું ચિંતામણિ, અલંકાર માંહિં વડુ ચૂડ મણિ. ॥૬૭॥ દૈત્યમાંહિ વડો રાવણ કહ્યો, ગિરિમાં વડો મેરૂગિરિ લહ્યો; ગ્રહગણમાંહિ વડો જિમ ચંદ, દેવમાંહિ જીમ વડો જિણિંદ. ॥૬૮॥ તીરથમાંહિ શત્રુંજયગિરિ સાર, મંત્રમાંહિ વડો શ્રી નવકાર; તિમ વડી સભામાંહિ સુધરમા કહી, ઈંદ્રિ પ્રશંસિં તેમ ધીરહિ. ॥૬૯॥ દાની વડો વિક્રમદાતાર, સ્વારથવિણ જે કરે ઉપગાર; સત્વ ન છંડિં આપદ પડે, જો સૂરપતિ કોડી આવી અડે. ॥૭૦॥ નૃપતણો ગુણ ઇંદ્રે ભણ્યો, બત્રીસ લાખ વિમાનપતિ સુંણ્યો; સકલ સુરાસુર સુણી શિર ધુણે, ઈંદ્રાણી વાત તે અવગણે. ॥૭૧॥ ઈંદ્રાણી કહે માનું નહી, માનવની વાત કૂડી કહી; ખિણમાં જસ પલટાઇ મન્ન, સત્વ નહી ઔદારીક તન્ન. ॥૭૨॥ ધાનતણું કીટક માનવી, કૂડી વાત ઇંદ્રે વીનવી; ઈંદ્રાણી તેડિં દોય મિત્ર, તુમ્હે પહોંચો વિક્રમ છે યત્ર. ॥૭૩॥ ઈંદ્રિ પ્રશંસી ઘણું જેહને, ચૂકવો સત્વ થકી તેહને; મુઝ પ્રતે આવી કહીયો વલી, જિમ પૂગેં મુઝ મનની રૂલી. ॥૭૪॥

૧ સરીખો.

માલવદેશ ઉજ્જેણીપુરી, આવ્યા દોય બલ પાંખી કરી; એણે અવસરે સુણજો નૃપવાત, વસંતઋતુ વન જોવા ખાંત. ॥૭૫॥ પહોતો ભૂપ રયવાડી ભણી, ભાળી શોભા વનની ઘણી; કૂતુહલ ક્રીડા બહુ કરી રંગ, રંગમાંહિં સુરે કીધો ભંગ. ॥૭૬॥ દેવપ્રભાવેં તુરંગમ જેહ, નૃપને અપહરી નાઠો તેહ; દૈવયોગિં સો પરવસિ થયો, વન ગહ્વર અટવીમાં ગયો. ॥૭૭॥ સરોવર પેખ્યું એક વિશાલ, અશ્વથકી ઉતર્યો ભૂપાલ; વસ્ત્રેં ગલીને જલ વાવરેં, કર ચરણ અંગ પાવન કરેં. ॥૭૮॥ દીઠું એક અકારણ વડું, અતિ ચમકયું નૃપનું હીયડું; તિહાં એક ગાય સિંહ મુખિં ગ્રહી, ગાંગ્રડતી નૃપ પેખે સહી. ॥૭૯॥ કામધેનુ પોકારીં ઘણું, નૃપને દુઃખ લાગ્યું તેહતણું; વિક્રમ મનમાં ઇમ ચિંતવેં, સિંહમુખથી મૂકાવું હવેં. ॥૮૦॥ તરૂની ડાલિં બાંધ્યો સાહાણ, સાંગીણ સજ્જ કરી સાધ્યું બાણ; સિંહ હણું ઇમ ચિંતે યદા, દેવેં કર નૃપ થંભ્યા તદા. ॥૮૧॥ ખિણ એકમાં આથમીઓ સૂર, આરતિ નૃપને હુઈ ભૂર; પસ્તાવો નૃપ કરેં અપાર, ધિગ અસ્તુ માહરો અવતાર. ॥૮૨॥ કાં હું સરજ્યો સરજણહાર, ગૌતણી મેં ન કરી વાહાર; સિંહમુખિં ન મૂકાંઈ ગાય, ઘણો ઓરતો કરેં મનિં રાય. ॥૮૩॥ ઇમિ કરતાં હુવો પરભાત, પાય નમી દેવ પભણેં વાત; ધન્ય પિતા તુઝ ધન્ય વલી માત, તું જાયો સુરરત્ન વિખ્યાત. ॥૮૪॥ ઇંદ્રે પ્રશંસ્યો મુખિં જેહવો, અમ્હિં નજરેં નીરખ્યો તેહવો; દાનવંત સાચો સત્વવંત, વાર વાર

દેવ સઋસ સ્તુવંત. ॥૮૫॥ કામધેનું આપેં કરી મયા, દેવ દોય નિજથાનકિં ગયા; અતુલ સત્વ વિક્રમનું લહ્યું, ઇંદ્રાણી આગલિ સવિ કહ્યું. ॥૮૬॥ નૃપ આવૈં ઉજ્જેણી ભણી, મનિં સબલ કરૂણાનો ધણી; દારિદ્રી એક પંથિ મીલૈં, નૃપ સન્મુખિ થઈ અતિ ત્રિલવલૈં. ॥૮૭॥ તું અનાથનો નાથ ભૂમીશ, તું અશરણ તારણ જગદીશ; અશરણ તું આધાર, તુજ જામલિ કો નહિ દાતાર. ॥૮૮॥ તું તૂઠેં આપદ સવિ જાય, તું તૂઠેં મનવંછિત થાય; કામધેનુ તસ આપી ખરી, મનિં લિગાર લાલચ નવિ ધરી. ॥૮૯॥ ઉજ્જેણી પોહતો રાજન, હર્ષિં મીલીઓ સહુ સાજન; સકલ લોક વધાવેં રાય, ઘરિ ઘરિ મહામહોત્સવ થાય. ॥૯૦॥ એહવો દયાવંત દાતાર, તે બેસેં સિંહાસન સાર; છ૦વીસમી પૂતલી આણંદ, કહી કથા સુણેં ભોજ નરિંદ. ॥૯૧॥ કવિયણ સિહતણી. इति सिंहासनबत्रीशीनी छव्वीसमी पूतली कथा. ॥૨૬॥

## ॥ ચોપાઇ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસન જબ પરઠેં પાય; સત્તાવીસમી કહૈં પૂતલી, સાંભલ ભોજ-કથા નિરમલી. ॥૯૨॥ ઉજ્જેણી અતિ અનોપમ નયર, કો કેહ ઉપરિ ન ધરેં વયર; સુખીયાં જન બેસેં પાલખી, પુરવાસીજન કો નહિ દુઃખી. ॥૯૩॥ રાજ્ય કરેં વિક્રમ મહાભૂપ, ભોગ પુરંદર દેવ સ્વરૂપ; પુણ્યપવિત્ર પ્રજાપ્રતિપાલ, સબલ સાત્વિકવંત દયાલ.

॥૯૪॥ એક દિન કૌતુક જોવા ભણી, પુર બાહિર પહોતો ભૂધણી; દેવ ભવનિં જઈ બેઠો વીર, તિહાં એક નર આવ્યો નૃપતીર. ॥૯૫॥ વસ્ત્રાભરણ ભૂપ પહેર્યાં અંગિ, ચૂઆ મૃગમદ પત્રસુરંગ; વાત કરિં નૃપસો દોય જણા, મન કો નાપે આપ આપણા. ॥૯૬॥ વાત કરૈં સો ઉઠી ગયો, નરપતિને મનિં અચરીજ ભયો; દીન બીજૈં વલી વિક્રમ ભૂપ, આવે જોવા કૌતુક રૂપ. ॥૯૭॥ નૃપ સમીપ નર વળી આવીઓ, કુબિસ નરંસ જસ મનિં ભાવીઓ (?); દરિદ્ર અવસ્થા દીઠી તાસ, જેહ વાસ તેહવો અભ્યાસ. ॥૯૮॥

॥ દોહા ॥

ઉત્તમને મધ્યમ મિલ્યો, નિજ અવગુણ ઢાકંત;
સોના ઉપરિ કાચ જિમ, મરકતરત્ન ઓપંત. ॥૯૯॥
મધ્યમને ઉત્તમ મિલ્યો, સાહમો ઝાંખો થાય;
પીતલ સાથે રત્ન જિમ, ઓછે મૂલ વેચાય. ॥૧૩૦૦॥
મધ્યમને મધ્યમ મિલ્યો, કોઈ ન આવે લાગ;
ચકમક પાષાણું ચઢયો, તો ધબકેં ઉઠિં આગ. ॥૧॥
ઉત્તમને ઉત્તમ મીલ્યો, અધિકો વાધે પ્રેમ;
દૂધ સાથિં સાકર મિલી, મીઠો લાગે તેમ. ॥૨॥

## ॥ ચોપાઈ ॥

સંગતિ તેહવો ઉપજે રંગ, દુઃખ લહિં જીવ જડયો કુસંગ; એ કો બિંત્તર ચિંતૈં રાય, કૌતુક દેખી વિસ્મય થાય. ॥૩॥ નૃપ બોલાવૈં ખિણ એક રહી,

એ કો માનવ દીસેં સહી; કહે તું કૂણ છેં તાહરી જાતિ, તુજ દેખી મુજ ઉપજૈ ભ્રાંતિ. ॥૪॥ બોલ્યો જૂઆરી મૂકી લાજ, મેં સઘલી ઋદ્ધિ હારી આજ; તેહ પ્રતેં નૃપ દેં હિત સીખ, દ્યૂ (ધૂ)ત વ્યસનથી સહી પડેં ભીખ. ॥૫॥ द्यूतं च मांसं च सुरा च वेश्या, पापर्द्धिश्चौर्यं परदारसेवा। एतानि सप्तव्यसनानि रात्रौ (लोके) घोरातिघोरं नरकं नयंति. ॥६॥

॥ દોહા ॥

જૂઆરી ઘરિ ઋદ્ધિમી, માંકડકોટેં હાર;
ગેહલી માથેં બેહલું, છાજૈં કેતી વાર?. ॥૭॥

નહ ઘટ્ઠા કર પંડુરા, સજ્જણ દુજ્જણ હોય;
સૂનાં દેઉલ સેવીઇં, તુજ પસાયેં જુઅ!. ॥૮॥

## ॥ ચોપાઈ ॥

દ્યૂત વ્યસન ભયહારેં દોય, ઉંડું હીયડેં વિમાસી જોય; નલપાંડવનાં ઓઠાં કહે, કુવિસન વાહ્યો નવિ સદ્દહેં. ॥૯॥ દ્યૂત વ્યસન મેં નવિ મુંકાય, જો ઉઠિં આવે સુરરાય; પુનરપિ વિક્રમ દિઇં ઉપદેશ, દ્યૂત વ્યસનેં જીવ લહિં કિલેસ. ॥૧૦॥ ગણિકા સરિસો સ્યો ઘરિવાસ, જૂઆ દ્રવ્ય તણી શી આસીસ; કરવો નહિ વયરી વિશ્વાસ, ઉત્તમ તિન્નિ તજૈં અભ્યાસ. ॥૧૧॥ સપ્ત વ્યસનમાં મૂલગૂ જૂઆ, એહમાં ખૂતા સો અખૂટેં મૂંઆ; એહ વાં વયણ સુણ્યાં જબ કાંન, તેણેં લહ્યો એ સહી રાજાન. ॥૧૨॥ ધસમસતો ઉઠિં નમૈં પાય, વાત અપૂરવ કહું

સુણિં રાય; જો તુમ્હે પર ઉપગારી ઘણું, કાજ કરો એક મહી મુઝતણું. ॥૧૩॥

॥ દોહા ॥

કિં કિજ્જૈં તિણિ સજ્જનેં, ભિડ ન ભજ્જિ જેણ ?;
અજાકંઠિ પયોહરા, દુદ્ધ ન પાણી તેણ. ॥૧૪॥
કિં કિજ્જે બહુ રૂંખડે, પરબત ભાર્યો જેણ ?;
એક જ ચંદન છોકુઈ, વન વાસીજિજં તેણ. ॥૧૫॥
કિં કીજ્જઈ કુપરિગ્રહેણ, જિમ તારા સહમેણ;
દેખંતા ચંદ્રા ગ્રહ્યો, એકીલ્લે રાહેણ. ॥૧૬॥
કિં કીજ્જઈ લહુડિં વડે; ગુણ વડા સંસારિ;
ગાગરિ અછેં બેંઠટી, કરવે પીવે વારિ. ॥૧૭॥
કિં કીજ્જે અરહટ ઘણે, વહિ તે બારે માસ;
જલધર વરસૈં દોય ઘડી, પૂરે જગની આસ. ॥૧૮॥

## ॥ ચોપાઈ ॥

નૃપ કહેં કાજ કરૂં તુજ તદા, ધૂતવિસન તું છંડી યદા; બોલ માની તે વલતું વદે, રાજન વાત અવધારો હદે. ॥૧૯॥ રત્નશેખર પુર અછેં અભંગ, રત્નસાનુ પર્વત તિહાં તુંગ; તે ઉપરિં છેં ભવન પ્રકાશ, મનસિદ્ધિ પૂરે મનની આશ. ॥૨૦॥ દેવભવન પાસે એક કૂપ, કૂપતણી છેં વાત અનૂપ; તેહનાં ત્રટ બિં વિકસે મીલૈં, લઘુ લાઘવી કલાનૈં બલેં. ॥૨૧॥ કૂપતણો નીર ગ્રહે તતકાલ, દેવી અંગિં કરે પખાલ; કમલતણી પૂજા કરૈં સોય, દેવી સા બહુ સુપ્રસન્ન હોય. ॥૨૨॥ મન વંછિત ઋદ્ધિ આપે

ધણી, વાત કિસી કહિઈં તેહતણી; હું છું કાયર બ્હીક બહુ, તેહવતી કારજ સિદ્ધિ નવિ લહું. ॥૨૩॥ પુનરપિ કહેં તસ ભૂપ ઉદાર, દ્યૂતવ્યસન તું કરેં પરિહાર; વચન માહરૂં માનિં ખરૂં, એ કામ તુજ નિશ્ચય હું કરૂં. ॥૨૪॥ તેણેં બોલ દીયો નિજ હાથ, પછેં તે લીધો નિજ સાથ; કૌતુકવંત સો દેખેં કૂપ, દેખી અચરિજ પામેં ભૂપ. ॥૨૫॥ લઘુલાઘવી કલા કરેં વીર, નીર ગ્રહિં નૃપ સાહસધીર; દેવીઅંગિં કરેં પખાલ્ન, મ્યાનથકી કાઢી કરવાલ. ॥૨૬॥ કંઠિં ઉપર જબ મેલ્હિં રાય, વલગી હતિં મનસિદ્ધિ માય; હું તૂઠી તુજ સાહસવતી, માંગી વર અહો વસુધાપતિ!. ॥૨૭॥ માંગે વર વિક્રમ અભિરામ, આ માનવનું શુભ કરો કાંમ; બોલ ઓસિંકલ કીધો તામ, ઉજ્જેણી પહોતા નિજ ઠામ. ॥૨૮॥ પરકજ એહવો સમરથ જેહ, એણી સિંહાસણિં બેસેં તેહ, પૂતલી સપ્ત વીસમી છેક, ભોજ પ્રતિં કથા કહી વિવેક. ॥૨૯॥ કવિયણ સિંહતણી. **इति सिंहासनबत्रीशी सप्तविंशति पूतलीकथा ॥२७॥**

## ॥ ચોપાઇ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસણેં જબ પરઠેં પાય; તવ બોલી અટ્ઠાવીસમી પૂતલી, સાંભલ ભોજ કથા નિરમલી ॥૩૦॥ આદિનગર ઉજ્જેણીપુરી, નવિ ગંજે અરિદલ બલ કરી; આદિ દેવ સુત અયવંતી કુમાર, અયવંતી તિણેં વાસી ઉદાર. ॥૩૧॥ રાજ્ય કરેં નૃપ વિક્રમ જાણ, અખંડ જેહની

વરતેં આણ; ન્યાયવંત નિપુણ નરનાથ, દેતાં દાન ન ખંચે હાથ. ॥૩૨॥ એકદા વિક્રમ બહુ રંગભરેં, પરદેશેં જાવા મન કરેં; રત્નાકર પાટણ છેં દૂર, કૌતુક તત્ર અછેં અતિ ભૂર. ॥૩૩॥ પોહોંતો તિણેં નયર નિવેશ, કૌતુક પેખેં નવ નવ વેશ; દેવભુવન તિહાં અતિહિં ઉત્તંગ, પુરબાહિર એક પેખ્યું ચંગ. ॥૩૪॥ પહુતો નૃપ દેવભુવન મઝાર, તિહાં બેઠા દીઠા જણ ચ્યાર; તેહ પ્રતેં બોલાવિં પહૂ, તુમ્હે કહો ધરતી દીઠી બહુ. ॥૩૫॥ કહો અપૂરવ જે હોઈ વાત, કહેતાં કિસી મ ધરજ્યો ભ્રાંત; વલતું પરદેશી ઇમ ભણેં, વિક્રમ એકમનો થઈ સુણેં. ॥૩૬॥ આપવિતકનો કહેં વિચાર, અમ્હિં આવ્યા છું નવિં અવતાર; મોટા વિઘનથકી ઉગર્યા, તો સાજન મીલવા સાંચર્યા. ॥૩૭॥ ભણે ભૂપ પરદેશી! અહો!, વિઘન હવું તે કારણ કહો; પૂછયા પછી પરદેશી વદેં, તાહરૂં સદય હૃદય દીસેં છે. હદેં. ॥૩૮॥ પૂરવદેશ વિશેષ વિશાલ, વસેં તિહાં કણિ પૂર-વેતાલ; મેવા સરસ મીઠાઈ સગાલ, જિહાં કણિ નિપજેં ગોધૂમ શાલ. ॥૩૯॥ તે પૂરલોકની સુણજો વાત, દિન પ્રતિં એક મનુષ્ય કરેં ઘાત; શોણિત-પ્રિયા છેં તિહાં દેવતી, નરમાંસભક્ષણ પામેં રતી. ॥૪૦॥ જન અરથી ઇહલોકતણાં, પાપ ન જાણેં અર્થ આપણાં; નર વિક્રય કરી બલિ દેં તાસ, વાંછિત ઇચ્છા પૂરેં જાસ. ॥૪૧॥ નર પરદેશી જે કોઈ લહેં, અનાથ પરિં તસ [1]પ્રાણે ગહેં; માણસ હણતાં ન

૧ પરાણેં.

કુરે કાંઇ, પરદેશીનો નહિં કો ત્રાણ. ।।૪૨।। લોક-
તણા અતિદુષ્ટ પ્રાણીઆ, પરદેશી અમ્હને જાણીઆ;
તે પુરીજન અમ્હો હાથિં ચઢયા, કર્મયોગિં તિહાં
પરવશ પડયા. ।।૪૩।। એક દિવસ અમ્હો રયણી-
મઝાર, તિહાં થકી નાઠા જણ ચ્યાર; હતું અમ્હનિં
કષ્ટ અપાર, પરમેશ્વરે તિહાં કીધી સાર. ।।૪૪।।
લિખ્યું હોય તે લહીએ સહી, આઘું પાછું હોવે
નહિં; સુખદુઃખ સરજ્યું કુંણ નવિ મીટે, જબ નવિ
વાધિં તિલ નવિ ઘટે. ।।૪૫।।

## ॥ श्लोकाः ॥

येन यद्वापितं वीजं, कर्मभूमौ शुभाशुभं। प्राप्यते तेन तत्रैव, नीयते विधिना सदा. ।।४६।। दैवायतं जगत्सर्वं, सदेवासुरमानुषं। तस्मात्सर्वप्रयत्नेन, तमेव चिंतय भृशं ।।४७।। पूर्वजन्मार्जितं कर्म, यत्तु पुंसा शुभाशुभं। तमेव सर्वजंतूनां, सृष्टिसंहारकारणं ।।४८।। न रक्षति भूपालः, न देवो न च मानवः। नीयते वध्यशालायां, कर्मणासौ महाबलः ।।४९।।

## ।। ચોપાઈ ।।

ઇત્યાદિક નિસુણ્યો વિરતંત, તે પુર જોવાની
હૃદિ ખંત; વિક્રમ તિહાં પહોંચી ભૂપાલ, જિહાં વસે
છે પુરવૈતાલ. ।।૫૦।। નર શૃંગાર્યો દીઠો એક, જોવા
મિલિઆ લોક અનેક; કંઠે કણયર કેરી માલ, કીધું
સિંદૂર તિલકઇં ભાલ. ।।૫૧।। વાજે વાજીંત્ર આગલિં
જાસ, સુહાસણિ કેડિં દિઈ ભાસ, દેવી આગલિ ઉભો
કરે, ધ્રુજે કાં તન થરથરે. ।।૫૨।। મરણતણી તસ

મોટી બ્હીક, વિક્રમ આવ્યો તાસ નજીક, ધિગ્ એ પુરજન ધિગ્ એ દેવ, જીવ હિંસા કરી ભૂંડી ટેવ. ॥૫૩॥ દીઠું નરનું સકલ સ્વરૂપ, કરુણા પાયો અતિબહુ ભૂપ; એહને હવણાં હણસ્યે લોક, ઉગરે નહિં તો જીવ્યું ફોક. ॥૫૪॥ મુજ પેખંતા જો હણૈં સહી, તો કરુણા માહરી નવિ રહી, સત્વપણું મુઝ જો હોઈ ખરૂં, તો નરપ્રતિ દુઃખથી ઉદ્ધરૂં. ॥૫૫॥ ભૂપેં બંધન છોડયાં તાસ, તેહનેં આવ્યો નાભિં સાસ; છોડી તસ મૂકયો વેગલો, ભણૈં ભૂપ સહુ નર સાંભલો. ॥૫૬॥ એહની દીસિં દુર્બલ કાય, એહથી શું પ્રસન્ન દેવી થાય ?; પુષ્ટ અંગ અછેં મુજતણું, દેવી રલીયાયત હોસ્યૈં ઘણું. ॥૫૭॥ હણો મુજનૈં એહનૈં ઠામ, એ નરતણું ન લેશયો નામ; એહવો બોલ પ્રગટ પણેં લહૈં, નિસુણી લોક બહુ અચરિજ લહૈં. ॥૫૮॥ ખડગ નૃપ કંધે ધરૈં, દેવી આવી ઇમ ઉચ્ચરેં; કાં નૃપ તું હત્યા કરેં ?, હું તૂઠી આજ તુજ ઉપરેં. ॥૫૯॥ માંગ વર તુજ આવે દાય, વલતું પભણૈં વિક્રમરાય; આજપછી નર હણવો નહિં, જો તું મુજને તૂઠી સહી. ॥૬૦॥ સકલ લોકનું કરજો કામ, વલતું દેવતા માને તામ; વાચ દેઇ સુરી ગઈ નિજ ઠામ, નૃપનાં લોક કરૈં ગુણ ગ્રામ. ॥૬૧॥ દીધું બહુ જનપ્રતિં અભયદાન, ધર્મમૂલ વધાર્યો વાન; ઉજ્જેણી પહોતો નરપતિ, પર ઉપગારણ શુભમતિ. ॥૬૨॥ એહવો પરદુઃખકાતર જેહ, એણીં સિંહાસણિં બેસે તેહ; અઠ્ઠાવીસમી પૂતલી ઇમ કહેં, ભૂપત્તિ ભોજ સુણી હર્ષ લહૈં.

।।૬૩।। કવિયણ. ।। इति सिंहासनबत्रीशी अट्ठावीसमी पूतली कथा. ।।२८।।

## ।। ચોપાઈ ।।

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસણેં જબ પરઠેં પાય; ઓગણત્રીસમી પૂતલી કહે, સાંભલ ભોજ કથા નિરવહેં ।।૬૪।। નયર ઉજેણી માલવ દેશ, 'જલનિધિતનયા યત્ર નિવેશ; રાજ્ય કરેં તિહાં વિક્રમરાય, ન્યાયવંત નવિ કરેં અન્યાય. ।।૬૫।। એકદા વિક્રમ નરનો નાથ, ભટ માયત મહિતાનિં સાથ; સારે પાસે રામતિ રમેં, બિહું મનિ કઠરસ ગાઢો રમેં. ।।૬૬।। હારજીત પાસા સોગઠી, રમેં રસ વટિ સૂધા હઠી; મંત્રીસર રમતાં હોઈ હાર, જૂઆ વ્યસન ભૂંડું સંસાર. ।।૬૭।।

### ।। દોહા ।।

પાસા વેશ્યા અગ્નિ જલ, ઠગ ઠાકુર સોનાર;
એ દશ નો હેં આપણાં, માંકડ બહૂ માંજાર. ।।૬૮।।

जं जूएण धन्नासा, मूंडसीसेण होइ रूवासा ।
वेसाण य भज्जासा, तिन्नि आसा निरासस्स. ।।६९।।

## ।। ચોપાઈ ।।

ભટમાયત ધન હાર્યો ઘણું, શ્યામવદન થયું મંત્રીતણું; નૃપ દ્રવ્ય માંગેં ઉતાવલો, મંત્રી પ્રતિં ક્રીધો ઉતાવલો. ।।૭૦।। काके शौचं द्यूतकारेषु सत्यं, सर्पे

1–2 લક્ષ્મી.

क्षांतिः स्त्रीषु कामोपशांतिः। क्लीबे धैर्यं मद्यपे तत्त्वचिंता, राजा मित्रं केन दृष्टं श्रुतं वा?. ॥७१॥ यदीच्छेत् विपुलां प्रीतिं, त्रीणि तत्र न कारयेत्। वाग्वादमर्थसंबंधः, परोक्षे दार-दर्शनम्. ॥७२॥ પભણે મંત્રી વિનતિ તામ, ત્રેવડ કરી ધન આપું સ્વામ; સાત દિવસનો કીધો કાર, સચિવેં એહવો કર્યો વિચાર. ॥૭૩॥ મેં નવિ ધનનું પૂરૂ પડે, રાજા મુજશું ગાઢો અડે; જૂઆવ્યસનથી લહ્યો કલેશ, મૂહટાલો દેઈ જાઉં વિદેશ. ॥૭૪॥ મંત્રીસર પરદેશેં ગયો, જાતો પિણિ કુંણે નવિ લહ્યો; વસિં નયર જિહાં પુષ્પાવતી, પ્રધાન પોહતો નૃપભયવતી. ॥૭૫॥ તિહાં એક સરોવર સજલેં ભર્યું, વસ્ત્રેં ગલીનિં જલ વાવર્યું; હસ્ત ચરણ વલી પાવન કરેં, સરોવરથી મંત્રી સાંચરે. ॥૭૬॥ આગલિં પેખે દેવી ભવન, મનોહર દેખી હરખ્યાં નયન; દેવીપ્રતિં જઈ કીધ પ્રણામ, માતા દરિસને સીધા કામ. ॥૭૭॥ વાર વાર નિજ નામે શીસ, બયઠો રંગમંડપ મંત્રીશ; તિહાં એક અભિનવું કૌતુક દીઠ, તેજપુંજ બહુ રૂપ વિશિષ્ઠ. ॥૭૮॥ પન્નગસૂર કો અશ્વારૂઢ, આવ્યો તિહાંકણી કાયા પ્રૌઢ; દેવી પૂજી પાછો વલેં, મંત્રી તસ કેડેં નીકલેં. ॥૭૯॥ ગુફા એક છેં સરોવર પાલિં, પ્રવેશ કરી પોહચેં પાયાલ; દેવ પ્રભાવેં કરે તિહાં ગમન, નીરખે નાગકુમાર ભવન. ॥૮૦॥ તિહાં એક મંડપ ઉંચો મેર, બુઝારાતણી પરેં ફેર; તેજવંત રવિ જાણેં બાર, મહિંતે દીઠો અતિ વિસ્તાર. ॥૮૧॥ કડા એક તિહાં તેલેં ભરી, ઉકલિં તેલ બહુ તાપેં કરી; તેહ દેખી વિમાસીં ચિત્ત, કડાસમીપ અછ એક ભીત્ત.

॥૮૨॥ નામું માંડયું નિરખે તાસ, મહિતો વાંચેં મનનેં ઉલ્લાસ; શૂર વીર જેં સમરથ હોય, સત્વવંત સાહસીક જે કોય. ॥૮૩॥ જો ઝંપાવે કડામજાર, આવી તસ વરેં નાગકુંઆરી; પુર પાતાલતણું દેઇ રાજ, તેહનું સીઝે વાંછિત કાજ. ॥૮૪॥ ઈત્યાદિક નિરખ્યું નિજ દ્રેઠિ, આ શ્યું અપૂરવ ધરતી હેઠિ ?; વિક્રમ પ્રતિં જઇ વિનવું એહ, સકલ કામ કરશ્યેં તેહ. ॥૮૫॥ મંત્રી નિજ મનિં ધરી એ ભાવ, દિવ્ય શક્તિ તણેં સુપ્રભાવ; આવ્યો શીઘ્ર ઉજ્જેણીપુરી, વિક્રમ આગલ વાત સવિ કરી. ॥૮૬॥ કૌતુક વાત સુણી જેટલેં, ઉચ્છુક થયો જોવા તેતલેં; તેડે મંત્રી સાથેં રાય, પુષ્પાવતી વસેં જિણેં ઠાય. ॥૮૭॥ આવ્યા જણ દોય દેવી ભવન, પૂજી પ્રણમી થુણી બહુ તવન; રંગમંડપ બેઠા જણ દોય, અશ્વ ચઢી સુર આવ્યો તેહ. ॥૮૮॥ દેવી પૂજી થાનક સંચરે, કેડિં શીઘ્ર ગમન દોય કરેં; કેડિં ન છંડેં દોય સુર-તણી, પાત્તાલેં પેખેં ઋદ્ધિ ઘણી. ॥૮૯॥ દીઠો મંડપ કઢાસરૂપ, તેહમાંહિં ઝંપાવે ભૂપ; કટા શીતલ હૂઇ તેવારિ, તતખીણ આવી નાગ કુમારી. ॥૯૦॥ આરોપેં કંઠેં વરમાલ, તવ બોલેં વિક્રમ ભૂપાલ; દેવ કન્યા કહું તે તુઝ કરો, ભટમાયત મહિતાનેં વરો. ॥૯૧॥ વચન પ્રમાણ કરે સા નારી, ચિહું દિશિં કલશા માંડયા ચ્યારિં; મંગલ ચ્યાર વરત્યો જયજયકાર, ભઢમાયત કીધો ભરતાર. ॥૯૨॥ મંત્રી પરણાવ્યો ભૂપાલ, રાજ્ય બેસાર્યો પુર પાતાલ; ઉજેણી પહોતો ભૂધણી, શોભા વધારેં જગિં

આપણી. ॥૯૩॥ એહવો નિર્લોભી હોઇ જેહ, ઇણિં સિંહાસણિં બેસે તેહ; ઓગણત્રીસમી પૂતલી કહે, ભોજ સુણી પરમાણંદ લહે. ॥૯૪॥ કવિયણ સિંહ તણી. ॥इति सिंहासन बत्रीसी ओगणत्रीसमी पूतली कथा ॥२९॥

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસણે જબ પરઠે પાય; તવ બોલી ત્રીસમી પૂતલી, સાંભલ ભોજ કથા નિરમલી. ॥૯૫॥ નયરી ઉજેણી અદ-ભૂત પુરી, જિહાં થિરવાસ રહી [1]હરિશીરી; તાસ પુરીપતિ પ્રભુતા બહુ, વિક્રમ નૃપને જાણે સહુ. ॥૯૬॥ ભાગ્યવંત ભોગી ભૂપાલ, ભદ્રકભાવિં અને દયાલ; કર નવિ ખંચે અવસર લહિં, નૃપ દાને શણગારી મહી. ॥૯૭॥ જાસ ભૂઅદંડ અતિ પરચંડ, તેજપુંજ જગિં આણ અખંડ; શૂર વીર અતિ સાહસ ધીર, સમુદ્રની પરિં અતિગંભીર. ॥૯૮॥ અન્ય દિવસ વિક્રમ નરદેવ, અનેક ભૂપતિ સારે સેવ; સભા પૂરી બેઠો મહારાજ, કરી પુણ્યતણાં બહુ કાજ. ॥૯૯॥ ઓલગે રાજકૂલી છત્રીશ, શેઠ સેનાપતિ બહુ મંત્રીશ; બત્રીશબદ્ધ નાટક નિર્ઘોષ, દાનતણો રાય કરે પોષ ॥૧૪૦૦॥ એણે અવસર સુણજો અધિકાર, વિનોદ વાત હુઇ સભા મઝાર; વિક્રમમનિં અતિવાલ્હો વિનોદ, કૌતુક દેખી લહિ પ્રમોદ. ॥૧॥ જગિં જાણીતો વીરવેતાલ, જાતિ ભાટ

૧ લક્ષ્મી.

પિણ કલા વિશાલ, એક દિન આવ્યો અવંતીપુરી, પુરશોભા [1]ભાલેં ફિરી ફિરી. ॥૨॥

## ॥ અથ ષટ્પદ કવિત ॥

ભીમસેન બંદીઅન સપ્ત પાતાલ વસંતો, દોય સહસ તસ નયન કુલિ અષ્ટયાચંતો, ધન અસંખ પુનિ મેલિ પુત્રફલ કબહી ન પાયો; સુરનર ગણ ગંધર્વ યોગ જંગલ ચિત્ત લાયો, ઝલમલાનંદ સેવક તહી સો શેષ વાચા દીયો, ત્રિલોકનાથ પરસન ભયો તવ એક પુત્ર ભીમહ દીયો. ॥૩॥ ગઢ કનોજ કો દેશ આયો વેતાલ વિચક્ષણ, ઇસ તાસ વર દીઓ ચતુર ચંચલ ગણ લક્ષણ; સપ્ત દ્વીપ પર રચૈં ભસ્મ અંધારી સંગિં, મન મુદ્રા મેખલા તાસ સોહીઇ સબ અંગિં, અવધૂત ચતુર ચિત્તર હરણ પઢત ગુણત અમીઅરસ, આયો નયર ઉજ્જેણીઈ સુણી શ્રવણ વિક્રમ સુયશ. ॥૪॥

## ॥ ચોપાઇ ॥

પહિરણ જાલી સૂત્રહતણી, વજ્ર કછોટો બહુ કિંકિણી; કત કુંતાલ ધરીઉં પાણિ, કવિત કલા મુખિ બોલેં વાણી. ॥૫॥ ચહુટા વિચિ નિરખેં આવાસ, ઉંચો મેરૂ જિસ્યો કૈલાસ; ગોખ માલીયાં બહુ કોરણી, જાલી નિરમિત સોવનતણી. ॥૬॥ ગણિકા ગોગતણો આવાસ, દેખી ભાટ પામ્યો

[1] નીહાલેં.

ઉલ્હાસ; નીસાણુ ધર્યાં દીઠાં તસ ગેહ, આ સ્યું અપૂરવ દીસૈં ગેહ ?. ॥૭॥ રાઉલિ દેઉલિ જોઇઇ ગેહ, ગણિકા મંદિર દીસૈં તેહ; ઉભી રહી દાસી પ્રતિહાર, પૂછેં ભાટ નીસાણુ વિચાર. ॥૮॥ ભણેં દાસી સાંભલ માનવી, નિસાણુતણી વાત છેં અભિનવી; નીસાણુ દિઈ જે જેતલા ઘાય, તે તેતલા લાખ સમરપી જાય. ॥૯॥ અમ્હ ઠકુરાણી જાણુ વિશેશ, સુંદર રૂપ નવયૌવન વેશ; અંગિં પહેર્યા જે શુભ વેષ, સોહિ શૃંગારી રૂપની રેખ. ॥૧૦॥ આવે કુમર ભૂપતિતણાં, આવિં ધનપતિ પુત્રહ ઘણા; શબદ નીસાંણિં જેતલા કરૈં, તેતલા લાખ દીનાર લેઈ ધરેં. ॥૧૧॥ તુમ્હ આગલિ કૂડું નવિ ભણું, અમ્હ સ્વામિની માને તસ ઘણું; એહવું વચન સુણ્યું જબ કાંનિં, મનિ વેતાલ ધર્યો અભિમાન. ॥૧૨॥ અલેખિં દિઈ ઘાય નીસાણુ, હુવો સાતમી ભૂમિં જાણ; ગોગ ગણિકા મુખિં ઇમ ભણૈં, ગ્રથિલ કુંણ આવ્યો આંગણેં. ॥૧૩॥ નિસાણિં બહુ દીધ પ્રહાર, કેં કો ઉત્તમ કિં કો ગમાર ?; મંદિર મધિં તેડાવ્યો ભાટ, વેતાલ તણો અંગિ દીઠો ઘાટ. ॥૧૪॥ રૂપ તેજવંત તન આકાર, ભાટ પંખી પિણ વિદ્યા ભંડાર; દીસંતો જાણૈં અવધૂત, મોહિં સુરનર કલા અદ્ભુત. ॥૧૫॥ ગણિકા આગલિ દાખેં કલા, રૂપક કાવ્ય કવિત્ત ગુણ ભલા; ગણિકા વ્યામોહી તસ ગુણેં, ભાટ બિસાર્યો નિજ આસણેં. ॥૧૬॥ ગાહા દૂહા છંદ સરસ કવિત્ત, શ્લોક ગૂઢારથ જાણેં ચિત્ત; ગુણીએ ગુણી મિલીયા સમ જોડી, કો

કેહની નવિ કાઢે ખોડી. ॥૧૭॥ રાગરંગ હુવો તિહાં બહુ, કહે કવિ કેતી સામતિ કહુ; ગણિકાઈ વશી કર્યો વેતાલ, તન મન વ્યામોહ્યો તતકાલ. ॥૧૮॥ કામણગારી ગણિકા નાર, નરધૂતારી એણેં સંસાર; ગોગ પ્રતિં ભાટ પભણે ઇસ્યું, આલપંપાલ ન બોલું કિસ્યું. ॥૧૯॥ વિક્રમ સભાઈ પહોચું આજ, જે મુઝ દાન દીઈ મહારાજ; તુઝ આપું એ મુજ ભાખ, તુજ મુજ વિચિં પરમેશ્વર શાખ. ॥૨૦॥ બોલ બાપ સરિખા હોય, સુંદરી હૃદય વિચારી જોય; ઇમ મુખિ સાચી વાચા બકી, ભાટ સુજાણ વળ્યો તિહાં થકી. ॥૨૧॥ જોતો પુરમંડાણ અપાર, ફિરતો પહુતો રાજદૂઆર; પ્રતિહારેં વિનવીઓ રાય, સ્વામી જે તુમ્હ આવિં દાય. ॥૨૨॥ આવ્યો ભાટ વેતાલ બહુ ગુણી, તુમ કીરતિ તેણે શ્રવણે સુણી; જો તુમ્હે આજ્ઞા આપો દેવ, તો પ્રભુચરણે આવિં હેવ. ॥૨૩॥ તેડાવ્યો સોય સભામઝાર, આશીશ બ્રહ્મા કરે ઉચ્ચાર; માન દિઈ ગુણવંતનેં ઘણું, સહિજ ભલો છિં વિક્રમ તણું. ॥૨૪॥ બોલાવિં વિક્રમ ભૂપાલ, ઓરા પધારો વીરવેતાલ; મુખિં વાચાલ સરસ્વતી કુંતાલ, જે. બોલે તે વચન રસાલ. ॥૨૫॥

## ॥ અથ છપ્પૈ ॥

હમેં તો ઈંદ હમૈં તો ચંદ, હમેં તો ભંજિ હમેં ભોગી, હમેં તો વીરવેતાલ, હમે પંખી હમ યોગી! હમેં તો જુઠો રમીઠ, હમેં તો પસવાર જવારી, હમેં તો ઠીંગઓ રંભ, સમકખ્ય સોહિં

અંધારી, અવત્થિ અચ્છિ સંસારમેં એક ખંડિ હમ નવિ રહેં, હમે તો વીરવેતાલ ફિરિ, કઈવાર કિરતિ કહૈં. ॥૨૬॥ શ્રી નૃપ વિક્રમ નિપુણ પર કજ્જ નિજ પુત્રપરેં પાલેં, કીરતિ સુણીઈં જાસ, સ્વર્ગ મૃત્યુ પાયાલેં, કરનહુ ખંચિ દાન, અછતિં મનિ ચિત આલૈં, અનેક હૂઆ હોયસ્યૈં, ભૂપ નહી કોય તુઝ જામલિ, પંચ દંડ છત્ર સિર ધરૈં, ઈંદ્રિ સિંહાસણિ બૈસણેં, સકલરાય શિર મુગટમણિ, ચિરંજીયા કવિયણ ભણૈં. ॥૨૭॥ વિક્રમ વિશ્વવિખ્યાત, વિશેષ-ગુણ વિબુધ વખાણૈ, વિનય વિવેક વિચાર, વિવિધ વર વિદ્યા જાણેં, પરવનિતા કો વીર વિકટવયરી વસી કરણો, દાનિં માનિં ઉવયાર ઉદાર બહુ જગિ ઉદ્ધરણો, વીરાધિવીર વિક્રમ રવિ વસુતલિ વિધિ વધારીઓ, વારૂ વદેં કવિ વિનતિ તેં પરમાર વંશ શણગારીઓ. ॥૨૮॥ વિક્રમરાય સુજાણ આંણ વરતેં ચિહુ ખંડહ, હૃદયકમલ સુવિસુદ્ધ કાચ વાચ નિકલં-કહ, દાંણીસરમાહિં લીહ સિંહ પરેં અકલ અબીહ, કાયર પરદુઃખ દેખી સાયર જેમ ગંભીરહ, સૂર વીર સતવંત જગિ તુહ દરિસન પાયો ભલેં, ગંધર્વસેન સુત જામલેં ઈસ્યો ન કો નૃપ ભૂતલેં. ॥૨૯॥ પુહવી ઓરણ કીધ, સત્તવાર ગુણવંતહ, શતસય શત્રુકાર દાન અવારી દેવંતહ, સોવનપુરિસા તીન સુર કીયો અખૂટ ભંડારહ, આગીઓ વીર વસી કીદ્ધ, જિણેં રવિ બુદ્ધિ અપારહ, સત્ત ન છંડિ દુહ પડેં, તુ જયો જયો વિક્રમ નૃપો, જિહાં ધ્રૂ સૂર શશિ મેરૂ મહી, તિહાં લગેં તુંહી અવિચલ તપો. ॥૩૦॥

## ॥ ચોપાઇ ॥

ઇત્યાદિક બહુ કવિત્ત રસાલ, વિક્રમ આગલિં કહિં વેતાલ; વારૂ ભાટ બહુ બુધ્ધિ નિધાન, ચતુર પણે રંજે રાજાન. ॥૩૧॥ यतः यद्यपि भवति कुरूपो वस्त्रालंकारवेषपरिहीनः। तदपि सभानिविस्टो, विभाति विद्याधिकः पुरुषः ॥૩૨॥ વેતાલ ભણે નરપતિ અવધાર, જાણું કૌતુક વિવિધ પ્રકાર; જો મન ખાંતિ ભૂપ તુઝ હોય, સભા મધ્યે દેખાડું જોય. ॥૩૩॥ સભા સકલ અવલોકે યદા, વેતાલ સન્મુખ ઉભો તદા; કો એક નર હાથિં સ્ત્રી ગ્રહી, વિક્રમ સભામધ્ય આવ્યો વહીં. ॥૩૪॥ બોલિં પડવડો મુખ વાચાલ, ઈક કર ગ્રહી દીસૈં કરવાલ; બીજેં સ્ત્રી નવયૌવન બાલ, વનિતા રૂપ મયણની આલ. ॥૩૫॥ અંગિં પહિર્યું ચીર વિશાલ, ચરણો કંચૂક ઝાકઝમાલ; હરિલંકી ગતિ રાજમરાલ, કદલીદલ તનુ અતિ સુકુમાલ. ॥૩૬॥ અંગિં પહેર્યાં સાર શૃંગાર, સકલ સભા વ્યામોહી અપાર; નારીનું રૂપ છૈં અભિનવું, વિક્રમનિં મનિં અચરિજ હવું. ॥૩૭॥ જે નર સ્ત્રી લેઈ આવ્યો સાથ, તે બોલ્યો નિસુણો નરનાથ; હું સેવક છું સુરપતિતણો, ઘણું કરીનેં ઈંદ્રિ લહેં આપણો. ॥૩૮॥ મયા કરેં સદા સુરરાજ, તહું મોકલ્યું છેં મુજ આજ; સ્વર્ગ તણો દેવ દાનવ જેહ, યુધ્ધ કરેં માંહોમાંહિ તેહ. ॥૩૯॥ વયર વિરોધ વધારે બહુ, તેહની વાત મુખિં કેતી કહું; ઈંદ્રેં તેડ્યો છું તિણિ હેત, સ્વામી તુમ્હને કહું સંકેત. ॥૪૦॥ ભૂપતિ! અવધારો

એક વાચ, તું પરનારી સહોદર સાચ, મુઝ અસ્ત્રી છિં રૂપની રેખ, તુમ્હ કરિં સોપું ઠામ વિશેષ. ॥૪૧॥ કનક કામિની કહીઈ સાર, જિણેં મોહ્યો સયલ સંસાર; પિણુ એ કેહનેં નવિ ધીરીઈ, જે કરિં ચઢેં તસ મન ફેરીઈ. ॥૪૨॥

॥ દોહા ॥

સ્ત્રી ગઢ ગરથ યુદ્ધ વછેરા,
જિસકે હાંથિં ચઢે તિન ફેરા;
ચાલણુહાર જો હોઈ સુલક્ષણુ,
તો પંચેઈ પાલટેં તતખિણુ. ॥૪૩॥

નારી દીવા કણુકનો, કિહાં મૂકણુ કો લાગ;
માંહિ ભય મૂંસાતણો, બાહિર તાણેં કાગ. ॥૪૪॥

## ॥ ચોપાઈ ॥

ભલામણુ દેઉં છું ઘણી, સાંભલ માલવકેરા ધણી; એક કામિની વલી બીજું ધન્ન, હાથિં ચઢેં પલટાયેં મન્ન. ॥૪૫॥ સહુ સાખિં સ્ત્રી ઠવિ નૃપ પાસી, ઈમ કહી ઉતપતીઓ આકાશિ; જન ઉંચું જોવેં ઓ જાય, ખિણુ એકમાં અદૃષ્ટિ થાય. ॥૪૬॥ આકાસિં કોલાહલ થાય, હાંકોહાંકિં સુણેં સહુ કોય; જેહ પુરુસ આકાસિં ગયો, તેહતણો કૌતુક બહુ ભયો. ॥૪૭॥ ગગનથિકો પગ પડીઓ એક, અચરિજ પેખેં લોક અનેક; રાજાદિક સહુ કરૈં વિચાર, જે નર અત્ર મૂકી ગયો નાર ॥૪૮॥ તેહતણો પગ એ નિરધાર, સ્ત્રીઈ પગ ઓલખ્યો આકાર; યુદ્ધ વાત જવ તિણેં કહી, પગિ અહિનાણી સાચી સહી. ॥૪૯॥

વલી પગ પડીઓ બીજો જાંમ, જોવા મિલીઉં સારૂં ગામ; ધડ મસ્તક વલી પડિઓ યદા, તસ સ્ત્રી પેખે નજરેં તદા. ॥૫૦॥ પગ ધડ મસ્તક એકઠાં કરૈં, વિક્રમ પ્રતિં નારી ઉચ્ચરેં; તું સ્વામી બંધવ મુઝ તાત, તું પ્રભુ માહરી સાંભલ વાત. ॥૫૧॥ પ્રિયકેડેં હું થાઇશ સતી, વિલંબ ન કરવો એકે રતી; પરલોકેં પહુતો ભરતાર, કરવો કાષ્ઠ ભક્ષણ નિરધાર. ॥૫૨॥ નૃપ કહિં મ બલી તું હોઈ વિમાસી, દાન પુણ્ય કરિં મુજ આવાસિ; બહિન કરી તુજ પ્રતેં માનસિં, ઇચ્છા ભોજન ચીવર દેશી. ॥૫૩॥ દોહીલો માનવનો અવતાર, એ નવિ લહીઈ વારોવાર; પરાણેં પ્રાણહત્યા જે કરૈં, તે સંસાર ગહિનમાં ફિરેં. ॥૫૪॥ જીવહત્યાનું મોટું પાપ, પરભવિં જીવ લહેં સંતાપ; તસ વારેવા બહુ કરેં ઉપાય, નારીનેં મનિ નાવેં દાય. ॥૫૫॥ ક્ષિપ્રાનદીતણેં તટે ગઇ, સૂર્ય સનમુખ ઉભી રહી; કર જોડી મુખિં દેં આસીસ, વિક્રમ પ્રતપો કોડી વરસ. ॥૫૬॥ ઈમ કહી કાષ્ઠ ભક્ષણ સા કરેં, મરણ થકિં સા કિંપિ ન ડરૈં; રાજા પ્રમુખ લોક પુરતણો, જોવા તેહનેં મિલીઓ ઘણો. ॥૫૭॥ ધીરપણું કરેં બહુ બાલિકા, વાજેં ઢોલ જન દિઈ તાલિકા; નારી ભસ્મ થઈ જબ ખરી, સહુકો પોહતું નિજ નિજ ઘરિં. ॥૫૮॥ પુરી સભા વલી બેઠો રાય, સ્ત્રીતણું મનિં અચરીજ થાય; સતીતણા નૃપ ગુણ ઉચ્ચરૈં, ચમત્કાર સભા સહુ ધરેં. ॥૫૯॥ એહવેં ગગનથી ઉતર્યો સોય, વિક્રમને મનિં અચરિજ હોય; કર જોડી નર નામિં શીશ, વિક્રમપ્રભુની હોજો

જગીશ. ॥૬૦॥ બહુ આસીસ દેઇનેં ઇમ ભણૈં, વિક્રમ આદિં સભા સહુ સુણૈં; સ્વામી! ઇન્દ્રેં દાનવ હણ્યા, નિર્ગુણ જાણીનઇં અવગણ્યા. ॥૬૧॥ નાઠા દાનવ દહદિસિ ગયા, સ્વર્ગ લોકૈં સુર સુખીયા થયા; હું પિણ પામ્યો તિહાં બહુ માન, તુમ્હ પ્રસાદેં હવું કલ્યાણ. ॥૬૨॥ ઇંદ્રેં મુઝનેં દીધી વિદા, પ્રભુ ચરણે હું આઠ્યો તદા; સ્વામી? થાંપણ આપો તેહ, મિં તુમ કરિં સુંપી છે જેહ. ॥૬૩॥ સ્વામી! સત્ય વચન અવધાર, મેં જાવું દૂરિ પંથિ અપાર; હું નહિં થોભું અત્ર લિગાર, આપો નારી મ લાઓ વાર. ॥૬૪॥ પ્રાણ પ્રિયાસું પ્રેમ અપાર, જે સંબંધ કીઓ કિરતાર; એહ તો કાંઈ કરો છો કાર?, વાત તણો બહુ દીસૈં ભાર. ॥૬૫॥ રાજા પ્રમુખ સભા સહુ વદેં, તું કાંઇ દુઃખ માણીશ હૃદે; તુઝ સ્ત્રીનો હવો એહ પ્રસ્તાવ, કુંણ આગલિં એહ કહીઈં રાવ?. ॥૬૬॥ તુજ સ્વરૂપ તેણેં દીઠું અસ્યું, અધિક સત્વ તે સ્ત્રી મનિં વસ્યું; જોર ન ચાલેં કુણેં દૈવશ્યું, બાથ ન દેવરાઈ આભશું. ॥૬૭॥ રાજાઈ તસ બહુ વરજીઓ, તે બાઇનેં ઇમ સરજીઓ; વલતો તે નર બોલ્યો ઇસ્યું, એહવો સ્વામી ન કીજેં હસું?. ॥૬૮॥ એણેં બોલેં અંગિ ઉપજેં કાલ, તું જાણ્યો સાચો ભૂપાલ; એહ વાત હું માનું નહિં, તાહરૂં મન પલટાણું સહી. ॥૬૯॥ યથા રાય વદિ તિમ વદિ પ્રજા, એણિ વાતેં સ્વામી ન વધે લજા; મેં વિચારણા સુધી કરી, તાહરી મતિ દીસેં છેં ફિરી. ॥૭૦॥ પરસ્ત્રી બંધવ તું સત્યમેવ, એહવા બોલ મ બોલો

દેવ; તુમ સરિખાં જો આપે છેહ, તો જગમાં કિમ વરસૈં મેહ?. ॥૭૧॥ ખોટી વાત એ કિમ કહિવાય, કલિમેં કિમ ઉગિં દિનરાય; કૂડા બોલ સવિ તેં બોલીઆ, તુજ ઘરિમાં છેં સહી મુઝ પ્રિયા. ॥૭૨॥ મોટાશ્યું નવિ વદ્દીઈ વાદ, ઇમ કહી સ્ત્રીપ્રતૈં કીધો સાદ; આવો જાવું છેં ધરિ દૂરિ, થાઇ અસૂર વલી આથમેં સૂર. ॥૭૩॥ તાહરૂં રખે પલટાઈ મન્ન, તું છેં ભોલી મ થાએ અસન્ન; વાત ઉતાવલિં મ કરિ વિચાર, હું ઉભો છું રાજદૂઆર. ॥૭૪॥ સ્ત્રી ઘરમાંથી પ્રગટી તદા, નિજ પ્રીઉ પાસૈં આવી મુદા; તે દેખી નૃપ લાજ્યો ઘણું, નમ્ર મુખ હવું રાજાતણું. ॥૭૫॥ હૈ! હૈ! એસી હૂઇ વાત, સહુ લહિસ્યૈં નૃપેં છાંડી ધાત; કો નહિં આણે માહરી શર્મ્મ, જગમાં હવેં મુઝ ટળ્યો ભર્મ્મ. ॥૭૬॥ વલી મુખિથી મૂકે નિસાસ, કો નહી માંનૈં મુઝ વિશ્વાસ; એણેં અવસરિ બોલ્યો વેતાલ, સોચ બહુ કાં કરૈં ભૂપાલ?. ॥૭૭॥ તું નિકલંક મનિ વચનઇ કાય, તું નિરદોષી નિશ્ચૈં રાય; જે તેં નજરેં દીઠો સંચ, મેં નીપાયો સકલ પ્રપંચ. ॥૭૮॥ ઈંદ્રિજાલની વિદ્યા લહું, તુઝ આગલિં મેં દાખ્યો બહુ; એહવો બોલ સુણ્યોં નૃપકાનિં, હર્ષ હુવો મન મેરૂસમાન. ॥૭૯॥ અનોપમ અચરિજ બહુ નિરખીઓ, રાજ સકલસભા હરખીઓ; ભૂપતિ જંપેં કૌતુક લહી, એહવું મેં નવિ દીઠું કહીં ॥૮૦॥ દાન દેવા મનિં થયો બહુ ભાવ, વાત સુણોં એહવૈં પ્રસ્તાવ; રાય પંડૂઓ અતિ પરચંડ, વિક્રમનેં આપેં બહુ દંડ. ॥૮૧॥ દંડ વસ્ત કમલ શ્રીકાર, મોકલીયું

પંડુરાયે અપાર; પંડુરાય તણાં જણ જેહ, પુર બાહિર ઉતરીઆ તેહ. ॥૮૨॥ વિક્રમરાયને કીધું જાણ, પ્રભુ-આજ્ઞા કિજે પ્રમાણ; પંડુરાય તુમ્હ સેવા ભણી, ભેટીં વસ્તુ ઠવી છે ઘણી. ॥૮૩॥ નૃપ પૂછે વસ્તુ છે કેટલી, પ્રકાસો જે હુઈ જેતલી; સહસ શ્વેત મયગલ મલપત્ત, ઉતપત્તિ સિંહલ દ્વીપ પવિત્ત. ॥૮૪॥ સહસ એક તુરંગમરત્ન, પેસકસી મોકલી કરી યત્ન; એકસો પદ્મિની સુંદર રૂપ, અનોપમ દેવકન્યા પ્રતિ-રૂપ. ॥૮૫॥ શશિમુખી તનુ કોમલ પોયણી, જાતિ હંસગતિ મૃગલોયણી; અષ્ટ ભાર સોવનતણી ઋદ્ધિ, ભારતણી એહુ સંખ્યા કીધ. ॥૮૬॥ ભાર સંખ્યા:—ત્રિહું ચિણોઠી એક જ વાલ, સોલહીં ગદ્દીઆણો માલ; દસ ગદ્દીઆંણે એક પલ હોય, અઉઠસેં પલેં મણી વલી જોય. ॥૮૭॥ દશ મણીઈ વલી ઘડી એક સાર, દશ ઘડીઈ કહીઈ એક ભાર; તેર કોડિ વલી રતન ભંડાર, મણિ મુગતા ફલ દીજે સાર. ॥૮૮॥ વિક્રમ આગલિ ભેટિ વસ્તુ કહી, સકલ વસ્તુ અમૂલ્યક લહી; વેતાલ ઉપર નૃપ રંજીઓ, એહને ભેટિ વસ્તુ સવિ દીઓ. ॥૮૯॥

## ॥ અથ છપ્પય ॥

સહસ એક [1]સિંધલિ, સહિસ [2]રેવંત સમપ્પી,
અષ્ટ ભાર સુવર્ણ, પદ્મિની સો વલી અપ્પી, તેરહિ
કોડિ માણિક્ય, રતન મોતી પઠાઇ, દીઓ દંડ

[1] હાથી, [2] અશ્વ

પંડુઓ, નામ વિક્રમ કહાઇ, વિક્રમવીર જગિં જસ લીઓ, વીરવેતાલહ અપ્પીઓ, દેઓ દેખો હો રવિ-ચક્રતલિ, દૈયત હીઓ ન ધડકીઓ. ॥૯૦॥

## ॥ ચોપાઈ ॥

વીરવેતાલ તણું મન જૂઓ, વિક્રમથી વલી અધિકો હુઓ; ભાટઈ કીધો મન મોકલો, ગોગપાત્ર-ધરિં સવિ મોકલ્યું. ॥૯૧॥ આપણો નિશ્ચલ બોલ પાળીઓ, તિહાંથિકો વલી સો ચાલીઓ; નવિ જાણે વિક્રમ રાજન્ન, જે ગોગને સવિ દીધું ધન્ન. ॥૯૨॥ વિક્રમ નિશિ પેખે નક્તચરી, મધ્યરાત્ર હુઇ જવ ખરી; ફિરતો મોહતો ગેંદ મેસાણ, અચરિજ દીઠું તિણે ઠાણ. ॥૯૩॥ માણસ ચયતણે અંગારિ, તે ઉપરિ કરે રોટી સારી; વલી તે ઉપરિ સેકૈં ચિણા, બેઠો એકાકી ગુણ ઘણા. ॥૯૪॥ એકલો માનવી બેઠો દીઠ, નૃપ ચિંતે કો દીસૈં ધીઠ; બોલાવ્યો તું કુંણ છિં ઇહાં, ધીર વિના કો ન રહે જિહાં. ॥૯૫॥ વેતાલે વિક્રમ જાણીઓ, પુણ્યવંત ભૂપતિ પ્રાંણીઓ; ઉભો થઇનૈં વદૈં વેતાલ, પાઉ ધારો પ્રભુ પરમ દયાલ. ॥૯૬॥ કરુણાવંત બોલ્યો ભૂપાલ, એ તુમ્હ દીસૈં કિશ્યાં હવાલ ?; એવડું દાન જે દીધું કાલ, તે કિહાં મૂક્યું કહો વેતાલ ?. ॥૯૭॥ પાસૈં વસ્તુ ન દીસૈં કોય, કતક અંધારી દીસૈં હોય; વિનતિ કરું અવધારો રાજ, તુમ્હને શ્યું હીઈ હુઈ લાજ. ॥૯૮॥ હું લૂંસ્યો તુમ્હ નયરી માંહિ, તે કો નહી જે ચાર-ગ્રહે બાંહિ; વલતૂં નરપતિ બોલ્યો તિસ્યૈં, તુમ્હો કહો

તે સાચું હુસ્યૈં. ॥૯૯॥ મુઝ નયરિં કો ચોર ન વસેં, નિર્ભયપણું છે અત્ર અહનિસેં; વેતાલ કહે મનમથ વડચોર, ત્રિભુવને જીપી ન સકે જોર. ॥૧૫૦૦॥

## ॥ गाहा ॥

ઉરઅંતર બાહુલએ, થણપવ્વય રોમરાઈ વણગહણે; સુરનરગણ ગંધધા, ન ગંજીયા મયણ ચોરેણ. ॥૨॥ કવિત્ત. ॥ યુવતીજન અંગ અપુવ્વ સુકાનન-રોમરાઈ ઘનરૂખ તિહાં, સ્તનપર્વત દુર્ગમ અંતરખાલ-લૂંટે નર દેવ લકખ જહાં; ભમૂહ કમાન નયનશર સંધિ રહે નિત ચૌર મદન્ન ઉહાં, વેતાલ વદે ભૂપાલ સુણે। ઉસ ઠાર લૂસ્યો અબ કહીઈ કહાં ?. ॥૨॥ દૂહા ॥ જિણિ લગાઈ ઇક દો હુઇ, સો આયુધ સબ હત્થ; જિણેં લગ્ગતિ દોઈક હુઈ, સો પંચબાણ મનમત્થ. ॥૩॥

## ॥ ચોપાઈ ॥

પૂર્વ વાત તિણેં સર્વ વિનવી, સમજ્યો ચિત્તસ્યું વિક્રમરવિ; પુનરપિ તેડ્યો દેઇ સનમાન, સવિશેષે વલી દીધું દાન. ॥૪॥ ગણિકા આવી પ્રણમેં પાય, ઋદ્ધિ સહિત તસ આપે રાય; સ્વર્ગતણાં સુખ વિલસે ભાટ, પુણ્ય પ્રસાદિં હવો ગહિગાટ. ॥૫॥ એહવો દાનીસર હુઈ જેહ, એણેં સિંહાસણે બેસે તેહ; કથા ત્રીસમી પૂતલી ભણી, સાંભલી ભોજ ખુશી થયો ગુણી. ॥૬॥ કવિયણ સિંહતણી० ॥ इति सिंहासनबत्रीसी त्रीसमी पूतली कथा ॥३०॥

## ॥ ચોપાઈ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસણેં જબ પરઠેં પાય; બોલી એકત્રીસમી પૂતલી, સાંભલ ભોજ! કથા નિરમલી. ॥૭॥ માલવદેશમુખ શણગાર, ઉજ્જેણી દેવપુરી અવતાર; ગઢ મઢ મંદિર પોઢિ પોલ, ચઉરાસી ચહુટાનિ ઓલ. ॥૮॥ રાજ્ય કરે વિક્રમ ઉદાર, વિકટ શત્રુમના વ્યાહાર; સત્વવંત સાહસિક સુજાણ, કો નવિ લોપેં વિક્રમ આણ. ॥૯॥ રાજ્યઋદ્ધિ પુણ્યેં લહી ઘણી, વિસ્તારે કીરતિ આપણી; રાજ પ્રજા ધર્મેં ઉલ્લસી, ધનપતિ ધનદ સમોવડિ વસેં. ॥૧૦॥ દંતોશેઠ વસેં તિહાં સુજાણ, ઘરિં દીસેં બહુ ઋદ્ધિ મંડાણ; ધન અસંખ્ય છેં નિજમંદિરે, વાજેં નાદ છપ્પન્ન ઉપરેં. ॥૧૧॥ શેઠ તણેં ઘરિ નહીં કાંઇ મણા, વાણોતર કમાઇ ઘણા; જલવટ થલવટના વ્યાપાર, મન ચિંતવ્યા હોઇ લાભ અપાર. ॥૧૨॥ શેઠતણેં એક સુત છેં ભલો, સોમદત્ત નામેં ગુણનિલો; નાતતણી નવિ લોપેં લીહ, વિદુર વિચક્ષણ અકલ અબીહ ॥૧૩॥ એક દિન ચિંતેં દંતો શાહ, નવીન ઘરિ ઉપરિ ઉચ્છાહ; આવાસ કરાવું બહુ મંડાણ, ખરચું દ્રવ્ય સબલ તિણેં ઠાણ. ॥૧૪॥ રાજાનું મન ઘોડે વસે, ક્ષત્રિનું મન લોઢેં પ્રસેં; વણિગનું મન રોડિ ધસેં, ખરલોડે કણબી ઉલ્લસેં. ॥૧૫॥ લક્ષ્મી આવે જબ મંદિરે, પંચ વસ્તુ અંગી તવ કરેં; તૃષ્ણા નિર્દયપણું અભિમાન, કઠીન લવેં નીચ પાત્રે દાંન. ॥૧૬॥ લક્ષ્મી

આવેં જબ મંદિરે, તીન વસ્તુ જૂની પરિહરેં; પૂર્વ-મિત્ર ઘરિ ચિરગોહિની, નવલ ઉપરિ મતિ તેહની. ॥૧૭॥ આજ્ઞા માગેં ભૂપતિતણી, આગલિ ભેટિ ઠવી અતિ ઘણી; નીવાજી પુરશેઠ થાપીઓ, ઘર કરવા [1]દૂહા આપીઓ. ॥૧૮॥ તેડાવ્યા પંડિત જોતીષી, વાર મુહૂર્ત્ત શુભ નિરખો લિખી; પુષ્યારકનો યોગ છેં કદા, આવાસ મંડાણુ મંડાવું તદા. ॥૧૯॥ પુષ્યારક દિન જબ આવીઓ, શેઠતણેં મનિં અતિ ભાવીઓ; તેડાવ્યા સૂત્રધાર સિલાટ, જે ઘડી જાણેં રૂડા ઘાટ. ॥૨૦॥ વિજ્ઞાનીક કડીઆ-તેડીઆ, ચીતારા પિણિ બહુ આવીઆ; તે દિન ચેજૂં જેતલું થાય, કારીગર કરી નિજઘરિં જાય. ॥૨૧॥ પુષ્યારક જવ આવૈં વલી, તે દિન કામ કરેં મનરૂલી; સ્તંભે પૂતલી પોઢા પાટ, ગોખ માલીયાં દીર્ઘકપાટ. ॥૨૨॥ વિચિત્ર કોરણી કરેં તે દિનૈં, મુહમાંગ્યો ગરથ દીઈ શુભ મનેં; ઇમ કરતાં વરસ બહુ થયાં, અનોપમ મંદિર પૂરાં થયાં. ॥૨૩॥ ચોપદનેં રહિવાનાં ઠાન, કર્યાં કોઠાર બહુ ભરવા ધાંન; દ્રવ્ય રહેં તેહના ભંડાર, આગોચર વલી કીધાં સાર. ॥૨૪॥ એકાંતિ ગોઠિ કરવાનાં ઠામ, કો નવિ લહેં રચના અભિરામ; ભોગ તણા વલી ઠાંમવિશેષ, ખાંતિ ઉપજૈં નયણે દેખ. ॥૨૫॥ ધર્મવિચાર કરણનેં કાજ, કાંમ નીપાયું સબલેં સાજ; દહેરાસરની રચના બહુ, દેખી મોહેં સુરનર સહુ. ॥૨૬॥ નીપાયો એહવો આવાસ, પુણ્ય-વંત રહિવા સુખવાસ; વિચિત્ર ચીત્રામણ ચિત્રિતરંગ,

---

૧ આજ્ઞા.

જગમોહન આવાસ સુચંગ. ॥૨૭॥ ધજા લહિકે ઉપરિ પંચવર્ણ, સોહે શ્રેણિ કલશ સૌવર્ણ; ઘરિ પ્રવેશ ભલે કારણે, મુહૂર્ત્ત જોવે ઉલટ ઘણે. ॥૨૮॥ શુભ મુહૂર્ત્ત કીજે પરવેશ, શેઠ ભણે હું લાહો લેસિ; લક્ષ્મી ખરચું હાથે કરી, સખરી જિમણવાર કરી ખરી. ॥૨૯॥ શાંતિક પુષ્ટિક નેં બલિકર્મ, કરે વલી આતમ કુલ ધર્મ; મહામહોત્સવ પૂર્વક ઘણો, ભરીઉં કીધું મંદિર તણો. ॥૩૦॥ દિન શેઠ નિજ મંદિર માંહિ, સૂખ સેજે પોઢયો ઉચ્છાંહિ; નિદ્રાભરેં મધ્યરયણિ મઝાર, ઉંચેથી હવો શબ્દ ઉદાર. ॥૩૧॥ નીપનૂં ઘરિ શુભ મુહૂર્ત્ત પ્રમાણ, દેવ અધિષ્ઠિત બોલે વાણ; અહો શેઠ! હું પડું ? ઈમ વદે, નિસુણી શેઠ અતિ બીહનો હૃદે. ॥૩૨॥ બેઠો થઈ ચિહું દિશિ જોવંત, નવિ દીઠો પુનરપિ સોવંત; બીજી વાર વલી પડું ઇમ ભણે, પ્રગટ શબ્દ તેહ શ્રવણે સુણે. ॥૩૩॥ વલી ઇમ બોલ્યો ત્રીજી વાર, શેઠેં નવિ લહી નિદ્રા લગાર; ત્રિણ્ય દિવસ ઈમ કરતાં થયાં, નિસત પણે મનિ બીહતાં ગયા. ॥૩૪॥ ધીર પણું મનિ નહી લગાર, આણે અંગિં ઉચાટ અપાર; રખે જીવથકી ચૂકીઈ, એહ ઘરની આશા મૂકીઈ. ॥૩૫॥ મનમાંહિં રહ્યાં મનનાં કોડ, મંદિર ધન ખરચી બહુ કોડ; દ્રવ્ય ખરચ્યો તે અહિલેં ગયો, વ્યંતર કોઇ અદૃષ્ટિં રહ્યો. ॥૩૬॥ વિક્રમ આગલિ કરે વિનતિ, પરદુઃખ કાયર તું ભૂપતિ; ભલે મુહૂર્તેં નીપાયું ગેહ, પડું શબ્દ કરેં છે તેહ. ॥૩૭॥ ઘર કરતાં દ્રવ્ય ખરચ્યો ઘણો, છાર ઉપર કીધો લીપણો;

ગરૂઆ ઘણો મેં ખેદ કર્યો, કેતલો વિનવું હું દુઃખિં ભર્યો. ॥૩૮॥ સેવ કરતાં હુઆ વરસ પંચાસ, સ્વામી મુજ ન પૂગી આશ; મયા કરો મુઝ ઉપર સ્વામ, સેવક જાણી કરવો કામ. ॥૩૯॥ આવાસતણી નૃપેં પૂછી વાત, ચિંતે એ સહી મોટી ઘાત; અધિષ્ઠાયક ઉપનો કોય, ઇમ છલ કરિં બલિ યાચે સોય. ॥૪૦॥ તેહનો ઉપદ્રવ નવિ નીપનો, બીહાવેં તસ લહો સાઝનો; ધરિ રહેતાં જો બીહો શેઠ, ઇણિ વાતેં તુમ્હ બોલ નહી હેઠ. ॥૪૧॥ દ્રવ્ય બેઠો તે સવિ શેષેં લિઓ, તે મંદિર સહી અમ્હનેં દીઓ, શેઠ ચિંતે સ્યું ચિંતે તામ, એહ આવાસ તણો નહિ કામ. ॥૪૨॥ જીવકુશલ તો ઘરનેં કુશલ, મુલગા લાભ આવેં તો સફલ; ઇમ ચિંતવી ભૂપતિ પ્રતિં દીઓ, ખરચ્યો દ્રવ્ય તે સીંધો લીઓ. ॥૪૩॥ માન દેઇ રાઈ સંતોષીઓ, સેઠ સબલ હિયડેં હરખીઓ; હવેં વિક્રમની સુણજો કલા, જે ઉપગાર કરેં તે ભલા. ॥૪૪॥ અનુક્રમિં સંધ્યા-વેલા હવી, દાનપુણ્ય કરેં વિક્રમરવિ; નિજ સેવકને દે આદેશ, તે ઘરમેં કરવો પરવેસ. ॥૪૫॥ મુઝ સયનનો જેહ પલ્યંક, ઢાલો તિહાં જઇ થઇ નિઃશંક; અગરધૂપ કુસુમ લેઇ ધરો, એ મુજ આજ્ઞા વેગે કરો. ॥૪૬॥ રાજવર્ગ નિજ પરિકર પ્રતેં, કરે વિદાય સકલ દિન છતેં; એકાકી નૃપ શાત આદરી, વાસો વસેં બહુ ધીરજ ધરી. ॥૪૭॥ પોઢયો નૃપ સુખ સેજ મઝારિ, ચિહું દિશિ દીપ ઠવ્યા અપાર; સમીપ એક ખડગ હથીયાર, મન નવિ આંણે બિહક લગાર. ॥૪૮॥ માઝિમ રયણી હુઇ જિસ્યો, પડું શબ્દ

ઉપરિ હસો તિસ્યે; નિર્ભય થિકો પભણે રાજાન, પડો પલ્યંકથી અલગો થાંન. ॥૪૯॥ ધબક્ક દેઇને પડીઓ તાંમ, તેજ પુંજ દીઠો અભિરામ, વિક્રમનું છે મોટું ભાગ્ય, સોવનમેં પુરીસો સૌભાગ્ય. ॥૫૦॥ પામ્યો પરતખ પુણ્ય પ્રમાણ, સહિં જે લાભ લહ્યો ગુણ દાંણ; અધિષ્ઠાયક પરતક્ષ થાય, પુષ્પવૃષ્ટિ કરી ગુણ ગાય. ॥૫૧॥ કરી પ્રશંસા સુર થાનકિં ગયો, હવો પ્રભાત રવિ પરગટ થયો; સેઠ તેડી કહૈ નૃપ ઉલ્લાસ, હવે નહી પડે રહો આવાસ. ॥૫૨॥ રામનું સુહણું ભરતને ફળ્યું, એહવું વિક્રમને તે મીલ્યું: શેઠ સનમુખ જોઈ રહ્યો, વિક્રમિં સોવન-પુરીસો ગ્રહ્યો. ॥૫૩॥ ભરીયું ભરાઇ પરતખિ જોઇ, અણ ભરીઆને ન ભરે કોઈ; સાયરમાંહિ ગઈ નર્મદા, જેસલમેર ન પહોતી કદા. ॥૫૪॥ ગજ ઉપરિ ધરી ઘરિં આણીઓ, ઉપગારી ત્રિહું જગિ જાણીઓ; એહવો પરઉપગારી હોઈ જેહ, એણે સિંહાસણિં બેસે તેહ. ॥૫૫॥ એકત્રીસમી વાત કહેં પૂતલી, પદ્માવતી નામે અતિ ભલી; સાંભલી ભોજ કથા સુખદાય, વિક્રમ જામલિ નહિ કો રાય. ॥૫૬॥ કવિયણ સિંહતણી. इति सिंहासनबत्रीसी एकत्रीसमी पूतली कथा ॥३१॥

## ॥ ચોપાઇ ॥

પુનરપિ મુહૂરત લીધું રાય, સિંહાસણિં જબ પરઠે પાય; બત્રીસમી બોલી પૂતલી, સાંભલ ભોજ કથા નિરમલી. ॥૫૭॥ માલવદેશ મંડન ઉજેણી,

ઉત્તમ નર ઉપના બહુ તેણિ; પરદુઃખભંજન વિક્રમ-
રાય, રાજ કરે બહુ વરતે ન્યાય. ॥૫૮॥ સપ્ત
વ્યસન જે નરક દૂઆરિ, મૂકે વહેતા સમુદ્ર મઝારિ;
પુરમધિ વરતે જીવ અમાર, સપ્તક્ષેત્રે વિત વાવરે સાર.
॥૫૯॥ વિણજ કરે વ્યાપારી ઘણા, સ્વદેશ પરદેશહ
તણા; આંણી વસ્તુ લહે લાભ અનંત, અનેક વસ્તુ
વલી નવી વુહરંત. ॥૬૦॥ વેચાણી નહિ વસ્તુ
જેહની, રાજા વસ્તુ ગ્રહે તેહની; લાભ સહિત વસ્તુ
વોહરે તાસ, વિક્રમ ભૂપ તણો સુખવાસ. ॥૬૧॥
ઉજેણી આસન્ન એક ગામ, વણીગ વસે દૂમણ ઇતિ
નામ; શ્રીમતી પુત્ર અછે એક તાસ, લઘુ વયથી
વ્યાપાર અભ્યાસ. ॥૬૨॥ શ્લોકઃ ॥ व्यापारे वसति लक्ष्मीः,
किंचित् किंचिच्च कर्षणे। अस्ति नास्ति च सेवायां, भिक्षायां
न च नैव च ॥६३॥ શુભ ક્રીયાણાં વસ્તુ અમૂલ, સાકર
સરસ ખાંડ ઘૃત ગોલ; શ્રીપતિવણીગ ઉજ્જેણી માંહિ,
વેચણ હેત આવે ઉચ્છાહિ. ॥૬૪॥ કાંઈ વેચી કાંઈ
અમથી રહિ, દિન બીજે હવે વેચસ્યું સહી; એહવો
મનમાંહિં ધર્યો ઉદ્દેશ, એકઠી વસ્તુ કરે જે શેષ.
॥૬૫॥ વલી બીજા વ્યાપારી તણી, ચહુટામાંહિં
વસ્તુ છે ઘણી; પ્રહર એક રજની જબ જાય, રાઉલ-
જણ આવ્યા તિણે ઠાય. ॥૬૬॥ વસ્તુ થાકતી તેણે
ગ્રહી, રાયતણૈં ઘરિં સુંપી સહી; શ્રીપતિ જાણે વસ્તુ
સબ ગઈ, મહાજન આગલિં રાવ કરૈં જઇ. ॥૬૭॥
મહાજન કહૈં સાંભલિ ઉલ્લસી, એહ વાતની ચિંતા
કિસી; અમ્હ ઠાકુર છે અતિ સમરત્થ, ભંડારકિં

કો તુમ્હ દેસ્યૈં ગરત્થ. ॥૬૮॥ દુઃખ મ આણેસિ એકે રતી, ન્યાયવંત વિક્રમ ભૂપતિ; કરેં વિણજ વ્યાપાર નિશ્શંક, નયર પ્રતિં કો ન દે કલંક. ॥૬૯॥ વેચતા ઉગરિં તે વસ્તુ લીઈં, પ્રભાતેં લાભ સહિત ધન દિઈં; રવિ ઉગતિં દ્રવ્ય આપ્યો તાસ, શ્રીપતિ ઘરિં પોહોતો ઉલ્હાસ. ॥૭૦॥ વિક્રમવાત તાતપ્રતિં કહૈં, સો નિરગુણી મનિં અવગુણ ગ્રહૈં, સો નિરગુણી મનિં અવગુણ ગ્રહૈં; ભૂપતણી વાચા ચૂકવું, કામ બિગાડું કરી અભિનવું. ॥૭૧॥ પી ન શકું પિણિં ઢોલી શકું, તુરત નીપાઉં જે મુખિં બકું; અવગુણી અસગો હુઇ જિસ્યો, દેખી ન સકેં પરગુણ કિસ્યો. ॥૭૨॥ અહનિશિ પરના અવગુણ ગ્રહેં, સેહલો જિમ અહિપુચ્છ ગ્રહી રહેં; અહિ બાપડો દુઃખ પામેં ઘણું, નીચકર્મ લહો મધ્યમ તણું, ॥૭૩॥ અપૂર્વ રસના સર્પિણી કહી, ખલમુખ બિલમાં વાસૈં રહી; ફરસેં અન્યનૈં અન્ય પ્રાણ હરેં, દુર્મુખ એહવું દુકૃત કરેં. ॥૭૪॥ ઉત્તમ કીરતિ જોડેં ઘણી, વિગાડેં પલમાં નિરગુણી; નીચસંગિં ઉત્તમ ગુણ જાય, વલી અવગુણ અંગિં થાય. ॥૭૫॥

॥ દોહા ॥

સો સજજન એકે પિશૂન, કિં કીજૈં બહૂ એણ ?;
સો પલ કેસર પલ લસણ, સહુ વિણટ્ટું તેણ. ॥૭૬॥

દૂધેં સિંચ્યોં લીબડો, થાલું કીઉં ગુલેણ;
તોહે ન છંડે કડૂઆપણું, જાતિ તણેં ગુણેણ. ॥૭૭॥

દુજ્જણજણ બબ્બુલવણ, જો સિંચ્યો અમીએણ;
તોહેં કાંટા વિંધણા, જાતિ તણેં ગુણેણ. ॥૭૮॥

કરવત ખંડ ખંડ હાલાહલ,
વિસહર ખંડ ખંડ દાવાનલ;
એ ચ્યારે મ મેલીસ ભાઈ,
દુર્જણ પુરૂષ ઘડયો વિહિરાઈ. ॥૭૯॥

## ॥ ચોપાઈ ॥

મૃગમદ કર્પૂરાદિક દ્રવિણ, ગંધ ન છાંડે વાસ્યું લસણ; આઠ ગણમાં દોષ દૈં તગણ, તિમ દુમણો પરિણામેં દ્રુમણ. ॥૮૦॥ કુબુદ્ધિ તેહને એહ ઉપની, ભલાઇ અંગિ થકી ઉસની; લાજ નિગમી નિજ વંશની, હવૈં રચના પેખો તેહની. ॥૮૧॥ નીપાયૂં લોહમેં પૂતલું, વસ્ત્રાકાર બિભત્સ સામલું; દારિદ્ર પૂતલું થાપ્યું તેણિ, અનુક્રમિ લાવ્યો નયરિ ઉજેણી. ॥૮૨॥ માંડી બેઠાં ચહુટા વિચૈં, સહુ જન પેખેં જોણેં સંચૈં; પુરજન જોવા મિલીઆ બહુ, વણીગ પ્રતૈં પૂછેં તસ સહુ. ॥૮૩॥ દુમણો કપટી એહવો લવૈં, અસત્ય ભાષા સદા મુખિં શ્રવૈં; જેહવી કૂડી સાતે ધાત, નયર લોક પ્રતેં કહે વાત. ॥૮૪॥ બહુ ઉદ્યમ કરી આણ્યું એહ, ચિંતિ મ ધરયો અવર સંદેહ; દરિદ્ર પૂતલું એ નિરધાર, લહેં મૂલ એક સહસ દિનાર. ॥૮૫॥ એહનો મહિમા જે ઘરિમાં ઠવૈં, તેહની લક્ષ્મી સબ નાસવૈં; દુમણો નિંદ્યો લોકેં મલી, દુમણાનેં કાંઈ સાંન ન વલી. ॥૮૬॥ પ્રહર એક રજની જબ ગઇ, રાઉલાજણ આવ્યા સજ્જ થઇ; ચિહુંં દિશિ નિરખૈં ચહુટા વિચિં ફરે, સેવક વસ્તુ ગ્રહેં જે ઉગરી. ॥૮૭॥ અનુક્રમેં ફિરતા આવેં

તિહાં, દરિદ્ર પૂતલું માંડયું જિહાં, દૂમણાનેં પૂછે જણ ઇસ્યું, તું સ્યું વેચૈં કહે હોઈ તિસ્યું. ॥૮૮॥ દારિદ્ર પૂતલું વેચું એહ, જે વોહરેં ફલ પામે તેહ; દારિદ્ર તેહ ઘરિં વાસો વસૈં, લખમી સંપદ સર્વ ખસૈં. ॥૮૯॥ કાન ઝાટકેં સેવક સુંણી, ફિટિં ભૂંડા વાત તેં શી ભણી ?; મૂલ્યેં મુહધું અવગુણ વડો, દલિદ્ર શિર ઉપરિં શિલા પડો. ॥૯૦॥ વલતો દુમણો વદેં નિટોલ, તુમ્હ સ્વામીનો જાશ્યૈં બોલ; તુમ્હ ઠાકુરનેં જઇ વિનવો, આખો દિન અત્ર બેઠાં હવો. ॥૯૧॥ નહી ખપેં તો જાશ્યૈં લાજ, એવડું બિરૂદ ન વહિંઈ રાજ; એહવું કરણશૂલ વચન્ન, નિસુણી જઈ વિનવ્યો રાજન્ન. ॥૯૨॥ વાત અસંભવ સેવક-ભણે, દુમણેં વાત કહી નૃપ સુણેં; ચિંતે મનિસ્યું વિક્રમરાય, નવિ લિજેં તો વાચા જાય. ॥૯૩॥ વાચા ચૂકો તો હાર્યો સર્વ, ફોકટનો મનિં વહિંઈ ગર્વ; જે હોણારૂં હોય તે હોય, છેહા લાભ ન છૂટેં કોય. ॥૯૪॥ यतः । राज्यं यातु श्रियो यांतु, यांतु प्राणा विनश्वराः । या मया स्वयमेवोक्ता, वाचा मा यातु शाश्वती. ॥९५॥

## ॥ છપ્પય ॥

વચન છલ્યો બલિરાય, વચન કૌરવકુલ ખોયો, વચન કર્ણ દેઇ સ્વર્ણ, વચન પાંડવ વન સેવ્યો; વચનકાજિં શ્રીરામ, લંક બિભીષણ થપ્યો, વચન કાજિ હરિચંદ, નીચ ઘરિ નીર સમપ્યો, જિણિ મુખિ વાચ અવાચ હોય, કરિં ગ્રહી જિહ્વા કહીઈ, જલિ જાઓ લચ્છી વિક્રમ ભણૈં, બોલ વચન્ન ન

પલટ્ટીઈ. ॥૯૬॥ ચોપાઈ ॥ રાજા ઇસ્યું વિમાસી હિયે, સેવક પ્રતિં ઇમ આજ્ઞા દીએં; મૂલ કરી તસ દ્રવ્ય આપજો, તેહ વસ્તુ મુજ ઘરિં લાવજો. ॥૯૭॥ આણી ધરો ભંડાર મઝારિ, વિલંબ ન કરવો અત્ર લગાર; પૂતલું ઠવ્યું ભંડારૈં (ચંદા), મધ્યરાત્રિનેં અવસરે તદા. ॥૯૮॥ કાંઇ નિદ્ર કાંઇ જાગે ભૂપ, સ્વપન સારિખું દેખૈં રૂપ; હેમકાંતિ તનુ તેજ અપાર, દિવ્ય વસ્ત્ર પહિર્યા શૃંગાર. ॥૯૯॥ સપ્તાંગરાજ્યતણી સ્વામિની, આવેં નૃપ કન્હિં મધ્યયામિની; પ્રગટ-રૂપ કરી ઝાકઝમાલ, દેખી જાગ્યો પૃથવી પાલ. ॥૧૬૦॥ ઉઠૈં સસંભ્રાંતપણૈં રાય, લક્ષ્મી દેખી વિસ્મય થાય; કરજોડી પ્રણમેં સ્તુતિ કરેં, અમૃતવાણી નૃપ મુખિં ઉચ્ચરૈ. ॥૧॥

॥ દોહા ॥

અતિ ગંભીર બહુજલનિધિ, રત્નાકર તુઝ તાત;
તું પ્રસવી ગંગા માયજી, ગુણવંત વિશ્વવિખ્યાત. ॥૨॥
વાસુદેવ વસુધા ધણી, તું વરી તેણેં સુજાણ;
તેં સુત જાયો દીપતો, કામદેવ ગુણ ખાણ. ॥૩॥
પુહવિ પદારથ સવિ મીલૈં, રામા રંગ રતિ રાગ;
રાજઋદ્ધિ સુખ સંપદા, જો તૂસૈં તુઝ પાગ. ॥૪॥
સકલ ગુણ તુઝમાં વસૈં, જગ સિંધો તુઝ હાથ;
જિણૈં નરેં તું લહી કેલવી, તું તસ આવી સાથ. ॥૫॥

## ॥ ચોપાઈ ॥

ભૂપતિ દેવીપ્રતેં કહૈં વાત, કવણ કાજ પધાર્યાં

માન; લક્ષ્મીદેવી કરે વિનતિ, સાંભલ અહો વિક્રમ ભૂપતિ. ॥૬॥ હું જાઉં છું દ્યો અનુમતિ, તુમ્હ ઘરિં નવિ થોભું એક રતિ; કાં જાઓ છો અમ્હ વંક, સુખિં રહો અમ્હ ઘરિં નિસ્સંક. ॥૭॥ દરિદ્ર રહેં તિહાં અવસ્થા પડી, તિહાં નૃપ હું ન રહું અધ-ઘડી; વિક્રમ કહે સાચો બોલીઈ, તુમ્હ આગલિ હીયડું ખોલીઈ. ॥૮॥ અંગી કરી વસ્તુ કિમ મૂકીઇ, મુધા રખે વાચા ચૂકીઈ; ભૂપ ભણે પધારો તુમ્હે, તુમ્હને આજ્ઞા દીધી અમ્હે. ॥૯॥ ખિણિ અંતરે વલી હુઇ વાત, વિવેક દેવ આવ્યો સાક્ષાત; હું જાઉં છું લક્ષ્મી સાથ, મુઝને આજ્ઞા દ્યો નરનાથ. ॥૧૦॥ દરિદ્ર રહે તિહાં ન રહું સહી, લક્ષ્મી સારથ જાઇ સબહી; વિક્રમ કહે શ્યું કહીએ મુખે ?, વિવેક દેવ તુમ્હે પહોચો સુખેં. ॥૧૧॥ દરિદ્ર પૂતલું મેં ન મૂકાય, એહ તજું તો વાચા જાય; વલી ખિણ અંતર વેલા લહી, સત્વદેવ શીઘ્ર આવ્યો વહી. ॥૧૨॥ આજ્ઞા દ્યો સ્વામી મુહનેં, ઘણા વરસ રહ્યો તુમ્હ કનેં; સત્વ મ જાઈસ ભણે નરરાય, લક્ષ્મી વિવેક જાય તો જાય. ॥૧૩॥ તું એક છે તો સહુ આવસ્યૈં, સત્વદેવ વલી બોલ્યો તિસ્યૈં; પ્રભુને વાત કિસી હું મુખિ કહું, દલિદ્ર રહે તિહાં ખિણ નવિ રહું. ॥૧૪॥ વિક્રમ ચિંતે આ શ્યું હવું ?, સત્વ વિના ફોગટ જીવવું; સત્વ જાઈ તો સરવે જાય, તે નર મૂલ કોડી ન પોસાય. ॥૧૫॥ જીવ્યાથી અણજીવ્યું ભલું, રખે સત્વ થકી હું ચલું; સત્વ હોઈ તો લખમી મીલે, સત્વ વિના મન ખિણ ખિણ ચલે. ॥૧૬॥

॥ દોહા ॥

સત્વ ન છંડીશ રે હીયા!, સત્વ વડું સંસાર;
સત્વવિહુણા માનવી, ન લહે મોહોત લગાર. ॥૧૭॥
જીઉં સત્વ ન છોડીઇં, સત્વ છોડે પત જાય;
સત્વકી બાંધિં લચ્છિમિ, બહુત મીલેંગી આય. ॥૧૮॥
સત્વ વિના પતિ નીગમેં, કો ન કરે વેસાસ;
સત્વથકી સંપદ મીલૈં, રહો સત જિહાં ઘટસાસ. ॥૧૯॥

यतः–सत्वेन धार्यते पृथ्वीः, सत्वेन तपते रविः ।
सत्वेन वायते वायुः, सर्वं सत्वे प्रतिष्ठितं ॥२०॥

प्रयातु लक्ष्मीः चपलस्वभावा,
गुणा विवेकप्रमुखाः प्रयातु ।
प्राणाश्च गच्छंतु कृतप्रयाणा,
मा यातु सत्वं तु नृणां कदापि ॥२१॥

અંતરગત વિક્રમનૃપો, એહવો કરેં વિચાર;
સત્વ જાઈ મુઝ ઘરથકી, તો નિષ્ફલ અવતાર. ॥૨૨॥

## ॥ ચોપાઇ ॥

ઇમ ચિંતવી વિક્રમભૂપાલ, મ્યાન થકી કાઢી કરવાલ; કંધિં ઉપરિં મૂકેં નરનાથ, સત્વદેવ તવ વલગો હાથ. ॥૨૩॥ તું નરનાથ વડો સાહસિક, મેં તો જોયો અકલ અબીહ; જગિં જોતાં તું ભૂપતિ વડો, કાં કરેં પ્રાણ હત્યા પડવડો?. ॥૨૪॥ લક્ષ્મી-દેવ વિવેક દેવતા, તુમ્હ પરીક્ષા કરતા હુતા; વાચ-થિકો નવિ ચૂકો અંશ, દેવ સકલ તુમ્હ કરે પ્રશંસ. ॥૨૫॥ નાઠો દારિદ્ર મંદિર થકી, નૃપની સૂરેં સ્યા-

બારસી બકી; સત્યવાદી સાચો નૃપ લહી, ત્રિભુવન યશ જાણીતો થયો. ॥૨૬॥ એહવો સત્વવંત હોઈ જેહ, એણે સિંહાસણિં બેસૈં તેહ; બત્રીસમી પદ્મિની પૂતલી, કથા કહી ભોજે સાંભલી. ॥૨૭॥ કવિયણ સિંહતણી० इति सिंहासनबत्रीसी बत्रीसमी पूतली कथा ॥३२॥

એ બત્રીસ કથા પૂતલી, એક એક પાહિં અગ્ગલી; ભોજ આગલિં વિક્રમની ખ્યાતિ, કહી વાત તે નવ નવ ભાંતિ. ॥૨૮॥ કહી રહી [1]સૈંધી પૂતલી, દેવાંગના તે હવી નિર્મલી; રૂપે તો નવિ પામું પાર, તેસિં રંભા અવતાર. ॥૨૯॥ ટલી પાષાણ હવી જીવતી, ભોજ આગલિં ભણે વિનતિ; પૂરવનું હુતું બહુ પાપ, તુજ પ્રસાદેં ટલ્યો સંતાપ. ॥૩૦॥ ભોજ ભણેં તે કેહું પાપ?, કહો કુણેં દીધો તુમ શ્રાપ?; ઉત્તર આપેં દેવી તેહ, વીતક વાત સુણો અમ્હ જેહ. ॥૩૧॥ અંગરક્ષક અમ્હે ઇંદ્રની, કરૂં સેવ વાસર યામિની; પહિલું સાંભલ મુજ અભિધાંન, જિણેં રીઝેં તાહરા દોય કાન. ॥૩૨॥

॥ દોહા ॥

જયા તિ પહિલી નામ ભણે,
વિજયા બીય વખાણી;
જયંતી અગણી ભણો,
અપરાજિતા ચઉથી જાણ. ॥૩૩॥

જયઘોષા સુણી પંચમી, જંજ ઘોષા ષટ જોય;
લીલાવતી સુણી સાતમી, જયવંતી અઠ્ઠ હોય. ॥૩૪॥

૧ સહુ.


જયસેના નૌમી નિદ્યટ, મદનસેના દહ નામ;
મદનમંજરી ઈગ્યારમી, શૃંગારી કરબિ ઠાંમ. ॥૩૫॥
રતિ પ્રિયા ભણું તરમી, નરમોહિની દહચ્યાર;
ભોગાભિધાન ભણું પનરમી,
સોલમી પ્રભવા સાર. ॥૩૬॥
સત્તરમી સુપ્રભા ભલી, અષ્ટાદશ ચંદ્રમુખી;
અનંતવીર્યા ઓગણીસમી,
કુરંગનયની વિહ દખી. ॥૩૭॥
લીલાવતી એક વીસમી, શુભ મંજરી બાવીસ;
ત્રેવીસમી સોઈ ચંદ્રિકા, હંસગમની ચોવીસ. ॥૩૮॥
વિદ્યુત્પ્રભા પંચવીસમી, શિવાનંદા ષટવીસ;
ચંદ્રકાંતા વીસ સત્તમી, રૂપકાંતા અઠવીસ. ॥૩૯॥
દેવ પ્રભા ઓગણ ત્રીસમી, દેવાનંદા ત્રીસ;
પઉમાવઈ એકત્રીસમી, પદ્મિની ભણું બાવીસ. ॥૪૦॥

બત્રીસે દેવાંગના, રહીઈં ઈંદ્રિહ પાસિ; અંગરક્ષા અહ નિશિ કરૂં, સુણી તે શ્રવણ ઉલ્લાસી. ॥૪૧॥ એક દિનેં નંદનવનિ ગયો, ક્રીડા કરવા ઈંદ્ર; સાથે બત્રીસે સંચરી, નિરખ્યો નયણે મુણિંદ. ॥૪૨॥ દીઠો વપુ મલ થર ચઢયો, વિરૂઆ વસ્ત્ર ગંધાય; સાધુ નિભ્રંછયો અતિ ઘણું, કુહવાણો સુરરાય. ॥૪૩॥ સુરપતિ શ્રાપી અમે તિણેં, [1]પાથર થાવો પિંડ; રહો સિંહાસણિં માહરૈં, દીધો તુમ્હનેં દંડ. ॥૪૪॥ ઇંદ્રે કીધો કોપ અતિ, અમ્હે જઈ લીધા [2]પાગ; શ્રાપાનુગ્રહ હવેં કરો, તમે મૂકો મનિં લાગ.

૧ પત્થર, ૨ પગ.

॥૪૫॥ ઈંદ્રે અમનેં ઇન કહિઉં, કહીયો વિક્રમખ્યાત; આગલિ ભોજ પ્રકાસજ્યો, ભણજ્યો નવ નવ ભાંત. ॥૪૬॥ સાધિં તુમે દેવાંગના, પુનરપિ સ્વર્ગનિવાસ; અંગરક્ષક હોજ્યો સદા, ફલસ્યેં તુમ મનિ આસ. ॥૪૭॥ ઇમ કહી સ્વર્ગે ઉતપતી, તે સિંધી સમકાલ; સિંધાસિણ કેડૈં ગયો, ચમક્યો ચિત્તભૂપાલ. ॥૪૮॥ કથા કુતુહલ જે સુણેં, તે લહેં સુખસંપત્તિ; ચતુરતણાં ચિત્ત રીઝવેં, છે એહમાં શુભમતિ. ॥૪૯॥ સંવત સોલ અઠયોતરેં (૧૬૭૮), દ્વિતીયા મૃગશિર માસ; શુકલપક્ષિં મૂલારકેં, પૂરણ રચીઓ રાસ. ॥૫૦॥ સિંહવિજય કવિઅણુ ભણેં, સરસતી સાંનિધિ કીધ; સદગુરુ પાઉપસાઉલેં, તેણેં પામી સહુ બુદ્ધ. ॥૫૧॥ તપગચ્છ નાયક ગુણનીલો, શ્રી હીરવિજયસૂરિંદ; જૈનધર્મ દીપાવીઓ, જસ પય નમેં નરિંદ. ॥૫૨॥ સદ્ગુરુ સંગ સાચો મિલ્યો, તો પૂગી મન આસ; મિથ્યામતિદવ ઓલવ્યો, ગુરુમુખિં ચંદનવાસ. ॥૫૨॥ તપગચ્છનાયક ગુણનીલો, શ્રી હીરવિજયસૂરિંદ; જૈનધર્મ દીપાવીઓ, જસ પય નમેં નરિંદ. ॥૫૩॥ લુંકાપતિ ઋષિ મેઘજી, અટ્ઠાવીસ ઋષિ પરિવાર; આવી હીરગુરુ વંદીઆ, આંણી હર્ષ અપાર. ॥૫૪॥ કુમતિ તજી શુભ મતિ ભજી, સાર્યું આતમ કાજ; ઉદ્યોતવિજય બુધ પદ દીઓ, ધન ધન હીરગુસરાજ. ॥૫૫॥ અટ્ઠાવીસમાંહિં મુખ્ય શિશ, ગુણવિજય ગુણીરાય; તસ સીસ બહુ ઉદ્યમ કરી, પ્રબંધ રચ્યો સુખ દાય. ॥૫૬॥ ભણેં ગણેં જે સાંભલેં, કરેય જન્મ પવિત્ર; ઉદારપણું મનિ ઉપજે,

સુણતાં એહ ચરિત્ર. ૫૭ ન્યૂન અધિક જે વિનવ્યું પાય પ્રણમું કવિરાય; અકખર મત્તા રહિણ વિણ, ભૂલો ઠબયો ઠાય. ૫૮ કવિપદની હું રેણુકા, હું બાલક મતિહીણ; તડોવડિ કેહની નવિ કરૂં, જે કવિ-રાજ પ્રવીણ. ૫૯ શાસ્ત્રતણા ભેદ નવિ લહું, નવિ વલી બહુલી બુદ્ધ; મુઝ મતિ સારૂ વર્ણવી, બત્રીસ કથા પરસિદ્ધ. ૬૦ પૃથ્વીમંડલ થિર જિહાં, અચલ મેરૂગિરિંદ; અંબર તારા ગ્રહ વશિં, જિહાં દ્રુ શશિ દિણંદ. ૬૧ તિહાં પ્રતપો વિક્રમ ચરિત્ર, પરઉપગારી ભૂપાલ; આશા ફલેં જગિ તેહની, જેં સુણેં ચરિત રસાલ. ૬૨ પુણ્ય બંધ સુણતાં હોઈ, ભણતાં હુઈ સુજાણ; જયશ્રી વંછિત સુખ લહેં, લહેં નર કોડિ કલ્યાણ. ૬૩ इति श्री सिंहासन-बत्रीसी संपूर्णा ॥ संवत् १७८२ वर्षे अश्विन शुदि ९ चंद्रे रानेरग्रामे लिषीतं । शुभं भवतु ॥



**શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિરના રાસમાળા સંગ્રહનો ૯ ભાગનો સેટ તૂર્તજ વસાવો**

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૧ લો. રૂા. ૫=૦૦**

૧-મહાસતી શ્રી અંજનાસુંદરીનો રાસ.-૨-શ્રી ગૌતમપૃચ્છા-ચોપાઈ, ૩-કર્મવિપાક અથવા શ્રી જંબૂપૃચ્છાનો રાસ, ૪-શ્રી લીલાવતીરાણી-સુમતિ વિલાસનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૨ જો. રૂા. ૫=૦૦**

૧-શ્રી કયવન્નાશાહનો રાસ, ૨-શ્રી ધન્ના-શાલિભદ્રનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૩ જો. રૂા. ૧૦=૦૦**

૧-શ્રી ચંદ્રશેખર રાજાનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૪ થો. રૂા. ૧૫=૦૦**

૧-શ્રી મહાબલ-મલયાસુંદરીનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૫ મો. રૂા. ૨૦=૦૦**

૧-શ્રી કુમારપાલ રાજાનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૬ ઠ્ઠો. રૂા. ૨૦=૦૦**

૧-શ્રી વનેચંદ રાજાનો રાસ, ૨-શાંબ અને પ્રદ્યુમ્નકુમારનો રાસ, ૩-શ્રી સનત્કુમારચક્રીનો રાસ, ૪-શ્રી વિક્રમ-લીલાવતીનો રાસ, ૫-શ્રી આષાઢાભૂતિની ચોપાઈ.

**શ્રી રાસમાળા સંગ્રહ ભાગ ૭ મો. રૂા. ૨૦-૦૦**

૧-માનતુંગ અને માનવતીનો રાસ, ૨-હરિશ્ચંદ્ર રાજાનો રાસ, ૩-માનતુંગ-માનવતી પ્રબંધ ચોપાઈ.

**શ્રી રાસમાળા સંગ્રહ ભાગ ૮ મો. રૂા. ૨૦-૦૦**

૧-શ્રી અજીતસેન કનકાવતીનો રાસ, ૨-શ્રી ગુણકરંડ ગુણાવલીનો રા... ...સ.

**શ્રી રા... ...મો. રૂા. ૨૦-૦૦**

૧ શ્રી વેતા... ...સંહાસન બત્રીશી રાસ

...ળા સંગ્રહ.
...ી કુમારપાલ રાજાનો રાસ
શ્રી રાસમાળા સંગ્રહઃ ભ...
...વનેચંદ રાજાનો રાસ, ૨...
૩-શ્રી સનત્કુમારચક્રીનો ...

**શ્રી શાસન... ...જૈન જ્ઞાનશાળા.**

**ગિરિરાજ સોસાયટી, તલાટી રોડ, પાલીતાણા ૩૬૪૨૭૦**

શ્રી વિશાલ પ્રિન્ટરી, સોનગઢ ૩૬૪૨૫૦